## એક નિશાન

# અક્ષરધામ

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# એક નિશાન
# અક્ષરધામ

લેખક

સાધુ વિવેકસાગરદાસ

પ્રકાશક

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

# પ્રસ્તાવના

દુઃખરહિત સુખ. નિર્ભેળ આનંદ.

મનુષ્યમાત્રની આ આદિમ ઝંખના છે. સદીઓથી માનવી સુખને ઝંખી રહ્યો છે. મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિનું લક્ષ્યબિંદુ સુખ છે. તેના સંબંધોનું વર્તુળ પણ સુખ નામના કેન્દ્રબિંદુના આધારે જ વિસ્તરતું રહે છે. મનુષ્યનો આચાર અને આહાર, વિચાર અને વિહાર - આ બધું સુખપ્રાપ્તિના શમણાંથી જ અનુપ્રાણિત હોય છે. છતાંય આશ્ચર્ય કહો કે કરુણતા કહો, પણ મનુષ્ય હજી સદાય, સર્વત્ર અને સર્વ પ્રકારે સુખી થઈ શક્યો નથી. ત્યારે પૂછવાનું મન થઈ જાય છે કે સોનાની મોટરો દોડાવ્યા પછીયે સુખ નથી મળતું તો ખરેખર સુખ છે ? અત્તરના સ્વીમીંગપુલમાં ધુબાકા માર્યા પછીયે દુઃખ કેડો નથી મૂકતું તો સુખ ક્યાં છે ? ખાટલે મોટી ખોડ ક્યાં રહી ગઈ છે ? ગણતરી મૂકવામાં ભૂલ ક્યાં ખવાઈ છે ? આવી અનેક પ્રશ્નાવલીઓની પજવણી મનુષ્યને પીડી રહી છે ત્યારે એ પીડાને હરવા આવી રહ્યું છે આ પુસ્તક – 'એક નિશાન અક્ષરધામ.'

ભગવાન સ્વામિનારાયણના 'વચનામૃત'ના આધારે તૈયાર થયેલ આ પુસ્તક ત્રણ ખંડમાં વિભાજિત છે. જેમાંનો પ્રથમ ખંડ આપણને નિર્ભેળ સુખની ભાળ આપે છે. ''દુઃખ ભરેલી આ દુનિયામાં સુખ ક્યાંય જડતું નથી'' – માનવીની આ રઝળપાટનો અંત આણતાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે : 'પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.' (વચનામૃત પંચાળા : ૧)

સર્વોચ્ચ આનંદ પરમાત્માનો છે, પરમાત્મામાં છે. ઉપનિષદ કહે છે : 'यो वै भूमा तत्सुखं नाऽल्पे सुखम्।' (છાંદોગ્યોપનિષદ : ૭/૨૩/૧), 'रसं ह्येवायं लब्ध्वाऽनन्दी भवति।' (તૈત્તિરિયોપનિષદ, અનુવાક્ : ૭).

ભગવાનના સુખને પામીને જીવ સદાય સુખિયો થઈ જાય છે. આ હકીકતને ચાર સુંદર દૃષ્ટાંતો દ્વારા ભગવાન સ્વામિનારાયણે વચનામૃત પંચાળા-૧માં પરિપુષ્ટ કરી છે. તેના રસાળ વિવરણથી આ પુસ્તકનો પ્રથમ ખંડ આપણા મુખને ભગવાનના સુખ તરફ વાળે છે. ભગવાનમાં અપાર સુખ છે એ હકીકત અહીં માત્ર વિચારવિહાર કે કલ્પનાના ઉડાણના આધારે જ પ્રસ્તુતિ નથી પામી, પરંતુ તેના પ્રત્યક્ષદર્શી પુરાવારૂપે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આનંદમય જીવનની પણ સુંદર મીમાંસા કરવામાં આવી છે. માન-અપમાન, સુખ-દુઃખ, જય-પરાજય, અગવડ-સગવડ જેવા ભાવદ્વંદ્વ વચ્ચે પણ નિર્વાત સ્થળમાં જલતા દીપકની જેમ ઝળહળી રહેલી પ્રમુખસ્વામી મહારાજની જીવનજ્યોત આપણા સુખનો રાજમાર્ગ આલોકિત કરી જાય છે. તેઓને જોયા-સાંભળ્યા પછી એક વાત નિર્વિવાદપણે આપણું અંતર કબૂલી ઊઠે છે કે 'ખરેખર ભગવાનનું સુખ અતિ અતિ અતિ અધિક છે.'

ન્યાયદર્શનમાં એક ક્રમ દર્શાવવામાં આવ્યો છે : जानाति, ईच्छति, यतते, प्राप्नोति। વ્યક્તિ જે જાણે પછી તેની પ્રાપ્તિની ઇચ્છા જાગ્રત થાય છે, બાદ પ્રાપ્તિ માટેનો પ્રયત્ન કરે અને પછી પ્રાપ્ત કરે. 'ભગવાનમાં અતિ અધિક સુખ છે' તે જાણ્યા બાદ આપણને ઇચ્છા જાગે કે હવે તે સુખ પ્રાપ્ત કરવું છે. પરંતુ જાણવું જેટલું સરળ છે તેટલું મેળવવું સહેલું નથી. નકશો હાથમાં આવી જાય એટલાથી મંઝિલે પહોંચી શકાતું નથી. કારણ કે માર્ગે ચાલીએ તેમ તેમ ખાડા-ટેકરા, કાંટા-કાંકરા બધું આવશે. તે રીતે ભગવાનના સુખને સર્વાધિક જાણ્યું પછી તે પ્રાપ્ત કરવા જઈએ ત્યારે અનેક અડચણો આવશે.

મુક્તાનંદ સ્વામી કહે છે :

*'મોહનું સૈન્ય મહાવિકટ લડવા સમે, લડવા તણો નવ લાગ લાગે;*
*જોગિયા જંગમ ત્યાગી તપસી ઘણા, મોરચે ગયે ધર્મદ્વાર માંગે...'*

મોહાદિક સ્વભાવો, માન-અપમાન, અગવડ-સગવડ, જય-પરાજય વગેરે અનેક વિપરીતતાઓ સામે મુમુક્ષુએ મોરચે ખેલવાનું રહે છે. આ પુસ્તકનો દ્વિતીય ખંડ ભગવાનના સુખને પામવા જતાં, આવતાં આવાં વિઘ્નોની છણાવટથી ભરપૂર છે; પરંતુ સાથે સાથે તે વિઘ્નોને પાર કરવા શું કરવું જોઈએ તેની પણ વિગતે ચર્ચા વચનામૃત ગઢડા મધ્ય ૨૨ના આધારે કરવામાં આવી છે.

*'કશુંયે ભાન પરિસ્થિતિનું નથી રહેતું,*
*જો એક લક્ષ્ય પર નજર હોય છે;*

*રહે છે મારી નજર તો સદા કિનારા પર,*
*મને કહો કોઈ કેવાં તુફાન હોય છે ?'*

જો એક નિશાન રોપાઈ જાય તો કોઈ વિઘ્ન નડતાં નથી. તે સિદ્ધાંત આ દ્વિતીય ખંડમાં ગૂંથવામાં આવ્યો છે. 'ભગવાનનું સુખ, અક્ષરધામનું સુખ કોઈપણ ભોગે, કોઈપણ સંજોગોમાં લેવું જ છે,' – આ નિશાન લેવાની વાત લોહીનો લય બની ન જાય ત્યાં સુધી કાર્યસિદ્ધિ વેગળી જ રહે છે. અને તે નિશાન હૃદયમાં ખોડાય અને ગુરુની સહાય હોય તો કોઈ વિઘ્નો નડતાં નથી. આ હકીકતથી દ્વિતીય ખંડ આપણને વાકેફ કરે છે.

પુસ્તકના તૃતીય અને અંતિમ ખંડમાં અક્ષરધામનું અવિચળ સુખ લેવાના સોળ સોપાન વચનામૃત ગઢડા અંત્ય ૨૪ના આધારે મૂકવામાં આવ્યા છે. પતિની સેવાના કોડ સેવતી નવોઢા સોળ શણગાર સજે છે; તેમ અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહેવા માટે મુમુક્ષુએ પણ સોળ સાધન સિદ્ધ કરવા અનિવાર્ય છે. પરંતુ તે સિદ્ધિ માટે ગુરુની અનિવાર્યતા છે. જેમ શૃંગારકક્ષમાં જઈને વ્યક્તિ પ્રસાધનોથી સજ્જ થાય છે, તેમ સત્સંગ દ્વારા અક્ષરધામમાં જવાના સોળ સાધન સિદ્ધ થાય છે. વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આ સાધનોથી સૌને સજ્જ કરી, કેવી રીતે અક્ષરધામના સુખનો અનુભવ કરાવ્યો છે, તેની વાત આ ખંડમાં છે. તે વાચકને પ્રતીતિ કરાવી જાય છે કે આપણે પણ પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરુના સહારે અક્ષરધામના સુખને પામી શકીશું અને તેના રોમરોમમાં ઉભરાતો ઉત્સાહ કહી ઊઠે છે : '*એક નિશાન અક્ષરધામ.*'

ભગવાન સ્વામિનારાયણના વચનામૃત આધારિત આ પુસ્તક પૂજ્ય વિવેકસાગર સ્વામીની અનુભવપૂત અને વિદ્વતાપૂર્ણ કલમે લખાયેલું એક મૌલિક પ્રકાશન છે. સાંપ્રદાયિકો અને સંપ્રદાયેતર વ્યક્તિઓ તેઓનાં પુસ્તકો દ્વારા અમૂલ્ય પાથેય મેળવતાં રહ્યાં છે. આશા છે કે આ પુસ્તકથી પણ એવી જ પ્રાપ્તિ આપ પામી શકશો. આ પુસ્તકના લેખનમાં આદર્શજીવન સ્વામીએ આપેલો સહયોગ અવિસ્મરણીય છે. તેમનો હૃદયપૂર્વક આભાર.

# અનુક્રમણિકા

## પ્રથમ ખંડ : સુખનો સ્રોત

(વચનામૃત પંચાળા પ્રકરણ - ૧ પર ચિંતન)


૧. પૂર્વભૂમિકા ........ ૩
૨. પંચવિષયમાંથી પ્રીતિ ટળવી કઠણ ........ ૪
૩. બુદ્ધિનું ફળ શું? ........ ૧૧
૪. સુખમીમાંસા ........ ૧૭
૫. છે જીવનની ઘટમાળ એવી... ........ ૨૦
૬. અક્ષરધામનું સુખ 'અતિ' અધિક ........ ૨૯
૭. મનુષ્યસ્વભાવની પામરતા ........ ૩૩
૮. એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં ........ ૩૮
૯. અષ્ટાવરણ પાર અક્ષરધામ ........ ૫૪
૧૦. પૃથ્વીનું આવરણ ........ ૫૮
૧૧. જળનું આવરણ ........ ૬૦
૧૨. તેજનું આવરણ ........ ૬૩
૧૩. વાયુનું આવરણ ........ ૬૫
૧૪. આકાશનું આવરણ ........ ૬૭
૧૫. અહંકારનું આવરણ ........ ૬૮
૧૬. મહત્તત્ત્વનું આવરણ ........ ૭૨
૧૭. પ્રકૃતિનું આવરણ ........ ૭૬
૧૮. અહીં જ અક્ષરધામ ........ ૭૮

## દ્વિતીય ખંડ : એક નિશાન - અક્ષરધામ

(વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ - ૨૨ પર ચિંતન)


૧૯. પૂર્વભૂમિકા ........ ૮૫

૨૦. એક નિશાન - અક્ષરધામ ........ ૮૭

૨૧. હરિનો મારગ છે શૂરાનો ........ ૯૧

૨૨. માન થાઓ કે અપમાન થાઓ ........ ૯૪

૨૩. દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ ........ ૧૦૮

૨૪. શરીર રોગી રહો અથવા નીરોગી રહો ........ ૧૧૫

૨૫. દેહ જીવો કે મરો ........ ૧૧૮

૨૬. તે ગુરુદેવ તો તાહરી કોર છે ........ ૧૩૦

૨૭. ગુરુમુખી જોગિયા જુક્તિ જાણે ........ ૧૩૪

૨૮. અમદાવાદમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા અને શ્રીહરિનો મંદવાડ ........ ૧૩૯

૨૯. શ્રીજીમહારાજના મંદવાડનું - સંકલ્પના મંદવાડનું બીજું પાસું - પ્રવૃત્તિધર્મ અને નિવૃત્તિધર્મ ........ ૧૪૮

૩૦. એકાંતિક ધર્મ ........ ૧૬૪

૩૧. જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય ........ ૧૭૦

૩૨. સાધુની પદવી ........ ૧૭૪


## તૃતીય ખંડ : સુખપ્રાપ્તિના સોળ સોપાન

(વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ - ૨૪ પર ચિંતન)


૩૩. પૂર્વભૂમિકા ........ ૧૯૭

૩૪. સંત સમાગમ - સૌથી શ્રેષ્ઠ સાધન ........ ૧૯૯

૩૫. શ્રદ્ધા ........ ૨૦૩

૩૬. સ્વધર્મ ........ ૨૦૬

૩૭. વૈરાગ્ય ........................................................................ ૨૦૭
૩૮. સર્વ પ્રકારે ઇન્દ્રિયોનો નિગ્રહ ........................................ ૨૦૭
૩૯. અહિંસા ........................................................................ ૨૦૮
૪૦. બ્રહ્મચર્ય ........................................................................ ૨૧૦
૪૧. આત્મનિષ્ઠા .................................................................... ૨૧૧
૪૨. માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે ભગવાનની નિશ્ચળ ભક્તિ ......... ૨૧૩
૪૩. સંતોષ ........................................................................... ૨૧૪
૪૪. નિર્દંભપણું ..................................................................... ૨૧૬
૪૫. દયા ............................................................................... ૨૨૬
૪૬. તપ ................................................................................ ૨૨૮
૪૭. પોતાથી ગુણે કરીને મોટા જે ભગવાનના ભક્ત તેમને વિષે
ગુરુભાવ રાખીને તેમને બહુ પ્રકારે માનવા ............................ ૨૩૩
૪૮. પોતાને બરોબરિયા જે ભગવાનના ભક્ત તેમને વિષે
મિત્રભાવ રાખવો ............................................................ ૨૩૪
૪૯. પોતાથી ઊતરતા જે ભગવાનના ભક્ત તેમને વિષે
શિષ્યભાવ રાખીને તેમનું હિત કરવું ...................................... ૨૩૭
૫૦. ઉપસંહાર ...................................................................... ૨૩૯

## પ્રથમ ખંડ

# સુખનો સ્રોત

વચનામૃત પંચાળા પ્રકરણ - ૧ પર ચિંતન

'સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે અને

જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે...'

**- ભગવાન સ્વામિનારાયણ**

'સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઇત્યાદિક
જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ જણાય છે,
તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે
પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈને વિષે નથી.
જેમ આ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે,
તેવો થોડેક છેટે નથી અને તેથી ઘણે છેટે તો મૂળગો નથી.
તેમ બીજે ઠેકાણે તો કિંચિત્ સુખ છે અને
સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે અને
જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે.
ભગવાનના સુખ આગળ બ્રહ્માદિકનું
સુખ તો જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક
ઠીંકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું છે.'

**- ભગવાન સ્વામિનારાયણ**

## ૧. પૂર્વભૂમિકા

એક ડોશીમા હતાં.

તેઓ સરિયામ રસ્તા પર કેડથી વળી કાંઈક શોધી રહેલાં. રસ્તે ચાલતાં વટેમાર્ગુએ પૂછ્યું : 'માજી ! શું ખોવાઈ ગયું છે ?'

'દીકરા ! એક વીંટી હતી તે પડી ગઈ છે.'

ઘડપણની નબળી આંખે વીંટી જેવી નાની વસ્તુ શોધતાં ડોશીમાની મદદે તે મુસાફર પણ જોડાયો.

કલાકેકની શોધખોળ પછીયે વીંટીનો પત્તો ન લાગતાં મુસાફરે ડોશીમાને પૂછ્યું : 'ડોશીમા ! તમે મને કહેશો કે બરાબર કઈ જગ્યાએ વીંટી પડી ગયેલી ? તો તે તરફ ફરીવાર ઝીણવટથી તપાસ કરીએ.'

ત્યારે ડોશીમાએ કહ્યું : 'બેટા ! વીંટી તો પણે અંધારામાં પડી ગઈ છે.'

'તો પછી અહીં શું ફાંફાં મારો છો ?' મુસાફરે અકળાતાં અકળાતાં ઉકળાટ કાઢ્યો.

ત્યારે ડોશીએ કહ્યું : 'અહીં અજવાળું છે ને ભઈલા ! તેથી વીંટી અહીં શોધું છું.'

ડોશીની મૂર્ખતા પર આપણે સૌ હસવાના, પરંતુ મનુષ્યની મૂર્ખતા પણ ડોશીથી લેશ ઊણી ઊતરે તેવી નથી.

આપણે આંખોમાં તેલ આંજી આંજીને સુખ શોધી રહ્યા છીએ. તેની શોધખોળમાં કેડો પણ વાળી નાખીએ છીએ, છતાં સુખની ભાળ મળતી નથી. તેનું કારણ એટલું જ કે સુખ પડ્યું છે ક્યાંક બીજે અને આપણે હવાતિયાં મારી રહ્યા છીએ ક્યાંક ત્રીજે.

રેતીને પીલીને તેલ કોણ મેળવી શકે ? વારિને વલોવીને માખણ કોણ ચાખી શકે ? તેમ મનુષ્યની સુખપ્રાપ્તિની દોટમાં દિશમોડ થઈ ગયો છે.

શાણા મુસાફર માટે પ્રથમ પગલું ભરતાં પહેલાં આવશ્યક છે સાચી દિશાનું સંધાન. મનુષ્ય સુખરૂપી સ્ટેશને જવા માટે નીકળ્યો છે, પણ શું તેણે ચકાસી લીધું છે કે જે માર્ગ અખત્યાર કર્યો છે તે સાચો છે ?

જવાબ છે - 'ચોખ્ખી ના.'

તો સુખપ્રાપ્તિનો સાચો માર્ગ કયો ? कः पन्थाः ? સુખનો સાચો સ્રોત કયો ? આ જવાબ મેળવવા ચાલો જઈએ ભગવાન સ્વામિનારાયણના વચનામૃત પંચાળા-૧ પાસે.

સોરઠ પ્રદેશનું નાનકડું રળિયામણું ગામ પંચાળા. તેમાં ફાગણના ગુલાબી વાતાવરણમાં ભગવાન સ્વામિનારાયણ ઝીણાભાઈના દરબારમાં ઢોલિયો ઢળાવી વિરાજમાન છે. સંધ્યા આરતી સમાપ્ત થઈ ચૂકી છે. ભગવાન સ્વામિનારાયણ સમક્ષ મોટા મોટા પરમહંસો, ભક્તો સભાકારે ગોઠવાઈ ગયા છે.

તે વખતે ભગવાન સ્વામિનારાયણ તે સૌને પ્રશ્ન પૂછે છે : 'ભગવાનમાં હેત હોય તથા ધર્મમાં નિષ્ઠા હોય તોપણ જો વિચારને ન પામ્યો હોય તો અતિ સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તે પંચવિષય તે જે તે અતિશય ભૂંડા જે શબ્દાદિક પંચવિષય તે સરખા થાય નહિ અથવા તેથી અતિશય ઊતરતા પણ થાય નહિ. માટે કયા વિચારને પામે ત્યારે અતિ સારા જે પંચવિષય તે અતિશય ભૂંડા જે પંચવિષય તે સરખા થઈ જાય અથવા તે કરતાં પણ અતિશય ભૂંડા થઈ જાય ?'

પ્રશ્ન ઘણો જ વિચારણીય છે. સુરતી દૂધપાક ખાટી છાશ કરતાં પણ ઊતરતો લાગે તે કયા વિચારથી ? સુંદર રેશમી શાલ-દુશાલા સડેલા શણિયા કરતાંય બદતર લાગે તે કયા વિચારથી ? આવું કંઈક ભગવાન સ્વામિનારાયણ પૂછી રહ્યા છે.

## ૨. પંચવિષયમાંથી પ્રીતિ ટળવી કઠણ

પ્રથમ દૃષ્ટિએ તો આ સ્થિતિ અશક્ય જ લાગે તેમ છે. ગધેડાની ગાય કોઈ દિવસ થાય નહિ, તેમ ઉપરોક્ત વાત એવી લાગે છે, કારણ કે દરેકને રૂડા પંચવિષય જ ગમે છે. સારું ઘર, સારાં કપડાં, સારી ગાડી, સારી રસોઈ, સુંદર સ્ત્રી... બધું જ સારું, સુંદર ને ઉત્તમ જોઈએ તે માણસની પ્રકૃતિમાં

રહેલું છે. સંજોગોવશાત્ તેવું ન બને તે વાત જુદી છે, પણ સારાની ઈચ્છા દરેકને રહે છે. લોકો ૨૦-૨૦ લાખ રૂપિયા ખર્ચીને પરદેશ જાય છે, કેમ ? સારું મેળવવાની ઈચ્છા. તેને માટે 'કરેંગે યા મરેંગે' તેવું થાય છે. મંદિરમાં સત્સંગ માટે આવ્યા હોય તોપણ સારી રૂમ હોય, રૂમમાં ઍરકન્ડીશનર મશીન હોય, મચ્છરદાની હોય, સારું ભોજન હોય તો જ સત્સંગનું સુખ આવે. સગવડમાં બરકત નહીં, તો સત્સંગમાં પણ નહીં.

વ્યક્તિમાં સારાની સાથે શ્રેષ્ઠ જોઈએ તેવી પણ વૃત્તિ રહેલી છે. સારો ફ્લેટ તો મળવો જ જોઈએ, પણ સૌથી ઉપરનો માળ મળે તો જ રંગ રહી જાય ! કોઈની એંઠી હવા પણ ન આવે, તો કંઈક પામ્યા તેવું ઘણીવાર લોકોને રહે છે. અમેરિકામાં ૧૦૦મા માળે રહેવા માટે પડાપડી થતી હોય છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'નર ઈચ્છે નરેશ થાવા, રાજા ઈચ્છે અમર લોક જાવા;*
*અમર ઈચ્છે ઈન્દ્રપદવી, ઈન્દ્ર ઈચ્છે થાવા આદ્ય કવિ.'*

સારું અને શ્રેષ્ઠની સાથે નિત નવીન મળવું જોઈએ તેવી ઝંખના પણ મનુષ્યને રહે છે. અમેરિકામાં તમે જાઓ તો ઘણીવાર ગારબેજ બેગ(કચરા-પેટી)માંથી નવાનકોર ટી.વી., લેપટોપ, કોમ્પ્યુટર વગેરે મળી આવે. કારણ શું ? તો નવું આવે એટલે જૂનું કાઢી નાખે. તે રીજેક્ટેડ માલને ખરીદનાર કોઈ હોય નહીં, તેથી ટ્રકમાં નાખી લઈ જાય. જો કે હવે કેટલાકે આ માલ પર નજર દોડાવી છે. એક વ્યક્તિએ અમેરિકાના વેસ્ટેજમાંથી આખેઆખું ઘર બનાવ્યું છે ! તપાસ કરતાં ખબર પડી કે તે વ્યક્તિ અમદાવાદી હતા !

સારું, શ્રેષ્ઠ, નવું મળવું જોઈએ તે સાથે એક ઈચ્છા રહે છે કે વધુ ને વધુ મળવું જોઈએ. જે છે એથી કોઈને ધરવ થતો નથી. રૂમાનિયાના નિકોલાઈ ચોસેસ્કુએ ૪૦૦ રૂમનો મહેલ બનાવ્યો છે. 'અમારી પાસે આટલું બધું છે' - તેનો કેવો ખર્ચાળ દેખાડો !

આમ, મનુષ્યમાત્રને સારા જ પંચવિષયમાં પ્રીતિ રહે છે. આધ્યાત્મિક માર્ગે ચાલવા છતાં પણ આ વૃત્તિ ટળતી નથી. અહીં ભગવાન સ્વામિ-નારાયણ સ્પષ્ટ કહે છે કે 'ભગવાનમાં હેત હોય ને ધર્મમાં નિષ્ઠા હોય તોપણ સારા પંચવિષયમાંથી વૃત્તિ ઊખડતી નથી.'

ભગવાન અને સંતમાં હેતને કારણે મોટી મોટી સેવાઓ પણ કરે, ભીડો

પણ વેઠે, અરે ! દીકરો પણ સાધુ થવા આપી દે, છતાં પંચવિષયમાંથી વૃત્તિ નિવૃત્ત થતી નથી. પૂજાપાઠ, તિલક-ચાંદલો, વ્યસન-ત્યાગ, રવિસભા વગેરે ધર્મનું અતિ ચુસ્ત પાલન કરતો હોય, તોપણ સારા વિષયમાંથી મન પાછું હઠતું નથી. તે માટે વિચારની જરૂરિયાત રહે છે. તો તે કયો વિચાર ?

ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'ભગવાનના સુખનો વિચાર.' તે વિના પંચવિષયના રાગ ટળવા કઠણ છે. આ વિચારની સ્થિરતા અને દૃઢતા વિના કોઈ બે વસમા શબ્દ કહી જાય તેટલામાં સત્સંગનો આનંદ ઓસરી જાય. સેવા કરી હોય અને નામનો ઉલ્લેખ ન થાય તો મૂડ આઉટ થઈ જાય. સભામાં આગળ ન બેસાડે તો સત્સંગમાં સાવ તળિયે બેસી જાય. આવી અનેક અનેક તકલીફો ભગવાનના સુખના વિચારની દૃઢતા વિના થવાની શક્યતા રહે છે.

આ સુખના વિચાર વિના ક્યારેય સાચી મુમુક્ષુતા જીવનમાં આવતી નથી. આપણે મુમુક્ષુ રહીએ પણ વી.આઈ.પી. મુમુક્ષુ ! ઉતારો, ખાણી-પીણીનો બરોબર બંદોબસ્ત જોઈએ, તો જ મુમુક્ષુતા ટકે.

પરંતુ સાચા મુમુક્ષુની રીતિ તો ગણાવાઈ છે કે –

*'ભૂખે મારું ભોંય સુવારું, તનની પાડું ખાલ;*
*એમ કરતાં જો ન મૂકે તો, તેને કરી દઉં ન્યાલ.'*

પૂર્વે કોઈ તીર્થ-સ્થાનમાં સમાગમ કરવા જતા તો ઘેરથી કાચું અન્ન લઈ જતા અને ભાતું પણ લઈ જતા, પરંતુ આવી સાચી મુમુક્ષુતા ભગવાનના સુખમાં દૃષ્ટિ પડ્યા વગર પાંગરે નહીં.

ઉમરેઠના ગંગાદત્તને ભગવાનમાં હેત હતું. તે કારણે જ ઠેઠ ગઢડે શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગયા હતા. પરંતુ સાથે આંબલી લઈ ગયેલા. રોજ થોડી થોડી વાપરતા હતા. તે જેવી ખૂટી ગઈ કે પાછા ઉમરેઠ જવા તૈયાર થઈ ગયા. શ્રીજીમહારાજે ગઢડા રોકાવા માટે ઘણો આગ્રહ કર્યો, પણ તે ના જ પાડતા રહ્યા. શ્રીજીમહારાજ કહે : 'તમને શું મુશ્કેલી છે તે વાત તો કરો. આમ અચાનક જવા કેમ તૈયાર થઈ ગયા ?'

તેમણે તો કાંઈ ફોડ પાડ્યો નહીં, પણ ભેગો તેમનો દીકરો હરિકૃષ્ણ હતો. તેણે કહ્યું : 'મહારાજ ! બાપુજીની આંબલી ખૂટી ગઈ છે.'

શ્રીજીમહારાજ કહે : 'એમાં શું ? અમે તમને બીજી આંબલી અપાવી

દઈએ.'

'ના, મહારાજ ! ચરોતર જેવી અહીંની આંબલી નહીં.' એમ કહેતાં ગંગાદત્ત ઊપડી જ ગયા.

વંથળીના ધના ભગત હતા. ગુણાતીતાનંદ સ્વામી તેઓને કહે : 'તમે સાધુ થાવ.' તેઓ ના પાડે. સ્વામી કહે : 'તમારે ઘરે પરિવારમાં કાંઈ છે નહીં. કોના માટે મહેનત કરો છો ?'

ત્યારે તેઓ કહેતા : 'સ્વામી ! મહેનતની ક્યાં વાત કરો છો ? સાંજે વાડીમાંથી થાક્યોપાક્યો આવ્યો હોઉં, પણ તે વખતે ભાઈના છોકરા 'બાપા ! બાપા !' કહી દોડતાં આવે તે થાક બધો ઊતરી જાય છે.'

કેવી આસક્તિ !

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આ જીવને પાંચ વાના અવશ્ય જોઈએ – અન્ન, જળ, વસ્ત્ર, નિદ્રા ને સ્વાદ મધ્યે મીઠું. તે વિનાનું સર્વે ફેલ છે.'

પરંતુ પંચવિષયના રાગને કારણે સુવિધાઓ જરૂરિયાતનું સ્થાન લઈ લે છે. સત્સંગી હોય તોપણ પચાસ જોડ પગરખાં રાખે. સો જોડ કપડાં રાખે. એમ રમણીય પદાર્થોમાં વૃત્તિ ચોંટેલી રહે.

પ્રખર તત્ત્વચિંતક થૉરો કહેતાં : 'કહેવાતી બધી જ સુવિધાઓ બિનજરૂરી હોય છે એટલું જ નહીં, પણ આપણી પ્રગતિમાં અવરોધક પણ હોય છે.'

ગ્રીસના વિખ્યાત વિચારક સૉક્રેટિસ રોજ એક સુપરસ્ટોરમાં આંટો મારવા જાય. કલાક - બે કલાક સુધી આખા સ્ટોરમાં ફરે, પણ કશુંય ખરીદ્યા વિના પાછા જાય. બે-ચાર દિવસ આ ક્રમ ચાલ્યો, એટલે કો'કે તેઓને પૂછ્યું : 'હું રોજ તમને આ સ્ટોરનાં પગથિયાં ચઢતાં જોઉં છું, પરંતુ કશુંય લીધા વિના તમે બહાર નીકળો છો. આ કંઈ સમજાતું નથી.'

ત્યારે સૉક્રેટિસે કહ્યું : 'હું વસ્તુ ખરીદવા માટે દુકાનમાં જતો નથી, પરંતુ હું ત્યાં જઈને વિચારું છું કે આટલી બધી વસ્તુઓ વિના પણ ચાલી શકે છે.'

આવી રીતની પાછી વૃત્તિ વાળવા માટે જુદા વિચારની જરૂર છે. તે છે પરબ્રહ્મના સુખનો વિચાર. તે વિચારના અભાવે મંદિરમાં વ્યવસ્થામાં ગરબડ થાય તો ઘણીવાર સંતોનો પણ અભાવ આવી જાય. ભક્તો સાથે પણ વઢવેડ થઈ જાય.

યોગીજી મહારાજ એક પ્રસંગે ગઢડામાં વિરાજમાન હતા. તે વખતે તેઓએ રમણભાઈને કહ્યું : 'રસોડામાં બે પંગત થઈ હોય. તેમાં એક પંગતમાં સરસ દૂધપાક પીરસાય અને તમે જે પંગતમાં બેઠા હોય તે પંગતમાં ખાટી છાશ પીરસાય, તો સંકલ્પ થાય ?'

રમણભાઈએ કહ્યું : 'આ વખતે સંકલ્પ થાય જ નહીં, સીધી મારામારી જ થાય.'

આ તો રમૂજમાં તેઓએ વાત કરી, પણ આ પરથી આપણને ખ્યાલ આવે છે કે આપણને સત્સંગની મજા પંચવિષયની હૂંફને કારણે આવે છે. જેમ શિયાળામાં સગડીની હૂંફથી ગરમાટો રહે તેમ. સમૈયો અદ્‌ભુત ક્યારે ? તો આપણી તમામ વ્યવસ્થા સારામાં સારી સચવાય ત્યારે. જો તેમાં કંઈક ગરબડ થઈ, તો આખો ઉત્સવ બેકાર બની જાય. આમ, આપણો સત્સંગ પંચવિષયની સાપેક્ષ છે.

ફ્રોઈડ કહેતા : 'જાતીય વાસના જગતનું ચાલકબળ છે.' (Sex is the motive force of the world).

કાર્લ માર્ક્સે કહ્યું છે : 'પૈસો જગતનું ચાલકબળ છે.' (Money is the motive force of the world).

ભગવાન સ્વામિનારાયણ કહે છે : માણસ પંચવિષય પર નિર્ભર છે. વિચાર વિના ત્યાગીને પણ આવી પરિસ્થિતિ ઊભી થતાં વાર લાગતી નથી.

ભગવાન સ્વામિનારાયણના એક પરમહંસ હતા - વૈકુંઠાનંદ સ્વામી. તેઓએ પુસ્તક વેચીને સુંદર સુંવાળી ધોરાજીની ધાબળી ખરીદી. શ્રીજીમહારાજને સાધુના જીવનમાં પેઠેલો આ રજોગુણ રુચ્યો નહીં. તેઓએ તે ધાબળી પોતાની પાસે મગાવી ને તે સાધુ સમક્ષ તેને બાળી નંખાવી. તે સમયે વૈકુંઠાનંદની મનોવ્યથાને આબાદ વ્યક્ત કરતાં લખાયું છે :

*'કામળી બળતી કેમ દેખાશે, થાશે મારું મર્ણ;*
*બાળો મા એ બાંધી મૂકો, માંડ ફરે પ્રકરણ.*
*અજાણે હું તો ઓઢી આવ્યો, કળ ન પડી કાંયે;*
*હવેની જો હાથ આવે તો, ઘાલું હું ગોદડીમાંયે.*
*આજ પછી તો નહીં કરું, ખૂબ વળી છે લાજ;*
*નામું વાળું તો નરસું લાગે, આપો પાછી આજ.*

*ધાબળી રાંડ ધુંધવી ઊઠી, ખમી ન શકી ખોટ્ય;*
*બળતી ઝળતી બોલવા લાગી, લઈ મોટાની ઓટ્ય.'*

એકવાર શ્રીજીમહારાજે સૌ સંતોને તુંબડા આપ્યા. સંતોએ તેને સુંદર રીતે રંગીને તૈયાર કરી દીધા. શ્રીજીમહારાજે આ જોયું. તેમાં તેઓને સંતોની રાગીવૃત્તિ જણાઈ. તેથી એકવાર તેઓએ કહ્યું : 'અમારે પાણી પીવું છે.' આ સાંભળી સૌ પોતપોતાની તુંબડી લઈ આવ્યા. ભગવાનને પોતાની તુંબડીમાં પાણી પાઈ તેને પ્રસાદીભૂત કરવાના સૌને કોડ હતા.

સૌ સાથે નિષ્કુળાનંદ સ્વામી પણ તેઓનું તુંબડું લઈ આવેલા. મહારાજે તેમની તુંબડી જોઈ પૂછ્યું : 'કેમ વાંકુચૂકું છે તુંબડું તમારું ? ને ધાર પણ બોખી છે.'

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : 'પણ મહારાજ ! તેમાંથી પાણીની ધાર થશે તે તો સીધી જ થશે.' નિષ્કુળાનંદ સ્વામીની આવી સમજણ ને વૈરાગી વૃત્તિથી મહારાજ પ્રસન્ન થયા.

પછી શ્રીજીમહારાજે એક ધોકો મગાવ્યો ને બધા સંતોની તુંબડીની સુંદર સજાવેલી ધાર તોડી નાખવા તત્પર થઈ કહ્યું : 'આપણે સાધુએ તો અંતર રંગવાનું હોય, તુંબડાં નહીં.'

તે વખતે બ્રહ્માનંદ સ્વામીએ પ્રાર્થના કરી કે 'હે મહારાજ ! હવે અમે નિષ્કુળાનંદ સ્વામી પાસે છે તેવી તુંબડી વાપરીશું, પણ આપ શાંત થાઓ.'

શ્રીજીમહારાજના સમયમાં એક નારણદાસ સમાધિવાળા હતા. એકવાર તેઓએ જોયું કે શ્રીજીમહારાજ જેની પાસે અલફી ન હોય તેને આપી રહ્યા છે. તેઓને પણ નવી અલફી લેવાની ઇચ્છા થઈ, પણ મહારાજે શરત રાખેલી કે 'જૂની હોય તેને નવી ન મળે.' નારણદાસ પાસે જૂની અલફી તો હતી, પણ નવીના લોભે જૂની દાટી દીધી ને નવી અલફી લઈ લીધી. થોડાક સમય બાદ ઉકરડો ઉથામતાં તેઓની જૂની અલફી મળી આવી. આ જોઈ શ્રીજીમહારાજે કહ્યું : '...જેને વૈરાગ્ય ને આત્મનિષ્ઠા ન હોય તેને તો નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તોપણ જ્યાં સુધી સમાધિમાં રહે ત્યાં સુધી સુખ-શાંતિ રહે ને જ્યારે સમાધિમાંથી બહાર નીસરે ત્યારે નારાયણદાસની પેઠે સારા પદાર્થને જોઈને ચાળા ચૂંથવા માંડે.' (વચ. ગ.અં. ૧)

કુંડળનાં રાઈમાને સમાધિ સિદ્ધ હતી, પણ છાણ-વાસીદું કરવું ને

છોકરાં રમાડવામાંથી નવરાં થતાં નહીં. સમાધિમાં અક્ષરધામનું સુખ છોડી આ લોકની ક્રિયામાં પરોવાઈ ગયેલાં.

ભગવાન સ્વામિનારાયણે સાચું જ કહ્યું છે કે –

ज्ञानशास्त्रातिविज्ञानां ब्रह्मस्थितिमतामपि।
ब्रह्मानन्दादपि सुखं स्त्रैणं कामाद् विशिष्यते॥

(સત્સંગિજીવનમ્ : ૪/૩૩/૨)

શાસ્ત્રોના પ્રકાંડ પંડિતોને અને લોકમાં કહેવાતા બ્રાહ્મીસ્થિતિવાળાઓને પણ સ્ત્રીસંબંધી સુખ ભગવાનના આનંદ કરતાં પણ અધિક મનાય છે.

એકવાર જૂનાગઢના મંદિરે વંથળીથી શેરડી ભરીને ગાડું આવ્યું. ગુણાતીતાનંદ સ્વામીએ સૌને કહ્યું : 'આ શેરડી હરિભક્તો આપણા માટે લાવ્યા છે, પણ સૌ આંખો બંધ કરીને બબ્બે સાંઠા લઈ લ્યો.'

સૌએ સ્વામીની આજ્ઞા પાળી, આંખો બંધ રાખીને જ સાંઠા ખેંચ્યા. તોપણ છેલ્લે તો ગાડામાં પીંછડિયા જ વધ્યા. આંખો બંધ હતી તો સૌએ સ્પર્શ દ્વારા સારા-નરસાનો વિવેક કરી દેખાડ્યો !

ગોવિંદાનંદ સ્વામી સાધુ થવા ચાલી નીકળેલા ત્યારે રસ્તામાં રાજાની બાની (દાસી) તેઓના રૂપ-સ્વરૂપમાં મોહી પડી. તેણે કહ્યું : 'હું તમારી ને મારી પાસે આ ઘરેણાં તથા દસ હજાર રૂપિયાની મિલકત છે તે પણ તમારાં. તમે મારી સાથે લગ્ન કરો.' આ સાંભળી ગોવિંદાનંદ સ્વામી સતર્ક થઈ ગયા. તેઓએ વિચાર્યું કે 'ભગવાન ભજવા નીકળે તેને સિદ્ધિઓ આડી આવે છે તેમ લખ્યું છે, તે આજે થયું.'

તેમાંથી છૂટકો કરવા તેઓએ બાનીને કહ્યું : 'તમે અહીં બેસો. હું ખત્રે (શૌચ) જઈ આવું. પછી વિચાર કરીએ.' બાનીને પ્રતીતિ આવે તે માટે પોતાનું લૂગડું પણ ત્યાં મૂક્યું ને નીકળ્યા, તે સીધા જ ગઢડા શ્રીજીમહારાજ પાસે પહોંચી ગયા.

આવા વૈરાગ્યવાન હતા છતાં સંપ્રદાયનો ઇતિહાસ કહે છે કે તેઓને ગંગામાના દાળ-ભાતનું બંધન થઈ ગયું હતું. પંચવિષયમાંથી સદાને માટે રાગ તૂટવો સાચે જ કપરું છે.

ભજનાનંદ સ્વામીએ વૈદું કરી કરીને અધમણ સોનું ભેગું કરેલું ને બીજા પદાર્થો એટલા કે બે પટારા ભરાય.

એકવાર ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, રઘુવીરજી મહારાજ વગેરે સૌ નાવલી પધારેલા. અહીં એક સંત પુસ્તક પર રહેલી પાટી બાંધતા હતા. તે સ્વામીએ જોયું ને બોલ્યા : 'હજુ તો મહારાજના મળેલા સંતો બેઠા છે તોપણ આ કળિયુગ પેઠો, તો આગળ શું થશે ?' એમ કહી જેની જેની પાસે રેશમી પાટીઓ હતી તે મગાવી અને તેને સૌ વચ્ચે ચોકમાં સળગાવી દીધી. આખો સંસાર છોડી દીધા પછી આવી નાની વસ્તુઓમાં પણ મમત્વ બંધાઈ જાય છે. ઘર મૂકી દે પણ ત્યાગી થયા પછી કોઠાર, ભંડાર ન છૂટે. નાની વસ્તુ, પદાર્થ ન મૂકી શકે.

## ૩. બુદ્ધિનું ફળ શું ?

આવી પરિસ્થિતિ શાથી નિર્માણ થાય છે તેની વાત શ્રીજીમહારાજ અહીં કરવા માગે છે. તેથી કેવી રીતે છૂટવું તે માટે તેઓનો પ્રશ્ન છે. પ્રશ્ન બાદ તેઓ જ ઉત્તર આપે છે, પરંતુ તે પૂર્વે સુંદર ભૂમિકા બાંધે છે. તેઓ કહે છે : 'જેમ કોઈનો કાગળ પરદેશથી આવ્યો હોય તેને વાંચીને તે કાગળના લખનારાની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે. તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રુક્મિણી, સત્યભામા, જાંબવતી આદિક ભગવાનની પટરાણીઓ તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઇત્યાદિ ભક્તનાં રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યાં છે; તે શાસ્ત્રને શ્રવણે કરીને તેમનાં રૂપનું પ્રમાણ તે દર્શન જેવું જ થાય છે તથા તેમનાં વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે. તેમ પુરાણભારતાદિક ગ્રંથે કરીને એમ સાંભળ્યામાં આવે છે જે, ભગવાન જે તે આ જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કર્તા છે ને સદા સાકાર છે, અને જો સાકાર ન હોય તો તેને વિષે કર્તાપણું કહેવાય નહિ. અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે. એવા દિવ્યમૂર્તિ, પ્રકાશમય ને સુખરૂપ જે ભગવાન તે જે તે પ્રલયકાળે માયામાં કારણ શરીર સહિત લીન હતા જે જીવ તેમને ઉત્પત્તિકાળે બુદ્ધિ, ઇન્દ્રિયો, મન અને પ્રાણને આપે છે. તે શાને અર્થે આપે છે ? તો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ જે વિષય તેના ભોગને અર્થે ને મોક્ષને અર્થે આપે છે. અને એ જીવોને અર્થે ભોગ ને ભોગનાં સ્થાનક તે ભગવાને રચ્યાં છે. તેમાં જે ઉત્તમ પંચવિષય કર્યા છે તે ભૂંડા પંચવિષયના દુઃખની નિવૃત્તિને અર્થે કર્યા છે.'

અહીં શ્રીજીમહારાજ જણાવે છે કે કોઈનો કાગળ વાંચીને તેની બુદ્ધિનો ખ્યાલ આવી જાય છે. પ્રશ્ન પૂછનાર પરથી પૂછનારનું બુદ્ધિપ્રમાણ કલ્પી શકાય છે.

એકવાર શ્રીજીમહારાજ વૌઠા પધારેલા. ત્યાં મહારાજની ઉતારાની સામે કોઈ એક ધર્માચાર્યની છાવણી હતી. એકવાર ત્યાં કુબેરસિંહ અને બીજા કેટલાક ભક્તો ગયેલા. તે વખતે ધર્માચાર્યે તેઓને પૂછેલું : 'સ્વામિનારાયણની છાવણીમાં ઘણા દીવા દેખાય છે. તેનું તેલ કોણ પૂરું પાડે છે ?'

આ વાત ભક્તોએ શ્રીજીમહારાજને મળ્યા ત્યારે તેમને સંભળાવી. તે વખતે મહારાજ હસીને બોલ્યા : 'આવો પ્રશ્ન પૂછનારની બુદ્ધિ બાળક જેવી કહેવાય.'

જે રોલ્સરોયસ ફેરવતો હોય તો તે પેટ્રોલ પુરાવી શકે એવો હશે, તે તો સહેજે સમજી શકાય ને ! તેથી શ્રીજીમહારાજ કહે છે કે કોઈનું કાર્ય જોઈ તેના કારણ વિષે જાણી શકાય છે. આમ જણાવી શ્રીજીમહારાજ હવે ભગવાનના કાર્યની વાત કરતાં કહે છે કે ભગવાને આ સર્વ જગત બનાવ્યું છે તેમાં મનુષ્ય પણ ઉત્પન્ન કર્યો છે અને તેને બુદ્ધિ, ઇન્દ્રિયો વગેરે આપ્યાં છે. તે શા માટે ? તો એક કારણ કહ્યું : 'ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વિષયના ભોગ માટે.' બીજું કારણ છે - લોકાંતરની ગતિ માટે. અને ત્રીજું કારણ મોક્ષ માટે. આ ત્રણની સિદ્ધિ માટે ભગવાને મનુષ્યને દેહ, ઇન્દ્રિયાદિક સર્વે સાજ આપ્યો છે.

અહીં ભગવાને કહ્યું કે વિષયભોગ માટે ઇન્દ્રિયો આપેલ છે, પરંતુ તેમાં વિચારપૂર્વક ભોગવવાનું છે. અન્યથા મનુષ્ય અને પશુમાં કોઈ ફેર રહે નહીં. ઘણા દલીલ કરે કે 'ભગવાને બધું આપણા માટે જ રચ્યું છે, તો શા માટે બધું ન ભોગવવું ? જે રચ્યું છે તે ભૂંડા પંચવિષયની નિવૃત્તિ માટે જ રચ્યું છે ને !' પણ તેવું નથી. ભગવાને ઝેર પણ રચ્યું છે, તો શું તે ખાવું ? સાપ પણ બનાવ્યો છે, તો શું તેને સોડમાં લઈને સૂવું ? આ બાબતોમાં જેમ વિચારપૂર્વક વર્તીએ છીએ તેમ પંચવિષયના ઉપભોગમાં પણ વિચાર જોઈએ.

આમ, ભગવાને સૃષ્ટિ સર્જી તેમાં પંચવિષયનું સુખ જીવને આપ્યું છે, પણ હવે મુદ્દાની વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે : 'જેમ કોઈક ભારે શાહુકાર હોય, તે રસ્તાને બેય કોરે છાયાને અર્થે ઝાડ રોપાવે છે તથા

પાણીની પરબ બંધાવે છે તથા સદાવ્રત કરાવે છે તથા ધર્મશાળા કરાવે છે તે ગરીબ સારુ કરાવે છે; તેમ બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવ છે તે તો એ ભગવાનની આગળ જેવા સડતાળાના રાંક હોય ને પીંપરની ટેટી બાફીને ખાતા હોય તે જેવા ગરીબ છે. તે બ્રહ્માદિક દેવ - મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યાં છે. અને જેમ શાહુકારે સદાવ્રત, ધર્મશાળાદિકમાં સુખ જેવા રાંકને અર્થે રચ્યાં છે તે કરતાં તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશય ઉત્તમ હશે એમ જણાય છે; તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે, એમ બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે.'

અહીં શ્રીજીમહારાજ ત્રિરાશિ મૂકતાં સમજાવે છે કે શાહુકારનું કાર્ય જોઈ તેની સંપત્તિ જાણી શકાય છે. આરબ દેશોમાં રસ્તાની બંને બાજુ લીલીછમ હરિયાળી જોવા મળે. ત્યાં આરબ શેખોએ હજારો ટન ખાસ માટી મંગાવી. તેને પથરાવી, ટપકસિંચાઈ કરીને વૃક્ષો ઉગાડી હરિયાળી ફેલાવી છે. તે જોઈએ ત્યારે ખબર પડે કે 'આમણે આટલો બધો ખર્ચ કરી વૃક્ષો ઉગાડ્યાં છે, તો તેઓ પાસે કેટલી સંપત્તિ હશે !'

શ્રીજીમહારાજ વચ. ગ.પ્ર. ૬૩માં કહે છે : 'જેમ કોઈક મોટો રાજા હોય, તેના જે ગોલા અને ગોલીઓ હોય તેને પણ સાત ભૂમિની તો હવેલીઓ રહેવાની હોય અને બાગ-બગીચા ને ઘોડા, વેલ્યો, ઘરેણાં એ આદિક જે સામગ્રીઓ તેણે કરીને દેવલોક સરખાં તેનાં ઘર જણાય, ત્યારે તે રાજાનો જે દરબાર તથા તેમાં જે સામગ્રીઓ તે તો અતિ શોભાયમાન હોય. તેમ શ્રી પુરુષોત્તમ ભગવાનની આજ્ઞામાં વર્તતા એવા જે બ્રહ્માંડના અધિપતિ બ્રહ્માદિક તેના જે લોક અને તે લોકના વૈભવ તેનો પાર પમાતો નથી, તો જેના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા એવા જે વિરાટપુરુષ તેના વૈભવનો પાર તો ક્યાંથી પમાય ? અને એવા જે અનંત કોટિ જે વિરાટપુરુષ તેમના સ્વામી જે પુરુષોત્તમ ભગવાન તેનું ધામ જે અક્ષર, જેને વિષે એવાં અનંત કોટિ બ્રહ્માંડ તે એક એક રોમ પ્રત્યે અણુની પેઠે ઊડતાં ફરે છે, એવું એ ભગવાનનું ધામ છે, અને તે ધામને વિષે પુરુષોત્તમ ભગવાન પોતે દિવ્ય રૂપે કરીને સદા વિરાજમાન છે, અને તે ધામમાં અપાર દિવ્ય સામગ્રી છે, તે ભગવાનની મોટ્યપનો પાર તો આવે જ કેમ ? એવી રીતે ભગવાનની મોટ્યપ સમજે.'

અહીં શ્રીજીમહારાજે ઇન્દ્ર અને બ્રહ્માના લોકની વાત કરી. અત્યારે અમેરિકાનું સુખ તેને જ ઇન્દ્ર-બ્રહ્માના જેવું ગણી લ્યો ને ! ત્યાં કેટલી સુખ-સુવિધાઓ છે ? તો તે બનાવનાર ભગવાન પાસે તો કેટલું સુખ હશે તેમ શ્રીજીમહારાજ વિચાર કરવાનું કહે છે, કારણ કે આ રીતે વિચારતાં ભગવાનના ધામમાં સુખનું અધિકપણું છે તે બુદ્ધિવાનના જાણ્યામાં આવે છે અને તેમાં દૃષ્ટિ ઠરતાં સારા પંચવિષય પણ ભૂંડા પંચવિષય કરતાં પણ અતિશય ઊતરતા થઈ જાય છે.

વળી, શ્રીજીમહારાજ કહે છે : 'આ સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઇત્યાદિક જયાં જયાં પંચવિષય સંબંધી સુખ જણાય છે, તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે, પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈને વિષે નથી. જેમ આ મશાલ બળે છે, તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે તેવો થોડેક છેટે નથી અને તેથી ઘણે છેટે તો મૂળગો નથી; તેમ બીજે ઠેકાણે તો કિંચિત્ સુખ છે અને સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે અને જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે. માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે, 'જેટલું મારે ભગવાનથી છેટું થશે તેટલું દુઃખ થશે અને મહાદુખિયો થઈશ. અને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે, માટે મારે ભગવાનનો સંબંધ અતિશય રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે.' એમ વિચારીને અને ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે, તેને બુદ્ધિવાન કહીએ. અને પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. એવી રીતે ભગવાનના સુખને અતિશય જાણીને બીજાં જે જે પંચવિષયનાં સુખ તેને વિષે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે અને તે ભગવાનના સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું છે.'

અહીં શ્રીજીમહારાજ જણાવે છે કે આ લોકમાં જયાં જયાં કંઈક સુખ

જેવું જણાય છે તે પણ ભગવાનના સુખનો લેશ જ છે. વચ. ગ.અં. ૨૮માં કહ્યું છે કે 'સર્વ સુખમય મૂર્તિ તો એ ભગવાન જ છે ને બીજે પંચવિષયમાં જે સુખ તે તો એ ભગવાનના સુખનો કિંચિત્ લેશ છે.'

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : 'ભગવાનના ધામમાં સુખ છે, તેમાંથી છાંટો નાખ્યું તે પ્રકૃતિ-પુરુષમાં આવ્યું ને ત્યાંથી વૈરાટમાં આવ્યું ને ત્યાંથી દેવતામાં આવ્યું ને ત્યાંથી આંહીં મનુષ્યમાં આવ્યું છે, તે સુખમાં જીવમાત્ર સુખિયા છે. માટે સુખમાત્રનું મૂળ કારણ ભગવાન છે. તેને સુખે સુખિયા થાવું.' (૧/૧૮૨)

વળી, તેઓ કહે છે : 'અક્ષરધામનું એક મચ્છરિયું મૂતર્યું છે તેમાં સર્વ લોક સુખી છે, એટલે અક્ષરનું મચ્છરિયું જે મૂળપુરુષ તેની લઘુશંકામાં સર્વે લોક સુખી છે.' (૫/૧૭૪)

આમ, સંપૂર્ણ સુખ તો ભગવાનમાં જ છે ને બીજે જણાય છે તે તો તેનો અંશ છે, તેમ શ્રીજીમહારાજ સમજવાનું કહે છે. જેમ મશાલ બળતી હોય તો તેની સમીપમાં સૌથી વધુ પ્રકાશ અનુભવાય, પરંતુ જેમ જેમ તેથી દૂર જઈએ તેમ તેમ પ્રકાશ ઓછો થતો જાય. તે રીતે જેટલું ભગવાનની સમીપે રહેવાય તેટલું સુખ વધારે. જેટલા ભગવાનથી દૂર થઈએ તેટલી સુખમાં ન્યૂનતા આવતી જાય છે.

યોગીજી મહારાજ વાત કરતા કે ગધેડાં શેરડીનાં સૂકાં છોતાં ચાટે છે તેમાં સુખ માને, પરંતુ રસ તો ક્યારનો કુંડીમાં ચાલ્યો ગયો હોય છે. તેમ આ લોકના પંચવિષયમાં આપણે સુખ માનીએ છીએ તે તો છોતાં જેવું છે. બાકી સંપૂર્ણ રસમય, સુખમય મૂર્તિ તો ભગવાન છે.

પરમ શ્રદ્ધેય ચિદાનંદ સ્વામીએ એકવાર વાત કરતાં કહેલું કે 'લૌકિક વિષયોમાં સુખ છે જ નહિ. સોળ આને એક આનો સુખ તેમાં કહી શકાય. પણ તપાસ કરતાં ખબર પડી કે તે એક આનો પણ ખોટો છે.'

મનુષ્યના સુખ તો ઠીક પણ દેવતાના લોકના સુખનો પણ ભગવાનના સુખ આગળ કોઈ હિસાબ નથી. ભગવાનના અપાર સુખ આગળ દેવતાઓ પણ રાંક જેવા લાગે છે.

આપણે સૌ બુદ્ધિશાળી છીએ. Man is a rational animal. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. ગધેડો કરોડો વર્ષોથી જે રીતે જીવે છે તે જ રીતે આજે

જીવે છે, કારણ કે તેની પાસે પ્રાકૃતિક બુદ્ધિ જ છે. જ્યારે મનુષ્ય પહેલાં ગુફાઓમાં પડ્યો રહેતો. અત્યારે ગિરિગુહામાંથી ગગનગુહા(સ્પેસ કોલોની)માં આવી ગયો છે, કારણ કે તેની પાસે બુદ્ધિ છે. પરંતુ આ બુદ્ધિનું ફળ શું ?

ભગવાન સ્વામિનારાયણ કહે છે :

'मतिमतामिदमेव मतेः फलं विषयतो विरतिश्च हरौ रतिः।'

(સત્સંગિજીવનમ્ : ૨/૫૧/૪૩)

'બુદ્ધિમાનની બુદ્ધિનું ફળ વિષયમાંથી વૈરાગ્ય થાય અને ભગવાનમાં પ્રીતિ થાય તે છે.'

જેમ આંબાનું ફળ કેરી છે, પાંદડાં-ડાળખાં નહીં. તેમ મનુષ્યની બુદ્ધિનું ફળ પૈસા કમાવા, બંગલા બાંધવા, હરવું-ફરવું, ખાવું-પીવું વગેરે નથી, પણ ભગવાનમાં પ્રીતિ થાય ને વિષયમાંથી વૈરાગ્ય થાય તે છે.

પરંતુ વૈરાગ્ય પ્રગટે કેવી રીતે ? તો બુદ્ધિવાળો ગણિત માંડી શકે. તે સુખની મીમાંસા કરી શકે. જે કાંઈ સુખ છે તે ભગવાનને લઈને છે, નહીં તો બધું બ્રહ્માંડ ગંધાઈ ઊઠે, તે બુદ્ધિમાન સમજી શકે. જેમ વિદ્યુતશક્તિ બંધ થઈ જાય તો બધે અંધારું થઈ જાય. મિલ કે કંપની બંધ પડે તો બધા કર્મચારી રાંક થઈ જાય; તેમ ભગવાનની શક્તિ ન હોય તો સુખમય અને જીવંત જગત ન અનુભવાય. માટે સુખનો સ્રોત ભગવાન છે તેમ બુદ્ધિમાન જાણી શકે અને તેથી વિષયમાંથી વૈરાગ્ય કેળવવો તેને સરળ પડે.

એકવાર ગુણાતીતાનંદ સ્વામી લોટકાવદરના પાદરમાંથી પસાર થતા હતા. ત્યાં પશુ મરીને પડેલાં તેનાં કરકાં ગંધાતાં હતાં. તે વખતે સૌએ નાક આડાં લૂગડાં દીધાં. આ જોઈ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'સૌ ઊભા રહો.'

'અરે, સ્વામી ! અહીં શી રીતે ઊભું રહેવાય ?' સૌએ કહ્યું.

સ્વામી કહે : 'અહીં બેસીને જમવાનું મન થાય ?'

'ઊભા નથી રહેવાતું તો જમાય તો કેવી રીતે ?'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'પ્રકૃતિપુરુષ સુધી બધું આવું જ છે. તે જો અમારી સત્તા ખેંચી લઈએ તો બધું ગંધાઈ ઊઠે, પણ તે પ્રકૃતિ-પુરુષના કાર્યમાં સૌ માલ માની રહ્યા છે.' આમ, સ્વામીએ સમજાવ્યું કે સુખ બધું ભગવાનની દૃષ્ટિ ને પ્રવેશથી છે.

ભગવાન સ્વામિનારાયણ ગઢડામાં જેમના ઘેર રહ્યા તે દાદાખાચરને તેમના સંબંધી થકી ખૂબ ઉપાધિઓ થતી હતી. તે જોઈ દાદાખાચરને શ્રીજીમહારાજે કહ્યું : 'દાદા ! અમારે લઈને તને દુઃખ આવે છે. માટે અમે ક્યાંક બીજે રહેવા ચાલ્યા જઈએ.'

ત્યારે દાદાખાચરે ગદ્ગદ થતાં કહ્યું : 'મહારાજ ! એમ ન કહેશો. જે કાંઈ સુખ છે તે તમારે લઈને છે. બાકી સંસાર રહ્યો એટલે દુઃખ-સુખ તો ચાલ્યા જ કરે.'

દાદાખાચર બુદ્ધિમાન હતા તો જાણી શક્યા કે સુખનું મૂળ ભગવાન છે. તેમ બુદ્ધિમાન સુખની મીમાંસા કરી, ત્યાગ કરવા યોગ્ય વિષયોને છોડી શકે છે અને ગ્રહણ કરવા યોગ્ય ભગવાનને રાખી શકે છે.

## ૪. સુખમીમાંસા

હવે આ સુખની મીમાંસા કેવી રીતે કરવી ? તે કેવી હોય ? તેની સુંદર સમજ તૈત્તિરીય ઉપનિષદની આનંદવલ્લીમાં આપી છે. તેમાં કહ્યું છે :

'सैषाऽन्दस्य मीमांसा भवति। युवा स्यात् साधु युवाऽध्यायकः। आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः। तस्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात्। स एको मानुष आनन्दः।' (અનુવાક્ - ૮)

આપણી કલ્પના પ્રમાણે મનુષ્યનું સુખ એટલે તેને એક સારો બંગલો હોય, સારી ગાડી હોય, તગડું બૅન્ક-બેલેન્સ હોય, કહ્યાગરા સંતાનો હોય ને સારી પત્ની હોય; પણ ઉપનિષદ વિગતે સમજાવતાં કહે છે કે કોઈ યુવાન હોય. તે સાથે તે યુવાન સાધુ હોય. સાધુ હોય એટલે સજ્જન સ્વભાવનો હોય; હિપ્પી, માફિયા કે પંક જેવો નહીં, 'ભાઈ લોગ' કે આતંકવાદી યુવાન જેવો નહીં.

વળી, તે અધ્યયનશીલ હોય. ૩૫%એ પાસ થયેલો નહીં, પણ બહુશ્રુત પંડિત હોય.

આગળ કહે છે કે તે પંડિત અને સજ્જન યુવાન आशिष्ठः હોય અર્થાત્ ભોજન કરવામાં સમર્થ હોય. એટલે કે રોગરહિત હોય. ઘી ખાય ને ઝાડા થઈ જાય તેવું ન હોય. પથરા પણ પચાવી જાણે તેવો હોય. ઉત્સાહથી તરવરતો હોય. રોગીને ઉત્સાહ ન હોય. તેથી તેને કોઈ આશા પણ ન હોય.

એકવાર એક પાડીએ શરીરે ગળી ગયેલા પાડાને કહ્યું : 'ચાલો, માકોલિયા દાવ રમીએ.'

ત્યારે તે કહે : 'એ નહીં ફાવે. તે કરતાં કાનપટાપટી રમીએ.' આમ, જે રોગી હોય તે ઉત્સાહવિહોણો હોય. પણ આ યુવાન સશક્ત હોય.

વળી કહ્યું કે द्रढिष्ठः - દૃઢ મનોબળવાળો હોય. 'ડૉક્ટર થવું જ છે' તેમ નિશ્ચય કર્યો હોય, તો તેને પાર પાડે તેવો.

बलिष्ठः એટલે કે બળવાન હોય. બળવાન એટલે કોકનાં હાડકાં ખોખરાં કરે તેવો નહિ, પણ કાર્ય કરવામાં થાકે નહિ તેવો.

આવા જુવાન માટે ઉપનિષદ કહે છે કે 'तस्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात् ।' આવા યુવાનની ધનથી ભરેલી પૃથ્વી પોતાની માલિકીની હોય. બિલગેટ્સ કે બ્રુનેઈના સુલતાન પણ તેની આગળ પાણી ભરે. આ બધું જ જ્યારે મળે ત્યારે તેને મનુષ્યનું સુખ પ્રાપ્ત થયું કહેવાય ! ફરીવાર સાંભળી લો - સ્વસ્થ, સજ્જન, બળવાન, વિદ્વાન અને આખી પૃથ્વી જેની માલિકીની છે તેવા યુવાનને મનુષ્યના સુખનો પ્રતિનિધિ ઉપનિષદ ગણાવે છે.

ઉપનિષદે આ જે ગણાવ્યું તે બનવું ખૂબ કઠણ છે. સાતમ ને સોમવાર ભેગા ન હોય, તેમ આવો યુવાન મળવો મુશ્કેલ. સ્ટીવન હોકીન્સ બુદ્ધિશાળી છે, પણ બલિષ્ઠ નથી.

હવે આ મનુષ્યના સુખ કરતાં સો ગણું સુખ મનુષ્યગંધર્વનું છે. તેમ જણાવતાં ઉપનિષદ કહે છે : 'ते ये शतं मानुषा आनन्दाः। स एको मनुष्यगन्धर्वाणामानन्दः ।'

મનુષ્યગંધર્વ એટલે મનુષ્યલોક પર ગંધર્વ જેવા. આવા સો મનુષ્ય-ગંધર્વનું સુખ ભેગું થાય ત્યારે એક દેવગંધર્વનો આનંદ થાય. આ વાત કરતાં ઉપનિષદ કહે છે : 'ते ये शतं मनुष्यगन्धर्वाणामानन्दाः। स एको देवगन्धर्वाणामानन्दः ।'

આવા સો દેવગંધર્વોના આનંદ તુલ્ય એક પિતૃલોકમાં રહેનારાનો આનંદ થાય છે. તે વાત કરતાં ઉપનિષદ કહે છે : 'ते ये शतं देवगन्धर्वाणामानन्दाः। स एकः पितॄणां चिरलोकलोकानामानन्दः ।'

અહીં પિતૃલોક એટલે પિતૃઓ જ્યાં ઘણા સમયથી રહે છે તે ચિરલોક. આ રીતે ભૂર્લોક, ભુર્વલોક અને સ્વર્લોકમાં રહેતા લોકોનો આનંદ મનુષ્યના

આનંદ કરતાં દસ હજાર ગણો થયો.

ઉપનિષદ આગળ કહે છે : 'ते ये शतं पितॄणां चिरलोकलोकानामानन्दाः। स एक आजानजानां देवानामानन्दः।' પિતૃલોકમાં વસનારાના આનંદ કરતાં સો ગણો આનંદ આજાનજ દેવોનો છે. દેવોમાં પણ વિવિધ કક્ષા છે. જેમ મનુષ્યોમાં લખપતિ, કરોડપતિ હોય છે તેમ.

આવા ઉચ્ચ કક્ષાના દેવો કરતાં સો ગણો આનંદ એક કર્મદેવનો છે. ઉપનિષદ કહે છે : 'ते ये शतमाजानजानां देवानामानन्दाः। स एकः कर्मदेवानां देवानामानन्दः।'

તેવા સો કર્મદેવના આનંદ બરાબર એક દેવનો આનંદ થાય. તેવા સો દેવના આનંદ તુલ્ય એક ઈન્દ્રનો આનંદ થાય અને તેવા સો ઈન્દ્રના આનંદ તુલ્ય એક બૃહસ્પતિનું સુખ થાય. કારણ, ઈન્દ્રને પણ સંપૂર્ણ સુખ તો છે નહીં. ઈન્દ્ર અને વિરોચનને સ્વર્ગીય સુખનો ઉબકો આવી ગયેલો અને જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રજાપતિ પાસે ગયેલા તે વાત પ્રસિદ્ધ છે. ત્યાં પણ પરસ્પર ઈર્ષ્યા-દ્વેષના ભાવ હોવાથી આનંદ નથી. તેથી કહ્યું : 'ઈન્દ્રના સુખ કરતાં પણ સો ગણું સુખ બૃહસ્પતિનું છે.' એવા સો બૃહસ્પતિના આનંદની તોલે એક પ્રજાપતિનો આનંદ થાય.

આ ગણતરી હાલની સ્થિતિમાં સમજવી હોય તો આમ કહી શકાય કે જેમ આપણા રૂપિયા પચાસ બરાબર અમેરિકાનો એક ડૉલર થાય. આપણા ૭૦ રૂપિયા બરાબર ઈંગ્લૅન્ડનો એક પાઉન્ડ થાય. જો એક રૂપિયો, એક પાઉન્ડ કે એક ડૉલર બરાબર હોય તો કોઈ પરદેશ જાય નહિ. પરદેશમાં એકના પચાસ મળે છે તેથી સૌ જાય છે. જો કે પ્રશ્નો પણ એકના પચાસ થઈ જાય છે તે વાત જુદી છે. પરંતુ આ રીતે સો બૃહસ્પતિના આનંદ બરાબર એક પ્રજાપતિનો આનંદ કહ્યો છે. જેમ પૃથ્વી પર આજે અમેરિકા, ઈંગ્લૅન્ડ જેવા સુવિકસિત દેશો છે, ભારત જેવા વિકાસશીલ દેશો છે અને આફ્રિકા જેવા અવિકસિત દેશો છે; તેમ આનંદની કક્ષા ઉપનિષદમાં તે રીતે આપવામાં આવી છે. હવે આગળ કહે છે : 'ते ये शतं बृहस्पतेरानन्दाः। स एकः प्रजापतेरानन्दः। ते ये शतं प्रजापतेरानन्दाः। स एको ब्रह्मण आनन्दः।'

સો પ્રજાપતિના આનંદ જેવો એક બ્રહ્મનો આનંદ છે. અહીં પરમાત્માના આનંદની સીમા નથી બતાવી કે સો પ્રજાપતિના આનંદ જેટલો

પરમાત્માનો આનંદ છે. કારણ, પરમાત્માનો આનંદ તો અનવધિકાતિશય છે, તેથી તેની સીમા ન હોય; પણ અહીં પ્રજાપતિના આનંદ કરતાં પણ બ્રહ્મ-પરબ્રહ્મનો આનંદ અધિક છે તેમ સમજાવવામાં આવ્યું છે. તે બ્રહ્મના આનંદ માટે કહે છે : 'स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः। स य एवंवित्। अस्माल्लोकात्प्रेत्य। एतमानन्द–मयमात्मानमुपसङ्क्रामति।'

આવા આનંદરૂપ પરમાત્મા કેવા છે ? તેનું વર્ણન કરતાં ઉપનિષદ કહે છે : 'यतो वाचो निवर्तन्ते। अप्राप्य मनसा सह। आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चनेति।' (અનુવાક્ - ૯)

પરબ્રહ્મ મન-વાણીથી અગોચર છે અને તે બ્રહ્મના આનંદમાં જે ગરકાવ થાય છે તેને કોઈ ભય રહેતો નથી.

ઉપનિષદ કહે છે : 'एतं ह वाव न तपति किमहँ साधु नाकरवम्। किमहं पापमकरवमिति।' (અનુવાક્ - ૯)

પાપ અને પુણ્યથી સ્વર્ગ-નરક મળે તેની તેને સ્પૃહા નથી. એટલે પાપ અને પુણ્ય તેના સંતાપના હેતુ થતા નથી.

આવી રીતે જે જાણે છે તે પોતાના આત્માની રક્ષા કરે છે. ઉપનિષદ કહે છે : 'स य एवं विद्वानेते आत्मानँ स्पृणुते। उभे ह्येवैष एते आत्मानँ स्पृणुते। य एवं वेद। इत्युपनिषत्।' (અનુવાક્ - ૯)

અહીં આત્માની રક્ષા કરે છે અર્થાત્ તે મોક્ષસ્થિતિને પ્રાપ્ત કરે છે.

આવી વાત ભગવાન સ્વામિનારાયણ કહે છે કે જે બુદ્ધિશાળી હોય તેને સમજાય, પરંતુ ગબરગંડને જાણ્યામાં આવતી નથી. બુદ્ધિશાળી જાણે છે કે વિષયસુખ હંમેશાં દુઃખે સહિત જ હોય છે. સુખ સદાય દુઃખનો હાથ પકડીને આવે છે. આપણે ઇન્દ્ર, બ્રહ્માનું સુખ તો જોયું નથી, પણ હવે આપણે પૃથ્વી પર આવીએ અને તેના દુઃખપ્રધાન સુખની મીમાંસા કરીએ.

## ૫. છે જીવનની ઘટમાળ એવી...

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહીં.' (સ્વા. વાતો - ૧/૨૫)

*'છે જીવનની ઘટમાળ એવી, દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.'*

કહે છે કે 'Life is nothing but a painful pleasure.' જીવનમાં

આનંદ છે પણ દુઃખમય છે. સંસારનું સુખ તલવારની ધાર પર પડેલા મધ જેવું છે. જેવું ચાટવા જાય કે જીભ કપાય.

એક ભરવાડણ હતી. તે દૂધ વેચવા શહેરમાં ગઈ હતી. વેચતાં વેચતાં સમય થઈ ગયો, એટલે થોડું ઘણું ગાગરમાં હતું છતાં તે રાખીને ઘર ભણી પાછી વળી. રસ્તામાં થોડો રબડિયો ગોળ ખરીદ્યો. તે પણ પેલી ગાગરમાં નાખ્યો. થોડી આગળ વધી ત્યાં ગધેડાનાં લીંડાં જોયાં. સુકાયેલાં તે લીંડાંને જોઈ ભરવાડણે બળતણ માટે કામમાં આવશે તેમ વિચારી, તે પણ લીધાં અને તે પણ પેલી ગાગરમાં જ નાખ્યાં. તેને અનુસંધાન રહ્યું નહીં કે ગાગરમાં દૂધ ને ગોળ છે. આમ, દૂધ-ગોળ સાથે લીંડાંને ગાગરમાં નાખી તે ચાલવા લાગી. ઉનાળાનો તાપ બરાબર તપતો હતો. તેથી ગોળ પીગળવા લાગ્યો ને સૂકાયેલાં લીંડાં દૂધ અને પીગળેલા ગોળથી પલળવા લાગ્યાં. બાઈની લચકતી ચાલે બધું એકરસ કરી દીધું. લીંડાં પર દૂધ અને ગોળનું પડ બાઝી ગયું.

એમ કરતાં તે નેસડે પહોંચી. ગાગર ઉતારી અને કંઈક લેવા ગામમાં ગઈ, તે જ ટાણે તેનો ધણી આવ્યો. ગાગર જોઈને થયું કે 'મારી પત્ની શહેરમાંથી આવે છે તે શું લઈ આવી છે તે લાવ જરા જોઉં તો ખરો !'

નજીક જઈ ગાગરમાં જોયું તો ગુલાબજાંબુ જેવું ગોળ-ગોળ પદાર્થ દેખાયું અને તે તો ખાવા લાગ્યો. લીંડાં પર દૂધ-ગોળ લાગી ગયેલાં તેથી ગળપણનો સ્વાદેય આવે ને ભેગી લીંડાંની સુગંધ પણ. છતાંય તેણે ખાવાનું ચાલુ રાખ્યું.

તેવામાં ભરવાડણ આવી. તેણે આ જોયું ને કહેવા લાગી : 'અરે ! તમે આ શું ખાઈ રહ્યા છો ?'

'શહેરનું સુખડું. બીજું શું ? તું શહેરમાંથી આ લઈ આવી છે તે. પણ આમાં ગધેડાંનાં લીંડાંનો હા(ગંધ) આવે છે તે શું છે ?'

બાઈ કહે : 'હા નહીં, આખેઆખાં લીંડાં જ છે.'

ભરવાડની જેમ આપણે સંસારનું સુખડું ખાઈએ છીએ. પણ સાથે ગધેડાંનાં લીંડાંના હા(ગંધ)ની જેમ દુઃખની દુર્ગંધ પણ ભેગી જ અનુભવાય છે.

તેથી જ ભર્તૃહરિએ લખ્યું :

क्वचिद् वीणावाद्यं क्वचिदपि हाहेतिरुदितं
क्वचिद् रामा रम्या क्वचिदपि जराजर्जरतनुः ।

क्वचिद् विद्वदगोष्ठिः क्वचिदपि सुरामत्तकलहः
न जाने संसारः किं विषमयः किममृतमयः॥

- ક્યારેક આ સંસારમાં વીણાનાં સુમધુર સૂર સંભળાય છે તો ક્યારેક કોઈકના કરુણ આક્રંદ સાંભળવા મળે છે. ક્યારેક સુંદર રમણીઓ નજરે ચઢે છે તો ક્યારેક વૃદ્ધાવસ્થાથી ગ્રસ્ત શરીર નજરે પડે છે. ક્યારેક વિદ્વાનોની ગોષ્ઠી તો ક્યારેક દારૂ પીને છાકટા થયેલાના તોફાન દેખાય છે. ખબર નથી પડતી કે સંસાર વિષમય છે કે અમૃતમય છે ?

દુઃખમય સંસારના અનુભવ પછી જ ભર્તૃહરિએ રાજપાટ છોડી દીધેલા. આવા સંસારને ધિક્કારતાં તેઓ લખી ગયા છે :

यां चिन्तयामि सततं मयि सा विरक्ता
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः।
अस्मत्कृते च परितुष्यति काचिदन्या
धिक् तां च तं च मदनं च इमां च मां च॥

- જેનું હું સતત ચિંતવન કરું છું તે મારી રાણી મારાથી વિરક્ત થઈને અન્ય પુરુષને ઈચ્છે છે. તે પુરુષ વળી કોઈક બીજી જ સ્ત્રીમાં આસક્ત થયેલો છે. અને તે બીજી સ્ત્રી મારામાં મન જોડીને બેઠી છે. તેથી જ તે બીજી સ્ત્રીને પણ ધિક્કાર છે, તે પુરુષને પણ ધિક્કાર છે, મારી રાણીને પણ ધિક્કાર છે, મને પણ ધિક્કાર છે અને અમને સૌને ભમાવનાર કામદેવને પણ ધિક્કાર છે.

પ્રિન્સ ચાર્લ્સને પણ ભર્તૃહરિ જેવું જ થયું. જો કે તેઓએ સંસાર છોડવાને બદલે અન્ય પાત્ર ગોતી લીધું !

હેવીવેઈટ બૉક્સિંગ ચૅમ્પિયન મહંમદ અલીએ ખૂબ પ્રતિષ્ઠા મેળવી, પણ સુરા અને સુંદરીમાં બધું ખોયું.

તેથી જ પ્રભુલાલ દ્વિવેદીએ લખ્યું :

*'એકસરખા દિવસ સુખના કોઈના જાતા નથી,*
*એથી જ શાણા સાહ્યબીથી લેશ ફુલાતા નથી;*
*ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાય છે,*
*જે ચઢે તે તે પડે, એ નિયમ પલટાતા નથી.'*

ચક્રની જેમ ચાલતા આ સંસારમાં ઊલટ-પલટ ચાલ્યા જ કરે છે.

સમસ્યાસભર સંસાર છે.

વળી, જેટલાં સુખો છે તે પણ બધાં વિષયની સાપેક્ષ જ છે. સ્ત્રી મરી જાય, સ્વાસ્થ્ય કથળે, ધંધામાં ખોટ આવે તો દુઃખ ઊભાં થઈ જાય. શરીર-સૌષ્ઠવ સારું હોય પણ જો ચામડી પર સફેદ ડાઘ દેખાય કે તરત દુઃખ શરૂ થઈ જાય. કેન્સર કે એઈડ્સનું નિદાન થાય તો ગાડી-બંગલા-બૅલેન્સ બધાનું સુખ એક ઝાટકે ચાલ્યું જાય. શહેરોમાં જેમ ચોખ્ખું દૂધ મળવું મુશ્કેલ છે, તેમ નિર્ભેળ સુખ મળવું પણ દુર્લભ થઈ ગયું છે.

કાલિદાસે મેઘદૂતમાં સાચું જ ગાયું છે :

'कस्यात्यन्तं दुःखमुपनतं सुखमेकान्ततो वा ।
नीचैर्गगच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥'

- કોઈને કાયમ દુઃખ કે કાયમ સુખ અહીં ક્યાં મળ્યું છે ? ફરતા ચક્રના આરા જેમ ઉપર-નીચે થયા કરે છે તેમ સુખ અને દુઃખ પણ પરિવર્તિત થયા કરે છે.

'દુઃખ ભરેલી દુનિયામાં સુખ ક્યાંય જડતું નથી.' - આ પંક્તિ ઘણાના જીવનકાવ્યની ધ્રુવપંક્તિ બની ગઈ છે. વારેવારે આ વાત દોહરાવ્યા કરે.

એક ભર્યાભાદર્યા ઘરમાં રહેનાર સ્ત્રી કાયમ રડ્યા કરતી. કો'કે કારણ પૂછ્યું તો કહે : 'કાંઈ નહીં. ખબર નથી પડતી.' આવું સૂનું સૂનું રડનારા ઘણા છે આ દુનિયામાં. દિવસમાં દસ વાર દિવેલ પીધા જેવું મોઢું થઈ જાય, પણ કારણ તપાસતાં કાંઈ ન મળે.

વિશ્વવિખ્યાત ગાયક માઈકલ જેક્સન આજે પ્રતિષ્ઠા અને સંપત્તિની ટોચ પર બેઠેલ વ્યક્તિ કહેવાય તેવા છે. ૩૦ સેકન્ડની જાહેરાતના તે પાંચ કરોડ ડૉલર ફી લે છે. એક કલાકના કાર્યક્રમના બે કરોડ રૂપિયા ભાવ છે. બૅંકમાં તેઓની મિલકત તરીકે ૫૫૦ કરોડ ડૉલર છે. સંગીતના ધૂમધડાકા, લાંબા પ્રવાસ અને સુંદર સ્ત્રીઓનો સહવાસ હોવા છતાં તે દુઃખી થયેલી વ્યક્તિ છે. તેઓએ જ કહ્યું છે : 'People think they know me, but they don't. Not really. Actually I am one of the lonliest people on this earth. I cry sometimes, because it hurts. It does. To be honest, I guess you could say that it hurts to be me.'

– લોકો માને છે કે તેઓ મને જાણે છે પણ તેઓ ખરેખર મને જાણતા

નથી. હકીકતે હું આ દુનિયામાં સૌથી એકલો-અટૂલો પડેલો માણસ છું. હું ઘણીવાર રડી પડું છું કારણ કે તે એકલતા મને પીડે છે. સાચું કહું તો મારું અસ્તિત્વ જ મને પીડે છે.

રાવણ પાસે સોનાની લંકા હતી અને મંદોદરી જેવી રાણી હતી, તોપણ સીતામાં મન બગાડી ખોતરીને દુ:ખ ઊભું કર્યું.

સિકંદર વિશ્વવિજય કરવા નીકળતો હતો ત્યારે ગુરુને પગે લાગવા ગયો. ગુરુએ તેની આ યાત્રાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : 'દુનિયામાં વિજય પ્રાપ્ત કરી મેસીડોનિયામાં આવી આરામ કરીશ.'

ત્યારે ગુરુ ડાયોજીનસ(એરિસ્ટોટલના શિષ્ય)એ કહ્યું : 'તો તે આરામ અત્યારે કર ને ! કાલે શું થાય કોને ખબર ?' અને આ વાણી આશ્ચર્યજનક રીતે સાચી પડી. સિકંદરને ૩૨ વર્ષે અસાધ્ય રોગ થયો અને ભારતથી પાછા વળતાં બેબીલોનમાં તેનું મૃત્યુ થઈ ગયું. ભેગું કરેલું ભોગવવા તે બચ્યો નહીં.

આફ્રિકાના એક ભક્ત કરોડોની મિલકત કમાયા. પછી વધારે પ્રગતિ કરવા તેઓએ ફેક્ટરી ખરીદી. મિત્રની બુદ્ધિ અને તેઓનો મિલકતથી ભાગ. પરંતુ વેપારમાં ભાગીદારે ભયંકર ગોટાળો કર્યો. તેનો આ ભાઈને એવો ધક્કો લાગ્યો કે પેરેલીસીસ થઈ ગયું. દુ:ખ પણ દુનિયામાં ક્યાં મફત મળે છે !

નેપોલિયન કહેતો : 'I have enough wealth to buy any comfort. I could have the world at my feet, but I haven't seen six happy days in my life.'

- મારી પાસે દુનિયાની કોઈપણ સુવિધા વસાવી શકાય તેટલી સંપત્તિ છે. હું ધારું તો આખી દુનિયાને મારા પગ તળે કચડી શકું તેમ છું. પરંતુ હજી સુધી મેં મારા જીવનમાં છ દિવસ સુખના જોયા નથી.

તેની પાસે સોને મઢેલો પલંગ હતો, પણ તેમાં સૂઈ શકતો ન હતો. તેને બીક હતી કે 'હું સૂઈ ગયો હોઉં ને કોઈ મારી નાખે તો ?' તેથી બેઠો બેઠો જ ઊંઘતો !!

અંગ્રેજો માટે કહેવાતું કે 'The sun never sets on the British Empire.' - બ્રિટીશ સામ્રાજ્ય પરથી સૂર્ય ક્યારેય અસ્ત થતો નથી. પણ આજે તેઓ ખલાસ થઈ ગયા.

કીંગ સોલોમને અઢળક સંપત્તિ અને અમર્યાદ સત્તા ભોગવ્યા પછી

કહ્યું : 'I was merely chasing after the wind.' મેં અત્યાર સુધી હવામાં જ બાચકા માર્યા છે.

બ્રુનેઈના સુલતાન પાસે કેટલી સંપત્તિ ! પરંતુ ભત્રીજો એવો પાક્યો કે લીલામ કરી નાખ્યું.

વિશ્વપ્રસિદ્ધ સ્થપતિ, સાહિત્યકાર માઈકલ એન્જેલો જીવનની ડિસેમ્બરમાં ૯૦ વર્ષે બોલ્યા : 'મેં મારા આત્માના કલ્યાણ માટે પૂરતું કર્યું નહીં.' દુઃખમાં જીવ્યા ને દુઃખમાં જ મર્યા.

આવાં તો દુઃખમય સંસારનાં અનેક ઉદાહરણો છે.

असारे खलु संसारे सुखभ्रान्तिः शरीरिणाम् ।
लालापानमिवांगुष्ठे बालानां स्तन्यविभ्रमः ॥

નાનું બાળક અંગૂઠાને સ્તન માની ધાવ્યા કરે તેમ સંસારમાં ખરેખર મનુષ્યોને સુખની ભ્રાંતિ થયેલી છે. વહેલો-મોડો તેથી કંટાળે છે. વિષય સંબંધી સુખના ઉબકા આવી જાય છે. પછી અંદરના આ ખખડતા ખાલીપાને પૂરવાના ઉપાયરૂપે તે વિવિધ મનોરંજનો તરફ વળે છે. દુનિયા પર ઊભા થયેલા વિશાળ એમ્યુઝમેન્ટ પાર્ક મૂળે તો મનુષ્યના અંદરની અધૂરપને પૂરવાના નહીં, પરંતુ તેથી ધ્યાન હટાવી 'હું આનંદમાં છું' તેવી મિથ્યા ભ્રમણામાં રાખવાના સ્થાનમાત્ર છે.

એકવાર રશિયન ચિંતક મેક્સિમ ગોર્કી અમેરિકા ગયેલા. તેઓને અમેરિકામાં ગોઠવાયેલાં મોટાં મોટાં મનોરંજનનાં સ્થાન બતાવવામાં આવ્યાં. તે વખતે કો'કે તેમને પૂછ્યું : 'આપને આ અમારી રચનાઓ કેવી લાગી ?'

ત્યારે આંખમાં આંસુ સાથે મેક્સિમ ગોર્કીએ કહ્યું : 'આ દેશ કેટલો બધો દુઃખી છે કે તેને આટલાં બધાં મનોરંજનનાં સ્થાનોની જરૂર પડે છે ?'

'રીડર્સ ડાયજેસ્ટ' નામના સામયિકમાં એકવાર આવેલું કે 'Fun - you experience during an act.' બરફી ખાતાં ખાતાં આનંદ થાય તે. 'Happiness - you experience after an act.' પરીક્ષાનું પરિણામ આવે અને જે આનંદ થાય તે. પરંતુ આ બેથી અનેક ગણો અધિક Bliss - બ્રહ્માનંદ છે. જે act (ક્રિયા) તો શું, કશાની અપેક્ષા નથી રાખતો. તે દુર્લભ છે.

આજે પશ્ચિમના કેટલાક દેશોમાં ઘણા મોટરોથી કંટાળી ગયા છે. તેથી તેઓ મોંઘીદાટ મોટરો મૂકી ગધેડા પર ડૉલર અને પાઉન્ડ ચૂકવી સવારી કરે

છે. સારાં કપડાંથી ઉબાઈ ગયા છે. તેથી ફાટેલાં કપડાં પહેરવાની પ્રથા ધનાઢ્ય લોકોમાં શરૂ થઈ છે. કેલિફોર્નિયામાં તો ઘણાને ગાડી-બંગલા બધું હોય છતાં ઝૂંપડીમાં રહેવા જાય છે. આ બધું તેઓ આનંદ મેળવવા કરે છે. સૌને ભૌતિક સુખનો ઊબકો આવી ગયો છે. સ્વીડનમાં માણસ દીઠ બે-બે મોટરો અને એક-એક સ્વીમીંગ પુલ, છતાં લોકોને કંટાળો ચડ્યો છે.

અર્નેસ્ટ હેમિંગ્વે અને સ્ટીવન ઝવેગ જેવા નોબલ પુરસ્કાર વિજેતાઓ આપઘાત કરીને મરી ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે તેમ, પ્રકૃતિપુરુષના લોક સુધી રાખનાં જ પડીકાં છે. અધૂરપનો અહેસાસ છે. તેમાં તૃપ્તિનો ઓડકાર આવે તેમ જ નથી. સંસારની પછેડી ભગવાને એવી બનાવી છે કે પગ ઢાંકવા જાય તો માથું ઉઘાડું રહે અને માથું ઢાંકવા જાય તો પગ ઉઘાડા રહે. એક વેંત ઓછી છે.

સી.એસ. લૂઈસ નામના લેખકે 'Mere Christianity' પુસ્તકમાં થોમસ મોનાહન નામના ધનકુબેરની વાત લખી છે. અનાથાશ્રમનો તે રહેવાસી. ૧૯૬૦માં તેણે પ્રથમ 'પીઝાહટ' બનાવ્યું. માત્ર ૨૯ વર્ષમાં તે ૫,૦૦૦ 'પીઝાહટ'નો માલિક બની ગયો. ૨૫૦ મિલિયન ડૉલરનું ટર્ન-ઓવર રહેતું. ૪ લાખ ડૉલર(૨ કરોડ રૂપિયા)નું તો રોલેક્સ ઘડિયાળ પહેરવા માંડ્યો. છતાં અંતે કંટાળીને સૂર કાઢ્યો : 'આ બધાં સુખોની પાછળ શું ફાયદો થયો ? ખાલી ફાંફા જ માર્યા ને !' તે સાદાં કપડાંમાં અને સાદા બંગલામાં રહેવા લાગ્યો.

'રોક એન્ડ રોલ'ના તાલે વિશ્વને ઝુમાવનાર એલ્વીસ પ્રેસલીએ નાની વયમાં જ અપ્રતિમ કીર્તિ, સંપત્તિ બધું પ્રાપ્ત કરી લીધેલું, પરંતુ તે આપઘાત કરીને મર્યો છે. આવા સમયે પંચવિષયના સુખની અસારતા જણાયા વિના રહેતી નથી.

આ બધું જાણી-સાંભળીને ઘણીવાર આપણને પ્રશ્ન થાય કે 'છતી સુવિધાએ માણસ દુઃખી કેમ થતો હશે ?' આનું એક કારણ ગણાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'સુખિયા રહેવું હોય તેણે પોતાથી દુખિયાનો વિચાર કરવો.' (સ્વા. વાતો - ૪/૮૪)

આ દૃષ્ટિ વ્યક્તિ આજે ગુમાવી બેઠો છે. તેની પાસે સાઈકલ હોય તો તે પગે ચાલીને જનારા સામે ન જોતાં સ્કૂટર લઈને ફરનારા તરફ જુએ છે.

સ્કૂટરવાળો સાઈકલવાળા સામે મોઢું ન રાખતાં મોટરવાળા તરફ રાખે છે. તેથી દુઃખ તેનો કેડો મૂકતું નથી.

પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહે છે : 'તમારી પાસે મોટર હોય તો વિચારો કે હિન્દુસ્તાનમાં કેટલાય લોકો પાસે ફરવા સાઈકલ નથી. કેટલાય ઉઘાડા પગે ફરે છે. તેની સામે જુઓ તો જે છે તેનાથી સંતોષ રહે.'

હિતોપદેશ પણ કહે છે : 'उपर्युपरि पश्यन्तः सर्व एव दरिद्रति।' - પોતાનાથી અધિકને જોનારા હંમેશા દુઃખમાં રહે છે.

એક ભાઈ કેરીનો કરંડિયો લાવ્યા. ખોલીને જોયું તો એક બગડેલી કેરી હતી. તેને થયું કે 'પહેલાં આ બગડેલી ખાઈ લઉં. પછી સારી નિરાંતે ખાશું.' એમ વિચારી બગડેલી કેરી ખાધી. બીજા દિવસે બીજી બગડી ગયેલી. તેથી 'તેને પહેલાં ખાઈ લઉં' એમ વિચારી, તે ખાધી. એમ એક મહિના સુધી બગડેલી જ કેરી ખાતો રહ્યો. તેમ આપણે પણ સારા સામે ન જોતાં ખરાબ જ જોયા કરીએ છીએ. આપણને ભગવાને જે આપ્યું છે તે ન જોતાં ગુમાવ્યાની ગણતરીમાં જ રચ્યા-પચ્યા રહીએ છીએ. તેથી કાયમ દુઃખની અનુભૂતિ રહે છે.

મોટાં શહેરોની ઍરકન્ડીશન્ડ ઑફિસોમાં બેસનારા પણ આ દુઃખના દોઝખમાં તપતા હોય છે. તેથી જ યોગીજી મહારાજ કહેતા : 'મુંબઈમાં શેઠિયાઓનાં હૈયાં એટલાં ધગેલાં હોય છે કે દાળ-ચોખા ભેગાં કરીને તપેલી તેના પર મૂકો તો વગર ઈંધણે ખીચડી તૈયાર થઈ જાય.'

એક શેઠ પાસે સાત પેઢી સુધી ચાલે તેટલી સંપત્તિ ભાગમાં આવેલી. તોય તેની ઊંઘ ઊડી ગઈ. પત્નીએ કારણ પૂછ્યું, તો શેઠે કહ્યું : 'સાત પેઢી સુધી તો ચાલે તેટલું છે, પણ આજે મને વિચાર આવ્યો કે આઠમી પેઢીનું શું થશે ?'

દુર્યોધનને હસ્તિનાપુર જેવું રાજ્ય છતાં અશાંતિ રહેતી. તેને કારણે શરીરે પણ દુબળો પડવા લાગ્યો. તેના પિતાએ વૈદ્યો પાસે ઘણા ઈલાજ કરાવ્યા, પણ દુર્યોધનની સ્થિતિ સુધરી નહીં. પછી દુર્યોધનને જ આ વિષે પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : 'મારી આ બીમારીનો ઈલાજ કોઈ વૈદ્ય કરી શકે તેમ નથી.'

સૌને આશ્ચર્ય થયું કે એવી કઈ નાઈલાજ બીમારી વળગી હશે !?

દુર્યોધને કહ્યું : 'યુધિષ્ઠિર રોજ ૧૦,૦૦૦ બ્રાહ્મણોને જમાડે છે અને બક્ષિસમાં સોનામહોર આપે છે અને તે બધા યુધિષ્ઠિરની જય બોલાવતાં આપણા મહેલ આગળથી પસાર થાય છે. આ જોઈ મારું હૈયું કકળી ઊઠે છે.'

બીજાના સુખે દુઃખી થવાની આ પ્રકૃતિને કારણે માણસ કાયમ અશાંતિમાં રહે છે. પડોશીના ઘેર ફ્રિજ આવે તો બાજુવાળાને બળતરા ઊપડે અને તે બગડે તો રાજી થાય કે 'હવે ઠંડા પાણી વગરનો રહેશે.'

ઘણાંને ૩૬૫ જોડ કપડાં હોય પણ કયા પહેરવાં તેનું દુઃખ હોય. ઘણાંને મોટર હોય પણ રોલ્સરોયસ ન હોય તેનું દુઃખ રહ્યા કરે.

તેથી મુક્તાનંદ સ્વામી કહે છે :

*'રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા; ધનપતિ દુખિત વિકારમેં...'*

આમ, અનંત જાતની મનુષ્યની સમસ્યાઓ છે. મળેલા સુખને પણ આવાં દુઃખો કાંકરીચાળો કરીને ભોગવવા દેતાં નથી. ત્યારે સ્થિર, શાશ્વત સુખ ક્યાં મળે ? – તે પ્રશ્ન એટલો જ પ્રસ્તુત રહે છે. તે સામે ભગવાન સ્વામિનારાયણ આપણને એવો વિચાર આપી રહ્યા છે જે વિચારથી પંચ-વિષયમાંથી પ્રીતિ ટળે. આ વિચાર વિના ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે ફાટેલી લંગોટી અને તૂટેલી તુંબડીમાંથી પણ મનને ઉખેડવું અઘરું પડે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે પરમાત્માના સુખનો વિચાર કરવો અને સાથે સાથે આ લોકના સુખનો પણ વિચાર કરવો. કારણ, કોડી અને સોનામહોર બંનેનું યથાર્થ જ્ઞાન હોય તો કોડી મૂકી દેવાય ને સોનામહોર માટે પ્રયત્ન થાય. અન્યથા કોડીના વિચારમાંથી પણ મન ન ઉખડે.

એકવાર ભગવાન સ્વામિનારાયણ કારિયાણીમાં બિરાજમાન હતા. કોઈક ભાવિક ભક્તે કેરીનો કરંડિયો લઈ તેઓની આગળ મૂક્યો હતો. તે જોઈ વસ્તાખાચરનો દીકરો જૈતોખાચર તેમાંથી કેરી લેવા નજીક આવ્યો. મહારાજે તેને હળવે હાથે દૂર કર્યો. નજીક ન આવવા દીધો ને કેરી ન લેવા દીધી. પણ ફરીવાર જૈતાએ પ્રયત્ન કર્યો. ફરીવાર મહારાજે તેને કેરી સુધી ન પહોંચવા દીધો. ફરી તે આવ્યો ત્યારે મહારાજે કહ્યું : 'તું તારા ગળામાંથી આ સોનાની ઊતરી કાઢીને મને આપ, તો તને કેરી આપું.' જૈતાએ પળનાય વિલંબ વગર સોનાની ઊતરી કાઢીને દઈ દીધી ને બદલામાં એક કેરી લઈ કૂદતો કૂદતો દોડી ગયો. આ જોઈ મહારાજે ત્યાં ઉપસ્થિત સંતો-ભક્તોને

શીખ આપતાં કહ્યું : 'જુઓ આને છે કાંઈ વિચાર ! આખું કારિયાણી ગામ ધરાય એટલી કેરી આ ઊતરીમાંથી આવે, પણ એક કેરી સાટે તે દઈ દીધી.'

તેમ આપણે પણ ભગવાનનું અતિ અપાર સુખ છોડીને આ લોકના સુખમાં જ માલ માની બેઠા છીએ.

## ૬. અક્ષરધામનું સુખ 'અતિ' અધિક

ભગવાન સ્વામિનારાયણ કહે છે : ''માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે, 'જેટલું મારે ભગવાનથી છેટું થશે તેટલું દુઃખ થશે અને મહાદુખિયો થઈશ. અને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે, માટે મારે ભગવાનનો સંબંધ અતિશય રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે.' એમ વિચારીને અને ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે, તેને બુદ્ધિવાન કહીએ. અને પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.''

અહીં ભગવાન સ્વામિનારાયણ ગોલોક, વૈકુંઠાદિ ધામ કરતાં ભગવાનનું સુખ અતિ અધિક કહે છે. વચ. ગ.અં. ૨માં પણ ભગવાનનાં ધામોનું તારતમ્ય બતાવતાં તેઓએ કહ્યું છે : 'જેવી બદરિકાશ્રમમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠાદિકને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક દેખું છું.'

વળી, વચ. અમ. ૭માં કહ્યું : 'અગણોતેરા કાળમાં અમે માંદા થયા હતા ત્યારે અમે ક્ષીરસાગરને વિષે શેષશય્યાને વિષે શેષશાયી નારાયણ સૂતા છે ત્યાં ગયા. ત્યારે ત્યાં અમે રામાનંદ સ્વામીને જોયા, તે ધોળી ધોતી પહેરી હતી ને પછેડી ઓઢી હતી. એવા બીજા પણ ઘણાક શેષશાયી નારાયણનાં ચરણારવિંદને સમીપે બેઠા હતા, તે અમે જોયા. ત્યારે અમે નારાયણને પૂછ્યું જે, 'આ રામાનંદ સ્વામી કોણ છે ?' પછી નારાયણે કહ્યું જે, 'એ તો બ્રહ્મવેત્તા છે.' એમ નારાયણને બોલતે સતે રામાનંદ સ્વામી તો તે

નારાયણના શરીરને વિષે લીન થયા ને ત્યાર પછી અમે દેહને વિષે આવ્યા ને તે પછી અમે અંતર્દષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો. તે જોતાં જોતાં નંદીશ્વર પોઠિયો આવ્યો, તે ઉપર બેસીને કૈલાસમાં શિવજી પાસે ગયા. ને ત્યાં ગરુડ આવ્યો, તે ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મધામને વિષે જાતા હવા. ત્યાં ગરુડ પણ ઊડી શક્યો નહિ, એટલે અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા અને પછી અમે દેહને વિષે આવ્યા ને ફેર અંતર સામું જોયું ત્યારે એમ જણાણું જે, સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું ? તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વ તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય ને કોઈ કાળે વ્યભિચારને પામે નહિ.'

આમ, ભગવાનનાં ધામોમાં ભેદ શ્રીજીમહારાજે સ્પષ્ટ કહ્યો છે.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ 'વાતું'માં કહ્યું છે :

'એક વખત ગામ જાળિયામાં શ્રીજીમહારાજ બહુ વાર પોઢીને જાગ્યા. પછી સર્વે સંતે પૂછ્યું જે, 'હે મહારાજ ! આજ તો તમે બહુ પોઢી રહ્યા.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમે બહુ તપ કર્યું તે અમે રાજી થયા. માટે આજ તો તમારા સારુ અમે ધામ જોવા ગયા હતા. તે પ્રથમ તો અમે બદરિકાશ્રમમાં ગયા, તે બદરિકાશ્રમવાસીએ અમારી પૂજા, આરતી, સ્તુતિ કરીને બેઠા. પછી અમે કહ્યું જે, 'અમારા સાધુ સારુ જાયગા જોવા આવ્યા છીએ.' ત્યારે તેણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ જ તમારું છે, માટે આહીં સાધુને રાખો.' પછી અમને એમ જણાણું જે, આવો તો ચરોતરેય છે, કેમ જે કોઠાં, બોરાં ત્યાં પણ મળે છે. પછી અમે ત્યાંથી શ્વેતદ્વીપમાં ગયા, તે ત્યાંના વાસીએ અમને પધરાવીને પૂજા, આરતી, સ્તુતિ કરીને બેઠા. પછી અમને કહ્યું જે, 'હે મહારાજ ! બહુ દયા કરીને દર્શન દીધાં.' પછી અમે કહ્યું જે, 'અમારા સાધુ

સારુ જાયગા જોવા આવ્યા છીએ.' ત્યારે તેણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું છે, માટે આહીં સાધુને રાખો.' પછી અમને જણાણું જે, સ્થાન તો બહુ સારું, પણ પ્રભુ ભજવાનું સુખ જણાણું નહિ. શા માટે જે, ક્ષીરસમુદ્ર એક કોરે હડુડ્યા જ કરે છે, તેને જોઈને અમે ચાલી નીસર્યા તે વૈકુંઠલોકમાં ગયા. પછી વૈકુંઠવાસી જે રામચંદ્રજી તેમણે અમારી પૂજા, આરતી, સ્તુતિ કરી ને બેઠા. પછી અમે કહ્યું જે, 'અમારા સાધુ સારુ જાયગા જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું છે, માટે અહીં સાધુને રાખો.' પછી અમને એમાં કાંઈ સારું જણાણું નહિ, કેમ જે, ચાર ભુજા ને સ્ત્રીયુંનો પ્રસંગ તે ઠીક નહિ. પછી ત્યાંથી અમે ગોલોકમાં ગયા. પછી ત્યાંના વાસી જે શ્રીકૃષ્ણ તેમણે અમારી પૂજા, આરતી અને સ્તુતિ કરી અને બેઠા. પછી તેમને કહ્યું જે, 'અમારા સાધુ સારુ જાયગા જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ જ તમારું છે, માટે આહીં સાધુને રાખો. પછી અમને એમાં પણ કાંઈ સારું જણાણું નહિ. કેમ જે, ગોપ, ગોપિયું ને ગાયું તેને જોઈને પ્રભુ ભજાય નહિ અને કેટલીક જાતનો ગડબડાટ તેને જોઈને અમે ચાલી નીસર્યા, તે પ્રકૃતિ-પુરુષના લોકમાં ગયા. તે લોક જોઈને બહુ રાજી થયા જે આહીં સાધુને રાખીએ. ત્યાં તો પુરુષ ને પ્રકૃતિ દેખાણાં. તેને જોઈને અમે પ્રકૃતિને પૂછ્યું જે, 'તું ધોળી કેમ છો ને પુરુષ કાળો કેમ છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'એ પુરુષ મારા સાથે જોડાણો તેણે કરીને મારામાં શ્યામતા હતી તે પુરુષમાં ગઈ ને પુરુષમાં રૂપ હતું તે મારામાં આવ્યું છે.' પછી અમને એમ વિચાર થયો જે આહીં સાધુને રાખવા નહિ, કેમ જે, માયા કાળા કરી નાખે. પછી અમે ચાલી નીસર્યા તે અક્ષરધામમાં ગયા. તે અક્ષરધામના મુક્તે દિવ્ય સિંહાસન ઉપર પધરાવીને અમારી પૂજા, આરતી અને સ્તુતિ કરી ને બેઠા. પછી અમે કહ્યું જે, 'અમારા સાધુ સારુ ધામ જોવા આવ્યા છીએ.' ત્યારે મુક્તે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ જ તમારું છે અને અમે પણ તમારા જ છીએ, માટે સાધુને આહીં રાખીને તમારી મૂર્તિનું સુખ આપો.' પછી અમને એમ જણાણું જે, 'આ ધામ જેવું કોઈ ધામ નથી. માટે આંહીં સાધુને રાખવા એ જ ઠીક છે.' (૩/૧૧)

આમ, સર્વ ધામ કરતાં અક્ષરધામનું સુખ અધિક છે તેમ સ્પષ્ટપણે કહેવાયું છે.

ભગવાન સ્વામિનારાયણે વચ. સા. ૧માં તો કહ્યું : 'અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા દેવતાના જે લોક છે, તેને મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે. એવા જે ભગવાન તે મને પ્રગટ મળ્યા છે. તેને મૂકીને નરકના કુંડ જેવા જે વિષયનાં સુખ તેને હું શું ઇચ્છું ?'

મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે 'एते वै निरयास्तात स्थानस्य परमात्मनः ।' (૧૯૧/૬)

વચ. સા. ૧૧માં પણ આ જ કહ્યું કે 'દેવલોકને ભગવાનના ધામ આગળ મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે.'

વચ. ગ.મ. ૪૭માં તો કહી દીધું કે 'જેમ ઝાડે ફરવા ગયા ને પાયખાનામાં માથાભર પડી ગયા તો નાહી-ધોઈને પવિત્ર થવું પણ એમાં પડી ન રહેવું. તેમ શુભ વાસના રાખતાં રાખતાં બ્રહ્મલોકમાં કે ઈન્દ્રલોકમાં જવાયું તો એમ જાણવું જે, માથાભર નરકના ખાડામાં પડ્યા છીએ. એમ જાણીને શુભ વાસનાને બળે કરીને ભગવાનના ધામમાં પૂગવું, પણ વચમાં ક્યાંય ન રહેવું એમ નિશ્ચય રાખવો.'

આપણે આ લોકના દુઃખસભર સુખને જોઈ શકીએ છીએ પણ ઈન્દ્ર, બ્રહ્માના દુઃખસભર સુખને જોઈ શકતા નથી, પરંતુ મહારાજના વચનમાં વિશ્વાસ રાખીને સમજવું કે તે દેવતાઓના લોકના સુખમાં પણ કશો લાભ નથી. પ્રકૃતિમાંથી થયેલું બધું કાળનું ભક્ષ્ય છે. પ્રકૃતિ સુધી માયા છે. તેથી તેનો અને તેમાંથી નીપજેલ સૌનો આનંદ પણ ક્ષણિક છે.

તેથી જ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવબ્રહ્મા ન રહે કોય રે;*
*ચૌદ લોક ધામ રહેવા ન પાવે, સર્વે સંહાર હોય રે.*
*જેમ કઢાયામાં કણ ઊછળે છે, ઊંચા-નીચા અગ્નિ જ્વાળે રે;*
*તેમ જો તનધારી બળે છે, સ્વર્ગ-મૃત્યુ ને પાતાળે રે.*
*માટે સુખ નથી કિયાં માને, પ્રભુજીનાં પદ પખી રે.*
*નિષ્કુળાનંદ કહે ભૂલે છે શાને, લે વાત આવી તું લખી રે,*
*જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે;*
*સર્વે પર છે સુખની ખાણી, કહેવું કહીએ તેને કથી રે.*
*સુખ સુખ જ્યાં સુખના દરિયા, ત્યાં વસી રહ્યા વાસ રે.*

*તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે.*
*તે તેજમધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે;*
*નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે.'*

આમ, બધા ધામનાં સુખ કરતાં ભગવાનના ધામનું સુખ અધિક છે. બુદ્ધિમાનને આ ખબર પડે પછી 'વિષયતો વિરતિઃ'(વિષયમાં વૈરાગ્ય) અને 'હરૌ રતિઃ' (ભગવાનમાં પ્રીતિ) થાય.

'વચનવિધિ'માં નિષ્કુળાનંદ સ્વામીએ બધા દેવતાનાં સ્થાન બતાવ્યાં છે. તેઓ કહે છે :

*'બ્રહ્મા રાખ્યા સત્યલોકમાં, શિવને રાખ્યા કૈલાસ;*
*વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં, એમ આપ્યો જુજવો નિવાસ.*
*ઈન્દ્ર રાખ્યા અમરાવતી, શેષજીને રાખ્યા પાતાળ;*
*જ્યાં જ્યાં હરિએ કરી આગન્યા, તિયાં રહ્યા સુખે સદાકાળ.*
*બદ્રી તળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં;*
*ગોપ-ગોપી રાખ્યાં ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં.'*

આમ, અહીં પણ સર્વ લોક અને ધામ કરતાં ભગવાનનું અક્ષરધામ અધિક છે તે વાત નિષ્કુળાનંદ સ્વામી જણાવે છે. તેની આગળ બીજા લોક અને વૈભવ કેવાં છે, તેની વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે :

"અને તે ભગવાનનાં સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો, જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું છે. અને એ ભગવાનના ધામના સુખનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સર્વ જે બીજા સુખ તેથી ઉદાસ થઈને મનમાં એમ થાય છે જે, 'આ દેહને મૂકીને એ સુખને ક્યારે પામીએ ?"

શાહુકારના જમણવારમાં પતરાવળામાંથી દાણા માટે ઝૂંટાઝૂંટ કરતાં ગરીબો જેવી અક્ષરધામ આગળ બીજા લોકની સમૃદ્ધિ છે, તે અહીં શ્રીજીમહારાજ કહે છે. છતાં મનુષ્યનો પામર સ્વભાવ એવો છે કે તેને આ લોકના સુખમાંથી વૃત્તિ ઊખડતી નથી અને ભગવાનમાં ચોંટતી નથી.

## ૭. મનુષ્યસ્વભાવની પામરતા

એકવાર ગુણાતીતાનંદ સ્વામી પાસે એક મુમુક્ષુ આવ્યો. તેણે સ્વામીને

કહ્યું : 'મને બધા ધામની વાત કરો.'

ગુણાતીતાનંદ સ્વામીએ બધાંનું વર્ણન કર્યા પછી અક્ષરધામનું વર્ણન કર્યું. પછી પૂછ્યું : 'હવે તમે કહો કે આમાંથી કયા ધામમાં રહેવું છે ?'

ત્યારે તેણે કહ્યું : 'તમે વાત કરી તે પ્રમાણે તકિયા જેવી કેરી છે તે ધામમાં મને ગોઠવી દ્યો.'

સુરતી દૂધપાક આપે એવા સંત પાસે પણ ખાટી છાશ માગી, કેવી પામરતા !

*'સોના કેરે પાંજરે, મનહર મેવા ખાય;*
*તો પણ પામર કાગડો, માંસ જોઈ લલચાય.'*

જાણવા છતાં આપણે મૂકી શકતા નથી.

એક રાજા નિઃસંતાન હતો. તેણે ઢંઢેરો પીટાવ્યો કે 'મારા સિંહાસનથી ૧ કિલોમીટરનું અંતર જે ૨૪ કલાકમાં પાર કરીને આવશે તેને હું મારી ગાદી સોંપીશ.' ઢંઢેરાની આ વાત સાંભળી આબાલવૃદ્ધ સૌ રેસમાં ઊતરવા તૈયાર થઈ ગયા, કારણ કે અંતર હતું માત્ર એક કિલોમીટર અને સમયાવધિ હતી ૨૪ કલાક. પરંતુ રાજા હતો હોશિયાર. તેણે રસ્તામાં મોહમયી નગરી ઊભી કરી દીધી. સૌએ દોડવાનું શરૂ તો કર્યું, પણ માર્ગમાં ક્યાંક હૉટલો જોઈ, થિયેટરો જોયાં, સાયબર કાફે અને ડિસ્કો પાર્લર જોયાં. બધાંને થયું કે '૨૪ કલાકમાં ૧ કિલોમીટર જ કાપવાનો છે ને ! લાવોને જરા આમાંય આંટો મારી આવીએ.' એમ કહી બધા જે જે ગમતું હતું તેમાં ઘૂસવા લાગ્યા. તેમાં તેઓ ઘૂસ્યા પછી પાછા નીકળ્યા જ નહીં. આ બાજુ રાજા તો હાર લઈને વિજેતાને વધાવવા ઊભેલો, પણ કોઈ તેના સુધી પહોંચી શક્યું નહીં. બધા જાણતા હતા કે રાજગાદી મળે પછી આ બધું સુખ આપણું છે, પણ છોડી શક્યા નહીં.

આ જ રીતે ભગવાન પણ પોતાનું સુખ આપવા ઊભા છે. *'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે...'* પણ જીવ વિષયમાંથી નીકળતો જ નથી. વચ્ચે માયા રોકે છે. विष्णोर्माया भगवती यया संमोहितं जगत्। ભગવાનની માયા જગતને સંમોહિત કરી જીવને ભગવાન સુધી પહોંચવા દેતી નથી.

જ્યારે ભગવાને પ્રહ્‌લાદને પોતાની સાથે વિમાનમાં બેસી ધામમાં

આવવા જણાવ્યું, ત્યારે પ્રહ્‌લાદે કહ્યું : 'नैतान्विहाय कृपणान् विमुमुक्ष एको।' (ભાગવત - ૭/૯/૪૪) – મારા ભાઈ-ભાંડુઓ અને પ્રજાજનોને મૂકી એકલો હું નહીં આવું. આ બધાને સાથે લઈ લો.

ભગવાને કહ્યું : 'સારું તું જા અને જેને આવવું હોય તેને લઈ આવ. હું તે સૌને ધામમાં લઈ જઈશ.'

પ્રહ્‌લાદ તો હરખપદુડો થઈ દોડ્યો, પણ કોઈ આવવા તૈયાર ન થયા. છેવટે વિષ્ટાની ખાનારી એક ભૂંડણને કહ્યું કે 'તું ચાલ મારી સાથે. આ ગંદકીમાંથી ભગવાન ધામમાં લઈ જવા તૈયાર છે.' પણ પોતાનો ખોરાક ત્યાં નહીં મળે એમ જાણી ભૂંડણેય ના પાડી દીધી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'ચંદનની વાસે રે, અલિ અલમસ્ત છે રે;*
*મક્ષિકા દેખી રહે છે દૂર રે;*
*ગોળનું ગાડું રે, ગીંગાને ગમે નહિ રે;*
*જેને પ્રીત પુરીષ શું ભરપૂર રે.'*

કરોડો મનવારો લઈને મહારાજ આવ્યા છે, પણ આપણે દીકરા-દીકરી પરણાવવાના, ધંધા-વેપારના સોદા પતાવવાના અને દીકરાના દીકરાનાં મોઢાં જોવાનાં કામ બાકી હોય છે, અને તે પળોજણમાં જ અટવાઈને ભગવાનના ધામના અતિ અપાર સુખને મૂકી દઈએ છીએ, પરંતુ વ્યાવહારિક કાર્યો તો કોઈનાં ખૂટ્યાં નથી. બાર મહિનાનું વરસ અને તેર મહિનાનું કામ છે. કોઈનું પૂરું થાય તેમ નથી.

યોગીજી મહારાજ દૃષ્ટાંત આપતા કે એક ભરવાડ સો ઢોર લઈને ચરાવવા નીકળેલો. બપોર તપવા માંડી ત્યારે તેણે વિચાર કર્યો કે 'હવે ઝાડને છાંયે ટીમણ કરી આરામ કરીએ.' તે માટે તેણે બધા ઢોરને બેસાડવા માંડ્યા. 'બધાને બેસાડી હું નિરાંતે આરામ કરું' – એવો તેનો વિચાર. એક પછી એક ઢોરને બેસાડતાં ૯૯ ઢોર બેસી ગયાં, પણ એક બાકી રહેલું તે અકોણું નીકળ્યું કે બેસવાનું નામ જ ન લે. ભરવાડની આંખો ઊંઘથી ભરાયેલી અને ઢોર બેસતું ન હતું. તેથી તે અકળાયો ને જોરથી તેને બેસાડવા ગયો. તે વખતે બેઠું તો ખરું, પણ એવા જોરથી બેઠું કે ધબાક્ કરતાં મોટો અવાજ થયો. તેને લીધે જે ૯૯ ઢોર બેસી ગયેલાં તેય ઊભા થઈ ગયાં. ભરવાડને થયું કે 'જો થઈને

આ માથે !' તેણે આરામ કરવાનું માંડી જ વાળ્યું.

આમ, સંસારમાં ક્યારેય કોઈ કામ પૂરાં થાય તેમ નથી, પણ તેની ઘટમાળમાં ભગવાનના ધામમાં જવાનું લક્ષ્ય ચૂકાઈ જાય છે. આ લોકના મિથ્યા સુખમાં મોહી તેને મૂકી દેવાય છે. નાનકના શબ્દોમાં કહીએ તો કોડીને સાચવીને લાલ રતન છોડી દેવાય છે. કહ્યું છે કે –

*'સંત ચલે વૈકુંઠમેં, બૈઠ વિમાન કે માંહી;*
*વહાં જાય પીછે ફીરે, વહાં ભાંગ-તમાકુ નાહીં.'*

આપણા અહંભાવ-દેહભાવનું આવરણ પરમાત્માના અસીમ સુખ સુધી આપણને પહોંચવા દેતું નથી.

નરસિંહ મહેતાએ ગાયું છે :

*'અનંત જુગ વીત્યા પંથે હાલતા, અંતર રહ્યું લગાર;*
*પ્રભુજી નથી વેગળા, આડો પડ્યો છે એંકાર.'*

નિષ્કુળાનંદ સ્વામીએ પણ કહ્યું :

*'ભક્તિ કરતાં ભગવાનની, આવી અહં-મમત કેરી આડ;*
*પ્રભુ પાસે પહોંચતા, આડા દીધાં લોહકમાડ.'*

જાણવા છતાં દુઃખ છોડવા આપણે તૈયાર નથી.

એકવાર પંચાળાના ઝીણાભાઈને જીવલેણ બીમારી વળગી. શ્રીજી-મહારાજ પણ ત્યાં હતા. તે વખતે ઝીણાભાઈનાં માતાએ પોતાના પુત્રને બચાવી લેવા મહારાજને પ્રાર્થના કરી. ગમે તેમ કરી પોતાનો પુત્ર રહે તે માટે અરજ કરી, પણ પુત્રનું આયુષ્ય પૂરું થઈ ગયેલું. તેથી મહારાજે માતાને ધીરજ રહે તે રીતે વાત શરૂ કરી કે 'આ ઝીણાને વડોદરાનું રાજ્ય આપીએ તો ?'

મા તો આ સાંભળી ખૂબ રાજી થઈ. પુત્રને જીવાડવાનો અને વળી વડોદરા સ્ટેટનો ધણી બનાવવાનો એમ બેવડો લાભ. તેણે કહ્યું : 'મહારાજ ! તમે આમ કરો તો તો બહુ સારું.'

ત્યારે મહારાજે કહ્યું : 'પણ વડોદરા રાજ્ય ક્યાં એટલું મોટું છે ? તે કરતાં ઝીણાને ચક્રવર્તી બનાવીએ તો ?'

ત્યારે બા બોલ્યા : 'ઓહોહો ! મહારાજ તમે તો બહુ દયા કરી ઝીણા પર.'

'પણ તેને ઈન્દ્રલોકનો રાજા કરીએ તો ?'

'અરે મહારાજ ! આજ તો તમે ખૂબ મોજમાં છો. આપને જેમ યોગ્ય લાગતું હોય તેમ કરો.'

આ સાંભળી મહારાજે કહ્યું : 'પણ માજી ! ઈન્દ્રપદવીયે નાશવંત છે. તેથી આગળ અમે એને અક્ષરધામ આપીએ તો ?'

'તો તો બહુ સારું.'

જ્યાં ડોશી આમ બોલી ત્યાં તો મહારાજે જીવ ખેંચી લીધો અને ત્યાં જ ડોશી રડવા લાગી. જાણતી હતી કે અક્ષરધામમાં પંચાળા કરતાં વધુ સુખ છે છતાં છોડી શકતી નહોતી. વિચારને ન પામ્યા હોય તો આવું થાય. સ્ત્રી આદિક પંચવિષયમાંથી આસક્તિ ન ટળી હોય તો બ્રહ્માનંદનું સુખ પણ ગૌણ લાગે.

સને ૧૯૭૪ની વિદેશયાત્રામાં સ્વામીશ્રી તથા સૌ સંતો, ભક્તો સાઉધમ્પ્ટનમાં બ્યૂલી બીચ પર ભાદરવી અમાસનો સમૈયો કરવા ગયેલા. બીચના માલિક લોર્ડ મોન્ટેગ્યુએ બધી વ્યવસ્થા કરી આપેલી. તે અતિ અતિ અતિ ધનાઢ્ય વ્યક્તિ. તેના મહેલમાં દુનિયાભરની સારામાં સારી મોટરો હતી. છત સોનાથી મઢેલી હતી. તેનો ભક્તિભાવ જોઈ સ્વામી પ્રસન્ન થયા અને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમે અમને સહકાર આપ્યો તો અમે આશીર્વાદ આપીએ છીએ કે મહારાજ તમને અક્ષરધામ આપશે.'

સંતોએ તેનું ભાષાંતર કરી તેમને અંગ્રેજીમાં સમજાવ્યું. ત્યારે તેઓ કહે : 'એ રહેવા દો. સ્વામીને કહો કે મારી પત્ની ભાગી ગઈ છે તે પાછી આવી જાય.'

ભગવાનના ધામના બદલે કેવી ક્ષુલ્લક માગણી ! સ્વામીએ તો તે પ્રમાણે આશીર્વાદ દીધા. સ્વામીના આશીર્વાદથી તેની પત્ની પાછી આવી પણ ગયેલી, એને છોકરો પણ થયેલો; પરંતુ કેવી કરુણતા કે અક્ષરધામનું સુખ ઠેલી દીધું અને આ લોકના પંચવિષયમાં જ રચ્યાપચ્યા રહેવાયું.

ગૃહસ્થમાત્રને ખ્યાલ હોય છે કે સંસારમાં ફાકીને બૂકડો ભરવા જેવું કાંઈ નથી. ઠોંટ મારીને મોઢું રાતું રાખવાનું હોય છે. છતાં છોકરો સાધુ થવા તૈયાર થાય તો ના પાડે અને તેને પરણાવ્યે પાર કરે. કો'ક જ પિતા કહી શકે છે કે –

*'ઘરમાં ઝાઝી ગૂંચવણ, સંસાર દુઃખનું સાલ;*
*હું તો ઘરથી નીસર્યો, તું પણ ભેળો હાલ.'*

## ૮. એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં

પરંતુ આવી રીતે પંચવિષયમાંથી વૃત્તિ તોડવા ભગવાનના સુખમાં દૃષ્ટિ પહોંચાડવી પડે. શ્રીજીમહારાજ કહે છે : 'સ્વાભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતાં હોઈએ તેમાં તો કાંઈ ઝાઝો વિચાર થતો નથી, પણ જો તે વિષયમાં કાંઈક સારપ્ય મનાય છે ત્યારે તુરત એ ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગી જાય છે અને મન અતિ ઉદાસી થઈ જાય છે... અને આ વિચાર વિના તો જો રમણીય પંચવિષયમાં વૃત્તિ ચોંટી હોય તેને અતિ બળે કરીને ઉખાડે ત્યારે માંડ માંડ ઊખડે અને જો આ વિચારને પામ્યો હોય તો તે વૃત્તિને ખેંચ્યામાં લેશમાત્ર પ્રયાસ પડે નહિ, સહજે જ વિષયની તુચ્છતા જણાઈ જાય છે. અને આ જે વાર્તા છે તે જેને ઝાઝી બુદ્ધિ હોય અને ઝાઝાં સુખના લોભને ઇચ્છે તેને સમજાય છે. જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે, તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અતિ અધિક છે; માટે જે બુદ્ધિવાળો હોય ને જેની દૃષ્ટિ પૂગે તેને આ વિચાર હૃદયમાં ઠરે છે.'

શ્રીજીમહારાજ કહે છે કે ભગવાનના અપાર સુખનો વિચાર અંતરમાં દૃઢ કરે તો પંચવિષય છોડતાં વાર ન લાગે. જે આવા વિચારને પામ્યા છે તેને પંચવિષયનો ત્યાગ કરતાં વાર લાગી નથી.

પ્રહ્લાદને ભગવાને કહ્યું કે 'હવે તું આ ત્રિલોકીનું રાજ્ય ભોગવ. તારા પિતાને મેં પૂરો કરી દીધો છે.'

ત્યારે પ્રહ્લાદે કહ્યું : 'ત્રિલોકીના રાજ્ય માટે મેં આપની ભક્તિ કરી નથી. તે તો હું આપનું ભજન ન કરત તોપણ મારો બાપ મને આપવાનો હતો. મારે ઐશ્વર્ય નથી જોઈતું, પણ તમે રાજી થયા હો તો મારા ઇન્દ્રિયોના ગણ થકી મારી રક્ષા કરો.'

હનુમાનજીએ સીતાજી દ્વારા આપેલો નવલખો હાર પણ ફગાવી દીધો. 'बुद्धिमतां वरिष्ठः'ની દૃષ્ટિ પલટાઈ ગયેલી.

કઠોપનિષદમાં નચિકેતાની વાત આવે છે. તેણે યમરાજા પાસે મૃત્યુંજયી વિદ્યા માગી ત્યારે યમરાજા કહે છે :

शतायुषः पुत्रपौत्रान्वृणीष्व बहून्पशून्हस्तिहिरण्यमश्वान् ।
भूमेर्महदायतनं वृणीष्व स्वयं च जीव शरदो यावदिच्छसि ॥
एतत्तुल्यं यदि मन्यसे वरं वृणीष्व वित्तं चिरजीविकां च ।
महाभूमौ नचिकेतस्त्वमेधि कामानां त्वा कामभाजं करोमि ॥
ये ये कामा दुर्लभा मर्त्यलोके सर्वान्कामाँश्च्छन्दतः प्रार्थयस्व ।
इमा रामाः सरथाः सतूर्या नहीदृशा लम्भनीया मनुष्यैः ॥
आभिर्मत्प्रदत्ताभिः परिचारयस्व नचिकेतो मरणं मानुप्राक्षीः ।
(कठोपनिषद् - १/१/२३-२५)

- 'હે નચિકેતા ! તું સો સો વર્ષની આયુષ્યવાળા પુત્ર-પૌત્ર માગ. અનેક પશુઓ, હાથીઓ, ઘોડાઓ અને સુવર્ણ માગ. ભૂમિ પર મોટું રાજ્ય માગ. ઇચ્છિત આયુષ્ય માગ. આ સિવાયનું પણ તારા મનમાં હોય તો તે પણ માગ. મનુષ્યોને દુર્લભ એવી અપ્સરાઓ, રથ, વાજિંત્રાદિ સર્વ સાજ સહિત માગી લે, પણ મરણવિષયક તું કાંઈ ન પૂછ.'

ભલભલા ઋષિમુનિઓની પણ પલાંઠી છૂટી જાય તેવા આ પ્રલોભનોની પરંપરાને એક ઝાટકે તોડતાં નચિકેતા કહે છે :

अजीर्यतानामुपेत्य जीर्यन्मर्त्यः क्वधःस्थः प्रजानन् ।
अभिध्यायन्वर्णरतिप्रमोदानतिदीर्घे जीविते को रमेत ॥ (१/१/२८)

- જે અજર છે, અમર છે તેવા સુખને મૂકીને નાશવંત આ પૃથ્વીના સુખને કોણ ઇચ્છે ?

નચિકેતાની દૃષ્ટિ પરમાત્માના અનંત, અજર સુખમાં પડી ગઈ હતી. તો તે પંચવિષયને લાત મારી શક્યો.

બૃહદારણ્યક ઉપનિષદની એક કથા છે. યાજ્ઞવલ્ક્ય પોતાની બે પત્નીઓ – મૈત્રેયી અને કાત્યાયિનીને પોતાની મિલકત વહેંચી વાનપ્રસ્થ થવાનું વિચારે છે. તે વખતે કાત્યાયિની તો મિલકત મળવાથી રાજી થઈ જાય છે, પણ મૈત્રેયી પૂછે છે : 'सा होवाच मैत्रेयी यन्नु म इयं भगोः सर्वा पृथिवी वित्तेन पूर्णा स्यात्कथं तेनामृता स्यामिति...' (૪/૫/૩)

- શું આ પૃથ્વી ધનથી ભરેલી મળી જાય તો તેથી અમરત્વ ન મળે ?

(અર્થાત્ આ રીતે સંપત્તિનો ત્યાગ કરીને તમે વનમાં ચાલી નીકળવા તૈયાર થયા છો, તો શું ધનથી અમરત્વ ન મળે ?')

ત્યારે યાજ્ઞવલ્ક્ય કહે છે : 'नेति होवाच याज्ञवल्क्यो यथैवोपकनवतां जीवितं तथैव ते जीवितं स्यादमृतत्त्वस्य तु नाऽऽशाऽस्ति वित्तेनेति।' (૪/૫/૩)

- ના. ધનથી તો એક સાધન-સંપન્ન વ્યક્તિ જીવે તે રીતે જીવી શકાય, પણ અમરત્વ-પરમપદ સંપત્તિથી મળતું નથી.

ત્યારે મૈત્રેયી કહે છે :

'येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम्।' (૪/૫/૪)

- તો પછી મારે પણ આ ધન-દોલતની શું જરૂર ? જેનાથી અમરત્વ ન મળે તેનું હું શું કરું ? - આટલું કહી તે પણ યાજ્ઞવલ્ક્ય સાથે ચાલી નીકળી.

આમ, જેનો વિચાર ભગવાનના સુખમાં પહોંચી જાય છે તેને પંચવિષયનો ત્યાગ સહેજે થઈ જાય છે.

તેથી જ શ્રીજીમહારાજ કહે છે : 'ભગવાન સંબંધી સુખને કોણ પામે છે ? તો તે કહીએ છીએ જે, જેમ માછલું હોય તેને જળ છે તે જીવનરૂપ છે. તે જળનો યોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે જળમાં માછલું ચાલે, હાલે, ક્રીડા કરે, ને જળનો વિયોગ થાય ત્યારે તેની ચંચળતા ટળી જાય ને મરી જાય. તેમ જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાયું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂવા જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહિ અને પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે.' (વચ. ગ.અં. ૨૮)

માછલીને જેમ પાણી બહાર કાઢીએ અને તે તરફડી ઊઠે, તેમ ઉતારો સારો ન મળે, જમવામાં આઘુંપાછું થાય ને તેની દશા fish out of water - જળમાંથી કાઢેલી માછલીના જેવી થઈ જાય, ઢીલો ઢફ થઈ જાય, તેને ભગવાનનું સુખ મળતું નથી, પણ જેને પંચવિષયમાંથી જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને પામે છે.

ગોપીઓની દશા આવી જ થઈ ગયેલી. વિષય વિષસમ બની ગયેલા. કોઈ ચંદનની અર્ચા કરે તો તે ચંદન ઝેર ચોપડ્યા જેવું લાગતું. કોઈ ગળામાં પુષ્પહાર પહેરાવે તો તે સાપ નાખ્યા જેવું લાગતું.

એકવાર અકબર બાદશાહને કુંભનદાસનું સંગીત સાંભળવાની ઈચ્છા થઈ. તેથી માનસિંહ રાજાને બોલાવવા મોકલ્યા. જ્યારે તે કુંભનદાસની પર્ણકુટીએ પહોંચ્યા ત્યારે તેઓ પડિયાના પાણીમાં પ્રતિબિંબ જોઈ તિલક કરી રહેલા. કુંભનદાસ પાસે અરીસા જેવી સામાન્ય ચીજ પણ નહોતી. આ જોઈ માનસિંહ તરત સોને મઢેલો અરીસો લઈ આવ્યા અને તે કુંભનદાસને આપ્યો. ત્યારે કુંભનદાસ કહે : 'અરે ! આ કચરો મારે ક્યાં સાચવવો ? લઈ જાઓ પાછો.'

માનસિંહ તો આ સાંભળી સ્તબ્ધ થઈ ગયો. તેણે અકબરની વિનંતી સંભળાવી. બાદશાહની અરજ હતી તેથી કુંભનદાસ ગયા, પરંતુ પાછા આવ્યા ત્યારે લોકોએ બાદશાહના દરબારમાં ગયાની વિગત સંભળાવવા કહ્યું. ત્યારે તેઓ બોલ્યા :

*'આવત જાવત પનૈયાં તૂટી ઔર ભૂલી ગયો હરિનામ;*
*જાકું દેખે દુઃખ ઉપજે, તાકું કરની પડી સલામ,*
*કુંભનદાસ બાલગિરધર બિન, યે સબ જૂઠો કામ.'*

આમ, જેને ભગવાનના સુખની સમજ આવી જાય છે, તેને રાજમહેલ પણ જેલ લાગવા માંડે છે. પંચવિષયમાંથી તેનું મન ઊતરી જાય છે.

સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી દીક્ષા લીધા પૂર્વે અયોધ્યામાં મોટા મઠના મહંત હતા, પરંતુ દ્વારિકાની યાત્રા કરવા નીકળેલા. તેઓને શ્રીજીમહારાજનાં દર્શન થયા અને 'જોનારા ઝડપાણા' જેવું થઈ ગયું. શ્રીજીમહારાજ પાસે પરમહંસ દીક્ષા ગ્રહણ કરી લીધી તે સમયે તેઓએ એક લાખ રૂપિયાની મિલકતને ઠોકરે ચડાવી હતી.

સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી ઊંઝામાં શ્રીજીમહારાજની દંતપંક્તિ જોઈને સાધુ થઈ ગયેલા. તેઓએ પણ રૂા. ૮૦,૦૦૦/-ની વારસા-મિલકત છોડીને પરમહંસ દીક્ષા લીધેલી.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી સાધુ થયા ત્યારે તેઓની સંપત્તિની યાદી કંઈક આવી હતી :

- રૂા. ૧૧,૦૦૦/- નગદ.
- રૂા. ૨૦,૦૦૦/-ની જામશાહી તથા રૂા. ૯૦,૦૦૦/-ની દીવાનશાહી કોરી.

- ૧૦૧ જામશાહી સોનામહોર.
- સોનાના જડાવ દાગીના, હીરા.
- મોતી, માણેક, સોનાના ત્રોડા, એડી, કડાં, વેઢ, વીંટી, શિરપેચ, હમેલ, આશાલાકડી.
- ઘોડા, ઊંટના સોના-રૂપાના દાગીના.
- પોશાક - પહેરામણીનાં કિંમતી સોનેરી વસ્ત્રો, પાઘ, શાલ-દુશાલા.
- ૧૬ ઘોડા, ૭ ઊંટ, ૪ બળદ.
- ૧ સિગરામ, ૧ બેલગાડી.
- ૫૦ સેવકો.
- ૨૫ શિરબંધી અંગરક્ષકો.
- ૨૫ વાહનવાળા અંગરક્ષકો.

શ્રીજીમહારાજના એક પત્રે સાધુ થવા ચાલી નીકળેલા ૧૮ પરમહંસોમાં કો'ક જાગીરદાર હતા તો કો'ક સોના-રૂપાના પ્યાલે પાણી પીનારા હતા.

લાધા ઠક્કર એક લાખ રૂપિયાની ઉઘરાણી ખોટી કરી મહારાજની પાસે કારભારીની સેવામાં આવી ગયેલા.

કુશળકુંવરબાને પરબ્રહ્મના સુખમાં દૃષ્ટિ પડી ગઈ તો ૫૦૦ ગામના રજવાડામાં વૃત્તિ રહી જ નહીં. દેહ મૂકીને અક્ષરધામમાં પહોંચી ગયાં !

વાગડના ખોડભા ચુડાસમા અને વ્રજકુંવરબાની દીકરી ઝમકુબા ઉદેપુરનાં મહારાણી હતાં, પણ તે રાજવૈભવ છોડી ગઢડે આવી વસેલા, પ્રભુને રીઝવવા.

આમ, જેને જેને ભગવાનમાં અસીમ સુખ છે તે વિચાર હૃદયમાં ઠરે છે, પછી વિષયસુખ ખારાં ઝેર બની જાય છે.

સારંગપુરમાં ફૂલદોલોત્સવ પછી શ્રીજીમહારાજે ફગવા માગવા કહ્યું ત્યારે ઉત્તર ગુજરાતની જતનફોઈ વગેરે બાઈભક્તોએ માગ્યું કે *'કે'દિ દેશોમા સંસારી સુખ...'* સાંસારિક સુખની અભીપ્સા જ આ સૌને ટળી ગઈ હતી !

પચ્છમના જાદવજી વિપ્ર પર રાજી થઈ મહારાજે કહ્યું : 'ભૂદેવ ! કંઈક માગો.'

ત્યારે તેઓએ કહ્યું : 'આપની મૂર્તિ અને કૃપા અખંડ રહે એવું કરી આપો.'

મહારાજ કહે : 'તમે ગરીબ છો તો દારિદ્રય જાય એવું કંઈ

માગવું નથી ?'

ત્યારે જાદવજીએ કહ્યું : 'મહારાજ ! આપ તો ગરીબનિવાજ છો. તેથી મારું ધ્યાન રાખવાના જ છો. તેથી એ તો માગવું નથી.'

ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ રાજી થઈને કહ્યું : 'પ્રાગજી ! તું મુંબઈ જા. તને રૂા. ૬૦,૦૦૦/- મળશે.'

ત્યારે ભગતજી મહારાજે કહ્યું : 'સ્વામી ! મેં ૧૩ વર્ષ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો અને ૯ વર્ષથી આપની પાસે છું, પણ કોઈ દિવસ ધન-સ્ત્રીમાં સુખ છે એવું સાંભળ્યું નથી. માટે આપ રાજી થયા હો તો તમારું ઘર બતાવો અને મારા જીવને સત્સંગી કરો.'

તેઓ જૂનાગઢ સ્વામીનો સત્સંગ કરવા જતા તો સુવિધાથી તદ્દન નિરપેક્ષ થઈને - ઉતારા, પાગરણ, ભોજન વગેરે કોઈની ઝંઝટમાં પડતા નહીં, કેવળ સ્વામીનો લાભ લેવાનું જ તાન રહેતું.

આવા જ ભક્તરાજ પર્વતભાઈ હતા. દાળિયા ફાકીને પણ સપ્તાહભર સત્સંગ તેઓએ કરેલો. કોઈ જ લૌકિક સુખ-સુવિધાની ઝંખના જ નહીં.

નાપાડના મંગળભાઈ, કોયલીના મંગળભાઈ, સારીંગના મનુભાઈ વગેરે પણ એવા જ ભક્તો થઈ ગયા, જે મંદિરમાં આવતા ત્યારે કેવળ સત્પુરુષનો લાભ લેવા ઉપર જ તાન રહેતું. ખાવું, પીવું, ઓઢવું, પાથરવું, રહેવું વગેરેમાં જયાં-ત્યાં, જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લેતા. તેઓની દૃષ્ટિ ભગવાનનાં અને સંતનાં મહત્સુખમાં પડી ગયેલી, એટલે આવી નાની નાની કચકચ નજરમાં જ આવતી નહીં.

નાના અક્ષર સ્વામીને શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે 'તમે વડતાલ રહો તેમાં હું લાખ ગણો રાજી, પણ જો બોચાસણ આવો તો કરોડ ગણો રાજી.' અક્ષર સ્વામીને વડતાલમાં તો સર્વ પ્રકારની જાહોજલાલી હતી અને સામા પક્ષે બોચાસણમાં તો કાંટાની પથારી હતી, છતાં તેઓએ વરતાલ છોડી દીધું !

આમ, જેને જેને ખબર પડી છે કે ભગવાનમાં વધુ સુખ છે, તેણે તેણે વિષયોને લાત મારીને ફગાવી દીધા છે.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે : 'કર વિચાર તો પામ તું.' જો વિચાર જીવનમાં ઠરે તો કંઈક પ્રાપ્તિ જીવનમાં થાય છે. છાંદોગ્ય ઉપનિષદના સાતમા ખંડમાં કહ્યું છે : 'यो वै भूमा तत्सुखं नाल्पे सुखम्।'

- ભૂમા અર્થાત્ સર્વ વ્યાપક પરમાત્મામાં જ સુખ છે; પરંતુ જે અપૂર્ણ છે તે વિષયોમાં સુખ નથી.

બ્રાહ્મીસ્થિતિ જીવનમાં સિદ્ધ ન થાય તોય આ વિચાર દૃઢ રહે તો પણ વિચારનો આનંદ પ્રાપ્ત થઈ શકે છે.

જેમ 'કાલે જલેબી બનવાની છે' તેવો વિચાર આવે તોય જલેબી... જલેબી... જલેબી... એમ થયા કરે અને મોઢામાં પાણી છૂટે. સિનેમા જોવા જવાનું છે તેના વિચારમાં કેટલાય મસ્ત રહેતા હોય છે. અમેરિકા જવાના ઈમીગ્રેશન વીઝા મળ્યા હોય તોપણ અહીં ભારતમાં બેઠાં બેઠાં આનંદ પામે. કોઈ ગરીબ ઘરની કન્યાનો સંબંધ મોટા રજવાડામાં થાય તો કન્યા હજી પોતાના નાનકડા ઝૂંપડામાં કામકાજ કરતી હોય પણ મહેલના વિચારથી આનંદમાં રહ્યા કરે. તેમ ભલે હજી પરબ્રહ્મના સુખનો સમ્યક્ અનુભવ ન થયો હોય, પણ 'તે પ્રાપ્ત થવાનું છે' તે વિચાર પણ આપણને આનંદમાં રાખી શકે છે. અને જેને આવો વિચારનો આનંદ છે તેને બ્રાહ્મીસ્થિતિનો આનંદ દૂર નથી.

નિષ્કુળાનંદ સ્વામીને ખબર પડી ગઈ કે સુખનો સ્રોત શ્રીજીમહારાજ આપણા હાથમાં આવી ગયા છે, તોય કેટલો આનંદ હતો ! તેઓ ગાય છે :

*'આજ આનંદ મારા ઉરમાં, મળી મુને મહામોંઘી વાત રે;*
*કોટિ કષ્ટ કરે હરિ નવ મળે, તે તો મને મળિયા સાક્ષાત્ રે.*
*સુખ સુખ સુખ ત્યાં સુખ ઘણું, તે તો મુખે કે'તાં ન કે'વાય રે;*
*નિષ્કુળાનંદ એ આનંદમાં, હરખી હરખી ગુણ ગાય રે.'*

ભાદરાના ડોસાભાઈ સૂકો રોટલો ને ખાટી છાશ જમતા હતા. કો'કે કહ્યું : 'ડોસાભાઈ ! શું આ લૂખું ખાઓ છો ?'

ત્યારે તેઓએ કહ્યું : 'લૂખું ખાય તે હરામ ખાય. લૂખું તો તમે ખાઓ છો. અમે તો ભગવાનને સંભારીને જમીએ છીએ.' પરબ્રહ્મના આનંદની અલમસ્તાઈ તેઓને હતી.

વૈજ્ઞાનિકો પોતાનાં સંશોધનોની લગનીમાં જેમ પરણવાનું ભૂલી જાય છે, તેમ પરમાત્માની લગનીમાં સંતો-ભક્તો આ લોકના દુઃખ વિસરી જાય છે. પ્રખર પંડિત વાચસ્પતિ મિશ્રને ગ્રંથરચના સિવાય કોઈ આનંદ નહોતો. પોતાની પરણેતરને પણ ભૂલી ગયા હતા. તેમ જેને પરબ્રહ્મના સુખના

વિચારમાં દૃષ્ટિ પડી જાય છે તેને પણ પછી આનંદ આનંદ રહ્યા કરે છે.

નિષ્કુળાનંદ સ્વામી એ આનંદની અલમસ્તાઈમાં જ ગાઈ રહ્યા છે :

*'રાંકપણું તો રહ્યું નહીં, કોઈ મા કે'શો કંગાલ;*
*નિરધનીયા તો અમે નથી, મહામળ્યો છે માલ.*
*ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...'*
*'નવનિધિની રે નથી મારે વાંછના રે,*
*સિદ્ધિ તે સામું હવે શીદ જોય,*
*સરવેનું કારણ રે મળિયા ચિંતામણિ રે,*
*હવે જે જે ચિંતવીએ તે હોય...'*
*'કંગાલપણું રે તો બેની મારું કાપિયું રે,*
*થયા થયા સુખી સભાગિયા શેઠ...'*
*'અમૃતના સિંધુ ઊમટ્યા રે,*
*રંગડાની વાળી છે રેલ,*
*પુરુષોત્તમ પ્રગટી રે...'*

સો સો થીંગડાવાળી ભગવી કંથા ઓઢીને, ધૂળ, માર અને ગાળો ખાતાં ખાતાં, બળબળતા તાપમાં બેસીને લખાયેલી ઉપરોક્ત પદ-પંક્તિઓમાં શાનો આનંદ છલકે છે ?! પરબ્રહ્મનો જ તો !! આફ્રિકાના મગનભાઈ ઊંઘમાં પણ ઊછળતા, સુખના હિલોળા લેતા.

વચનામૃત ગ.પ્ર. ૭૮માં શ્રીજીમહારાજ કહે છે : "જે ભક્ત એમ સમજે જે, 'આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે.' એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે."

સમુદ્રમાં તો ભરતી-ઓટ આવે, પણ પરબ્રહ્મનો સુખસાગર તો 'સમંદર સભર સભર લહેરાય' એ રીતે અખંડ છલકાતો જ રહે છે. તેમાં જે ડૂબકી મારે તેના આનંદને પણ આવન-જાવન રહેતી નથી.

તેની સ્થિતિ માટે શ્રીજીમહારાજ કહે છે : "અને આ વિચાર જેના હૃદયમાં દૃઢ ઠર્યો હોય ને તે વનમાં બેઠો હોય તો પોતાને એમ જાણે જે, 'હું

અનંત માણસ તથા રાજ્ય સમૃદ્ધિએ વીંટાણો છું,' એમ સમજે, પણ દુખિયો ન માને. અને ઈન્દ્રના લોકમાં હોય તો જાણે જે, 'વનમાં બેઠો છું,' પણ તે ઈન્દ્રના લોકના સુખે કરીને સુખિયો ન માને, તે સુખને તુચ્છ જાણે.'' (વચ. પં. ૧)

મુક્તાનંદ સ્વામી પણ કહે છે :

*'જી રે ત્રિભુવનની સંપત મળે, તોય ન તજે રે અર્ધપળ હરિધ્યાન;*
*બ્રહ્મરૂપ થઈ હરિને ભજે, એવા સંતને રે કીચ-કનક સમાન.'*

જેને પરબ્રહ્મના સુખમાં દૃઢતા થઈ ગઈ છે, તેને કોઈ લૌકિક વિષય મોહ પમાડી શકતા નથી.

ગુણાતીતાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં ખંભાત પધારેલા. હરિભક્તોને ઉત્સાહ હતો કે સ્વામીની ચાંદીના મેનામાં બેસાડી ભવ્ય નગર-યાત્રા કાઢવી. આ માટે નવાબને મળીને તેઓનો મેનો પણ લાવવાની વાત નક્કી કરી દીધેલી, પરંતુ સ્વામીને જ્યારે આ ખ્યાલ આવ્યો ત્યારે તેઓએ સ્પષ્ટ ના પાડી દીધી. નવાબને સ્વામીની વૈરાગ્યવૃત્તિ જોઈ ખૂબ સદ્ભાવ થયો. સ્વામીની પધરામણી તેઓએ પોતાના ભવનમાં કરાવી.

સને ૧૯૭૭માં પ્રમુખસ્વામી મહારાજની નગરયાત્રાનું આયોજન લંડનમાં થયેલું. તે માટે જે બગી લાવેલા તે સામાન્ય હતી. સ્વામી આગળ આ વાત નીકળી, તો તેઓએ કહ્યું : 'ના, આ બગી તો બેસ્ટ છે.'

નરસામાં પણ અદકો આનંદ !

ગુણાતીતાનંદ સ્વામીનું વરતાલમાં ભરસભામાં અપમાન થયું. સ્વામીના જ શબ્દોમાં કહીએ તો 'છોતેરાનો મેહ વરસે તેમ શબ્દો પડ્યા.' છતાં ગુણાતીતાનંદ સ્વામીનું રૂંવાડુંય ફરક્યું નહિ. અપમાન બાદ વાતો કરવા કહ્યું તો અપમાન સંબંધી એક શબ્દ લાવ્યા વિના શ્રીજીમહારાજના પુરુષોત્તમ-પણાની એવી જોરદાર વાતો કરી કે અપમાન ભૂલાઈ ગયું ! જ્યારે પવિત્રાનંદ સ્વામીનું લગારેક અપમાન થયું તેટલામાં તો તેઓ માંદા પડી ગયેલા.

ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજીમહારાજે 'લ્યો, અમારા જડભરત' કહી બરછટ ધાબળો ઓઢાડેલો. તે ધાબળો જ સ્વામીએ છેક સુધી વાપરેલો.

ગુણાતીતાનંદ સ્વામી પાસે પરબ્રહ્મનો આનંદ હતો, જે માન-અપમાન, સુવિધા-અસુવિધા, સુખ-દુઃખ વગેરે અનેક વિપરીતતાઓમાં પણ વિલાતો

નહીં.

ગુણાતીતાનંદ સ્વામીના એક શિષ્ય માવાભાઈ હતા. એકવાર કોવૈયાને પાદર સભા હતી, પણ બાજુમાં જ દરિયો હડૂડતો હતો તેથી સૌ તે જોવા ગયેલા. એક માવાભાઈ બેસી રહેલા. સ્વામીએ પૂછ્યું : 'માવાભાઈ ! કેમ તમારે જવું નથી ?'

માવાભાઈએ કહ્યું : 'જોઈ લીધું, ઝાઝું છે અને ખારું છે.'

રમણીય વિષયમાંથી વૃત્તિ જ પાછી વળી ગયેલી !

માંગરોળના ગોરધનભાઈને મીઠું ને ખાંડ સરખા થઈ ગયેલા. ઘણા તો સહેજ જ મોળું-તીખું વધુ-ઓછું થઈ ગયું હોય તો થાળી પછાડે, પરંતુ ગોરધનભાઈને સ્વાદવૃત્તિ જ ખરી પડેલી. જેમ કોઈ મધુપત્તીને ખાય પછી તેને પેંડો પણ મોળો લાગે; તેમ ભગવાનના આનંદમાં જેની વૃત્તિ પહોંચી હોય તેને જગતના સ્વાદમાંથી રસ ચાલ્યો જાય છે.

જીવણા ખુમાણને કોઈક કહે : 'આ વસ્તુ સારી આવી તમારી પાસે.' તો તરત તે મંદિરમાં જઈને ઠાકોરજીને આપી દે. ઘણા સારું ઘેર રાખી, નરસું દેવને ચરણે ચઢાવે.

એકવાર શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી વગેરે સંતો ચંપકભાઈ બૅંકરને ઘેર ઠાકોરજી જમાડવા પધારેલા. જમતાં જમતાં નિર્ગુણ સ્વામી સાહજિકપણે બોલ્યા : 'શેઠ ! કઢી બહુ સારી !' શાસ્ત્રીજી મહારાજે આ સાંભળ્યું અને તરત જ અડધી તુંબડી પાણી પત્તરમાં રેડી દીધું !

શાસ્ત્રીજી મહારાજ મુંબઈ પધારેલા. તે વખતે કોઈ બટાટાપૌંઆ નાસ્તા માટે લાવ્યું. તે સમયે તો બટાટાપૌંઆ પણ બહુ સારી વાનગી ગણાતી; પણ શાસ્ત્રીજી મહારાજે 'નવું ટીખળ ન જોઈએ' એમ કહીને ન લીધા.

ભગતજી મહારાજ આ પરબ્રહ્મના આનંદના ભોગી હતા. તેઓનું ઘણું માન-અપમાન થતું છતાં મન ઝાંખું પડ્યું જ નહીં. સત્સંગમાં તેઓની ઓળખાણ જ પ્રચલિત થઈ ગયેલી કે 'જેનું અપમાન થતું હોય છતાં જે આનંદમાં રહેતા હોય તે ભગતજી.'

યોગીજી મહારાજ તો જાણે પરબ્રહ્મના આનંદનું ઘનીભૂત સ્વરૂપ જ હતા. જાણીતા લોકસેવક રવિશંકર મહારાજ કહેતા કે 'યોગીજી મહારાજની પાસે બેસીએ તો લાગે કે તેઓએ આધ્યાત્મિક આનંદ ખૂબ ભોગવ્યો છે.'

રાજકોટમાં એક મુમુક્ષુએ કેવળ યોગીજી મહારાજના ફોટાનાં જ દર્શન કર્યા ને બોલી ઊઠેલા કે 'અહો ! શું અલમસ્તાઈ છે ! આનંદ છે !'

કોઈપણ પરિસ્થિતિ યોગીજી મહારાજના આનંદમાં ઓટ લાવવા સમર્થ નહોતી. એટલું નહીં, તેઓ તો અગવડભરી પરિસ્થિતિમાં વધુ આનંદ મેળવતા.

એકવાર યોગીજી મહારાજના માથે બાંધવાની પાઘ રમણભાઈ અને વિનુભાઈ નામના બે યુવકોએ ધોવા કાઢી. તેને ખોલતાં જોયું તો ૨૫-૩૦ જેટલાં નાનાં મોટાં કાણાં કાપડમાં પડી ગયેલાં. કપડું સાવ જર્જરિત થઈ ગયું હતું. તેથી બંનેએ યોગીજી મહારાજ પાસે જઈ કહ્યું : 'સ્વામી ! આ કપડું સાવ ફાટી ગયું છે. તો અમે નવું લઈ આવીએ.'

યોગીજી મહારાજે ના પાડી અને કહ્યું : 'તમે બદલવાનું કહો છો પણ પાઘે ના પાડી ?'

સૌ યોગીજી મહારાજની રુચિ સમજી ગયા અને નવું કપડું લાવવાની વાત મુલતવી રાખી.

યોગીજી મહારાજ તો ગાતરિયું ફાટી જાય તોય સાંધીને ચલાવતા. પેન પણ સાવ જૂનવાણી રાખતા. લોકો ઘણું બદલવા કહે, કરે, પણ તેઓ ના જ પાડે. કોથળા પર જ સૂઈ જતા. તેઓને નવી શ્રેષ્ઠ વસ્તુઓનો કોઈ જ મોહ નહોતો. આવા પુરુષને જ બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે - તેમ જણાવતાં ઉપનિષદ કહે છે : 'श्रोत्रियस्य चाकामहतस्य।' (તૈ. ઉ. - અનુવાક્ ૮). - જે શ્રોત્રિય અને કામના રહિત છે તેને આ બ્રહ્માનંદ સિવાય પ્રકૃતિપુરુષના સુખમાં પણ આનંદ આવતો નથી.

એકવાર તેઓના સખા ભગવાનદાસ શેઠ યોગીજી મહારાજને ઓઢાડવા ઝીણું, નવું ધોતિયું લઈ આવ્યા, તો યોગીજી મહારાજ ઉદાસ થઈ ગયા અને તે ન જ લીધું.

આપણે તો કો'કની પાસે સારી, નવી વસ્તુ જોઈએ તો પૂછી લઈએ કે 'આ સારાં જોડાં-કપડાં તમે ક્યાંથી લાવ્યા ?' આપણો સમય આવી વ્યર્થ વાતોમાં જ જતો હોય છે.

ગોંડલમાં 'યોગી સ્મૃતિ મંદિર'માં યોગીજી મહારાજના પ્રસાદીભૂત પૂજાનાં વસ્ત્રો રાખેલાં છે તથા બીજાં વસ્ત્રો પણ જે તેઓ ઉપયોગમાં લેતા તે રાખ્યાં છે, પરંતુ તે સૌ જાડાં અને બરછટ જણાય છે.

બીમારીમાં યોગીજી મહારાજને પલંગ ઉપર સૂવું પડ્યું ત્યારે તેઓના ઉદ્ગાર હતા : 'મારો વટ ઊતરી ગયો.'

તેઓની હાથી પર સવારી નીકળી ત્યારે તેઓના મુખમાંથી શબ્દો સરી પડેલા : 'મણિભાઈએ હાથી ઉપર બેસાડી અમારી લાજ લીધી.' શું તેઓની ખુમારી હશે ! અંતર કેવા આનંદમાં હિલોળા મારતું હશે કે આવી કદર અને સન્માન પણ તેઓને હરખાવી નહીં શકતા હોય ?!

યોગીજી મહારાજને વિજ્ઞાનદાસ મારતા તો પણ તેઓ ભાગી ન જતા. કો'કે આ બાબતે યોગીજી મહારાજને પૂછેલું કે 'તમે કેમ ભાગી નહોતા જતા અને માર ખાતા રહેતા ?' ત્યારે યોગીજી મહારાજે કહેલું : 'તેઓ રાજી થાય ને !'

ઘોઘાવદરમાં તેઓનો ઉતારો ગમાણ સાફ કરીને ત્યાં રાખવામાં આવેલો. માંકડ-ચાંચડના અસહ્ય ત્રાસ વચ્ચે પણ અહીં તેઓ આનંદથી લલકારતા હતા : *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...'* તે વખતે આ કીર્તન મૂર્તિમાન યોગીજી મહારાજ દ્વારા સૌને દેખાઈ રહ્યું હતું.

ગમાણ હોય કે મહેલ - તેઓને મન સૌ સરખું હતું. લીંબડી હોય કે લંડન, સર્વત્ર તેઓને વધતો ને વધતો આનંદ હતો.

એકવાર જાણીતા અર્થશાસ્ત્રી અને સામાજિક આગેવાન મનુ સૂબેદારને ઘેર ઠાકોરજી જમાડવા પધારેલા. મનુ સૂબેદારે સુંદર રસોઈ તૈયાર કરાવેલી. યોગીજી મહારાજ જમવા બેઠા ત્યારે તો શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર પત્તરમાં બધી વાનગી ભેળી કરવા લાગ્યા. મનુ સૂબેદારે આ જોયું અને ના... ના... કરે તે પહેલાં તો યોગીજી મહારાજે પાણીની અંજલી પણ પત્તરમાં નાખી. આ જોઈ મનુ સૂબેદારે કહ્યું : 'સ્વામી ! આપે આ બધું ભેગું કરી અને તેમાં પાછું પાણી નાખ્યું, તો આમાં તમને સ્વાદ શું આવશે ?'

ત્યારે યોગીજી મહારાજ કેફથી બોલ્યા : 'આમાંથી અમને મૂર્તિનો સ્વાદ આવે છે.'

પ્રેમાનંદ સ્વામીએ ગાયું છે :

*'વ્હાલા તારી મૂરતિ અતિ રસરૂપ રસિક જોઈને જીવે રે લોલ;*
*વ્હાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીવે રે લોલ.'*

યોગીજી મહારાજના જીવનમાં આ પંક્તિઓ અક્ષરશઃ સાચી પડતી

જોવા મળતી. પરબ્રહ્મના આનંદમાં ગુલતાન તેઓને કંઈ પણ જોવાની ઈચ્છા જ ટળી ગયેલી. ટળવાની ક્યાં વાત ! આવી કોઈ ઐહિક એષણા તેઓમાં હતી જ નહીં.

સને ૧૯૭૦માં યોગીજી મહારાજ લંડન પધારેલા. અહીં અરવિંદ-ભાઈને થયું કે સંતો આવ્યા છે તો તેઓને લંડન શહેરનાં જોવાલાયક સ્થળો બતાવીએ. યોગીજી મહારાજને પણ સાથે લીધા. પરંતુ થોડાક આગળ વધ્યા ત્યાં તો યોગીજી મહારાજ કહે : 'આ તો પથરા પર પથરા ચઢાવ્યા છે. શું જોવા જેવું છે ?' એમ કહી ત્યાંથી પાછા ઉતારે આવી ગયા.

ગોંડલમાં યોગીજી મહારાજ જે રીતે રહેતા તેનું વર્ણન એકવાર કરતાં તેઓ કહેતા હતા : 'અમે ૩.૩૦ વાગ્યે ઊઠતા, ઠંડે પાણીએ નાહતા, રોટલા ઘડતા, વાસણ ઊટકતાં, વાડ કરવા જતા - તેમાં જે આનંદ આવતો...'

આ સાંભળી રહેલા હર્ષદભાઈએ અડધેથી જ યોગીજી મહારાજને પૂછ્યું : 'બાપા ! આપે આ જે કાંઈ વર્ણન કર્યું તેમાંથી એકેય ક્રિયા એવી નથી કે જેમાંથી આનંદ આવે. આપને એમાં શું આનંદ આવતો ?'

'ગુરુ ! મૂર્તિનો આનંદ આવે.' યોગીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા.

આ તેઓની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ હતી. બ્રહ્માનંદ વિનાની એકપણ ક્ષણ તેઓના જીવનમાં પસાર થઈ નહોતી. ભલેને ગમે તેવી વિકટ પરિસ્થિતિ કેમ ન હોય ? તેઓ જ કહેતા : 'પોતાના બ્રહ્મસ્વરૂપપણાનો આનંદ ક્ષણ પણ મોળો પડવા દેવો નહિ.' પોતાની પાસે કાંઈ જ ન હોવા છતાં ચક્રવર્તી સમ્રાટોના વૈભવ પણ ઝાંખા પડી જાય તેવું સુખ યોગીજી મહારાજ ચોવીસ કલાક ભોગવતા.

ભર્તૃહરિએ કહ્યું છે :

वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः
सम इह परितोषो निर्विशेषो विशेषः।
स हि भवति दरिद्रो यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः॥

- અમે વલ્કલથી સંતુષ્ટ છીએ અને તમે રેશમી વસ્ત્રોથી. આપણું સુખ આમ સમાન છે. તે જ ખરેખર દરિદ્ર છે જેની તૃષ્ણા અધિક છે. મનથી જો સંતુષ્ટ હોઈએ તો કોણ ધનવાન છે અને કોણ ગરીબ છે ?

પરબ્રહ્મના સુખથી યોગીજી મહારાજ મનથી એટલા સંતુષ્ટ હતા કે કુબેર પણ તેઓ પાસે કંગાલ લાગે. ઉપનિષદમાં કહ્યું છે : 'रसं ह्येवं लब्ध्वा आनन्दी भवति।' - તે પરમાત્માના રસને પામીને જીવ આનંદમય બની જાય છે. યોગીજી મહારાજ એ પરબ્રહ્મના આનંદમાં ગુલતાન હતા તેથી તેઓની આ બ્રાહ્મીસ્થિતિ હતી.

આજે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આ જ સ્થિતિ જોવા મળે છે. સ્ત્રી અને ધન એ બેના આધારે સંસાર ચાલે છે તેવું ડૉ. ફ્રોઈડ અને કાર્લમાર્ક્સનું મંતવ્ય અગાઉ આપણે જોઈ ગયા છીએ. સંસાર એટલે આ બે જ. તેનો ત્યાગ કરે તે ત્યાગી. પ્રમુખસ્વામી મહારાજ પાસે આ બેમાંથી કશું નથી છતાં ચોવીસ કલાક તેઓ આનંદમાં રહે છે. તો તે આનંદ કયો ? પરમાત્માનો.

લૌકિક પંચવિષયના સુખ કરતાં અક્ષરધામનું સુખ અતિ અધિક છે તેની પ્રતીતિ અને પુરાવો એટલે પ્રમુખસ્વામી મહારાજ. કારણ, તેઓના જીવનમાં પંચવિષયનો ત્યાગ છે છતાં જે પંચવિષય પૂરજોશમાં ભોગવતા હોય તે કરતાં પણ વધુ અને સ્થિર આનંદ ભોગવે છે. તેથી નિશ્ચિંતપણે સમજાય છે કે ભગવાનમાં અધિક સુખ રહેલું છે અને એટલું જ નહિ, પણ આપણે એ સુખ ભોગવી શકીએ છીએ તેવી પ્રતીતિ પણ આવે. એક વ્યક્તિ ચંદ્ર પર જઈ શકતી હોય તો બીજી જઈ શકે. તેમ પ્રમુખસ્વામી મહારાજની સ્થિતિ જોઈને આપણને પણ વિશ્વાસ આવે કે આપણે પણ આ કક્ષાએ પહોંચી શકીએ એમ છીએ.

પ્રમુખસ્વામી મહારાજને પરમાત્મામાં સુખનું અધિકપણું મનાયું છે તેથી પંચવિષયમાં હંમેશાં તુચ્છબુદ્ધિ રહે છે. સારા વિષય મળે તો તે હરખાઈ જતા નથી અને નરસા મળે તો તે અકળાતા પણ નથી.

એકવાર એક હરિભક્ત પ્રમુખસ્વામી મહારાજ માટે ચાંદીનું ઊલિયું લાવેલા. સવારે પ્રમુખસ્વામી મહારાજને તે આપ્યું તો સ્વામીએ તેને ફગાવી જ દીધું, ઉપયોગમાં ન જ લીધું.

તેઓના ગાતરિયામાં કાણું પડી જાય તોય તે વસ્ત્ર બદલે નહીં. રફ્ફુ કરી ચલાવે.

એકવાર માળાનું ફૂમતું સહેજ વધુ લાંબું થઈ ગયેલું, તો તરત કપાવી

નાખ્યું. પોતાનાં ચશ્માંની ફ્રેમની પસંદગી પણ પોતે ન કરે. સેવકોને કહી દે કે 'તમે પસંદ કરી લ્યો ને !'

એકવાર રોજીદ ગામમાં ગાડા પર સૂઈ રહેવાનું થયેલું છતાં સ્વામીના મુખ પર આનંદ હતો, એવો આનંદ જેવો વાતાનુકૂલિત કક્ષમાં સૂતા હોય તેવો.

સને ૧૯૭૪માં નૈરોબીથી ભારત પરત ફરવું પડ્યું. સરકારે ઍરપોર્ટ પર પણ ઉતરવાની પરવાનગી ન આપી. આ બનવા પાછળ કંઈક ગેરસમજ કારણભૂત હતી, પરંતુ તેઓ આ અપમાનથી પર હતા. તેમની મુખરેખા સહેજ પણ બદલાઈ નહીં. થોડા દિવસ બાદ ધામધૂમથી નૈરોબી પધારવાનું થયું અને રાષ્ટ્રપતિ જોમો કેન્યાટાએ મોમ્બાસામાં સન્માન કર્યું. આ સન્માન પણ તેમના મુખભાવ બદલી શક્યું નહોતું. જેવા અપમાનમાં સ્થિર અને સ્વસ્થ સ્વામીશ્રી હતા, તેવા જ સ્થિર અને સ્વસ્થ સન્માનમાં પણ રહ્યા હતા !

એકવાર કો'કે તેઓને પૂછ્યું : 'આપના જીવનમાં ક્યારેય તમને અફસોસ થયો છે ?'

સ્વામીશ્રીએ કહેલું : 'અફસોસ શાનો ?'

મુંબઈમાં એક પત્રકારે સ્વામીશ્રીને પૂછ્યું : 'તમારા જીવનનો સૌથી આનંદદાયી પ્રસંગ કયો ?'

સ્વામીશ્રી કહે : 'બધા પ્રસંગો અમારે આનંદના જ છે.'

તેઓની આ હર્ષ-શોકરહિત સ્થિતિનું રહસ્ય તેઓની સમજણ છે. તેઓ ભગવાનના આનંદમાં સ્થિર થયા છે, તેથી કોઈપણ પરિસ્થિતિ તેઓને અસ્થિર બનાવી શકતી નથી.

આપણે પણ સુખી થવા આ સમજણ કેળવવાની છે. સુખ બીજે ક્યાંય શોધવાનું નથી. નિષ્કુળાનંદ સ્વામી સાચું જ કહે છે :

*'સખી ! સમજણમાં ઘણું સુખ છે...'*

નોબલ પુરસ્કાર વિજેતા મોરીસ મેટરલીન્કે 'બ્લ્યુ બર્ડ' નામનું પુસ્તક લખ્યું છે. એક બાળક બ્લુ બર્ડ શોધવા બધે રખડે છે, પણ પછી ખબર પડે છે કે તે તો પોતાના ઘરમાં જ છે. આવી કંઈક કથા તે પુસ્તકમાં મૂકવામાં આવી છે. આપણી દશા પણ તે પક્ષી શોધતા બાળકથી જુદી નથી. આપણે સૌ કસ્તૂરીમૃગ જેવા છીએ. કસ્તૂરીમૃગની નાભિમાં જ સુવાસ વસે છે છતાં તે વનમાં ભટકે રાખે છે.

*'મૃગનાભિ કસ્તૂરી બસે ઔર ઢૂંઢત રહે વનમાંય'* - તેમ સુખના સ્રોત પરમાત્મા આપણી ભીતર જ છે, પરંતુ આપણે બહાર ફાંફાં માર્યા કરીએ છીએ.

છાંદોગ્ય ઉપનિષદમાં કહે છે : 'तद्यथा हिरण्यनिधिं निहितमक्षेत्रज्ञा उपर्युपरि सञ्चरन्तो न विन्देयुः।' (૮/૩/૨)

- પોતાના ખેતરમાં છુપાયેલા ચરુને જાણ્યા વિના ખેડૂત ઉપર ને ઉપર કાળી મજૂરી કર્યા કરે છે, તેમ આપણામાં રહેલા સુખસાગર ભગવાનને પડ્યા મૂકીને આપણે બહાર મથ્યા કરીએ છીએ.

યોગીજી મહારાજ એક દૃષ્ટાંત આપતા :

એક બહેનને ઘેર તેનો ભાઈ મહેમાન થઈને ગયો. ઘણા સમયે ભાઈ પધાર્યો હતો એટલે બહેનને થયું કે 'ભાઈને શીરો બનાવીને જમાડું.' તેથી તે ગોળ લેવા બજારમાં ગઈ. વેપારીને ગોળ આપવા કહ્યું, ત્યારે તે બોલ્યો : 'તમને ખાંડ જેવો ગળ્યો ગોળ દઉં ? કે પછી...'

બાઈ પૂછે છે : 'શું ગોળ કરતાં ખાંડ વધારે મીઠી ? તો તો પછી મને ખાંડ જ આપો.'

ત્યારે વેપારી કહે : 'તમને સાકર જેવી ગળી ખાંડ આપું ? કે પછી...'

બાઈ કહે : 'જો ખાંડ કરતાં સાકરમાં બધું મીઠાશ હોય તો તો મને સાકર જ આપો.'

વેપારી કહે : 'તમને પારઠ ભેંસના દૂધ જેવી મીઠી સાકર દઉં ? કે પછી...'

ત્યારે બાઈએ પૂછ્યું : 'શું પારઠ ભેંસનું દૂધ એટલું બધું મીઠું હોય છે ? તો તો મારે ખાંડ, સાકર, ગોળ કાંઈ નથી જોઈતું. પારઠ ભેંસનું દૂધ તો મારે ઘેર જ છે.' એમ કહી બાઈ ચાલી નીકળી.

આ રીતે સુખનો ઝરો આપણી પાસે જ વહે છે તે ખ્યાલ આવે તો બહારની કોઈ ચીજમાંથી આનંદ લૂંટવાનો અભરખો ટળી જાય. પછી તેને ગમે તેટલા વિષયભોગ પ્રાપ્ત થાય તોય તેમાં તેની વૃત્તિઓ ન ખેંચાય.

ગીતામાં જેમ કહ્યું છે કે –

'आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत् कामायं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥'

(૨/૭૦)

પૂર્ણ સમુદ્રમાં પ્રવેશતું જળ તેમાં કોઈ ક્ષોભ ઉત્પન્ન કરી શકતું નથી, તેમ અંદરના સહજાનંદી સુખથી જે સભર સભર છે તેને બાહ્ય વિષયોનો સ્પર્શ વિચલિત કરી શકતો નથી.

પરંતુ સુખમાં આવી અવિચલ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શું કરવું પડે ? તો એની પ્રાથમિક શરત સમજાવતાં ભગવાન સ્વામિનારાણ કહે છે : 'આ વિચારને રાખીને એમ સર્વે નિશ્ચય રાખજ્યો જે, 'હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે, પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી સુખ તેમાં લોભાવું નથી.' એવી રીતે સૌ દૃઢ નિશ્ચય રાખજ્યો. અને આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વને કહ્યો છે, માટે દૃઢ કરી રાખજ્યો.' (વચ. પં. ૧)

જો સુખ હોય અને સુખસમુદય શક્ય હોય તો તે સુખસંપાદન કરવાનો દૃઢ નિશ્ચય એ સુખપ્રાપ્તિની પૂર્વશરત છે.

પાર્વતીએ દૃઢાવ કરેલો કે –

*'કોટિ જન્મ લગ રગડ હમારી, વરું શંભુ કે રહું કુંવારી.'*

તેમ આ સુખ મેળવવાનો દૃઢ સંકલ્પ કરીએ તો તે માર્ગે પ્રયાણ થાય. રુક્મિણીની દૃઢતાની વાત કરતાં ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે :

*'વરું તો ભગવાનને વરું, નીકર જીભ કરડીને મરું;*
*પણ દમઘોષનો દીકરો જે શિશુપાળ તેને ન વરું.'*

આપણે પણ અક્ષરધામનું સુખ પ્રાપ્ત કરવા માટે આવરણોને ભેદવા પડે.

## ૯. અષ્ટાવરણ પાર અક્ષરધામ

ઉપનિષદ કહે છે : 'आनन्द ब्रह्मणो विद्वान्' - પરમાત્મા આનંદમય છે, પરંતુ તે આનંદ આવરણને લઈને દબાઈ ગયો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિપુરુષનાં આઠ આવરણો પરમાત્માના અસીમ આનંદને પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે. તે જેમ ટળે તેમ પરમાત્માના અસીમ આનંદનો અનુભવ થવા માંડે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'જ્યારે ભજનનો કરનારો જીવરૂપે હતો, ત્યારે એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો. પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતાં કરતાં આવરણ ટળતું ગયું, તેમ તેમ દીવા જેવો

થયો, પછી મશાલ જેવો થયો, પછી અગ્નિની જ્વાળા જેવો થયો, પછી સૂર્ય જેવો થયો, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો, પછી મહાતેજ જેવો થયો; એવી રીતે પ્રકાશ પણ વૃદ્ધિને પામ્યો ને સામર્થિ પણ વૃદ્ધિને પામી અને સુખ પણ વૃદ્ધિને પામ્યું.' (વચ. સા. ૧૭).

આમ, જીવ આડેનાં આવરણ ટળતાં જાય તેમ તેમ સુખનો અનુભવ થાય છે.

પ્રમુખસ્વામી મહારાજ પણ કહે છે : 'દેહભાવને લઈને બ્રહ્મનો આનંદ આવતો નથી. રાગ, દ્વેષ અને ઈર્ષ્યા રહી જાય છે.'

આ આવરણને ભેદવા માટે ભગવાનની ઉપાસના જોઈએ. તે ઉપાસનાની સિદ્ધિ ગુરુ થકી થાય. તેથી કહ્યું : 'स गुरुमेवाभिगच्छेत्।' (મુંડકોપનિષદ-૨/૧૨). શાસ્ત્રો વાંચવા-સાંભળવાથી ઉપાસના સિદ્ધ થતી નથી, પરંતુ જેને આવરણ ભેદવાની ગતિ છે તેવા બ્રહ્મસ્વરૂપ ગુરુના સત્સંગથી ઉપાસના સિદ્ધ થાય છે. તે સિદ્ધ થયા બાદ જેમ કૃષ્ણજી અદા કહેતા તેમ 'આંખ મીંચાય તોય અક્ષરધામ અને આંખ ખુલ્લી હોય તો પણ અક્ષરધામ. એટલે કે દેહ મૂકીએ ત્યારે અષ્ટ આવરણ પાર અક્ષરધામમાં વિદેહી મુક્તિ અને દેહ છતાં જીવન્મુક્તિ.' જેમ આજકાલ લોકો spot running કરે છે. એક જ જગ્યાએ ઊભા ઊભા દોડવાનું. તે જ રીતે જેને ગુરુ થકી આત્મા આડેનાં આવરણો હટી જાય છે, તેને અહીં જ અક્ષરધામના સુખની અનુભૂતિ થવા માંડે.

કાશ્મીર માટે કહેવાતું : 'હમીનસ્તુ હમીનસ્તુ હમીનસ્તુ.' અર્થાત્ 'સ્વર્ગ અહીં જ છે, સ્વર્ગ અહીં જ છે, સ્વર્ગ અહીં જ છે.' તેમ જેનાં આવરણો દૂર થઈ ગયાં છે તેને તો અહીં જ અક્ષરધામ છે, અહીં જ અક્ષરધામ છે, અહીં જ અક્ષરધામ છે.

વચનામૃત સારંગપુર-૧૦ પ્રમાણે અક્ષરધામ આઠ આવરણ પાર પણ છે અને અહીં પણ છે. ઈશોપનિષદ કહે છે : 'तद्दूरे तद्वान्तिके।' (મંત્ર-૫). જેમ આપણાથી અજાણી ભાષાનું પુસ્તક આપણી સામે પડ્યું હોય તો તે નજીક પણ કહેવાય, પરંતુ ભાષાના અજ્ઞાનથી દૂર પણ કહેવાય. તેમ અક્ષરધામનો આનંદ નજીક પણ છે અને અજ્ઞાનને કારણે દૂર પણ છે. આઠ આવરણ ભેદીએ એટલે અહીં જ જીવન્મુક્તિ, એટલે અક્ષરધામના અધિપતિ

શ્રીહરિના અખંડ આનંદની અનુભૂતિ.

આમ તો ગુણાતીતાનંદ સ્વામીના વચન પ્રમાણે લાખ મણ લોઢાનો ગોળો વાને લહેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી પર આવે ત્યારે રજ ભેળો રજ થઈ જાય એટલું છેટું અક્ષરધામ છે. આ બાબતની ફોટો કે ફિલ્મ કોઈએ મોકલી નથી, પણ 'आप्तवाक्यं प्रमाणम्।' એ ન્યાયે તે વાત સત્ય તો છે જ. હવે આવા દૂર દૂર રહેલા અક્ષરધામની અનુભૂતિ કરવાની છે. તો શું કરવું ? તેનો ઉપાય આઠ આવરણો તોડવાં એ જ છે.

જેમ ઑસ્ટ્રેલિયામાં ક્રિકેટ રમાતી હોય તો તે જ સમયે ટેલિવિઝન દ્વારા જીવંત પ્રસારણથી ભારતમાં આપણા ઘેર પણ તે દેખી શકાય. ઑસ્ટ્રેલિયા અને આપણા ઘર વચ્ચે દરિયો, જંગલો, પહાડો ઘણું બધું હોય છે, પરંતુ માઈક્રોવેવ તે વીંધીને ઘર સુધી પહોંચે છે. તેમ અક્ષરધામનો આનંદ ભોગવવા આઠ આવરણોનાં સૂક્ષ્મ(માઈક્રો) કારણો છે. તે દૂર કરવા પડે. વડના બીજમાં વડ રહેલો છે, તે બીજ નાશ કરીએ એટલે આખો વડલો નાશ થઈ જાય; તેમ પૃથ્વી આદિક આવરણો તોડવાં તેનાં સૂક્ષ્મ કારણો દૂર કરવા જરૂરી બની રહે છે.

તો હવે તે આવરણો કયાં કયાં છે ? અને તેને કેવી રીતે દૂર કરવા ? તે વિષે કૃષ્ણચરણદાસ સ્વામીની વાતોમાં વિગતે સમજાવતાં કહ્યું છે :

"એક દિવસ સ્વામીએ સંતને પ્રશ્ન પૂછ્યો કે 'અષ્ટ આવરણ ક્યારે જીત્યા કહેવાય ?'

"ત્યારે કહે : 'મને ન આવડે. તમે ઉત્તર કરીને સમજાવો તો જાણીએ.'

"પછી પોતે ઉત્તર કર્યો જે, 'ગંધમાંથી પૃથ્વી થઈ છે. માટે પૃથ્વીનું કારણ ગંધ છે. તે ગંધને જીતે તો પૃથ્વીનું આવરણ ભેદાય. અને રસમાંથી જળ થાય છે, માટે નાના પ્રકારના રસ જીતે ત્યારે જળનું આવરણ ભેદ્યું કહેવાય. અને રૂપમાંથી તેજ થયું છે, માટે રૂપ જીતે ત્યારે તેજનું આવરણ જિતાય. પણ આ તો નાનાં પ્રકારનાં રૂપ જોવાં દોડતો ફરે, પણ ભગવાનના રૂપ જેવું એકેય રૂપ નથી. માટે રૂપ જીતે તો તેજનું આવરણ જીત્યું કહેવાય. અને સ્પર્શમાંથી વાયુ થયો છે, માટે સ્પર્શ જીતે ત્યારે વાયુનું આવરણ ભેદાય. પણ જીવ સ્પર્શ સારુ હેરાન થાય છે. સ્ત્રીનો વિષય છે તે સ્પર્શ વિષય છે. માટે સ્પર્શ તો એક ભગવાનનો ઇચ્છવો અને જેણે સ્પર્શ જીત્યો તેણે વાયુનું

આવરણ ભેદ્યું કહેવાય. શબ્દમાંથી આકાશ થયો. તે જેણે શબ્દ જીત્યો તેણે આકાશનું આવરણ જીત્યું કહેવાય. પણ નાના પ્રકારના શબ્દ સાંભળવા દોડે એવો જીવ છે. માટે જેણે શબ્દ જીત્યો તેણે આકાશનું આવરણ જીત્યું કહેવાય. અને અહંકાર નાના પ્રકારના આ જીવને હેરાન કરે છે, માટે જેણે અહંભાવ જીત્યો તેણે અહંકાર જીત્યો. નાત-જાતનો, માન-મોટપનો અનેક પ્રકારનો અહંભાવ છે તે જીતવો. સાતમું પ્રધાન-પુરુષ જે પ્રકૃતિનું આવરણ, તે સ્વભાવ જીતે તો પ્રકૃતિનું આવરણ જિતાય. અને આઠમું પુરુષનું આવરણ; તે સ્વામીની વાતોમાં કહ્યું છે કે જ્યાં સુધી પોતાને પુરુષ મનાશે ત્યાં સુધી સ્ત્રી જોશે ને પોતાને સ્ત્રી મનાશે ત્યાં સુધી પુરુષ જોશે. માટે બંનેના ભાવ ટાળી બ્રહ્મરૂપ થાવું જે, 'હું બ્રહ્મરૂપ એવો ભક્ત છું' એમ માને ત્યારે પુરુષનું આવરણ જિતાય.' એવી રીતે ઘણી વાત કરી.'' (૩૦૩)

ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે : ''ભગવાનના ધામમાં આઠ આવરણને ભેદે ત્યારે જવાય. તે આઠ આવરણ : પ્રથમ પૃથ્વીનું આવરણ, તેની માત્રા ગંધ છે. તે બ્રહ્માંડમાં જેટલાં ગંધમાત્ર છે તેમાં વૃત્તિ ન તણાય એટલે પૃથ્વીનું આવરણ ઉલ્લંઘાણું. બીજું આવરણ જળ ને તેની માત્રા રસ છે. તેને આશરીને જેટલા પદાર્થ રહ્યા છે, તે ક્યાંય ન લોભાય એટલે જળનું આવરણ ઉલ્લંઘાણું. ત્રીજું આવરણ તેજ છે, તેની માત્રા રૂપ છે. તે બ્રહ્માંડમાં રૂપમાત્રમાં વૃત્તિ ન તણાય એટલે તે આવરણ જિતાણું. ચોથું આવરણ વાયુ છે, તેની માત્રા સ્પર્શ છે. તે બ્રહ્માંડમાં જેટલા સ્પર્શમાત્ર છે તેમાં આસક્ત ન થાય તો વાયુનું આવરણ જિતાણું. પાંચમું આવરણ આકાશ, ને તેની માત્રા શબ્દ છે. તે કોઈ શબ્દે કરી અંતર ન ભેદાય તો આકાશનું આવરણ જિતાણું. અને છઠ્ઠું આવરણ અહંકાર છે. તે રજ, તમ અને સત્ત્વ એ ત્રણે ગુણ થકી પર ગુણાતીત વર્તે, એટલે ત્રણે ગુણમાં ન લેવાય તો અહંકારનું આવરણ ભેદ્યું કહેવાય. સાતમું આવરણ મહત્તત્ત્વ છે. તે ચિત્તને જીતે એટલે કે ચિત્તમાં એક ભગવાન વિના કોઈ આકારમાત્ર ન રહે, ત્યારે મહત્તત્ત્વનું આવરણ ગયું જાણવું. ને આઠમું આવરણ પ્રકૃતિનું છે, તે પ્રકૃતિ તે સ્વભાવરૂપે વર્તવું તે છે. તે સ્વભાવને જીતે તો પ્રકૃતિનું આવરણ જિતાણું જાણવું. એમ આ આઠેય આવરણો મુમુક્ષુને ભગવાનના મારગમાં વિઘ્નરૂપ છે. (સ્વા. વાત. : ૧૦/ ૨૮૭).

## ૧૦. પૃથ્વીનું આવરણ

ઉપરોક્ત વાતો પરથી સમજાય છે કે પહેલું આવરણ પૃથ્વી તત્ત્વ છે. તેને ભેદવાનું છે, પરંતુ પચાસ કરોડ જોજન પૃથ્વી છે તે કેવી રીતે ભેદાય ? બોરીંગમાં પણ આરપાર વીંધું પડતું નથી. જમીનથી ઉપર ૨૦૦ માઈલ સુધી પૃથ્વીનું વાતાવરણ છે. તે કેવી રીતે પાર કરાય ? કારણ કે ગુરુત્વાકર્ષણબળ પાછાં જ લાવી દે. પરંતુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે ગંધને જીતીએ એટલે પૃથ્વીનું આવરણ ભેદાઈ ગયું કહેવાય. કારણ, પૃથ્વીનું કારણ ગંધ છે.

ન્યાયદર્શન કહે છે : 'तत्र गन्धवती पृथिवी।' પૃથ્વીની તન્માત્રા ગંધ છે. તેને જીતવી એટલે સુગંધ-દુર્ગંધમાં સમભાવ કેળવવો. મનુષ્યમાત્રને સુગંધ ગમે છે. પેરીસમાં લોકો પરફ્યુમમાં જ રાચે છે.

અમદાવાદનો લલ્લુ બાદર દસ હજારની અત્તરની શીશી પાણીમાં ખાલી કરી તે પાણીથી નાહેલો. સારા દેખાવા લોકો શરીર પર અત્તર છાંટે છે. સારું લગાડવા લોકો વીઝીટીંગ કાર્ડ પર અત્તર છાંટે છે, પરંતુ ગંધની આસક્તિ ઘણીવાર જીવલેણ નીવડે છે.

સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે કે –

'रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः।
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥'

એક ભમરો સમી સાંજે કમળ પર સુગંધ લેવા બેઠો. સૂર્યાસ્ત થતાં ધીરે ધીરે કમળ બીડાવા લાગ્યું, પણ સુગંધમાં મસ્ત તે ભમરો કમળને છોડીને ઊડી ન ગયો અને અંતે કમળ સંપૂર્ણ બીડાઈ ગયું. તે વખતે ભમરો અંદર બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો કે 'રાત્રિ જશે, સવાર પડશે, સૂર્ય ઊગશે, કમળ ખીલશે અને હું બહાર નીકળી જઈશ.' પરંતુ ત્યાં તો એક હાથી તળાવમાં પાણી પીવા આવ્યો અને તેણે પોતાના પગ વડે કમળને ચગદી નાખ્યું. ભમરાભાઈના પણ રામ રમી ગયા ! સુગંધની આસક્તિને કારણે કમળની કોમળ પાંખડીઓને પણ ભમરો ભેદી ન શક્યો અને મરણને શરણ થયો. તેથી જ કોઈ કવિએ લખ્યું છે :

*'ભ્રૂં ભ્રૂં કરી કાષ્ઠ કઠિન કાપે, કૂણું અરે! પુષ્પ નહીં કપાયે.'*

શ્રીમદ્‌ભાગવતમાં પવિત્ર બ્રાહ્મણ અજામિલની વાત આવે છે. વેદધર્મ પ્રમાણે રહેનાર આ અજામિલે એકવાર વેશ્યાના અંબોડામાંથી પડેલું ફૂલ સૂંઘ્યું અને તેના અધઃપતનની શરૂઆત થઈ. અંતે તે યવનની કક્ષામાં પહોંચી ગયો.

આમ, સૌને સુગંધ ગમે છે, પણ દુર્ગંધનો અણગમો રહે છે. અપાન-વાયુ કોઈને ન ગમે.

ગુણાતીતાનંદ સ્વામીનો ઉતારો એકવાર ગમાણ સાફ કરીને ત્યાં રાખવામાં આવેલો. ત્યાં તો દુર્ગંધ દુર્ગંધ મારતી હતી. તેથી એક સમાધિનિષ્ઠ સાધુ અકળાઈ ગયા. સ્વામીને તેઓએ આ બાબતે વાત કરી. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે : 'તમને દુર્ગંધ લાગતી હોય તો સમાધિમાં ઊતરી જાઓ ને !' ત્યાં તે સાધુ અકળાઈને કહે : 'મૂઈ આ સમાધિ.'

એકવાર ગુણાતીતાનંદ સ્વામી સંઘ સાથે વરતાલ જતા હતા. રસ્તામાં સોજિત્રા ગામે રોકાયા. અહીં ચરોતરના પાટીદારો સત્સંગ કરવા આવ્યા. તેઓને ગુણાતીતાનંદ સ્વામી કથા કરી રહેલા. તે વખતે સંઘમાં ગુણાતીતાનંદ સ્વામી સાથે આવેલા ઉપલેટાના લાલાભાઈ પણ સભામાં આવ્યા. તેઓનો ખેડુનો વેશ. તે પણ જૂનો, ગંધાતો. તેથી સૌ પાટીદારો નાકે રૂમાલ દેવા લાગ્યા. ગુણાતીતાનંદ સ્વામી આ જોઈ ગયા. તેથી લાલાભાઈનો મહિમા સમજાવતાં કહ્યું : 'આ લાલાભાઈ સામાન્ય ભગત જણાય છે, પણ તેઓની સ્થિતિ ખૂબ ઊંચી છે. તેઓની દીકરી પંદર વર્ષની થઈ છે, છતાં તેની નાકની દાંડી સામે લાલાભાઈએ જોયું નથી.' એમ સ્વામીએ લાલાભાઈનો મહિમા કહ્યો, પરંતુ કોઈને દુર્ગંધ ગમતી નથી તે આ પ્રસંગ પરથી જણાય છે.

વિષ્ટાની કે મરેલાં ઢોરની બાજુમાં બેસાડીને કોઈ ગમે તેટલું સારું જમાડે તોય જમીએ ખરા ?! પોતાનું જ છોકરું જો વિષ્ટાથી ખરડાયેલું હોય તોય આપણે ન અડીએ.

આ રીતે સુગંધમાં આકર્ષણ અને દુર્ગંધ પ્રત્યે સૂગ છે ત્યાં સુધી પૃથ્વીનું આવરણ ભેદાતું નથી. સુગંધ-દુર્ગંધ જેને સમ છે તે પૃથ્વીના આવરણને ભેદીને બ્રહ્માનંદ સુધી પહોંચી શકે છે.

ગુણાતીત સત્પુરુષના જીવનમાં આ વાત સિદ્ધ થયેલી દેખાય છે.

એકવાર યોગીજી મહારાજ ભાવનગરમાં સ્નાન કરતા હતા. તે વખતે

ખુશાલકાકા નામે એક હરિભક્તે કેસરવાળું દૂધ યોગીજી મહારાજ પર રેડ્યું. યોગીજી મહારાજ આ જોઈ ખૂબ ઉદાસ થઈ ગયા હતા. સુગંધથી અનાસક્ત યોગીજી મહારાજ દુર્ગંધથી પણ લેશ અકળાતા નહીં. ગોંડલમાં ઉકરડા ઉથામરાવે. પોતે ત્યાં ખુરશી નાખીને શાંતિથી બેસે. ગમાણમાં પણ આનંદથી ઉતારો કરતા.

સને ૧૯૭૪માં પ્રમુખસ્વામી મહારાજ લંડનથી ન્યૂયોર્ક પ્લેનમાં જતા હતા. તે વખતે ભટેસાએ સ્વામી ઉપર અત્તર છાંટ્યું. તે જોઈ સ્વામી ખિન્ન થઈ ગયેલા. સુવાસિત પદાર્થોથી સહજ નિઃસ્પૃહ પ્રમુખસ્વામી મહારાજ ગામડાંઓમાં વિચરણ દરમ્યાન દુર્ગંધ મારતા આદિવાસીઓના ઘરે પ્રેમથી રોકાયેલા છે.

આમ, તેઓને સુગંધ-દુર્ગંધમાં સમભાવ છે. તેથી જ તેઓને બ્રહ્માનંદ લૂંટવામાં પૃથ્વી તત્ત્વનું આવરણ નડતું-કનડતું નથી. આવા ગુરુના સહારે આપણે પણ ગંધ જીતી, પૃથ્વીનું આવરણ તોડવાનું છે.

## ૧૧. જળનું આવરણ

પૃથ્વી પછી બીજું આવરણ જળ તત્ત્વનું છે. તેને પણ ભેદવું અઘરું છે. આપણે જોઈ પણ શકીએ છીએ કે સાગરોનો પાર પમાતો નથી. અરે ! સાગરના એક ભાગનો તાગ પણ મળતો નથી. બર્મુડા ટ્રાયઍન્ગલ પર ઊડનારા પ્લેન કે તેની નજીક જનારી સ્ટીમરોનો પત્તો લાગતો નથી. ટાઈટેનિક કે હાજી કાસમની 'વિજળી' સાગરમાં ગરક થઈ ગઈ અને નંદરાજાનું ધન સાગરમાં ક્યાં પડ્યું છે તે ક્યાં પકડી શકાયું છે ? સાગરમાં અઢળક સંપત્તિ છે, પણ કોઈ કાઢી શકતું નથી. આમ, જળ અગાધ અગાધ અગાધ છે. કહેવાય છે કે પૃથ્વી પર ૭૧% પાણી છે. હવે તેના પારને કેવી રીતે પામવું ? કારણ કે પૃથ્વીનો જ પાર પમાતો નથી.

પરંતુ જળની તન્માત્રા રસ એટલે કે રસાસ્વાદ છે. તે સ્વાદવૃત્તિ જિતાય તો જળનું આવરણ ભેદાય. પરંતુ તે સ્વાદવૃત્તિ જીતવી ઘણી કઠણ છે.

ભાગવતમાં કહ્યું કે 'जीतं सर्वे जीते रसे।' (૧૧/૮/૨૧)

શિક્ષાપત્રીમાં પણ લખ્યું : 'सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः।' (શ્લો.-૧૮૯)

વ્યક્તિ ઘરડો થાય પણ જીભ જુવાન જ રહે છે ! ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'ઋષભદેવે અંતકાળે મોઢામાં પાણો નાખ્યો. કાં જે, ખાવાનો અભ્યાસ.' આમ, સ્વાદવૃત્તિ તૂટવી ઘણી દુષ્કર છે. ડાયાબિટીસ હોય તોય જલેબીનાં ગૂંચળાં ઓહિયાં કર્યા વિના ઘણા રહી શકતા નથી.

ખેડાની ચા કે ગોંડલના ગોટા કે ખપોલીના બટાટાવડાં ખાવા લોકો દૂર દૂરથી જાય છે. Wet Wet Wet નામના સંગીતવૃંદના સંગીતકારો ગ્લાસગોથી ડેનમાર્ક ૮૦૦ માઈલનું અંતર ૪૦૦ પાઉન્ડ પ્લેનનું ભાડું ખર્ચી ગયા હતા, ૧૩૫ પાઉન્ડની ઈન્ડિયન કઢી (Indian curry) ખાવા.

આવી સ્વાદવૃત્તિને કારણે ઘણી ધમાલ પણ મચી જાય છે. યોગીજી મહારાજ ભૂંડકેરાળા ગામના લવિયા દરજીની વાત કરતા. દરજી એક પટેલના ઘેર લૂગડાં સીવવા ગયેલો. પટેલની વાડીમાં રીંગણાં સારાં થયેલાં, તેથી થેલી ભરી તેણે લવિયાને પણ ઘેર લઈ જવા આપ્યા. લવિયાએ હજી સંચો શરૂ કર્યો નહોતો. તેને થયું : 'અત્યારે રીંગણાં હું ઘેર પહોંચાડી દઉં તો બપોરે હવેજ ભરેલું રીંગણાંનું શાક ખાઈ શકીશ.' તે સંચા પરથી ઊઠી ઘર ભણી ઊપડ્યો. ઉતાવળ હતી તેથી ઘરના ઉંબરે જ થેલી મૂકી, ઊંચે અવાજે અંદર રહેલ પત્નીને રીંગણાંનું શાક બનાવવાનું કહી, પટેલને ઘેર કપડાં સીવવા પાછો ફર્યો. પરંતુ તે વખતે પત્નીએ અડદની દાળ ઓરી દીધેલી, તેથી 'રીંગણાંનું શાક કાલે કરીશું' તેમ વિચારી, તેણે તેને બાજુમાં મૂકી દીધાં.

આ બાજુ લવિયાને તો કપડું સીવતાં સીવતાં રીંગણાંના જ વિચાર આવ્યા કરે - 'હવેજ ભરાતો હશે, વઘાર થતો હશે,' એવા વિચારમાં ને વિચારમાં સીવતાં કપડાં પર પણ લાળ પડતી જાય. માંડ માંડ બાર વગાડ્યા અને સંચો બંધ કરતાંક સીધો લવિયો પહોંચ્યો ઘેર. તરત જ રીંગણાંનું શાક હાજર કરવા ફરમાન કર્યું; પણ પત્નીએ શાક કર્યું નથી તે વાત જાણીને લવિયાનો પિત્તો ગયો. તેણે બરાડીને કહ્યું : 'મૂઈ !! આનાં કરતાં તો સાંગા પટેલના કૂવામાં ડૂબીને મરી ગઈ હોત તો સારું થાત.'

પત્નીને આ વેણ હાડોહાડ લાગી ગયાં. ભાણું પીરસી પાણી ભરવાના બહાને બેડું લઈ તે બહાર ગઈ. તે ગઈ તે ગઈ. સાંગા પટેલના કૂવામાં જઈને ખાબકી. પળમાં બૂડબૂડિયાં બોલી ગયાં. લવજીને આ સમાચાર મળ્યા ત્યારે પસ્તાવા સિવાય કાંઈ બાકી રહ્યું નહોતું. પછી બાર વરસ સંચો

ચલાવ્યો ત્યારે માંડ લગ્ન ભેગો થયો અને તે પછી રીંગણાંનો વઘાર બેઠો હશે ! સ્વાદવૃત્તિનું કેવું વરવું પરિણામ !

મુંબઈમાં આવો જ એક આધુનિક લવિયો થઈ ગયો. નામ તેનું ગૌતમ ઘાસ્ટે. લવિયાની જેમ તેની પત્ની સાવિત્રીએ બનાવેલી કઢી ખૂબ ભાવી ગઈ. બપોરે કામે જતાં પત્નીને કહીને ગયેલો કે 'સાંજે કઢી રાખી મૂકજે.' પણ પત્નીએ વિચાર્યું : 'રાતે બીજી બનાવી લઈશું.' અને તેણે તપેલી સફાચટ કરી દીધી.

સાંજે પતિ કઢી ખાવા વહેલો આવ્યો અને જાણ્યું કે કઢી તો પત્ની ખાઈ ગઈ છે. તેને ગુસ્સો ચઢ્યો અને ત્રીજે માળેથી પત્નીને નીચે પધરાવી દીધી. તેના ફળ સ્વરૂપે આજે તે જેલની હવા ખાઈ રહ્યો છે.

આમ, સારાં સ્વાદિષ્ટ ભોજનનો રસ છોડવો અઘરો છે. માણસ ખુવાર થઈ જાય છતાં તે આસક્તિ તૂટતી નથી. પરંતુ જેને શાશ્વત આનંદ મેળવવો હોય તેણે આ ક્ષણિક સુખમાંથી પાછા વળવું પડે.

ગુણાતીતાનંદ સ્વામી કોઠીમાં દાણા ભરે તેમ જમી લેતા, આસક્તિ રહિત થઈને.

એકવાર રઘુવીરજી મહારાજે સ્વામીને પેંડા ધર્યા, ત્યારે સ્વામી બોલ્યા : 'પાંચસો પરમહંસો ગળું ઝાલે છે કે ખાઈશ મા ! ખાઈશ મા ! ઝેર છે.'

સ્વામીને મન મિષ્ટાન્ન ઝેર તુલ્ય હતું.

યોગીજી મહારાજ પણ જૂનાગઢમાં રસોઈના દિવસે ઉપવાસ કરી લેતા. તેઓને 'આ ભાવતી વાનગી' એવું કશું જ નહોતું. તેઓ કહેતાં : 'ઠાકોરજીના થાળમાં જે આવે તે બધું ભાવે.' એકવાર મુંબઈમાં તૂરિયાંની કઢી કરેલી, પણ સાવ કડવી બનેલી. છતાં તેઓએ એક હરફ ઉચ્ચાર્યા સિવાય જમી લીધેલું.

એકવાર યોગીજી મહારાજ ડાંગરામાં હતા. ત્યાં કો'ક ભાવિક ભક્તે રસની રસોઈ આપેલી. યોગીજી મહારાજ સૌને પીરસીને જમવા બેઠેલા. પત્તરમાં રસ લીધો હતો ત્યાં જ હરિભક્તો પધાર્યા. યોગીજી મહારાજ જાણી ગયા કે બપોરના સમયે આવ્યા છે તો જમવાનું બાકી જ હશે. તેઓએ કોઈ ન જાણે તેમ પોતાના પત્તરમાં લીધેલો રસ તપેલીમાં પાછો નાખી દીધો ને આગંતુક હરિભક્તોને તે પીરસીને તૃપ્ત કર્યા. પોતે પાછળથી દાળ વગેરે જે વધ્યું હતું તે જમીને વાસણ ઊટકવાની સેવામાં પરોવાઈ ગયા. સ્વાદની

સ્પૃહા ન હોય તો જ આમ બની શકે.

તેઓની સાથે ફરતા યુવકોને પણ તેઓ આ તાલીમ આપતા – રસોઈના દિવસે ઉપવાસ કરવાની.

આજે પ્રમુખસ્વામી મહારાજની પણ નિઃસ્વાદી જીવનશૈલી છે.

અમદાવાદમાં એકવાર કાંકરાળી રોટલી તેઓ સ્વસ્થતાથી જમી ગયેલા. સાંકરીમાં કડવી દૂધીનાં ઢેબરાં હોય કે જાપાનમાં શીરામાં મીઠું હોય પણ સ્વામી તે લેશપણ અકળાયા વિના જમી ગયા છે. ખાટું, ખારું, તીખું, મોળું વગેરે અનેક અગવડયુક્ત ભોજન તેઓએ કોઈ ફરિયાદ કે ફરમાઈશ વગર આરોગ્યાં છે. જમતી વખતે પણ ગ્રંથવાંચન દ્વારા સતત કથારસ માણતાં તેઓને જોઈએ ત્યારે સહેજે પરખાઈ જાય કે આ નિઃસ્વાદી સંત છે. તેમના સંગે આપણે પણ નિઃસ્વાદી થઈએ તો જળ તત્ત્વનું આવરણ આત્મા આડેથી હટે ને બ્રહ્માનંદ ઢૂંકડો બને તેમ છે.

## ૧૨. તેજનું આવરણ

ત્રીજું તેજ તત્ત્વનું આવરણ આત્મા આડે છે. 'सहस्रमरीचिमालिनी दीपको ब्रह्माण्डभाण्डस्य...' એવા સૂર્યને ભેદવાની તો વાત જ ક્યાં કરવી, પણ તેની નજીક પણ જવાય તેમ નથી. પ્રકાશની ગતિ જેટલી આપણી ગતિ ક્યાં ? માટે તે તેજને કાપવું કઠણ છે. પરંતુ તે તેજની તન્માત્રા રૂપ છે. રૂપ-કુરૂપ જીતી લઈએ તો તેજ તત્ત્વ ભેદાયું તેમ સમજવું.

રૂપમાં તો બ્રહ્માથી માંડીને દેવ-દાનવ બધા ખેંચાણા છે. શ્રીજીમહારાજ કહે છે કે શિવજી મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા છે ને બ્રહ્મા સરસ્વતીમાં લોભાયા છે. વિશ્વમોહિનીએ નારદજીના અને તિલોત્તમાએ સુંદ-ઉપસુંદના પાણી ઉતારી નાખ્યા છે. સૌભરી, ચ્યવન, પરાશર, વિશ્વામિત્ર જેવાની વિકેટ પણ રૂપ આગળ ઊડી ગઈ છે. ૧૬,૧૦૦ પટરાણીઓ ભગવાનને પડ્યા મૂકીને સાંબમાં મોહ પામેલી.

આજના યુવાનો રૂપ જોઈને લગ્ન કરે છે. પહેલાં તેને સ્ત્રી ચંદ્રમુખી લાગે. લગ્ન પછી ઝઘડા થતાં સૂર્યમુખી લાગે ને પછી ઝઘડાની પરાકાષ્ઠાએ તે જ્વાળામુખી બને. છેવટે પરિણય છૂટાછેડામાં પરિણમે.

મજનુ લયલાના રૂપમાં ગાંડો થયેલો. કોઈએ કહ્યું, 'આવી પ્રીત

ભગવાનમાં કર તો બેડો પાર થઈ જાય.' ત્યારે આ રૂપના અફીણીએ કહ્યું, 'ભગવાનને મને મળવું હોય તો લયલા બનીને આવે.'

શ્રીજીમહારાજ કહે છે : 'જ્યારે રૂપવાન સ્ત્રી હોય ને તે સભામાં આવે ત્યારે ગમે તેવો ધીરજવાન હોય તેની પણ દૃષ્ટિ તેના રૂપને વિષે તણાયા વિના રહે નહિ.' (વચ. ગ.મ. ૩૦)

કૉમ્પ્યુટર કે ઇન્ટરનેટ પર પોર્નોગ્રાફીનું જ વર્ચસ્વ રહે છે, તેનું કારણ રૂપ પ્રત્યેનું આકર્ષણ જ છે. આંતરજાતીય, આંતરદેશીય કે આંતરધર્મીય લગ્નોમાં પણ રૂપ જ કારણભૂત હોય છે ને ! રાવણે રૂપના આકર્ષણથી જ સુવર્ણલંકા રોળી નાખી. કીંગ એડવર્ડે મીસીસ વાલીસ સીમ્પ્સન પાછળ બ્રિટનની રાજગાદી છોડી દીધી. ઘણી જગ્યાએ સારી ટી.વી. સિરીયલ જોવાને માટે રવિસભાઓના સમય બદલવાની માગ ઊભી થયેલી. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'સુરતના માણસો ખાધા પછી નજરાં નાખવા ન જાય તો ખાધેલું પચે નહીં.'

દેવાનંદ સ્વામીએ તો સ્પષ્ટપણે લખ્યું છે :

*'માનુનીઓનાં મુખ જોવાને આંખડિયું અટકાવે...'*

આમ, રૂપના મોહને છોડવો કપરો છે, પરંતુ જેને બ્રહ્માનંદની ભાળ મળી ગઈ છે તેવા ગુણાતીત સત્પુરુષો આ આકર્ષણથી સર્વદા અલિપ્ત રહી જાણે છે.

ગુણાતીતાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીના મંડળમાં સુરત ગયેલા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ તેઓના મંડળના સંતોને પ્રશ્ન પૂછ્યો કે 'આપણા ઉતારાની સામેના મકાનમાં નીલ વાંદરું રહે છે. તે પર જેમની દૃષ્ટિ ન ગઈ હોય તે ઊભા થાઓ.'

સભામાંથી કોઈ ઊભું ન થયું, કારણ કે આવતાં-જતાં એકાદવાર તો તેના પર બધાની દૃષ્ટિ પડી જ ગયેલી. તે વખતે એક ગુણાતીતાનંદ સ્વામી ઊભા થયા, જેઓને આજે મુક્તાનંદ સ્વામીએ કહ્યું ત્યારે ખબર પડી હતી કે સામેના મકાનમાં નીલ વાંદરું રહે છે.

ગુણાતીતાનંદ સ્વામી સુરતમાં રોજ ભિક્ષા માંગવા જતા, છતાં ઊંચી નજર કરીને જોતા નહીં. તેમને કદી નિયમભંગનો ઉપવાસ પડ્યો નહોતો.

અક્ષરાનંદ બ્રહ્મચારીએ દરેડમાં ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરેલાં.

ગુણાતીતાનંદ સ્વામી રાત્રીએ કથા કરતા ત્યારે તેઓ આંખ ઉઘાડ-બંધ કરે તે વખતે તેઓની આંખમાંથી તેજ છૂટતું તેઓએ જોયું હતું.

દાદાખાચરની બહેનો જીવુબા અને લાડુબા રૂપાળા કાઠિયાણી હતા. તેઓને પરણાવેલા પણ શ્રીહરિના યોગ પછી સાસરે જતા નહોતા. ત્યારે શ્રીહરિએ લાડુ બારોટને સમજાવવા મોકલેલા. તેમણે શિષ્ટ શૃંગારરસની વાતો કરીને પરણેલ સ્ત્રી સાસરે શોભે એવી વાતો કરી. ત્યારે તે બહેનોએ તેઓને કહ્યું : 'જેમ સોનાની ગાગરમાં મહિનાનું મળ-મૂત્ર ભરીને પછી તેને રેશમનું વસ્ત્ર બાંધીને સભામાં લાવી તે વસ્ત્ર ખોલીને ગાગરને ઠાલવે તો કેવું લાગે?' આ સાંભળી લાડુ બારોટને ઉલટી થઈ ગઈ. ત્યારે તે બહેનોએ કહ્યું : 'સોનાની ગાગરની જેમ આ તો રૂપે મઢ્યા અમારા દેહ છે, પણ અંદર તો હાડ-ચામ જ ભર્યું છે.'

ભગતજી મહારાજ પણ દેવાંગના જેવી સ્ત્રીઓનાં કપડાં સીવતાં પણ તેઓની નજર નિર્વિકાર રહેતી.

યોગીજી મહારાજની દૃષ્ટિ મુસાફરી દરમ્યાન પણ કાયમ ઢળેલી જ રહેતી. દુનિયાનાં રૂપ તેઓને મન વિષ્ટાના ઢગલા સમાન હતાં.

આજે પ્રમુખસ્વામી મહારાજ દેશ-વિદેશમાં ફરે છે, છતાં કંચન-કામિનીના ત્યાગમાં કોઈ ફેર પડવા દેતા નથી.

સને ૧૯૮૭માં હરિદ્વારમાં શ્રીહંસપ્રકાશજીએ કહેલું કે 'चारित्र्य-भूषणाः सन्तः।' એ ન્યાયે સ્વામીનું ચારિત્ર્યરૂપી ભૂષણ ૮૫ વર્ષમાં ક્યારેય નંદવાયું નથી. તેઓના પ્રસંગ દ્વારા મુમુક્ષુ રૂપને જીતીને, તેજ તત્ત્વનું આવરણ ભેદી, અક્ષરધામના સુખ તરફ ગતિ કરી શકે છે.

## ૧૩. વાયુનું આવરણ

ચોથું આવરણ વાયુ તત્ત્વનું છે. તેને પણ ભેદવું કઠણ છે. દુનિયામાં વિવિધ સ્થળોએ ઝંઝાનીલની હોનારતો ટાણે મહાકાય વ્યવસ્થાતંત્રો પણ વામણાં પૂરવાર થાય છે. તેની આગળ બાથ ભીડવી ખૂબ અઘરી છે. પરંતુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે સ્પર્શ વાયુની તન્માત્રા છે. જો સારા-નરસા સ્પર્શને જીતી લઈએ તો વાયુ તત્ત્વનું આવરણ પાર કરી શકાય.

ભરતજી રાજપાટ છોડીને જંગલમાં સાધના કરવા ગયા હતા, પરંતુ

મૃગલાના મૃદુ સ્પર્શમાં ત્રણ જન્મ ઊભા કરી દીધા. એટલે સુંવાળા મૃદુ સ્પર્શને છોડવો સહેલો નથી. ઘણા ત્વચાને સુંવાળી રાખવા જાતજાતના ક્રીમ લગાડતા હોય છે. બસમાં, ટ્રેનમાં કે મંદિરોમાં સ્પર્શસુખ સારુ જ ઘણીવાર ધક્કામુક્કી અને પડાપડી થતી હોય છે. પરંતુ જ્યાં સુધી આવી સ્પર્શ વિષેની આસક્તિ રહે છે ત્યાં સુધી અક્ષરધામનું અવિચળ સુખ વેગળું રહે છે. જેણે જેણે બ્રહ્માનંદ મેળવ્યો છે તેણે કઠોર-મૃદુ, સુંવાળા-ખરબચડા વગેરે અનેક પ્રકારના સ્પર્શની આસક્તિને તિલાંજલિ આપી, વાયુ તત્ત્વના આવરણને છેદી નાખ્યું છે.

એકવાર રઘુવીરજી મહારાજના સિગરામમાં બેઠેલા ગુણાતીતાનંદ સ્વામીને લટકતું રેશમનું ફૂમતું સહેજ અડ્યું ત્યાં તો તેઓ બોલી ઊઠ્યા : ‘અમને જડભરત સાંભર્યા.’ કેટલું અનુસંધાન ! સ્વામીએ પોતાનાં ચરણ ખાસડા જેવા કઠોર કરી મૂકેલા, જેથી કાંટો પણ વાગે નહીં અને ધગે પણ નહીં.

ગુણાતીતાનંદ સ્વામી તો નાના બાળકના સ્પર્શનો નિષેધ પણ સાધુને ફરમાવતાં કહેતા : ‘જ્યાં સુધી દાઢી-મૂછ ન ઊગી હોય ત્યાં સુધી તેમાં સ્ત્રીનો ભાવ કહેવાય. તે સારુ એવા સામું દૃષ્ટિ માંડીને જોવું નહીં. ને એવા સામું જોયા કરે તો સ્ત્રી સામું પણ જોવાય, માટે એવામાં હેત ન કરવું.’ (સ્વા. વાત. ૨/૧૨૫)

ભગતજી મહારાજ કદી જોડા પહેરતા નહીં. તેઓના વાઢિયા શાસ્ત્રીજી મહારાજ ઠીકરું ઘસીને ઘણીવાર સાફ કરતા.

યોગીજી મહારાજ પણ જેવું-તેવું ગાદલું વાપરવાની શીખ યુવકોને આપતા. હાથનું ઓશિકું કરવાનું કહે. પોતે તો વર્ષો સુધી કોથળા પર જ સૂતેલા. મૃદુ સ્પર્શની સહેજ પણ ઈચ્છા તેઓમાં જોવા ન મળતી.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ ત્વચાને સુખદાયક કોમળ સ્પર્શની લેશપણ સ્પૃહા જણાતી નથી. તેઓ અત્યાર સુધીમાં ઘણીવાર ટ્રેક્ટરની ટ્રોલીમાં પણ સૂતા છે, ગાડામાં પણ સૂતા છે, રેતીના ઢગલા પર કે વેકરામાં પણ સૂતા છે. બોચાસણમાં ઘણા વખત સુધી બે બાંકડા ભેગા કરી તે પર સૂઈ જતા.

આ રીતે સારા-નરસા સ્પર્શથી પર વર્તીને વાયુ તત્ત્વનું આવરણ જે મુમુક્ષુ ભેદે છે તે બ્રહ્માનંદનો ભોગી બને છે.

## ૧૪. આકાશનું આવરણ

આત્મા આડે પાંચમું આવરણ આકાશનું છે. તેનો પાર પામવો પણ ઘણો કઠિન છે. રોકેટ પણ પાર પામી શકતું નથી. ૫૫,૦૦૦ માઈલની ઝડપવાળા વોયેજર પણ શનિ સુધી જઈ તેના ફોટા પાડી લાવે છે, પરંતુ તેથી આગળ અનંત આકાશગંગાઓ છે.

કલાપી કહે છે :

*'તારા વિષે તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં;*
*તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.'*

હજી તો ઈન્દ્રના લોક સુધી પણ આપણે પહોંચ્યા નથી, તો અનંત આકાશનો પાર તો કેવી રીતે પામી શકાય ? પરંતુ કહ્યું છે કે 'शब्दगुण-कमाकाशम्।' શબ્દ આકાશની તન્માત્રા છે. તેને જીતીએ તો આકાશનું આવરણ ભેદાય.

સારા શબ્દો સાંભળવા, પ્રશંસા સાંભળવી સૌને ગમે છે. 'વાહ... વાહ...' સૌમાં નવીન ચેતનાનો સંચાર કરી જાય છે, પરંતુ અપમાનમાં સૌ વિલાઈ જાય છે. શબ્દથી ઘણીવાર દૃઢ કરેલી સમજણ પણ ફરી જાય છે. વિજ્ઞાનદાસનાં વચનોથી અક્ષર સ્વામીને શાસ્ત્રીજી મહારાજ વિષે ભાવફેર થઈ ગયેલો; પણ શબ્દથી સમજણ ન ફરે તો શબ્દ જીત્યો કહેવાય.

શબ્દમાં અનંત શક્તિ રહેલી છે. કહ્યું છે કે –

*'શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યાં રાજ;*
*જેણે શબ્દ વિચારિયા, તેનાં સરિયાં કાજ.'*

દ્રૌપદીએ દુર્યોધનને 'અંધના અંધ' એમ એક શબ્દ કહ્યો. તેમાંથી મહાભારત સર્જાયું. જૂનાગઢી સંત બાલમુકુંદ સ્વામીનું મંડળ નડિયાદ પધારેલું. તેમાં એક જગ્યાએ એક પધરામણી વખતે મંડળના રૂપાળા સાધુને જોઈને દૂર બેઠેલાં બૈરાંઓમાંથી કો'ક બોલ્યું : 'આ તો આપણામાં શોભે એવો છે.'

આ શબ્દો પેલા સાધુએ સાંભળ્યા અને તે ત્યાગાશ્રમ છોડીને ચાલી ગયા. બીજી બાજુ માતા મેનાવતીના એક શબ્દે ગોપીચંદે રાજપાટ છોડી દીધેલાં. આમ, શબ્દમાં ઘણી શક્તિ છે. તેને જીતવો અઘરો છે.

ક્યારેય કોઈ શબ્દ જ ન લાગે તો શબ્દ જીત્યા ગણાય. કોઈ આપણને ‘ગધેડો’ કહે તો તપાસવું કે ચાર પગ અને પૂછડું છે કે નહીં ? તે વખતે એમ માનવું કે બોલનાર અજ્ઞાની છે. કોઈ એકાંતિક કહે તો પણ તપાસવું કે આપણામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ છે કે નહીં ? પરંતુ ‘હોઉં તો હોઉં’ એવું તે વખતે થઈ જવું ન જોઈએ. સમજવું કે બોલનારા મહિમાવાળા છે, પણ મારે ઘણું કરવાનું બાકી છે.

ગુણાતીતાનંદ સ્વામીએ શબ્દ જીતેલો તો અપમાનને હસતાં હસતાં જીરવી શકતા. જેમ બુલેટપ્રૂફ જેકેટ પહેરેલું હોય તો ગોળી ન વાગે, તેમ ભગતજી મહારાજે શબ્દપ્રૂફ જેકેટ પહેરેલું. તેમને એકેય હલકો શબ્દ ક્ષોભ પમાડી શકતો નહીં. તેઓ કહેતા કે ‘ગુણાતીતે મારું બખ્તર એવું ઘડ્યું છે કે મને એકેય ટોચો જ ન લાગે.’

યોગીજી મહારાજ પણ એવા શબ્દાતીત હતા. તેઓ તો કહેતા : ‘કોઈ મને ટોકે, વઢે તે ગમે... કોઈ ભૂલ દેખાડે તે ગમે.’

યોગીજી મહારાજને મજૂરો પણ વઢી જાય. તોય તે સદા હસતા જ રહેતા.

પ્રમુખસ્વામી મહારાજને એક વ્યક્તિ બોચાસણમાં અણસમજણને કારણે બેફામ અપશબ્દો બોલી ગઈ. તેનો ઊભરો ટળી ગયા પછી તે ગયા અને સ્વામીને આરામ કરવાનો સમય થયેલો તેથી તેઓ સૂઈ ગયા. જાગ્યા ત્યારે સંતોએ પૂછ્યું : ‘સ્વામી ! પેલી વ્યક્તિ આપનું આટલું બધું અપમાન કરી ગઈ તોય આપને ઊંઘ આવી ગઈ ?’

સ્વામીશ્રી કહે : ‘એમાં શું ? એ ગાળ તો દેહને દઈ ગયો. આપણે તો આત્મા છીએ. આત્માને ક્યાં શબ્દ લાગે છે ?!’

સને ૧૯૮૫માં લંડનમાં સ્વામીની ભવ્ય સુવર્ણતુલા થઈ. એ સન્માન બાદ તેઓ ઉતારે પહોંચ્યા ત્યારે એક હરિભક્ત ગેરસમજને કારણે સ્વામીનું અપમાન કરી ગયા, પરંતુ સન્માનની જેમ અપમાન વખતે પણ તેઓ એટલા જ સ્થિર હતા ! આવા ગુરુ થકી આપણે પણ શબ્દને જીતી, આકાશ તત્ત્વના આવરણને ભેદી શકીએ છીએ.

## ૧૫. અહંકારનું આવરણ

છઠ્ઠું આવરણ અહંકારનું છે. ત્રણ પ્રકારનો અહંકાર કહેવાય છે.

રાજસિક અહંકાર, જેનું પરિણામ કામાદિક સ્વભાવ છે. તામસિક અહંકાર, જેનું પરિણામ ક્રોધાદિક સ્વભાવ છે. સાત્ત્વિક અહંકાર, જેનું પરિણામ સત્કાર્ય અને સદ્‌ગુણોનું માન ગણી શકાય.

આ ત્રણ પ્રકારના અહંકારથી પર ગુણાતીત વર્તે એટલે અહંકારનું આવરણ ભેદાય.

રામાનુજાચાર્ય 'अहंप्रत्ययोऽऽत्मा' કહે છે. તે અહંકારનું વિકૃત-વિસ્તૃત રૂપ થાય તે ઉપરોક્ત ત્રિગુણમય અહંકાર. આ આવરણ ભેદવું અઘરું છે.

ભગવાનના આશીર્વાદથી દેવો દાનવો સામે જીતેલા. પણ જીતના ઉન્માદમાં, વિજય સમારંભમાં ભગવાનને જ આમંત્રણ આપવાનું ભૂલી ગયા. ભગવાને યક્ષનું રૂપ લઈ તેમને પાઠ ભણાવ્યો કે તમારાથી તો એક સૂકું તરણું પણ હલાવી કે જલાવી શકાતું નથી. આથી, દેવોનો અહંકાર ઓગળી ગયો.

યોગવાશિષ્ઠ મહારામાયણમાં (નિર્વાણ પ્રકરણ : ૬ - પૂર્વાર્ધ - સર્ગ : ૮૫) એક પ્રસંગ આવે છે. એકવાર શિખિધ્વજ રાજા સંન્યાસી થઈ ચાલી નીકળ્યો. તેની રાણી ચૂડાલા યોગિની સ્ત્રી હતી. તેણે જાણ્યું કે 'રાજાએ જે છોડવાનું છે તે છોડ્યું નથી અને જે નથી છોડવાનું તે છોડ્યું છે. તેથી નક્કી વિઘ્ન આવશે.' માટે તેને સાચી વાત સમજાવવા રાજા પર્ણકૂટી બાંધીને જ્યાં રહેલો તે મંદરાચળ પર્વતના વનમાં બ્રાહ્મણપુત્રનું રૂપ લઈને ગઈ.

ત્યાં જઈ રાજાને પૂછ્યું : 'તમે જ શિખિધ્વજ રાજા ?'

'હા.'

'તમે જ રાજપાટ છોડી દીધું છે ?'

'હા.'

'તો આ ઝૂંપડી કોની છે ?'

'તે તો મારી જ હોય ને ! મેં જાતે બાંધી છે અને તેમાં હું રહું છું.'

'હજી 'હું હું' રહ્યા કરે છે તો ત્યાગ્યું શું ?'

બ્રાહ્મણપુત્ર આટલું બોલ્યો ત્યાં તો રાજાએ ઝૂંપડી સળગાવી દીધી. પછી કહ્યું : 'બસ, હવે જોયોને મારો ત્યાગ.'

બ્રાહ્મણપુત્ર કહે : 'આ તો બરાબર, પણ આ દેહ છે તે કોનો ?'

'તે તો મારો જ હોય ને !'

'તો હજી દેહને વિષેથી અહંબુદ્ધિ છૂટી નથી ત્યાં સુધી ત્યાગ્યું શું ?'

રાજા આ સાંભળી ચિતા ખડકી બળવા તૈયાર થયો. ત્યારે તે બ્રાહ્મણપુત્રે પૂછ્યું : 'ઊભા રહો... ઊભા રહો... જરા કહેતાં તો જાઓ કે આ દેહ બળી જાય પછી રાખ વધે તે કોની ?'

રાજા કહે : 'તે તે મારી જ કહેવાય ને !'

આ વખતે રાણીએ અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. રાજા તો રાણીને જોઈ આભો જ બની ગયો. રાણીએ કહ્યું : 'તમારે આ હું... હું... અને મારું... મારું... રહ્યા કરે છે તે છોડવાનું છે. રાજપાટ નહીં. જો અહં છૂટશે તો રાજ પણ બંધન નહીં કરે. તે નહીં છૂટે તો રાખ પણ બંધન કરશે.'

કવિ મન્સુરે અહંભાવની રાખ શરીરે ભૂંસવા યથાર્થ જ કહ્યું છે :

*'જલાકર ખુદનુમાઈકો ભસમ તન પર લગાતા જા.'*

આમ, રાજપાટ છોડવા સરળ છે, પણ અહં ઓગાળવો કઠણ છે.

ચીનના સમ્રાટ વૂએ દસ હજાર બોદ્ધ મંદિરો બંધાવેલા અને દસ હજાર ભિખ્ખુઓને તે જમાડતો હતો. આ વાતનો તેને અહંકાર હતો. બોધીસત્ત્વ નામના ગુરુએ તેને કહ્યું : ''હું કંઈક છું' એમ તું માને છે તે જ મહાપાપ છે.' આવી વૃત્તિને સી.એસ. લૂઈસે પણ તેમના 'મીયર ક્રિશ્ચ્યાનિટી' નામના પુસ્તકમાં પાપરૂપ ગણાવી છે.

'હું જ્ઞાની,' 'હું રૂપવાન,' 'હું સેવાભાવી' વગેરે વૃત્તિઓ પોતાને બીજાથી અલગ કરે છે અને તેમાંથી પ્રગટે છે – હુંકાર - અહંકાર. પોતે સેવાનું સારું કામ કરે અને તે ચોમેર જાણીતું થાય તે માટે આતુરતા રહે તો તે સેવામાં સુવાસને બદલે ગુમાનની ગંધ જ આવે છે. પ્રૉ. જ્હોન ડુઈ (John Duie) આ અહંકારી વૃત્તિને The desire to be important - એટલે કે પોતાની મહત્તા વધારવાની મહેચ્છા કહે છે.

અમદાવાદમાં એક ધર્મપ્રચારક પોતાની સિદ્ધિથી ફુલાતાં બોલી ઊઠેલા : 'This is my achievement.' ગીતામાં કહેલું અમાનિત્વ કેળવવું સાચે જ કઠિન છે.

કેવા જુદા જુદા પ્રકારના અહંકાર જીવને વળગેલા છે તેની વાત કરતાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે : 'અમને અહંકાર ન ગમે. તે અહંકાર ભક્તિપણાનો હોય, ત્યાગપણાનો હોય, વૈરાગ્યપણાનો હોય, બ્રહ્મપણાનો હોય, સમજણનો હોય, વર્તમાન પાળ્યાનો હોય; એ રીતનો જે જે અહંકાર તે

અમને ન ગમે.' (વચ. ગ.અં. ૨૬)

ભક્તિ અને સેવામાં પણ સતત સાવધાનીની જરૂર પડે છે. અંતરમાં જરા સરખો પણ સળવળાટ થાય તો સભાન થઈ પ્રથમ તો તેને પીછાણવાની કોશિશ કરવી કે રખેને એ અહંકારનો સળવળાટ હોય ! આ રીતે તેની યથાર્થ ઓળખ થાય અને ગુરુકૃપા ભળે તો અહંકારનું આવરણ તૂટે.

વચ. ગ.પ્ર. ૫૬માં શ્રીજીમહારાજ નિર્માનીપણાના પણ માનની વાત કરે છે. ઘણાને અહંકાર હોય કે 'આખા સત્સંગમાં મારા જેવો કોઈ નિર્માની નહીં.'

એકવાર ગોપાળાનંદ સ્વામીએ સભામાં કડવા પટેલની પ્રકૃતિ વિષે થોડી વાત કરી. ત્યાં તો સભામાં બેઠેલો એક સાધુ ગરજી ઊઠ્યો : 'કડવાએ શું તમારો બાપ માર્યો છે તે કડવાની પાછળ પડી ગયા છો ?'

ગોપાળાનંદ સ્વામીએ તરત કહ્યું : 'મને માફ કરજો સાધુરામ ! મને ખબર નહીં કે ત્યાગી થયાના ૪૦ વર્ષ પછીયે તમે કડવા જ રહ્યા છો.'

ઘણા માટે માન જ ચાલકબળ હોય. તેને કોઈ કહી દે કે 'આ કામ તમારા વિના કોઈ નહીં કરી શકે.' બસ, આટલામાં કસું તોડી નાખે. Ego-based - અહંકારી પ્રકૃતિવાળાને એમ જ રહે કે 'હું ન હોત તો આ કામ ન થાત.'

એલ્સિબિયાડીસ વ્યક્તિ ખૂબ અહંકારી હતી. જ્યાં ત્યાં પોતાના જ બણગા ફૂંક્યા કરે. એકવાર સૉક્રેટિસ સાથે તેમનો ભેટો થઈ ગયો. પોતાનું ગાણું તેમને પણ તે અહંકારી સંભળાવવા લાગ્યો. ત્યારે સૉક્રેટિસે વિશ્વનો નકશો દર્શાવી કહ્યું : 'જુઓ, આ દુનિયા કેટલી મોટી છે ? તેમાં તમારો દેશ ક્યાં ? અને તે દેશમાં તમારું રાજ્ય ક્યાં ? અને તે રાજ્યમાં તમારું શહેર ક્યાં ? અને તે શહેરમાં તમારી શેરી ક્યાં ? અને તે શેરીમાં તમારું ઘર ક્યાં ? અને તે ઘરમાં તમે ક્યાં ?' પેલી વ્યક્તિને પોતાનું અસલ સ્થાન જણાઈ આવ્યું.

આમ, બહુરત્ના વસુંધરામાં આપણી કાંઈ વિસાત નથી, છતાં ઘણા ગાડા નીચે ચાલનારા કૂતરા જેવા હોય છે, જે એમ જ વિચારે છે કે 'આપણે જ બધું કરીએ છીએ.'

પરંતુ આ અહં છૂટે તો જ આગળ વધાય. આજે પ્રમુખસ્વામી મહારાજની પ્રગતિનું આ એક રહસ્ય છે.

ખ્યાતનામ ઉદ્યોગપતિ ગૌરાંગ ચટ્ટોપાધ્યાયે સને ૧૯૯૨ના યોગી શતાબ્દી મહોત્સવમાં વાત કરેલી કે 'હું કાંઈ નથી' એમ માનવાથી આગળ વધાય તે પ્રમુખસ્વામી મહારાજને જોઈને સાચું લાગે છે.

પ્રમુખસ્વામી મહારાજ પ્રમુખપદે આરૂઢ થયા બાદ પ્રથમ કાર્ય હરિભક્તોનાં એઠાં વાસણ ઊટકવાનું કરેલું છે.

પ્રત્યેક મહોત્સવની સ્વયંસેવક સભામાં તેઓના ઉદ્‌ગાર હોય છે : 'આ સમૈયો તમે બધા સ્વયંસેવકોએ શોભાડ્યો છે. આપને લાખો-કરોડો દંડવત્ કરીએ તોપણ ઓછા છે.' પોતે જ બધું કરતા હોવા છતાં અહંની ગંધ તેઓમાં જોવા મળતી નથી.

એકવાર સ્વામીશ્રીને અંગ્રેજીમાં એક વાક્ય લખવાનું કહ્યું : 'I am blessing you.' સ્વામીશ્રીએ એ વાક્ય લખ્યું, પણ 'I' ને બદલે 'i' લખ્યું. સૌએ કહ્યું : 'સ્વામી ! 'I' હંમેશાં મોટા અક્ષર(Capital)માં જ લખાય.'

સ્વામીશ્રીએ કહ્યું : 'તે વ્યાકરણમાં હશે, પણ જીવનમાં 'i' હંમેશાં નાનો લખવો...'

ડૉ. કુરિયન કહે છે : 'પ્રમુખસ્વામી મહારાજના મુખ સામે જોઈએ તો પણ ખ્યાલ આવી જાય કે તે અહંશૂન્ય પુરુષ છે.'

મહારાજને બળે સમસ્ત વિશ્વનું કાર્ય ઉપાડવા છતાં જેની પાસે અહંકારને ઉપાડવાનું સામર્થ્ય નથી તે પ્રમુખસ્વામી મહારાજ છે.

પ્રમુખસ્વામી મહારાજે અહંના આવરણને તોડીફોડીને તેના ચૂરેચૂરા કરી નાખ્યા છે. ના, ના, તેઓ તો અનાદિ અક્ષરબ્રહ્મનો અવતાર છે. તેઓને તો કદી અહંનું આવરણ આડું આવ્યું જ નથી, પણ આપણે પણ તેમનો પ્રસંગ કરીએ તો આપણું પણ અહંભાવરૂપી છઠ્ઠું આવરણ તૂટી જાય અને અક્ષરધામનો આનંદ, બ્રહ્માનંદનું સુખ રોકડું બને તેમ છે.

## ૧૬. મહત્તત્ત્વનું આવરણ

સાતમું આવરણ મહત્તત્ત્વ છે. આ મહત્તત્ત્વ શું છે તે જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'ચિત્તને અને મહત્તત્ત્વને અભેદપણે જાણવું. અને મહત્તત્ત્વને વિષે સૂક્ષ્મરૂપે કરીને સમગ્ર જગત રહ્યું છે અને પોતે નિર્વિકાર છે, પ્રકાશમાન છે, ને સ્વચ્છ છે, ને શુદ્ધસત્ત્વમય છે અને શાંત છે.'

(વચ. ગ.પ્ર. ૧૨).

આમ, સમગ્ર જગત ચિત્તમાં છે. તે ચિત્તને જીતીએ એટલે મહત્તત્ત્વનું આવરણ ભેદાયું સમજવું. પરંતુ ચિત્તને જીતવું અત્યંત અઘરું છે.

શ્રીજીમહારાજ વચ. ગ.મ. ૬માં કહે છે : 'ચિત્તનો સ્વભાવ જ એવો છે જે, જે જે પદાર્થ સાંભળે તે તે પદાર્થમાં ચોંટી જાય છે. તે જો પથરો તથા કચરો તથા કૂતરાનો મળ એ આદિક જે નકારી વસ્તુ હોય તેમાં તો લેશમાત્ર સુખ નથી, તો પણ એ નકારી વસ્તુમાં પણ ચિત્ત વળગે છે અને તે સાંભરી આવ્યું હોય તો તેનું પણ ચિંતવન કરે છે, એવો એનો વળગવાનો સ્વભાવ છે. જેમ મોટું કાચનું દર્પણ હોય તેમાં મોટા સાધુ આવે તો તેનું પણ પ્રતિબિંબ દેખાય તથા કૂતરાં, ગધેડાં, ચાંડાળાદિક જે જે આવ્યાં હોય તો તેનું પણ પ્રતિબિંબ તેમજ દેખાય. તેમ ચિત્તને વિષે અતિ નિર્મળપણું છે, તે જે પદાર્થ સાંભરે તે દેખાઈ આવે છે; એમાં સારા-નરસાનો કાંઈ મેળ નથી. માટે જે મુમુક્ષુ હોય તેને એમ ન વિચારવું જે, 'મારે વૈરાગ્ય નથી તે માટે સ્ત્રીઆદિક પદાર્થ મારા ચિત્તમાં સ્ફુરે છે,' એ તો જે વૈરાગ્યવાન હોય તેના ચિત્તમાં પણ જે સમે જે પદાર્થ આવ્યું તે સહેજે સ્ફુરી આવે છે. માટે વૈરાગ્ય-અવૈરાગ્યનું કાંઈ કારણ નથી, એ તો ચિત્તનો સ્વભાવ જ એવો છે જે, ભલું અથવા ભૂંડું સાંભળ્યું તેને ચિંતવે.' અને જ્યારે જે પદાર્થનું ચિંતવન કરે ત્યારે તે પદાર્થ જેમ દર્પણમાં દેખાઈ આવે તેમ દેખાઈ આવે.' વળી શ્રીજીમહારાજ વચ. ગ.મ. ૧માં કહે છે, 'ગમતા વિષયમાં ચિત્ત તણાય ને ભગવાન ને સંત નિષેધ કરે તો તેનો પણ દ્રોહ કરે.'

આવા ચંચળ ચિત્તની પાંચ ભૂમિકા છે :

૧. ક્ષિપ્ત : ઇન્દ્રિયો અને વિષયો વચ્ચે અથડાતું ચિત્ત.

૨. મૂઢ : તમસના અતિરેકથી ચિત્ત જ્યારે નિદ્રા અને આલસ્યને વશ થઈ નિર્વીર્ય બની રહે.

૩. વિક્ષિપ્ત : સત્ત્વનો કંઈક ઉત્કર્ષ થતાં ચિત્ત ધ્યાન અને અધ્યાન વચ્ચે ઝોલાં ખાય.

૪. એકાગ્ર : ચિત્તના પ્રવાહો ધીમે ધીમે એકરૂપ થઈ વહેવા માંડે.

૫. નિરુદ્ધ : એકાગ્ર થયે ઇન્દ્રિયો પરાજીત બને.

વળી, વચ. ગ.મ. ૧માં કહ્યું છે કે 'અને જ્યારે એને ગમતો વિષય હોય

ને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહિ.'

આવા ચિત્તને વશમાં કરવા અષ્ટાંગ યોગની સાધના શાસ્ત્રોમાં કહી છે, પરંતુ તે ઘણી જ કઠણ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિનાં આઠ અંગ આમ આદમી માટે સિદ્ધ કરવા તો અશક્ય જેવાં જ છે. તો શું કરવું ? ભગવાન સ્વામિનારાયણે ચિત્તને જીતવાનો સરળ ઉપાય બતાવતાં સમજાવ્યું છે કે 'સમાધિ થાય છે તેના બે ભેદ છે - એક તો પ્રાણાયામે કરીને પ્રાણનો નિરોધ થાય છે તે ભેળો ચિત્તનો પણ નિરોધ થાય છે. અને બીજો પ્રકાર એ છે જે, ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે, તો જ્યારે સર્વ ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે વૃત્તિ જોડાય. અને તે ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય, તો જ્યારે સર્વ ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય, ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. જેમ કોઈ કૂવો હોય ને તે ઉપર વીસ કોશ ફરતા હોય ને તેનો પ્રવાહ જુદો જુદો ચાલતો હોય ત્યારે તે પ્રવાહમાં જોર હોય નહિ અને તે વીસે કોશનો પ્રવાહ ભેળો કરીએ તો નદીના જેવો અતિશય બળવાન પ્રવાહ થાય, તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહિ; તેમ જેની વૃત્તિ નિર્વાસનિક થાય છે ત્યારે તેનું ચિત્ત છે તે ભગવાનના સ્વરૂપમાં જોડાય છે. અને જેના ચિત્તમાં સંસારના સુખની વાસના હોય તેને તો શ્રોત્ર ઈન્દ્રિય દ્વારે અનંત જાતના જે શબ્દ તેને વિષે જુદી જુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમજ ત્વચા ઈન્દ્રિય દ્વારે હજારો જાતના જે સ્પર્શ તેને વિષે જુદી જુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમજ નેત્ર ઈન્દ્રિયની વૃત્તિ તે હજારો જાતનાં જે રૂપ તેને વિષે ફેલાઈ જાય છે, તેમજ રસના ઈન્દ્રિયની વૃત્તિ તે હજારો જાતના જે રસ તેમાં ફેલાઈ જાય છે, તેમજ નાસિકા ઈન્દ્રિયની વૃત્તિ તે અનંત જાતના જે ગંધ તેમાં ફેલાઈ જાય છે, તેમજ કર્મ ઈન્દ્રિયોની વૃત્તિઓ પણ પોતપોતાના વિષયને વિષે હજારો પ્રકારે ફેલાઈ જાય છે; એવી રીતે દસે ઈન્દ્રિયો દ્વારે એનું અંતઃકરણ છે તે હજારો પ્રકારે ફેલાઈ ગયું છે. તે જ્યારે ચિત્ત ભગવાનનું ચિંતવન કરે અને મન તે ભગવાનનો જ ઘાટ ઘડે અને

બુદ્ધિ તે ભગવાનના સ્વરૂપનો જ નિશ્ચય કરે અને અહંકાર તે 'હું આત્મા છું ને ભગવાનનો ભક્ત છું' એવું જ અભિમાન ધરે, ત્યારે એની એક વાસના થઈ જાણવી. અને પ્રાણે કરીને જે ચિત્તનો નિરોધ થાય છે તે તો અષ્ટાંગ યોગે કરીને થાય છે. તે અષ્ટાંગ યોગ તો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ એ જે આઠ અંગ તેણે યુક્ત છે. અને અષ્ટાંગ યોગ તે સાધનરૂપ છે ને એનું ફળ તે ભગવાનને વિષે નિર્વિકલ્પ સમાધિ છે. તે જ્યારે એવી નિર્વિકલ્પ સમાધિ થાય છે, ત્યારે પ્રાણને નિરોધે કરીને ચિત્તનો નિરોધ થાય છે. અને જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાનને વિષે જોડાય છે તો તે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. માટે જેમ અષ્ટાંગ યોગ સાધવે કરીને ચિત્તનો નિરોધ થાય છે, તેમ ભગવાનના સ્વરૂપને વિષે જોડાવે કરીને ચિત્તનો નિરોધ થાય છે. માટે જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગ યોગ વગર સાધે સધાઈ રહ્યો. (વચ. ગ.પ્ર. ૨૫)

ચિત્તને જીતવા માટે શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૨૨માં કહે છે કે, 'ચિત્તને કહેવું જે ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા ભૂક્કા કરી નાંખીશ.'

આમ, ભગવાન સંબંધી વિષય ભોગવતાં ચિત્ત વશમાં આવે છે. ગોપીઓ અષ્ટાંગ યોગ સાધવા ન ગઈ, પરંતુ 'मुरारिपादार्पितचित्तवृत्तिः' થઈ તો ચિત્ત જગતના વિકારથી રહિત થઈ ગયું.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની પણ આ જ સ્થિતિ હતી. ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપમાં તેઓનું મન સ્થિર હતું તો તેઓના ચિત્તમાં જગત-સુખનો અંકુર પણ ફૂટતો નહીં.

પ્રમુખસ્વામી મહારાજને એકવાર એક પરદેશી ડેવિડે પૂછ્યું કે 'આપને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ છે ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'અમારે તો અખંડ નિર્વિકલ્પ સમાધિ છે. ભગવાનમાં મન રાખીને, ભગવાનને સંભારીને બધું કરીએ છીએ. હરીએ, ફરીએ પણ ભગવાનને સાથે રાખીને ફરીએ.'

પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહે છે : 'દેશ-પરદેશ ફરીએ, પણ મન તો ભગવાનનાં ચરણારવિંદમાં રાખીએ છીએ.'

આમ, આવી રીતે જેણે ચિત્ત વશ કર્યું છે તેવા સંતમાં ચિત્ત જોડીએ તો આપણું ચિત્ત પણ નિર્વિકાર થઈ જાય. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મોટા સાથે જીવ જોડે ત્યારે દોષ ટળી જાય છે ને તેના ગુણ આવે છે, તેમાં દૃષ્ટાંત : જેમ કાચને સૂર્ય સામો રાખે છે તેમાંથી દેવતા થાય છે.' (૪/૧૧૦)

## ૧૭. પ્રકૃતિનું આવરણ

બ્રહ્માનંદ લેવામાં આડ કરતું આઠમું આવરણ પ્રકૃતિનું છે. તે સાત તત્ત્વોથી અનંત ગણું પર છે. આવી પ્રકૃતિ એટલે સ્વભાવ. તે જિતાય એટલે પ્રકૃતિ-માયાનું આવરણ ભેદાણું.

આ પ્રકૃતિને વ્યાખ્યાયિત કરતાં મહારાજ કહે છે : 'જીવે પૂર્વ જન્મને વિષે કર્મ કર્યાં છે તે કર્મ પરિપક્વ અવસ્થાને પામીને જીવ ભેળા એકરસ થઈ ગયા છે. જેમ લોઢાને વિષે અગ્નિ પ્રવેશ થઈ જાય, તેમ પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવા જે કર્મ, તેને જ સ્વભાવ કહીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ કહીએ.' (વચ. ગ.અં. ૨૦)

આવી પ્રકૃતિઓ જાતજાતની ને ભાતભાતની હોય છે. ખાવા-પીવાની, કામ-ક્રોધાદિકની, અનંત પ્રકૃતિઓનો પાર આવે તેમ નથી. જ્ઞાની પણ આ પ્રકૃતિના પાશથી સહેલાઈથી છૂટી શકે તેમ નથી.

'ગીતા' કહે છે :

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥ (३/३३)

આમ, જ્ઞાની પણ પ્રકૃતિ સરખું આચરણ કરે છે. માટે જ કહ્યું છે : स्वभावो दुरतिक्रमः। જેમ બ્લેકહૉલમાંથી પ્રકાશનું કિરણ આરપાર નીકળી શકતું નથી, તેમ પ્રકૃતિના ઘાટા તમમાંથી જ્ઞાનીના જ્ઞાનનો પ્રકાશ પણ નીકળી શકતો નથી. તે જ્ઞાનનું તેજ માયાના અંધકાર આગળ નકામું સાબિત થઈ રહે છે.

આમ, જ્ઞાની-ધ્યાની સૌ માટે પ્રકૃતિના આવરણને ભેદવું કઠણ છે. આ પ્રકૃતિ પોષાય એટલે આનંદ રહે અને તેને કોઈ હલાવે તો દુઃખ થાય, પરંતુ તે પ્રકૃતિ બદલીશું નહીં, ત્યાં સુધી દુઃખ ટળવાનું નથી અને આનંદ મળવાનો નથી. તે પ્રકૃતિને ટાળવાનો ઉપાય શ્રીજીમહારાજે વચ. મ. ૧૫માં બતાવ્યો છે

કે સ્વભાવને વિષે શત્રુપણુ રાખવું. વચ. પ્ર. ૫૭માં સ્વભાવ-પ્રકૃતિને ટાળવા માટે ખટકો રાખવાની વાત સમજાવી છે.

ભગવાન અને સંત પ્રકૃતિ મરોડે તો આપણો જ અવગુણ ગ્રહણ કરીએ અને સત્પુરુષ સાથે સરળપણે વર્તીએ તો તે કઠણ પ્રકૃતિ પણ ટળી જાય છે. તેવી વાત શ્રીજીમહારાજે વચ. પ્ર. ૭૬, અં. ૨૪ અને અં. ૩૫મા વચનામૃતમાં કહી છે. સત્પુરુષ પાસે *'તું દીન કહે દીન અને તું રાત કહે તો રાત'* એમ સરલપણે વર્તીએ તો પ્રકૃતિનું પરિવર્તન થઈ જાય છે અને બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે.

સદ્ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીની વાતુંમાં મહત્તત્ત્વનું આવરણ કહ્યું નથી, પરંતુ પુરુષનું આવરણ ગણાવ્યું છે. તેઓ કહે છે કે 'જ્યાં સુધી પોતાને પુરુષ મનાશે ત્યાં સુધી સ્ત્રી જોશે ને પોતાને સ્ત્રી મનાશે ત્યાં સુધી પુરુષ જોશે.' માટે બંનેના ભાવ ટાળી બ્રહ્મરૂપ થાવું જે હું બ્રહ્મરૂપ એવો ભક્ત છું એમ માને ત્યારે પુરુષનું આવરણ જિતાય છે.

શ્રીજીમહારાજે વચ. પ્ર. ૪૪માં કહ્યું છે, 'એ તો એ જીવને વિપરીત ભાવના થઈ છે, 'જે પોતાના દેહથી પૃથક્ જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે.' અને એ જીવાત્માને વિષે દેહ તો કેવી રીતે વળગ્યો છે ? તો જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, 'દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે.' એમ જે માને તે મૂર્ખ કહેવાય; તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે, તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય અને તેને પશુ જેવો જાણવો. અને ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા-બોન, દીકરીઓ અને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકેય પાળતી નથી. માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે ? અને આવી રીતની સમજણ વિના જન્મભૂમિની જે દેશ વાસના તે ટળવી ઘણી કઠણ છે. અને જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું

નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી.'

## ૧૮. અહીં જ અક્ષરધામ

આમ, પોતાને જે બ્રહ્મરૂપ માને છે તેને પુરુષોત્તમ ભગવાનથી એટલે કે ભગવાનના આનંદથી છેટું રહેતું નથી. આ રીતે આવરણ તૂટે પછી અહીં જ અક્ષરધામ મનાય.

સને ૨૦૦૪માં લંડનમાં નૈનેશ નામના એક યુવકે સ્વામીશ્રીને કહ્યું, 'અક્ષરધામનો અનુભવ કરાવો ને !' ત્યારે સ્વામીશ્રીએ કહેલું : 'અક્ષરરૂપ પોતાને માનીએ એટલે અક્ષરધામમાં બેઠા છીએ !'

શ્રીજીમહારાજે અક્ષરધામના સુખની અનુભૂતિ અહીં જ કરવાની વાત વચનામૃતમાં કરી છે. જેમ ધર્માદો રોકડો તેમ મોક્ષ પણ રોકડો જ આપવા તેઓ માગે છે. કઠોપનિષદ કહે છે : यदा सर्वे प्रमुच्यन्ते कामाः येऽस्य हृदि स्थिताः। (૨/૩/૧૪) જ્યારે હૃદયમાં રહેલી કામનાઓ છૂટી જાય છે ત્યારે જીવ જન્મ-મરણથી રહિત થઈને અહીં જ બ્રહ્મનું સુખ અનુભવે છે. ઉપનિષદ આગળ કહે છે :

अथ मर्त्योऽमृतो भवति अत्र ब्रह्म समश्नुते।

આમ, અહીં જ બ્રહ્મનો આનંદ પામવાની વાત છે. તે માટે અક્ષરરૂપ થવું પડે. તે થઈએ એટલે જીવ પર લાગેલાં બધાં આવરણ દૂર થઈ જાય.

તૈત્તિરીયોપનિષદ કહે છે, 'ब्रह्मविदाप्नोति परम्।' - બ્રહ્મરૂપ થઈએ એટલે પરબ્રહ્મનો અગાધ આનંદ મળે. પરંતુ તે અક્ષરરૂપ થવા માટે સાક્ષાત્ અક્ષરબ્રહ્મની જરૂર પડે. હરીન્દ્ર દવેએ ગાયું છે : *'અક્ષરનો સંગાથ મળે તો ધામ ન લાગે છેટું જો.'*

શ્રીજીમહારાજ પણ વચ. વર. ૧૧માં કહે છે : 'સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.'

વચ. પં. ૭માં પણ કહ્યું, 'ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે

વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે; તે પછી એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્-ચિત્-આનંદમય જાણે છે. તે પણ ભાગવતમાં કહ્યું છે જે -

'स वेद धातुः पदवीं परस्य दुरन्तवीर्यस्य रथाङ्गपाणेः।
योऽमायया संततयानुवृत्त्या भजेत तत्पादसरोजगन्धम् ॥'

આમ, ગંધાદિ આઠ આવરણ જીતવા કઠણ છે, પણ જેણે તે જીત્યા છે તેનો વિશ્વાસ રાખીને દૃઢ પ્રીતિ કરી દઈએ તો આપણાં પણ આઠે આવરણ ટળી જાય.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'એક તો યજ્ઞ કરે તે આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે તેમાં બહુ દાખડો, કેમ જે કોઈક બાંધે તો યજ્ઞ અધૂરો રહે ને એક તો ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ કરી લે. તેમાં શું કહ્યું જે, 'ઇન્દ્રિયું-અંતઃકરણ તેને વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે, ને પોતાને બ્રહ્મરૂપ માનવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે. અને વળી ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં છે તે શીખવા એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું કઠણ છે ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું સુગમ છે.' (૧/૧૭૧)

આ જ ઉપાયની વાત કરતાં વચ. જે. ૧માં શ્રીજીમહારાજ કહે છે : 'પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મબુદ્ધિ રાખવી ને તેને જ પોતાનું સ્વરૂપ માનવું. ત્યારે કોઈક આશંકા કરે જે, સ્વામી-સેવકપણું કેમ રહે ? તો ત્યાં દૃષ્ટાંત છે જે, ગાલવ રાજા હતા તેને યજ્ઞ કરવો હતો, ત્યારે તેને શ્યામકર્ણ ઘોડા લાવવા હતા. તે શ્યામકર્ણ ઘોડા તો વરૂણને ઘેર હતા, ત્યાં તો પોતાથી જવાય નહિ. ત્યારે તે ગાલવ રાજાએ ગરુડજીને તેડાવ્યા ને ગરુડ ઉપર બેસીને ઘોડા ત્યાંથી લઈ આવ્યા. ત્યારે શું ગરુડજીને વિષેથી ગાલવ રાજાને દાસપણું મટી ગયું ? એ તો ન મટ્યું. તેમ બ્રહ્મવેત્તાને વિષે આત્મબુદ્ધિ માનવી તે શા સારુ જે, એને આવરણ ભેદ્યાની ગતિ છે. તે સારુ એને વિષે આત્મબુદ્ધિ રાખવી.'

આત્મબુદ્ધિ એટલે પોતાપણાની ભાવના. જેમ દીકરાની આંગળી પીલાતી દેખાય તો બાપ બૂમ પાડી ઊઠે છે. આ આત્મુબુદ્ધિ કહેવાય. આવી પ્રીતિ સત્પુરુષમાં થાય તો આવરણ ભેદાય.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવ પ્રસંગે રાષ્ટ્રપતિને મળતાં પહેલાં સાત ચોકીઓ વટાવવી પડી, પરંતુ મંત્રીશ્રી ગુલઝારીલાલ નંદા સાથે હતા તો તકલીફ ન પડી. તેમ ભગવાનના આનંદ સુધી પહોંચવા આઠ આવરણ ભેદવાના છે, પણ અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુ હોય તો વાંધો ન આવે અને બધા આવરણ જીતી શકાય છે.

ગુણાતીતાનંદ સ્વામી આઠ આવરણ તોડી બ્રહ્મરૂપ થવાનો એક ઉપાય ચીંધતા કહે છે, 'સત્સંગમાં એમ વાત થાય છે જે જીવ બ્રહ્મરૂપ થઈ જાય.'

ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ?'

પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.'

ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ?'

ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે, પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય, તો પણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ, એ સિદ્ધાંત વાત છે.' (૩/૩૩)

આમ, સત્પુરુષ સાથે હેત રાખી, તેઓમાં વિશ્વાસ મૂકી નિષ્કપટભાવે વર્તીએ તો આઠે આઠ આવરણ તૂટીને બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થયા વિના રહેતી નથી. અને આવી સ્થિતિ થાય પછી તો તે મુમુક્ષુને -

> संपूर्णं जगदेव नन्दनवनं सर्वेऽपि कल्पद्रुमाः
> गाङ्गं वारि समस्तवारिनिवहाः पुण्याः समस्ताः क्रियाः ।
> वाचः प्राकृतसंस्कृताः श्रुतिशिरो वाराणसी मेदिनी
> सर्वावस्थितिरस्य वस्तुविषया दृष्टे परब्रह्मणि ॥

- સંપૂર્ણ જગત નંદનવન બની જાય છે. સર્વે વૃક્ષો કલ્પદ્રુમ લાગે છે. બધા જ પાણી ગંગાજળ તુલ્ય અનુભવાય છે. તેની બધી ક્રિયા પુણ્યવંતી બની જાય છે. સર્વે સંસ્કૃત-પ્રાકૃત વાણી ઉપનિષદ તુલ્ય થાય છે અને પૃથ્વી કાશી જેવી પવિત્ર તીર્થમય બની જાય છે.

મુક્તાનંદ સ્વામી કહે છે તેમ આવો અનુભવી સદા આનંદમાં રહી

બ્રહ્મરસનો ઉપભોગ કરે છે અને તેને કોઈ જાગતિક ઉથલપાથલ હરખાવી કે અકળાવી શકતી નથી.

આપણને પ્રમુખસ્વામી મહારાજ જેવા બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય ગુરુનો સંબંધ થયો છે તો આપણે અવશ્ય આવી સ્થિતિ પ્રાપ્ત કરવાના જ છીએ. અત્યારે આપણને ભગવાન અને સંતની પ્રાપ્તિનો આનંદ છે, સંબંધનો આનંદ છે, પરંતુ આપણને ઉપર કહ્યું તેમ સ્થિતિનો આનંદ અનુભવાશે, પણ તેના માટે પ્રમુખસ્વામી મહારાજે સને ૧૯૯૨માં ગોંડળ ખાતે એક શિબિરમાં જે વાત કરેલી તે ધારવા જેવી છે. પ્રમુખસ્વામી મહારાજે તેમાં કહેલું : 'બ્રહ્મરૂપ તો બધા થવાના છીએ, પણ મોઢું સરખું રાખજો.'

જેમ ફોટોગ્રાફર ફોટો લે ત્યારે જે સ્મિત વેરે તેનો ફોટો સારો આવે અને જે મોઢું મચકોડે તેનો ફોટો ખરાબ આવે. તેમ આપણને બ્રહ્મરૂપ કરી ભગવાનનો આનંદ પમાડે તેવા ગુરુ મળ્યા છે હવે આપણે તેઓના આદેશ પ્રમાણે વ્યવસ્થિત રહેવાનું છે. તે રીતે જો રહેવાય તો બ્રહ્મનો નિર્ભેળ, નિરપેક્ષ અને શાશ્વત આનંદ હાથવેંતમાં જ છે.

દ્વિતીય ખંડ

# એક નિશાન - અક્ષરધામ

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ - ૨૨ પર ચિંતન

'સિદ્ધાંત તો એ છે જે,

નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે...'

**- ભગવાન સ્વામિનારાયણ**

'જેમ બે સેના હોય ને તે પરસ્પર લડવાને તૈયાર થઈ હોય ને

બેયનાં નિશાન સામસામાં રોપ્યાં હોય;

પછી બેયના મનમાં એમ હોય જે,

'આપણું નિશાન છે તે એના નિશાનને ઠેકાણે માંડીએ ને

એનું નિશાન લઈ લઈએ.'

એ તો દૃષ્ટાંત છે, એનું સિદ્ધાંત તો એ છે જે,

નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને

રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે.

તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ,

દેહને સુખ થાઓ અથવા દુ:ખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો,

દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે,

'આપણે આટલું દુ:ખ થશે કે આપણે આટલું સુખ થશે.'

એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી.

એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને

ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.'

**- ભગવાન સ્વામિનારાયણ**

## ૧૯. પૂર્વભૂમિકા

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતુંમાં કહે છે : ‘‘આપણે અક્ષરધામમાં જવું છે તેવો એક સંકલ્પ રાખવો.’ આ અક્ષરધામરૂપી નિશાન લેવા માટે શૂરવીર થવું પડે. મોહના સૈન્યનો નાશ કરવા નિર્મોહી સત્પુરુષનો સથવારો જોઈએ.

પ્રસ્તુત વચનામૃતનો આ પ્રથમ ભાગ છે.

અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી અક્ષરબ્રહ્મ-પરબ્રહ્મના જ્ઞાનને મૂર્ત સ્વરૂપ આપવાનો શ્રીહરિનો સંકલ્પ હતો. તેમની હયાતીમાં આ સમય પાક્યો ન હતો. તેથી તેમણે અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવ્યા. બધાએ નરનારાયણ દેવનો જયઘોષ કર્યો. મહારાજે ઉદાસી ગ્રહણ કરી.

આ ઉદાસીનું રહસ્ય બીજા ભાગમાં છે.

વિશ્વમાં ઘણી પદવીઓ છે, પણ સાધુ જેવી કોઈ મોટી પદવી નથી. આ પદવીની પ્રાપ્તિની અને તે પ્રાપ્તિના મહિમાની વાતો ત્રીજા ભાગમાં છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આફ્રિકાના દ્વિતીય પ્રવાસે જતાં પૂર્વે મુંબઈમાં તેમની ડાયરીની તા. ૨૪-૧૦-૧૯૫૯ની નોંધમાં લખ્યું છે કે, ‘સહુએ સિદ્ધાંત ઉપર નજર રાખી ગઢડા મધ્ય ૨૨મું પ્રકરણ સિદ્ધ કરવું. શ્રીજીમહારાજે સિંધુડા વગાડ્યા છે. અજ્ઞાનરૂપી અંધારું કાઢી નાખ્યું છે ને સૌને શાંતિ આપી દીધી છે. આજ્ઞા-ઉપાસના દૃઢ રાખો. આ અમારી આટલી ભલામણ છે તો જીવમાં ઉતારશો ને ખુમારી રાખજો ને મોળા ન પડવું, બળ રાખવું. બળ મહારાજ સ્વામી પ્રેરશે’ વળી, આ જ ધર્મપ્રવાસ દરમ્યાન સંવત ૨૦૧૫(સને ૧૯૫૯)ના નવા વર્ષના આશીર્વાદ યુગાન્ડા દેશના પાટનગર કંપાલાથી ભારતના હરિભક્તો ઉપર પત્ર દ્વારા પાઠવ્યા હતા. તેમાં પણ આ જ વચનામૃત સિદ્ધ કરવા આદેશ આપ્યો હતો.

યોગીસ્વરૂપ એવા નારાયણસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા આ વચનામૃત સિદ્ધ કરવા શ્રીહરિને પ્રાર્થીએ.

આ વચનામૃતનું વિશદ નિરૂપણ અત્રે પ્રસ્તુત છે.

આષાઢી સંવત ૧૮૭૮ની ફાગણ વદિ દશમીની રાતે શ્રીહરિ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં અક્ષર ઓરડીમાં પોઢ્યા છે. તેમના મનમાં વિચારો ઘોળાય છે - પોતાના આશ્રિતોને સર્વ પ્રકારે શુદ્ધ કરી, બ્રહ્મરૂપ કરી અક્ષરધામમાં લઈ જવાના. આ વિચારોનો વેગ એકદમ વધી ગયો ને તેઓ અર્ધરાત્રીએ જાગી ગયા ! ખરી રીતે તો મુમુક્ષુને કાગનિદ્રા ને હરણફડકો જોઈએ, પણ શ્રીહરિ પોતાના વૃત્તાંતથી સમજાવી રહ્યા છે કે શિષ્યનો મોક્ષ કરવા શિષ્ય કરતાં ભગવાનને વધુ ખટકો છે. તેઓ ઊઠ્યા અને ચાખડી પહેર્યાનો થોડો અવાજ થયો, તેમના સેવક મૂળજી બ્રહ્મચારી પણ જાગી ગયા. મહારાજ બ્રહ્મચારી સાથે ચાલતાં ચાલતાં દરબારગઢમાં વાસુદેવનારાયણના ચોકમાં આવ્યા ને મંદિર આગળ દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજ્યા અને મૂળજી બ્રહ્મચારીને કહ્યું કે 'સાધુની જાયગામાંથી સર્વે સાધુને ઉઠાડીને અહીં બોલાવી લાવો. વળી, હરિભક્તોને પણ ઉઠાડીને બોલાવી લાવો.'

બધા એકદમ આવી ગયા. તેમને થયું કે સવાર પડવાની રાહ જોયા વિના અડધી રાતે મહારાજે આપણને બોલાવ્યા તે શી વાત કરવી હશે ?!

ત્યાં તો સહુનું કુતૂહલ શમાવતા મહારાજ બોલ્યા જે, "એક વાર્તા કરીએ તે સાંભળો જે, જેમ બે સેના હોય ને તે પરસ્પર લડવાને તૈયાર થઈ હોય ને બેયનાં નિશાન સામસામા રોપ્યાં હોય, પછી બેયના મનમાં એમ હોય જે, 'આપણું નિશાન છે જે એના નિશાનને ઠેકાણે માંડીએ ને એનું નિશાન લઈ લઈએ.' પણ એવો વિચાર નથી થતો જે, 'એના નિશાન લગી જઈશું તેમાં તો કેટલાકનાં માથાં પડશે ને લોહીની નદીઓ ચાલશે. તેનો તો એને ભય નથી.' કાં જે શૂરવીર હોય તેને મરવાની બીક હોય નહીં ને જે કાયર છે તે તો ભાગ્યાના હજારો વિચાર કરે છે અને એમ પણ વિચાર કરે છે જે, 'આપણી ફોજ જીતશે તો કોઈનું ધન-હથિયાર હશે, તે લૂંટી લઈશું.' અને તે બેય રાજાના શૂરવીર છે તેને તો મરવાનો પણ ભય નથી ને લૂંટવાનો પણ લોભ નથી, પણ તેનું નિશાન લેવું અને પોતાની જીત કરવી એવો જ એક સંકલ્પ છે. તે તો દૃષ્ટાંત છે, તેનો સિદ્ધાંત તો એ છે જે, 'નિશાનને ઠેકાણે ભગવાનનું ધામ છે ને

રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે.''

## ૨૦. એક નિશાન - અક્ષરધામ

શ્રીહરિ કરોડો મનવારો લઈને મુમુક્ષુઓને ભવસાગરમાંથી ઉગારીને અક્ષરધામમાં લઈ જવા આવ્યા છે. આ અક્ષરધામના નિશાને સર્વેને પહોંચાડવા એ જ શ્રીહરિને રાતદિવસ વિચાર રહે છે.

મુમુક્ષુને તો હંમેશાં હોંકારા-પડકારા કરનાર જોઈએ, નહિતર નિશાન ચુકાઈ જાય. સુકાની નિરંતર સુકાનને નિશાન તરફ મરડ્યા જ કરે છે અને જો જરાક પણ ગાફેલ રહે તો વહાણ નિશાન ચૂકે ને ખરાબે ભટકાઈ જાય.

શ્રીહરિ આ વચનામૃતમાં વાતની શરૂઆત બે સેનાના દૃષ્ટાંતથી કરે છે. તેમને સમજાવવું છે કે 'શૂરવીરથી જ નિશાન લેવાય.' પૂર્વેના સમયમાં જ્યારે ગઢને શત્રુ સેનાએ ઘેરો ઘાલ્યો હોય ને જ્યારે અન્ન-પાણી ખૂટી જાય, ત્યારે ગઢમાંના શૂરવીર સૈનિકો કેસરિયાં વસ્ત્ર પહેરી ને પેટમાં કટારી મારીને 'કરેંગે યા મરેંગે'ના સૂત્ર સાથે શત્રુ સામે લડવા નીકળી પડતા. જૌહર કરવા એટલે કે પતિ પાછળ મરવા તત્પર થયેલી તેમની સ્ત્રીઓ પણ 'મારા કેસરભીના કંથ હો, સિધાવો જી રણવાટ.' આવાં શૌર્યગીતો ગાઈને તેમને ઉત્સાહ પ્રેરતી.

બ્રહ્માનંદ સ્વામી આ શૌર્યને બિરદાવતાં કહે છે :

*'પેટ કટારી રે પહેરીને સન્મુખ ચાલ્યા,*
*પાછા ન વળે રે તે કોઈના તે ન રહે ઝાલ્યા.*
*આમાસામા રે ઊડે ભાલાં અણિયાળાં,*
*તે અવસરમાં રહે રાજી તે મતવાલા.'*

'તમારા પૂર્વજો તો રણમાં કેવળ ધડથી લડતા.' આવાં ઇતિહાસ વચનો કહીને ભાટ ચારણો શૌર્યગીતો ગાઈને ક્ષત્રિયોને લડાઈમાં નિશાન લેવા શૂરાતન ચડાવતા.

શૂરવીર હોય તેને તો ખડીયે ખાંપણ હોય, તેને તો *'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ'* એ જ ધ્યેય હોય. આવા શૂરવીરો મરે તો તેમના પાળિયા પૂજાય. મરણોત્તર વીરચક્ર એનાયત થાય. શૂરવીરમાં Sacrificial Potential 'યા હોમ'નું જોમ રહેલું હોય છે. તેને તો મરવું તો મેદાને જ મરવું તે જ

એક નિશ્ચય હોય. જાપાનમાં શૂરવીર સૈનિકો દેહની પરવા કર્યા વિના શત્રુની સ્ટીમરના નાળચામાં ઍરોપ્લેનમાંથી બૉમ્બ સાથે પડે છે. આવી શૂરવીરતાને 'કામીકાઝી' કહેવાય છે.

યુદ્ધમાં તો સરદારની આજ્ઞામાં હોમાઈ જવાની તૈયારી જોઈએ.

સને ૧૮૫૪ના ઑક્ટોબરની ૨૫મી તારીખે રશિયાના યુક્રેન રાજ્યમાં એક ક્રિશ્ચિયન યુદ્ધમાં બ્રિટિશ સૈન્ય લડતુ હતું. સામે શત્રુઓની તોપો ચારે બાજુ મંડાયેલી હતી. બ્રિટિશ ફોજના કમાન્ડરને આનો ખ્યાલ ન રહ્યો ને તેણે 'આગે બઢો'નો હુકમ આપી દીધો. સૈનિકોએ નિશાન લેવા દેહની પરવા કર્યા વગર પોતાના સરદારના વચનને માન આપવા તોપોના નાળચે સામી છાતીએ કૂચ આદરી ને બધી દિશાઓમાંથી તોપો ધણધણી ઊઠી. કોઈ પણ હટ્યા નહીં. ૬૭૩ સૈનિકોમાંથી ૨૭૨ તો ત્યાં જ ઢળી પડ્યા.

આ પ્રસંગને વર્ણવતાં લોર્ડ આલ્ફ્રેડ ટેનીસને અદ્‌ભુત કવિતા લખી છે.

'The charge of the light brigade.' 'નાની કૂમકનો હુમલો.' તેમાં લખે છે :

Cannon to the right of them,
Cannon to the left of them,
Cannon in the front of them.

ડાબે, જમણે અને સામે તોપો જ હતી છતાં,

Forward the light brigade!

'આગે બઢો'નો આદેશ પાળી, તેઓએ 'યા હોમ' કર્યું. તેમને તો...

Theirs not to make reply,
Theirs not to reason why,
Theirs but to do and die,
into the valley of death.

તેમને તો પોતાના સરદારને કંઈ જ પૂછવાનું ન હતું, કંઈ જવાબ મેળવવાનો નહોતો, કોઈ બુદ્ધિ લડાવવાની નહોતી. તેમને તો બસ એક જ તાન હતું કે સરદારનો હુકમ પાળવો ને મૃત્યુની ખીણમાં કેસરિયાં કરવાં.

આનું નામ શૂરવીર કહેવાય. આવા શૂરવીર જ નિશાન સામે નિધડકપણે કૂચ કરી શકે ને જે કાયર હોય તેના માટે શ્રીહરિ કહે છે કે તે તો

ભાગવાના હજારો વિચાર કરે.

નિષ્કુળાનંદ સ્વામી આવા કાયરોની મનોવૃત્તિને શબ્દદેહ આપતાં કહે છે કે –

*"કાયર મનમાં કરે મનસૂબા,*
*ઊભા રે'શું આસપાસ,*
*એમ કરતાં જો ચડી ગયા ચોટે, (૨)*
*તો તરત લે'શું મુખે ઘાસ રે."*

એક કાયર રાજાનો પ્રસંગ જોઈએ.

એક સમયે બુંદીનો કિલ્લો અજેય ગણાતો. બુંદી નજીકના એક રાજ્યના રાજાને આ કિલ્લો જીતવાનો મનસૂબો થયો. તેણે ભરી કચેરીમાં પ્રતિજ્ઞા કરી કે 'આજ સાંજ સુધીમાં બુંદીનો કિલ્લો જીતીને જ અન્નજળ લઈશ.'

દીવાન અને સેનાપતિ આ પ્રતિજ્ઞા સાંભળી ગભરાઈ જ ગયા. તેમણે રાજાને વાસ્તવિકતાનું ભાન કરાવ્યું કે 'ખાડા ખસે પણ હાડા ન ખસે.' એવા હાડા રાજપૂતોથી રક્ષાયેલો આ કિલ્લો જીતવો અશક્ય છે.

આ સાંભળી રાજા એકદમ ઢીલોઢફ થઈ વિમાસણમાં પડી ગયો, પણ દીવાન ચતુર હતો. તેણે એક યુક્તિ કરીને ગામની પાદરે ગારમાટીનો નાનો નકલી કિલ્લો બનાવી દીધો. પછી રાજાના કાનમાં બુંદીનો કિલ્લો તોડવાની યુક્તિ બતાવી ને કહ્યું : 'રાજા સાહેબ ! હવે હાલો બુંદીનો કિલ્લો જીતવા.'

આ કાયર અને નમાલો રાજા ખુશ થઈને થોડા સૈનિકો સાથે બુંદીનો કિલ્લો જીતવા નીકળી પડ્યો. આ નકલી કિલ્લા પાસેથી એક હાડો રાજપૂત નીકળ્યો. તેને ખબર પડી કે રાજાએ મારા બુંદીના કિલ્લાનું અપમાન કરવાનું આ તરકટ રચ્યું છે. એટલે તેને ક્રોધ વ્યાપી ગયો ને તે ત્યાં તીરકામઠું લઈને ઊભો રહી ગયો. તેને શૂરાતન ચડ્યું ને નકલી કિલ્લો તોડવા આવેલા સૈન્ય સામે તીરોનો મારો ચલાવીને સૈનિકોને વીંધવા માંડ્યો. તેણે એકલાએ ઘણી ટક્કર લીધી. છેવટે તે પડ્યો ને રાજાએ બુંદીનો નકલી કિલ્લો તોડી, મૂછે તા દઈ પારણાં કર્યાં.

એટલે જ બ. ક. ઠાકોરે કહ્યું છે :

*'નિશાન ચૂક માફ પણ માફ નહીં નીચું નિશાન.'*

આવા જ ભાવને જેમ્સ રસેલ લોવેલે (James Russell Lowell)

તેમની કાવ્યપંક્તિમાં વ્યક્ત કર્યો છે : ‘Not failure, but low aim is crime.’

યુદ્ધમાં તો સામી છાતીના ઘા લેવાના હોય, પણ જેમની પીઠમાં ઘા હોય એ તો ભાગેડું કહેવાય.

ભારતમાંથી અંગ્રેજી શાસન હટાવવા સારુ નેતાજી સુભાષચંદ્ર બોઝની નેતાગીરી હેઠળ પૂર્વના દેશોમાં સ્થપાયેલી અને દિલ્હી ભણી કૂચ કરતી આઝાદ હિંદ ફોજનું એક જ સૂત્ર હતું : ‘ચલો દિલ્હી’ દિલ્હીનું અંગ્રેજોનું નિશાન લઈ ત્યાં ભારતનું નિશાન એટલે કે ધ્વજ ફરકાવવા માટે તેઓ વિઘ્નોની પરવા કર્યા વગર દિલ્હી તરફ કૂચ કરતા હતા.

કોઈક ચિંતકે યથાર્થ જ કહ્યું છે : ‘Obstacles are those that you see when your eyes are off the goal.’ ધ્યેય ઉપર દૃષ્ટિ ન હોય તો જ વિઘ્નો દેખાય છે, એટલે કે જેને ધ્યેય ઉપર નજર હોય તેને તો વિઘ્નો દેખાય જ નહિ. દરેક નિશાનમાં શૂરવીર થવું પડે.

સને ૧૯૩૦, ૧૨મી માર્ચના દિવસે ગાંધીજીએ અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધીની કૂચ આદરી. ત્યારે તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે, ‘કાગડા કૂતરાના મોતે મરીશ, પણ સ્વતંત્રતા લીધા વગર આ આશ્રમમાં પગ નહીં મૂકું.’ અનેક વિઘ્નો વચ્ચે તેમણે તે નિશાન લીધું જ. એટલે સુભાષિતમાં કહ્યું છે,

‘विघ्नैः पुनः पुनः प्रतिहन्यमानाः।
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति॥’

ભારત શોધવા નીકળેલ ક્રિસ્ટોફર કોલંબસને દરિયામાં ઘણી મુશ્કેલીઓ પડેલી. ઘણા દિવસો સુધી ધરતી દેખાતી જ ન હતી. આથી કંટાળેલા તેના સાથી ખારવાઓ તો તેને મારી નાખવા સારુ તૈયાર થઈ ગયા હતા. છેવટે તેને ધરતી લાધી, પણ તે ધરતી તો અમેરિકાની હતી. છતાં કોલંબસને તો છેક સુધી મેં ભારત શોધ્યું એમ રહેલું. હિમાલયના સર્વોચ્ચ શિખર ગૌરીશંકરનું નિશાન લેવામાં કેટલાય ખપી ગયા, પણ છેવટે તે નિશાન તેનસીંગ અને હિલેરીએ લીધું. સ્નાન માટે ગરમ પાણી શોધનારને ગૌરીશંકર સર કરવાના સંકલ્પ ન કરાય. તેના માટે તો ગિરનાર એ જ ગૌરીશંકર.

ચંદ્રનું નિશાન લેવામાં પણ અમેરિકાનો વર્ષો સુધીનો વણથંભ્યો

પુરુષાર્થ રહ્યો.

દરિયામાંથી મોતી લેવા જનાર મરજીવાઓની હિંમતને બિરદાવતાં મુક્તાનંદ સ્વામી કહે છે :

*'મરજીવાને માર્ગે જન કોઈક જાવે રે,*
*પહેલું પરઠે મોત તે મુકતાફળ પાવે રે.'*

વહાણમાં વિદેશની સફર ખેડતાં કોઈ કોઈક વહાણ દરિયાઈ વાવાઝોડામાં ડૂબી પણ જતા, છતાં વિદેશનું નિશાન લેવા જનાર પાછો પડતો નહીં. વિઘ્નોની સામે બાથ ભીડીને કોઈ સાહસિક તરવૈયાઓ ઇંગ્લીશ ચેનલ કે શ્રીલંકાની સામુદ્રધૂની તરી જાય છે.

આફ્રિકા ખંડના મલાવી દેશના એક અત્યંત ગરીબ છોકરા લેકઝન કાયરાને અમેરિકા ભણવા જવાનો સંકલ્પ થયો. આ નિશાન સિદ્ધ કરવા તેને તકલીફો પડી, પણ છેવટે તે અમેરિકા પહોંચ્યો જ. ગણિતના રેંગલર ડૉ. નરસિંહભાઈ મૂળજીભાઈ શાહ સતત ૨૦ વર્ષ સુધી ૧૮-૧૮ કલાક ગણિતના અધ્યયનમાં જ રત રહ્યા હતા.

કંઈ પામવું હોય તો કંઈ મૂકવું પડે. *'દોનો હાથમેં લડુ'* જેવું ન થાય. આવાં આવાં તો અનેક નિશાનો છે અને તેની પાછળ પડેલાઓ અનેક વિટમણાઓમાં પણ તે નિશાન લીધે જ છૂટકો કરે છે, પણ પ્રકૃતિ અંતર્ગત આ બધાં નિશાનો છેવટે તો નાશવંત છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોઈ રે.'*

ઈઝરાયેલમાં અનેક કષ્ટો વેઠી મોટું સામ્રાજ્ય સ્થાપનાર કિંગ સોલોમનના મહેલની જગ્યાએ આજે ધૂળના ઢગલા છે. માટે **અચળ નિશાન છે અક્ષરધામ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'જેહ ધામને પામીને પ્રાણી પાછું પડવાનું નથી રે.'*

શ્રીહરિએ બે સેનાનું દૃષ્ટાંત આપીને આ અક્ષરધામ રૂપી નિશાન લેવા માટે વાત કરી છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ તેમાં પુષ્ટિ કરે છે. 'આપણે તો અક્ષરધામમાં જવું છે તેવો એક સંકલ્પ રાખવો.'

## ૨૧. હરિનો મારગ છે શૂરાનો

વળી, સ્વામીએ ત્રીજા પ્રકરણની ચૌદમી વાતમાં કહ્યું કે 'પ્રભુ ભજવા દેહ તો ધર્યો છે, પણ પંચવિષય છે તે દમઘોષના દીકરા જેવા છે. તે ભગવાનને વરવા દેતા નથી.'

રુક્મિણીની સગાઈ દમઘોષના દીકરા શિશુપાલ સાથે થયેલી, પરંતુ તેમણે એકવાર કૃષ્ણ ભગવાનના ગુણો સાંભળ્યા ને તેમનામાં મુમુક્ષુતા જાગ્રત થઈ ગઈ. અને નક્કી કર્યું કે 'વરું તો એક શ્રીકૃષ્ણને જ વરું, નહીંતર જીભ કરડીને મરું, પણ દમઘોષનો દીકરો શિશુપાલ, તેને તો કદી ન વરું.'

સતી પણ શંકર ભગવાનને વરવાનું નક્કી કરીને તપ કરતાં હતાં. તેમની પણ ટેક હતી કે *'કોટી જન્મ લગી રગડ હમારી, વરું શંભુ કે રહું કુંવારી.'*

મીરાંબાઈને પણ અખંડવર એવા ભગવાનનો ચૂડલો પહેરવાની રઢ લાગેલી, તે કહેતી :

*'ઐસે બર કો ક્યા બરે, જો જન્મે ઓર મર જાય,*
*બર બરીએ ગિરધરલાલજી, મ્હારો ચૂડલો અમર હો જાય.'*

ભગવાનને વરવાની આવી તત્પરતાથી અનેક વિઘ્નોને ઓળંગીને આ ત્રણેય ભગવાનને વર્યાં. કઠોપનિષદ ભગવાનને વરવાના - પ્રાપ્ત કરવાના માર્ગને વર્ણવતાં કહે છે :

*'क्षुरस्य धारा निशिता दुरत्यया,*
*दुर्गं पथस्तत् कवयो वदन्ति ।'*

અસ્ત્રાની ધાર ઉપર ચાલવું કઠણ છે, તેમ ખાંડાની ધાર જેવા આ પ્રેમ માર્ગે ચાલવું પણ કઠણ છે. જેને વ્યવહારમાર્ગમાં કશી ગતાગમ ન હોય, તેને પણ લોકો 'ભગત' કહે છે. ખોટા બળદને પણ 'ભગત' કહે છે. ભક્તિમાર્ગમાં ભગત શબ્દની આવી વ્યાખ્યા નથી. આવા ભક્તોથી અક્ષરધામનું નિશાન ન પડે, કારણ કે,

*'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને,*
*પરથમ પહેલું મસ્તક અર્પે, વર્તી લેવું નામ જો ને.'*

હરિનો માર્ગ વિકટ છે, ખૂબ સાવધાની રાખી આ માર્ગે ચાલવું જોઈએ.

*'હરિ કા ઘર દૂર હૈ, જૈસે લંબી ખજૂર,*
*ચડે તો હરિ રસ પાવે, ઔર પડે તો ચકનાચૂર.'*

હરિનું ઘર એટલે અક્ષરધામ, ત્યાં જવા માટે કેવી તૈયારી કરવી, તે અંગે બ્રહ્માનંદ સ્વામી કહે છે :

*'રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવ ભરીએ,*
*રે સમજ્યા વિના નવ નીસરીએ, રે રણમધ્યે જઈને નવ ડરીએ,*
*ત્યાં મુખપાણી રાખીને મરીએ...*
*રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હો રે હો રે યુદ્ધે નવ ચડીએ,*
*જો ચડીએ તો કટકા થઈ પડીએ...*
*રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ,*
*બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ...'*

આ માર્ગે ચાલવું તેમાં કાચાપોચાનું કામ નથી. તેથી આ માર્ગે ચાલતા મરદનું લક્ષણ જણાવતાં તેઓ કહે છે :

*'ટેક ન મેલે રે તે મરદ ખરા જગમાંહી,*
*ત્રિવિધ તાપે રે કેદી અંતર ડોલે નાહીં.*
*નિધડક વર્તે રે દૃઢ ધીરજ મનમાં ધારી,*
*કાળ કરમની રે શંકા દેવે વિસારી.'*

ધ્યેયને પહોંચવા આવા શૂરાતનભર્યા પુરુષાર્થમાં ભગવાનની પ્રાર્થના ભળે તો ધ્યેય સિદ્ધ થાય જ.

બે બાળાઓ નિશાળે જતી હતી. રસ્તે વરસાદ શરૂ થયો. એક બાળા બીજીને કહે : 'આપણે ઊભા રહીએ અને ભગવાનને પ્રાર્થના કરીએ જેથી વરસાદ રહી જાય.'

આ સાંભળી બીજી બાળા બોલી : 'આપણે ઊભા રહીને નહીં, પરંતુ દોડતાં દોડતાં પ્રાર્થના કરીએ, તો ભગવાન આપણી પ્રાર્થના જલદી સાંભળશે !'

આપણે અક્ષરધામના રસ્તે ચાલીએ છીએ, પણ તેમાં મુશ્કેલીઓ આવે તો કેવળ પ્રાર્થના નહીં, પણ ભક્તિ કરતાં કરતાં અક્ષરધામ રૂપી નિશાન તરફ દોડવું. આપણો આ પ્રયત્ન જોઈ ભગવાનને પણ ખાતરી થાય કે આ ખરેખર શૂરવીર છે. એને મને પામવું જ છે.

પછી *'દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મુરારિ !'* એમ કોઈ નાનું બાળક વૃક્ષ ઉપર આંબી ન શકાય તેવી કેરીને લેવા કૂદકા મારતો હોય, તો તેનો આ પ્રયત્ન જોઈ રસ્તે ચાલનારને દયા આવે, અને તેને કેરી તોડી આપે

છે. તેમ શૂરવીર ભક્તનો પુરુષાર્થ જોઈને તેની ઉપર ઈશ્વરકૃપા વરસે છે. આવા દૃઢ શૂરવીર ભક્ત માટે શ્રીહરિ કહે છે : ''તેને તો આ સંસારને વિશે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થાશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી.'' એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે, પણ વચમાં ક્યાંય લોભાવું નથી.'

(૧) માન થાઓ અથવા અપમાન થાઓ.

(૨) દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ.

(૩) શરીર રોગી રહો અથવા નીરોગી રહો.

પ્રથમ આ ત્રણ વિધાનોને આપણે ચાર-ચાર રીતે જોઈએ અને અંતર્દૃષ્ટિ કરી આપણે કઈ રીતના ભક્ત છીએ તે તપાસીએ.

## ૨૨. માન થાઓ કે અપમાન થાઓ

આમાં ચાર વાત સમજીએ. જેમ કે, (૧) માનમાં પડે, (૨) માનમાં પડે નહીં, (૩) અપમાનમાં પડે, (૪) અપમાનમાં પડે નહીં.

### (૧) માનમાં પડે

દ્રવિડ દેશના બ્રાહ્મણ મગનીરામને ભગવાન મેળવવાની લગની લાગી. આ માટે તેણે યુવાવસ્થામાં ગૃહત્યાગ કર્યો. તેણે જાણેલું કે શારદાદેવી પ્રસન્ન થાય તો ભગવાન મળે. ભાગ્યયોગે તેને શારદાદેવી સિદ્ધ કરેલા ગુરુ મળી ગયા. તેણે તેમના દ્વારા શારદાદેવી સાધી. ગુરુ પણ દ્રવિડી હતા. તેમણે મગનીરામને તેમની યુવાન પુત્રી સાથે લગ્ન કરવા કહ્યું, પણ મુમુક્ષુ મગનીરામે ના પાડી અને ચાલી નીકળ્યો. શારદાદેવીના પ્રતાપે તેને સિદ્ધિઓ પ્રાપ્ત થયેલી. તેને તેનું માન આવ્યું અને ભગવાન મેળવવાનું પડ્યું મૂકી સિદ્ધિઓ દ્વારા લોકો ઉપર પ્રભાવ પાડી તેમને ડરાવવાના માર્ગે ચડી ગયો. મોટું શિષ્યવૃંદ ઊભું કર્યું. મોટા મોટા રાજાઓ અને મઠધારીઓને ડરાવીને તેમની પાસેથી તે મોટી રકમ પડાવતો. માનમાં ભગવાનના મારગેથી પડી

ગયો. નિશાન ચુકાઈ ગયું. જો કે પૂર્વના સુકૃતથી માંગરોળમાં બિરાજતા ભગવાન સ્વામિનારાયણનો યોગ થઈ ગયો, પણ એક દાખલો બેસી ગયો કે સિદ્ધિઓના માનથી ભગવાનનો માર્ગ ફંટાઈ જાય છે.

ગોંડલના શેખજીને મહારાજે ઐશ્વર્ય આપી સિંધમાં સત્સંગ કરાવવા આજ્ઞા કરી. રસ્તાનાં ગામોમાં મહારાજે દીધેલા ઐશ્વર્યનો ઉપયોગ કર્યો. તેમની દાઢી સામું જે જુએ તેને સમાધિ થાય ને અક્ષરધામમાં જાય. શેખજીની વાહવાહ થવા લાગી. શેખજીને માન ચડ્યું, સિંધમાં જવાનું મોકૂફ રાખ્યું અને મહારાજને મૂકીને પોતે જ પૂજાવા માંડ્યા. પછી તો મહારાજે ઐશ્વર્ય પાછું ખેંચી લીધું અને શેખજી જેવા હતા તેવા થઈ ગયા.

ભુજના રવજી સુતારનો પણ આવો જ દાખલો છે. કોઈને સારી કથાવાર્તા કરતા આવડે એટલે તેના પ્રસંશકો વધે. આમાં જાણપણું ચૂકે તો પોતાનું સ્વંતત્ર મંડળ કરીને પૂજાવા માંડે અને મોક્ષમાર્ગેથી તેનું પતન શરૂ થઈ જાય. આવા આત્મસંભાવિત એટલે મેળે માવજીભાઈની જેમ પોતાની મેળે જ ગુરુ થઈ પડેલા પોતે તો મોક્ષમાર્ગેથી પડે છે ને તેમની સાથે જોડાયેલાને પણ પાડે છે.

જેમ એક કૉલેજની ટીમ બીજી કૉલેજમાં રમવા જાય, ત્યારે પાંચ પચ્ચીસ વિદ્યાર્થીઓની Cheering Party - પાણી ચડાવનારી પાર્ટી પણ સાથે લઈ જાય. પોતાની ટીમ સારો દેખાવ કરે ત્યારે આ બધા સાથે મળી વાહવાહ કરે. તેમ પૂજાવા મનાવવાના કોડવાળા માની મિથ્યા ગુરુઓ પણ પોતાનું 'વાહવાહ મંડળ' સાથે જ ફેરવતા હોય છે. માનમાંથી પડેલાઓનું વર્ણન કરતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*"જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છઉં કંઈ કામનો રે,*
*ત્યારે કોને વધ્યો કુણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે,*
*જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે,*
*ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે,*
*પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાં રે,*
*તે તો સર્વે ખોયો સાજ, પડ્યો ઠાઉકો જઈ ઠગમાં રે."*

પોતામાં કંઈક ગુણ આવે અને તે ગુણને માને કરીને 'I am something.' 'હું કંઈક છું' એમ પોતે જ પોતાનો મહિમા સમજવા માંડે

અને તેમાંથી તેનું પતન થાય છે.

શ્રીહરિની આજ્ઞા અને પ્રેરણાથી મુક્તાનંદ સ્વામીએ શાસ્ત્રાર્થમાં વડોદરાની સભા જીતી ત્યારે નિર્વિકલ્પાનંદ અને હર્ષાનંદને ઈર્ષ્યા થઈ. તેઓ મોક્ષ માટે જ આવેલા, પણ તેમને પોતાની વિદ્વત્તાનું માન હતું અને તે માનમાંથી ઈર્ષ્યા પ્રગટી અને મહારાજે મુક્તાનંદ સ્વામીને સભા જીતવા મોકલ્યા, પણ 'અમે તો તેના કરતાં પણ વિશેષ વિદ્વાન છીએ માટે અમને મોકલવા જોઈતા હતા. મહારાજને અમારી કોઈ જ કદર નથી.' માનથી આવો ભાવ થયો. જેની પાસે મોક્ષ લેવા આવ્યા હતા તે મહારાજનો જ અભાવ લીધો અને આ માન રૂપી દોષે તેમને ભગવાનના માર્ગેથી ફંગોળી દીધા. તેઓ સત્સંગમાંથી નીકળી ગયા.

ભગવાન અને સંત આપણને જાળવવા સારુ આપણા સંકલ્પ પૂરા કરે આપણે ઘેર પધરામણી કરે, સભામાં હાર પહેરાવે, એમ રાજી કરે ત્યારે આપણને માન આવી જાય કે 'હું પણ કંઈક છું.' આવા પ્રસંગમાં જાણપણું ન હોય તો સત્સંગમાંથી પડી પણ જવાય.

એક ખેડૂત રાજાના વાંકમાં આવ્યો અને રાજાએ તેને રાતોરાત ગામ છોડી દેવા કહ્યું. ખેડૂત હોંશિયાર હતો. તેણે ગામ છોડ્યું નહીં. સવારે નાળિયેર અને સાકરનો પડો લઈ રાજા પાસે ગયો. તેને જોઈને રાજા ગુસ્સે થઈ ગયો ને બોલ્યો : 'હજુ તેં ગામ છોડ્યું નથી ?'

ખેડૂતે કહ્યું : 'બાપુ ! હું તો ઘરવખરી લઈને રાત્રે નીકળી જ ગયો હતો, પણ ગામની પાદરે જ મને આપે ભગવાનરૂપે દર્શન દીધાં. આપે માથે મુગટ ધારણ કરેલો અને ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં. આપના આવાં દર્શનથી મને થયું કે, 'મારા રાજા તો સાક્ષાત્ ભગવાન છે ને મેં તેમનો અપરાધ કર્યો તે મોટું પાપ કર્યું.' માટે મેં માનતા કરેલી કે આપને આ ભેટ ધરીને પછી જ જવું. તેથી આ માનતા પૂરી કરવા આવ્યો છું.'

આ સાંભળીને રાજાની પાસે બેઠેલા દીવાને રાજાને પૂછ્યું : 'હેં રાજા સાહેબ ! આપે આ ખેડૂત કહે છે તેવી રીતે દર્શન આપેલા ? શું આપ ભગવાન છો ?'

રાજાને પણ ભ્રમ પડી ગયો. તેણે કહ્યું : 'આ ખેડૂત કહે છે તો હું ભગવાન હોઉં તો હોઉં.' રાજા વખાણમાં લેવાઈ ગયો ને 'હું ભગવાન છું'

એવું મનાઈ ગયું.

શ્રીજીમહારાજ વખતે પણ કોઈ કોઈને 'હોઉં તો હોઉં' તેવું થઈ ગયેલું. સાડાબાર ભગવાન થઈ ગયેલા ! માનને લઈને વખાણમાં લેવાઈ જવાય તો અક્ષરધામ રૂપી નિશાન ચૂકી જઈએ.

## (૨) માનમાં પડે નહીં

શ્રીહરિના પરમહંસવૃંદે કેવી કેવી વિભૂતિઓ હતી તે જાણીએ. જેના એક એક રૂંવાડાંને વિશે અનંત કોટી બ્રહ્માંડો અણુની પેઠે ઊડતા ફરે તેવા અક્ષરબ્રહ્મ ગુણાતીતાંનદ સ્વામી, ગ્રહણની ગતિ બદલી શકે તેવા અષ્ટાંગયોગી ગોપાળાનંદ સ્વામી, કવિકર્મમાં માહેર એવા બ્રહ્માનંદ સ્વામી, મરેલી ઘોડીને જીવતી કરે એવા વ્યાપકાનંદ સ્વામી - નામાવલી ઘણી લાંબી થઈ શકે. આવા ઘણા ઐશ્વર્યસંપન્ન પરમહંસો શ્રીહરિના વૃંદમાં હતા. તેઓ એક એક જુદો સંપ્રદાય ચલાવે તેવા સમર્થ હતા. તેમની વાહ વાહ કરનારાય ઘણાં હતાં. છતાંય તેઓ શ્રીહરિની ભક્તિમાંથી ડગ્યા નહીં. સર્વ પ્રકારના માનને છોડીને શ્રીહરિના દાસ થઈને રહ્યા એ જ શ્રીહરિનું સર્વોપરિપણું ને આવા સમર્થ પરમહંસોનું નિશાન ઉપરનું તાન.

શાસ્ત્રીજી મહારાજના સમયમાં વસોવાળા મગનભાઈએ અદ્‌ભુત કથાવાર્તા દ્વારા આફ્રિકાખંડમાં હજારો સત્સંગીઓ કરેલા, તે બધાને અક્ષર પુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરાવીને શાસ્ત્રીજી મહારાજમાં જોડેલા. તેમને માન આપનારા ઘણા હતા, છતાં પોતે ગુરુ થયેલા નહીં. તેમને તો શાસ્ત્રીજી મહારાજને રાજી કરવાનું તાન હતું. યોગીજી મહારાજની સાધુતાનો પ્રભાવ અનેક લોકો ઉપર હતો. બધા તેમના તરફ માનથી જોતા હતા, છતાંય યોગીજી મહારાજ તો દાસાનુદાસ થઈને જ રહ્યા. તેઓ કહેતા : 'મને તો મારી જયંતી ઊજવે એ ન ગમે. મને તો પૂજાવાનો અંકુર પણ નહીં. કોઈ હાર પહેરાવે તે ન ગમે. દંડવત્ કરે, જય બોલાવે તે ન ગમે. આ હું નિષ્કપટ ભાવે કહું છું.'

૧૯૫૩ની ઉત્તર ભારતની ધર્મયાત્રામાં છપૈયા સ્ટેશને સ્વામીશ્રી માટે સાત હાથી આવેલા. યોગીજી મહારાજ હાથી ઉપર બેઠા નહીં. સલાડમાં મણીભાઈ ભટ્ટે શાસ્ત્રીજી મહારાજ પાસે આજ્ઞા કરાવીને શાસ્ત્રીજી મહારાજ

સાથે યોગીજી મહારાજને પરાણે હાથીએ બેસાડ્યા. યોગીજી મહારાજ હાથીએથી જ્યારે ઊતર્યા ત્યારે મણીભાઈને કહ્યું : 'મણીભાઈ ! તમે આજે મારી લાજ લીધી.' પ્રતિષ્ઠાને શૂકરીવિષ્ટા માનનારામાં માન ક્યાંથી સંભવે ? પછી તેમાંથી ડગવાનું તો હોય જ નહીં.

૧૯૮૫માં લંડનમાં વીસેક હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રમુખ-સ્વામી મહારાજનો સુવર્ણતુલા મહોત્સવ ઉજવાયો. મહોત્સવની આ સભા પછી સ્વામીશ્રી મોટરમાં બેસીને સાહજિકપણે શાંતિથી દેશથી આવેલી ટપાલો વાંચવા માંડ્યા. જાણે સુવર્ણતુલા મહોત્સવ થયો જ નથી ! ૧૯૯૨માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યોજાયેલ ભવ્યાતિભવ્ય ભારતીય સાંસ્કૃતિક મહોત્સવે પધારેલા મહાનુભાવોએ સ્વામીશ્રીને કહ્યું : 'આપે આ મહોત્સવ દ્વારા તો કમાલ કરી નાખી.'

ત્યારે સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'આ બધો ભગવાનનો પ્રતાપ છે આપણાથી તો કાંઈ થઈ શકે તેમ નથી.' માન-સન્માનમાં ભગવાનનું નિશાન ચૂકવાનું નહીં. પાટનગર ઓટાવામાં કેનેડાની પાર્લામેન્ટે સ્વામીશ્રીનું સન્માન કર્યુ. ત્યારે સન્માન ઝીલવા, ઠાકોરજી જે સંતના હાથમાં હતા તેમને ઊભા કર્યા ત્યાર પછી પોતે ઊભા થયા.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિએ સ્વયંસેવકોની સભામાં સ્વામીશ્રી બોલેલા : 'મેં તો કેવળ ખુરશી જ શોભાવી છે, તમને બધાને કરોડ કરોડ દંડવત્ કરું તોયે ઓછા છે.' સંસ્થાનાં સર્વ કાર્યોની પ્રેરણામૂર્તિ પોતે હોવા છતાં કોઈપણ કાર્યનો જશ લેવા સારુ તેઓ તૈયાર નહીં. લાખો લોકોને તેમણે સત્સંગ કરાવ્યો છે. દેશવિદેશના ભણેલા-ગણેલા સેંકડો યુવાનોને સંસાર ત્યજાવી સાધુ કર્યા છે. દેશવિદેશમાં નાનાં મોટાં સેંકડો મંદિરો બાંધ્યાં છે. સમાજોપયોગી અનેક કાર્યો કર્યાં છે છતાં કોઈ દિવસ એમ બોલ્યા નથી કે, 'જુઓ આ મારી સિદ્ધિઓ.'

એક ફોટોગ્રાફરે સ્વામીશ્રીને કહ્યું : 'તમે જરા છાતી કાઢીને ઊભા રહો તો ફોટો સારો આવે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'મેં કોઈ દિવસ છાતી કાઢી નથી, એટલે એ મને નહીં ફાવે.'

સ્વામીશ્રીના જીવનકાર્યને ભાવાંજલિ અર્પવા સત્સંગીઓને સ્વામીશ્રીનો

'અમૃત મહોત્સવ' ઉજવવો હતો. સ્વામીશ્રી આ બાબતે ઉદાસીન હતા. તેમણે આ બાબતે કહેલાં વચનો સાંભળીએ...

**'ભજન, દર્શન, કથા અને સેવા એથી વિશેષ અમૃત કયું ? એ થાય એ અમૃત મહોત્સવ. હું ને મારું છૂટે, હરખ શોક થાય નહીં. આવા ઉત્સવ રોજ રોજ કરીએ.'**

તા. ૨૭-૧૦-૧૯૯૪માં રાજકોટ મંદિરે એક ગોષ્ઠિમાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'મને ચઢાવનાર મને ઊંચે ચઢાવવા ઘણી વાતો કરતા હતા. પણ મારે નહોતું ચઢવું.' પોતાની મેળે નિસરણી લઈ ચઢી જનારા ઘણા હોય છે. જ્યારે સ્વામીશ્રીને ઘણા ચઢાવવા પ્રયત્ન કરે છતાં તેઓ તો દાસ રહેવામાં જ માને છે. ૧૯૯૧માં અક્ષરધામ ઉદ્‌ઘાટન પ્રસંગે ગૌરાંગ ચટ્ટોપાધ્યાય નામે એક મહાનુભાવ સ્વામીશ્રીનું નિર્માનીપણું જોઈને બોલી ઊઠ્યા : ''અમે અત્યાર સુધી એમ સમજતા હતા કે આગળ આવવું હોય તો 'હું કાંઈક છું' એમ સમજવું પડે. પણ સ્વામીશ્રી તો તદ્દન અહંશૂન્ય રહીને આગળ આવ્યા છે. આ જોઈને અમારી સમજ જ બદલાઈ ગઈ.''

મુક્તાનંદ સ્વામી માનથી જરાય વિચલિત ન થાય તેવા સંતોનું લક્ષણ જણાવતાં કહે છે :

*'સબ ગુણ પૂરન પરમ વિવેકી, ગુન કો માન ન આવે,*
*સંતજન સોઈ સદા મોહે ભાવે.'*

ભક્તો ને ગુણાનુરાગીઓ સ્વામીશ્રીનાં ઘણાં સન્માન કરે છે. બીજો સામાન્ય તો, આવાં સન્માનોમાં ફૂલીને ફાળકો થઈ જાય, પણ જેમને માનનું જ ભાન નથી એવા સ્વામીશ્રીને માન પાડી શકે જ નહીં.

## (૩) અપમાનમાં પડે

અપમાનમાં કલ્યાણના માર્ગેથી ન પડવું એ ખાંડાના ખેલ છે. મોટા ભાગના જ્ઞાની-અજ્ઞાની, ભક્ત-અભક્ત આમાં પડ્યાં છે. દુર્વાસા મોટા ઋષિ હતા, છતાં અજાણે થઈ ગયેલ અપમાન પણ સહન કરી શકતા નહીં ને શાપ દઈ દેતા. વિશ્વામિત્રને પણ આવું જ હતું.

તાવીથી દેવળીયા જતાં રસ્તે વૃક્ષ નીચે મહારાજ બિરાજ્યા. કોઈ સંતે મુક્તાનંદ સ્વામી માટે ધાબળી પાથરી ને તે ઉપર પૂર્ણાનંદ સ્વામી બેસી

ગયા. મહારાજે કહ્યું : 'કોઈએ માનની મૂર્તિ દીઠી ? માથે રૂમાલ ને ખભે સરોદો છે તે માનની મૂર્તિ.' પરીક્ષા લેવા સારુ મહારાજે તેમના માનનો થાંભલો હલાવ્યો ને પૂર્ણાનંદ સ્વામીને આ અપમાન હાડોહાડ લાગી ગયું. તેમનો થાંભલો હલી ગયો ને ત્યાગાશ્રમ છોડી દીધો.

દુષ્કાળ વખતે સદાવ્રત ચલાવતા જીવાખાચરના દાણા ખૂટી ગયા. મહારાજે વસ્તાખાચર પાસે દાણા ને રૂપિયા અપાવ્યા. તેમણે રાજી થઈને આપ્યા. પછી મહારાજે અલૈયાખાચરને કહ્યું : 'તમે પણ હજાર રૂપિયા આપો. આવતે વર્ષે જીવાખાચર આપી દેશે.' પણ અલૈયાખાચરે આપ્યા નહીં.

ત્યારે મહારાજ બોલ્યા : 'વસ્તા જેવો અલૈયો નહીં.' અને તેમને આ અપમાન લાગ્યું ને સત્સંગમાંથી તેઓ પડી ગયા.

'મંદિરની શેતરંજી ન બગડે તેથી પગ ધોઈને આવજો.' એવાં હિતવચન કોઈને કહે તો તેને માની માણસો અપમાન માનીને મંદિરમાં આવતા બંધ થઈ જાય છે.

પોતે સેવા કરી હોય તેની નોંધ લેવાનું ભૂલી જવાયું હોય, મંદિરમાં સરખો ઉતારો ન મળ્યો હોય, કોઈ સ્વયંસેવકે મોટર કે સ્કૂટર સરખી રીતે પાર્ક કરવાનું કહ્યું હોય, સ્વામીશ્રી આરામમાં હોય ને સ્વયંસેવકે રૂમમાં આવતાં અટકાવ્યા હોય, પોતાની મેળે પોતાને મોટા માની લીધેલ કોઈ વ્યક્તિને સ્વયંસેવકે સભામાં આગળ ન બેસાડ્યા હોય - આવાં આવાં કારણોને પોતાનું અપમાન માનીને જે સત્સંગમાંથી પડી જાય છે, તો સમજવું કે તેમને નિશાન ઉપર નજર નથી.

## (૪) અપમાનમાંય ન પડે

જીવનસંગ્રામમાં અપમાન એ મોટામાં મોટી કસોટી છે. "The deepest feeling of every human being is craving to be appriciated." મને કોઈ વખાણે એવી અભીપ્સા માનવમાત્રના અંતરતલમાં પડેલી જ હોય છે. દરેક માનને ઈચ્છે છે ને તે ન મળે અને ઊલટાનું અપમાન થાય ત્યારે તેને મરણતુલ્ય દુઃખ થાય છે. તેમાંય જે પ્રતિષ્ઠિત હોય તેને તો તેનું અપમાન મરણથીય અધિક દુઃખદાયી મનાય છે. મંદિરમાં સારો ઉતારો ન મળ્યો, વી.આઈ.પી.માં જમવાનું ન મળ્યું, કસમયે સ્વામીશ્રીનાં દર્શને

જવાનો આગ્રહ કર્યો હોય ને સ્વયંસેવકે અટકાવ્યા હોય, સભામાં આગળ બેસી ગયા હોય ને સ્વયંસેવકે ઉઠાડ્યા હોય વગેરે બાબતોને પોતાનું અપમાન માનીને ત્રણ પેઢીના સત્સંગને પણ તિલાંજલિ આપી દેનારા કોઈ કોઈ હોય છે. ભલભલા આવી કસોટીમાં નિશાન ચૂકી ગયા છે ને આમાં જે પાર પડ્યા તે ખરેખરા શૂરવીર કહેવાય. સારાંશ એટલો કે સારા ઉતારાની, સારી ભોજનવ્યવસ્થાની, આગળ બેસવાની વગેરે અપેક્ષાઓ પડવાનાં ઠેકાણાં છે. લૌકિક માર્ગમાં ઠેરઠેર અપમાનો થતાં જ હોય છે. ઑફિસમાં બોસ દ્વારા થતું અપમાન સહન કરે છે, કારણ કે પગાર ઉપર તાન; લગ્નમાં સાસુ નાક ખેંચી અપમાન કરે છે તે સહન કરે છે, કારણ કે તેની કન્યા લેવા ઉપર તાન; ઘરમાં પત્ની અને છોકરાનાં અપમાન સહન કરે છે, કારણ કે સ્વાર્થીલું હેત. ભિખારી અપમાન સહન કરે છે, કારણ કે ભૂખનું દુઃખ. અપમાન ગુલામ પણ સહન કરે છે, કારણ કે તે ગુલામ છે.

આમ, લૈકિક માર્ગે તો લોકો સ્વાર્થથી ને પરિસ્થિતિને વશ થઈ અપમાનો સહે છે, પણ અલૌકિક માર્ગે - ભગવાનના માર્ગે અપમાન સહન થતું નથી.

નિષ્કુળાનંદ સ્વામી આનું કારણ કહે છે : *'ખોળી ખોળીને ખોળિયું, ખરા ખપવાળાની ખોટ રે.'* ખપની ખામી તેનું નિશાન ચુકાવી દે છે. મોક્ષના ખપવાળાને ભીમનાથના રાંકા જેવો ખપ જોઈએ. દુષ્કાળના સમયમાં ભીમનાથ મંદિરની બારીએથી સાધુઓ રાંકાઓને કડછો ઘઉંનું થૂલું આપતા હતા. થૂલું લેવા રાંકા ભીંસ કરે, તો બાવા કંટાળીને ધક્કો મારે, છતાં અપમાન સહીને રાંકાઓ પાછા એ જ બારીએ આવે. કારણ કે બળબળતા દુકાળમાં આ બારી સિવાય કોઈ ઠેકાણે કડછો થૂલું મળવાનું નહતું.

કૈકેયીનાં વચને દશરથ રાજાએ રામચંદ્ર ભગવાનને ૧૪ વર્ષનો વનવાસ આપ્યો. સીતાજી પણ પતિને અનુસર્યાં. પોતાની પત્ની ઉર્મિલાની વિદાય લઈ ભાઈ લક્ષ્મણ પણ રામની સેવામાં નીકળી પડ્યા. લક્ષ્મણજી સીતામાતાને પગે લાગતા, પણ કોઈ દી તેમના મોઢા સામું જોયું ન હતું. લક્ષ્મણજી અનન્ય નિષ્ઠાથી રામની સેવા કરતા હતા. રામને વનમાંથી પાછા વાળી તેમને ગાદીએ બેસાડવાના હેતુથી ભરત રામની પાછળ આવ્યા. રામ પાછા તો ન આવ્યા, પણ ભરતની ભક્તિ જોઈ રામે લક્ષ્મણને જરા અપમાનજનક શબ્દો

કહ્યા : 'તારી ભરત જેવી ભક્તિ નથી.' છતાં રામભક્ત લક્ષ્મણજીને જરાય ખોટું ન લાગ્યું.

એકવાર સીતાના આગ્રહથી રામ લક્ષ્મણને સીતાજીનું રક્ષણ કરવાનું કહીને સુવર્ણ મૃગ લેવા ગયા. મૃગનું રૂપ ધારણ કરેલા મારીચિએ 'હે લક્ષ્મણ ધાજે' એવી રામના અવાજમાં ખોટી બૂમ પાડી. આ અવાજથી ભોળવાઈને સીતાએ લક્ષ્મણને રામની મદદ કરવા જવા કહ્યું. લક્ષ્મણ તો જાણતા હતા કે શ્રીરામ તો સર્વ શક્તિમાન છે. તેમને મારે તેવો કોઈ છે જ નહીં. એટલે સીતાનો આગ્રહ હોવા છતાં સીતાની રક્ષા કાજે રોકાયેલા લક્ષ્મણ રામની મદદે ગયા નહીં.

આથી, સીતા ગુસ્સે થઈ ગયાં ને છેલ્લી કક્ષાનાં અપમાનજનક વેણ બોલ્યાં : 'તું મિત્ર રૂપે અમારો શત્રુ લાગે છે. મારી પ્રાપ્તિ માટે રામની રક્ષામાં નથી જતો તેથી જ રામનું દુ:ખ તને પ્રિય લાગે છે.'

છતાં લક્ષ્મણે જવાની ના પાડી. પછી તો સીતાએ અસહ્ય શબ્દો સંભળાવ્યા :

'अनार्य अकरुणारम्भ नृशंस कुलपांसन ।
अहं तव प्रियं मन्ये रामस्य व्यसनं महत् ॥'

'હે અનાર્ય ! નિર્દય ! હિંસક ! કુળને લાંછન કરનાર ! શ્રીરામ કોઈ ભારે આપત્તિમાં આવી પડે એ જ તને પ્રિય છે, એમ હું માનું છું.'

આવા અપમાનકારક શબ્દો સાંભળવા છતાં લક્ષ્મણ હાથ જોડીને કહે છે : 'તમે મારા માટે દેવીરૂપ છો.' છેવટે આગ્રહ થતાં લક્ષ્મણજી પર્ણકુટીર આગળ રેખા દોરીને, સીતાજીને તે ન ઓળંગવાનું કહીને, વનદેવતાને સીતાજીની રક્ષા કરવા પ્રાર્થના કરીને ગયા.

લક્ષ્મણને આવતો જોઈ રામ ગુસ્સે થયા : 'સીતાને એકલાં મૂકી કેમ આવ્યો ?' એમ કહી અતિશય ઠપકો આપ્યો. દાઝ્યા ઉપરનાં ડામ જેવાં આ વચનો લક્ષ્મણજીએ નમ્રતાથી સ્વીકારી લીધાં. તેમને આવાં અપમાનોમાં પણ સીતાજી કે શ્રીરામનો અવગુણ ન આવ્યો, કારણ કે તેમને સીતારામને પ્રસન્ન કરવાનું તાન હતું.

અંબરીષ રાજાએ એકાદશીનું વ્રત કરેલું. તેના ઉદ્યાપનમાં દુર્વાસાઋષિ અતિથિ રૂપે આવી ચડ્યા. રાજા રાજી થયા. ઋષિ ભોજન પૂર્વે સ્નાન કરવા

ગયા. સ્નાનમાં વેળ થઈ. પારણાનું મુહૂર્ત જતું હતું, તેથી બ્રાહ્મણોના આગ્રહથી રાજાએ તુલસીના પત્ર ઉપર પાણીનું ટીપું મૂકીને તેનાં પારણાં કરી લીધાં.

દુર્વાસાને આ ખબર પડી એટલે તેમનો ક્રોધ આસમાને ગયો. તેમણે અંબરીષનું ભયંકર અપમાન કર્યું ને ભાન ભૂલી અંબરીષને મારી નાખવા માટે પોતાની લટ ખેંચીને એક કૃત્યા પેદા કરી. ભક્ત અંબરીષની રક્ષામાં ભગવાને મૂકેલું સુદર્શન ચક્ર કૃત્યાને બાળીને દુર્વાસાને મારવા તૈયાર થયું. દુર્વાસાઋષિ ગભરાઈને રક્ષા માટે બધે ભટક્યા, પણ કોઈએ તેમની રક્ષા કરી નહીં. છેવટે વિષ્ણુ ભગવાન પાસે જઈ રક્ષા માગી. ભગવાને કહ્યું : 'એક વખત છૂટેલું મારું આ ચક્ર નિશાન લીધા વગર પાછું ન વળે, પણ એક ઉપાય છે જો અંબરીષ તમને માફી આપે તો પાછું વળે.' દુર્વાસા જીવ બચાવવા નીચી મુંડીએ અંબરીષ પાસે ગયા. આ રઝળપાટમાં વરસ વીતી ગયું, ત્યાં સુધી અંબરીષ ખાધાપીધા વગર અતિથિ દુર્વાસાની પ્રતીક્ષામાં હતા.

દુર્વાસા અંબરીષના પગમાં પડી ગયા. અંબરીષે તેમને એકદમ ઊભા કરી, પ્રણામ કરીને કહ્યું : 'હે સુદર્શનજી ! દુર્વાસા જ્યારે પ્રથમ વખતે આવ્યા ને તે વખતે મને તેમના પ્રત્યે જેવો ભાવ હતો, તેવો ને તેવો ભાવ અત્યારે હોય તો તમે પાછા વળી જાઓ' ને સુદર્શન પાછું વળી ગયું. આવા ઘોર અપમાનમાંય અંબરીષ ડગ્યા નહીં, કારણ કે તેઓ શૂરવીર ભક્ત હતા.

તુકારામને અજ્ઞાની લોકોએ માથે મુંડો કરી, ચૂનો ચોપડી, ગળે ગાજરની માળા પહેરાવી, અવળે ગધેડે બેસાડી, હુરિયો બોલાવી ગામમાં ફેરવ્યા તોયે હસતા રહ્યા, કારણ કે તેમને વિઠ્ઠલનું વેઝું હતું.

ભગવાન સ્વામિનારાયણને વનવિચરણમાં એક સદાવ્રતી જગ્યામાં બાવાએ ૧૭ વખત જમતાં ઉઠાડ્યા હતા. આવું અપમાન સહીને જગ્યાનું કલ્યાણ કરવા અઢારમી વખત બે ગ્રાસ જમીને અપમાનને ઓછામાં ઓછું સત્તર વખત સહી લેવાનો દાખલો બેસાડ્યો હતો. શ્રીહરિનાં આણંદ વગેરે સ્થાનોએ અપમાનો થયેલાં છતાં તે સહન કરીને, *'જેના નિર્માની ભગવાન તેના જનને જોઈએ કેમ માન ?'* એ સિદ્ધાંત મુમુક્ષુઓને સમજાવ્યો હતો.

હિંદુસ્તાનની મોટી મોટી જગ્યાઓના મહંતો, પ્રખર પંડિતો, ગરાસદારો, તાલુકાદારો, વતનદારો, શેઠિયા, શાહુકારો ને અન્ય પ્રતિષ્ઠિતો શ્રીહરિના પ્રભાવથી ખેંચાઈને સાધુ થઈ ગયા હતા. શ્રીહરિના પરમહંસોને

સ્વામિનારાયણના મૂંડિયા કહીને વૈરાગીઓ અપમાન કરતા, મારતા, છતાં તેઓ 'ગાળ, અપમાન ને તિરસ્કાર એ તો સાધુ તણા શણગાર' માનીને બધું સહન કરતાં. 'પડ્યા પર પાટુ'ની જેમ શ્રીહરિ પણ તેમનું ભયંકર અપમાન કરતા, તિરસ્કાર કરતા, છતાં આ મોક્ષભાગી પરમહંસો ડગતા નહીં. 'અપમાન થાય ત્યાં રહેવું' એ શ્રીહરિનું વર્તમાન તેમણે સાર્થક કરેલું હતું.

સત્સંગના થાંભલા સમાન સંત મુક્તાનંદ સ્વામી વિચરણ દરમ્યાન સારંગપુરથી પસાર થતા હતા. તેમને ખબર પડી કે શ્રીહરિ અહીં જ છે. તેથી તેઓ દર્શન માટે જીવાખાચરના દરબારમાં આવ્યા.

મહારાજે કહેવડાવ્યું કે 'દર્શન નહીં થાય, ચાલ્યા જાવ.' મુક્તાનંદ સ્વામી મુંઝાયા નહીં. તેમણે *'બાળ સનેહી રે મોહન મુજને ગમતા'* એવાં આઠ પદ રચી મહારાજને મોકલાવ્યાં. મહારાજ તેમના વિનયની ભાવના જોઈ રાજી થયા ને પછી મળ્યા.

બ્રહ્માનંદ સ્વામી કરિયાણા આવ્યા. શ્રીહરિ કાળા મકવાણાને ઘેર છાના રહેતા. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પણ મળવાની ના કહી, એટલું જ નહિ પણ સમાચાર લાવનાર છોકરાને કહ્યું : 'તેમને ધક્કા મારીને કાઢી મૂકજે.'

તેમણે આ અપમાનલીલાનાં *'સુણો ચતુર સુજાણ, એમ ન ઘટે રે તમને દીનાનાથને.'* એવાં ચાર પદો લખીને મોકલાવ્યાં.

પછી મહારાજ મળ્યા. પછી મહારાજે પૂછ્યું : 'સુખી છોને ?'

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'રોજ જે ગામમાં જઈએ ત્યાં ચંદન, પુષ્પ ને ગુલાલથી પૂજા થાય છે, એટલે કે માટી, પથ્થર અને ધૂળથી લોકો સન્માને છે.' આવાં અપમાનોમાં પણ સંતો શ્રીજીનો છાલ કે સાથ છોડતા નહીં.

શ્રીહરિ ગઢપુરમાં હોય ને સંતો છેક ગુજરાતથી દર્શને આવ્યા હોય છતાં અપમાન કરી કાઢી મૂકતા, છતાં સંતો ઝાંખા પડતા નહીં.

શ્રીહરિએ પોતાના અનન્ય સેવક મૂળજી બ્રહ્મચારીનું પણ જાહેરમાં અનેકવાર અપમાન કરેલું. તેમાં એક અગ્નિપરીક્ષા જેવો પ્રસંગ બન્યો. ભાદરામાં મૂળજી બ્રહ્મચારી શ્રીહરિની મોજડીને કૂણી કરવા તેલ ચોપડતા હતા. વશરામ સુતારે આ સેવા પરાણે માગી લીધી. મહારાજ આ જોઈ ગયા ને વર્ણીનું અપમાન કરીને કહ્યું : 'તમને સેવા સોંપી ને તમે બારોબાર બીજાને ભળાવી ? જાવ તમે આજથી વિમુખ. તમારે પગરખાં પહેરવાં નહીં

ને ગળ્યું-ચીકણું ખાવું નહીં.' આમ કહી સેવામાંથી ફારેગ કર્યા.

બ્રહ્મચારી ડભાણ આવ્યા. ત્યાં રામદાસ સ્વામીને મળ્યા. સ્વામીએ મહારાજને કેરીઓ મોકલાવવી હતી. તેમણે બ્રહ્મચારીને તે લઈ જવા કહ્યું. દોઢ મણ કેરીનો ટોપલો માથે લઈ, ઉનાળાની તીવ્ર ગરમીમાં પગરખાં વિના ચાલીને તેઓ ગઢપુર આવ્યા. મહારાજ આગળ ટોપલો મૂક્યો. મહારાજે સામુંય જોયું નહીં, 'જય સ્વામિનારાયણ' પણ કર્યા નહીં.

પછી બ્રહ્મચારી ગામમાં સત્સંગી સુતારણ બાઈને ઘેર ગયા. બાઈએ સીધું આપ્યું તો બ્રહ્મચારીએ કોરાં ભાખરાં બનાવ્યાં.

બાઈએ પૂછ્યું : 'ઘી, ગોળ કેમ વાપર્યાં નહીં ?'

બ્રહ્મચારીએ બધી વાત કરી કહ્યું કે 'છ મહિનાથી મહારાજે રજા આપી છે અને ગળ્યું-ચીકણું ન ખાવાનો નિયમ આપ્યો છે.'

બાઈ કહે : 'ચાલો મહારાજ પાસે. હું ત્યાં મહારાજને વાત કરું.'

બાઈ દરબારમાં આવીને મહારાજને કહે : 'તમે આવા નમેરા કેમ થઈ ગયા છો ? બાપડા આ બ્રહ્મચારી આવ્યા તો પણ વિવેક ખાતરેય 'જય સ્વામિનારાયણ' કહ્યા નહીં. સેવામાંથીય કાઢી મૂક્યા ?'

મહારાજ હસતાં હસતાં કહે : 'અમે ક્યાં સેવાની ના પાડીએ છીએ ?'

પછી બ્રહ્મચારીએ રસ કાઢી મહારાજને જમાડ્યા ને સેવામાં આવી ગયા. 'મેરુ ડગે પણ મૂળજી ન ડગે' તે આનું નામ.

જેવો પરમહંસોને મોક્ષનો ખપ હતો, તેવો હરિભક્તોને પણ મોક્ષનો ખપ હતો. હરિભક્ત શિરોમણિ દાદાખાચરે તો શ્રીહરિને તન, મન ને ધન ન્યોછાવર કરેલું, છતાં શ્રીહરિએ તેમની પણ તાવણી કરવામાં કંઈ બાકી રાખ્યું ન હતું.

એકવાર મહારાજ દાદાને કહે : 'દાદા, બે હજાર રૂપિયા આપ.'

દાદો કહે : 'સવારે આપીશ.'

મહારાજને આ વિલંબ ગમ્યો નહિ. તેઓ સવારે ચાર વાગે ઊઠીને રિસાઈને ચાલવા માંડ્યા. દાદાને ખબર પડી તેથી તેઓ પાછળ દોડ્યા. મહારાજને પગે પડ્યા. મહારાજે અપમાન કરી જોરથી દૂર ફેંકી દીધા ને આગળ ચાલ્યા. આવું ત્રણ વખત બન્યું. દાદો મહારાજને પાછા વાળવા પગે બાઝી પડે ને મહારાજ દૂર ફેંકે. પછી મહારાજે આગળ જઈ પાછું વળી જોયું

તો દાદાખાચરને ઘણું વાગ્યું હતું ને તેઓ રડતા હતા, ધ્રૂજતા હતા. મહારાજની પરીક્ષામાં દાદો પાસ થઈ ગયા. મહારાજે તેમને છાતીમાં દાબ્યા અને બોલ્યા : 'અમે હવે તારે ત્યાં નિરંતર રહીશું.'

આ પ્રસંગ ઉપર શ્રીહરિએ ગઢડામાં કરિયાણાના ઓઢાખાચરને કહ્યું : ''દાદાનું અમે દોષ વિના સભામાં અપમાન કરીએ છીએ તથા 'કશું સમજતા નથી' એમ કહીએ તો પણ તેમનું મુખ પ્રફુલ્લિત રહે છે. એવા તે અમૂલ્ય હરિભક્ત છે. તે અપમાન થવા છતાં ક્ષોભ પામતા નથી. એવા સંતો-ભક્તો અમારાં સગાંવહાલાં છે. તે વિનાના બીજા ભેગા રહેતા હોય તો પણ અમને આનંદ થાય નહીં !'' (શ્રીહરિચરિત્રામૃત સાગર : ૨૬/૧૯)

વડતાલના જોબનપગીએ મહારાજને કહ્યું : 'તમે અપમાન કરો તો પણ અમે સહન કરીએ છીએ. સંત તરફનું દુઃખ ક્યારેય લાગતું નથી, કારણ કે જીવના એ સાચા સંગી છે, એમ જાણીને અમે પ્રીત કરી છે.' (શ્રીહરિ-ચરિત્રામૃત સાગર : ૮/૬૨)

નાથભક્ત ને ઉમાભાઈ બે જણા વિરણનો પંખો ભીંજવી મહારાજને પવન નાખતા હતા. આ બે ભક્તો એવા હતા કે શ્રીહરિ રીઝે-ખીજે પણ મગન રહેતા. તેને પણ શ્રીહરિની કૃપા માની તેઓ ઝાંખા પડતા નહિ, હસતે મુખે રાત-દિવસ સેવા કરતા. શ્રીહરિ વારંવાર વઢે તો પણ દોષ ગ્રહણ કરતા નહિ. એવા સેવક જ શ્રીહરિ નજીક ટકી શકે ને એવા ભક્તો ઉપર શ્રીહરિને હેત ને કૃપા થાય છે. (શ્રીહરિચરિત્રામૃત સાગર : ૯/૧૮)

એકવાર શ્રીહરિએ માંગરોળના આણંદજી સંઘેડિયાની પરીક્ષા લેવા સારુ તેમને વિમુખ કર્યા ને ગામના હરિભક્તોને કહ્યું કે ''આમને મંદિરે આવવા દેતા નહિ. મંદિરની બહાર દરવાજે બેસે તેનો વાંધો નહિ. બધાયે તેને જોઈ 'હડ કૂતરી, હડ કૂતરી' એમ બોલવું.'' આ પ્રકરણ છ મહિના ચાલ્યું. મહારાજ ભુજ થઈ પાછા માંગરોળ આવ્યા તો આણંદજી દરવાજા પાસે ઊભા રહી મહારાજનાં દર્શન કરતા હતા ને દંડવત્ કરતા હતા. પોતાના પહેરેલા સ્વચ્છ લૂગડાથી હરિભક્તોના જોડા સાફ કરી ગોઠવતા હતા. મહારાજ તેમનો ખપ જોઈ રાજી થયા ને પાછા સત્સંગમાં લીધા.

માનકૂવાના ગામધણી આદાભાઈનું પણ મહારાજે અપમાન કરી આકરી કસોટી કરી હતી, છતાં તેમણે પારોઠનાં પગલાં ભર્યાં નહિ.

ગુણાતીત ગુરુપરંપરાએ પણ અપમાનો સહીને ગમે તેવી મુશ્કેલીમાં પણ મેદાન ન છોડવાનો દાખલો આપણા માટે બેસાડ્યો છે.

ગુણાતીતાનંદ સ્વામીનું ૧૯૨૧ની સાલમાં વડતાલમાં ભરીસભામાં સંતો દ્વારા અપમાન થયું. પછી તેમને કથા કરવાનું થયું, છતાં અપમાન સંબંધી એક પણ શબ્દ વાતમાં લાવ્યા નહીં. ઓછી સમજણવાળા બીજા કોઈનું આવું અપમાન કર્યું હોય તો તેને હૃદયરોગનો હુમલો જ આવી જાય.

ભગતજી મહારાજનું તો ગુણાતીતાનંદ સ્વામીએ અપમાનપ્રૂફ બખતર ઘડી દીધેલું. જેથી ગમે તેવી અપમાનની ઝડીઓ તેમના ઉપર વરસતી છતાં તેમનો કેફ મોળો પડતો નહિ.

અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત પ્રવર્તાવવામાં શાસ્ત્રીજી મહારાજે પણ અપમાન ને તિરસ્કાર સહન કર્યાં છે.

યોગીજી મહારાજે વિજ્ઞાનદાસના મંડળમાં સત્તર વરસ સુધી સતત ગાળો, અપમાન, તિરસ્કાર ને સખત માર સહન કર્યાં છે. વિજ્ઞાનદાસે તો તેમને મારી નાખવાનું જ બાકી રાખ્યું હતું. જો કે એકવાર મેડેથી ધક્કો મારી નીચે પાડી નાખ્યા હતા ખરા. યોગીજી મહારાજ આવી પરિસ્થિતિમાં ડગ્યા નહીં. તેઓ તો કહેતા : 'અમને ટોક્યા તો અમે વધ્યા !' તેમનું કોઈ કોઠારી અપમાન કરે, હરિભક્તોને પ્રસાદીનો પડિયો આપવા ન દે, આપ્યો હોય તો હાથમાંથી પાછો લઈ લે, છતાં અલમસ્ત યોગી તો હસતા જ રહે. તેમને મજૂરો વઢે છતાં મેદાનમાં સ્થિર જ રહે.

પ્રમુખસ્વામી મહારાજે પણ અપમાનના પ્રસંગોમાં તેમની દેહાતીત સ્થિતિ ને સાધુતાનાં દર્શન કરાવ્યાં છે. શાસ્ત્રીજી મહારાજના સુવર્ણતુલા પ્રસંગે હરિભક્તોએ કંઈક ગેરસમજથી સ્વામીશ્રીને ખૂબ ધમકાવ્યા, છતાં તેઓએ હરિભક્તોનો મહિમા સમજી સહન જ કરી લીધું.

૧૯૭૪માં પ્લેનમાં મુંબઈથી નૈરોબી જવા નીકળેલા સ્વામીશ્રીને નૈરોબીમાં ઊતર્યા વગર એના એ જ પ્લેનમાં પાછું મુંબઈ આવવાનું થયું. આ પ્રસંગે તેમના મુખ ઉપરની એક પણ રેખા બદલાઈ નહિ. કોઈ માની ભક્તને પહેલી હરોળમાંથી પાછળ બેસાડ્યા હોય તો વગર પ્લાસ્ટિક સર્જરીએ તેમનું મોઢું બદલાઈ જ જાય.

કોઈ એક ધાર્મિક સ્થળે સ્વામીશ્રીને દર્શને જતાં અટકાવ્યા છતાં જરા

પણ ક્ષોભ પામ્યા વગર હાથ જોડી પાછા વળી ગયા. આવા અપમાનમાં સામાન્ય માણસ તો પોલીસ કેસ કરવા વિચારે.

જેમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ હતા તે વિજ્ઞાનદાસ સ્વામીના મંડળના સાધુઓ ભગતજીને માટે ધોળાં પહેરીને ફરતા હતા. તેઓ મહુવા દર્શને આવે તો ભગતજી કોઈવાર અપમાન કરી કાઢી મૂકતા, છતાં આ મોક્ષભાગી સંતોને જરાય અભાવ આવ્યો નથી.

શાસ્ત્રીજી મહારાજે સભામાં ભાયલીવાળા જીવાભાઈનો ઘણો તિરસ્કાર કર્યો છતાં તેઓ ડગ્યા નહિ.

આફ્રિકાથી અટલાદરા મંદિરમાં સેવા કરવા આવેલા ધર્મજવાળા પૂંજાભાઈને પણ કોઈ કુત્સિત શબ્દોથી અપમાન કરે તોય રાજી રહેતા.

એક હરિભક્તે સમૈયામાં પોતાનું ટ્રેક્ટર મહિનો સેવામાં આપ્યું. તેમને જ સમૈયામાં ઉતારો લૂગડાના બાંધેલા સભામંડપમાં મળ્યો, છતાં જરા પણ ઝંખવાયા નહિ.

અધ્યાત્મ માર્ગે અપમાનમાં જે પડ્યો નહિ, તે તો (Half battle won) અર્ધું યુદ્ધ જીતી ગયો.

હવે શ્રીહરિ યુદ્ધના આગળના કોઠાને વર્ણવતાં કહે છે.

## ૨૩. દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ

### (૧) સુખમાં પડે

એક રાજાને સંતાન ન હતું. તેથી તેણે પ્રજામાંથી કોઈ એક વ્યક્તિને રાજ્ય આપવાનું નક્કી કર્યું. તેણે ઢંઢેરો પીટાવ્યો : ‘આજથી એક મહિના પછી મારા રાજસિંહાસનથી એક માઈલ દૂરથી ચોવીસ કલાકમાં દોડીને જે પહેલો આવશે તેને મારે રાજ્ય આપવું છે.’ આકડે મધ જેવો આ ઢંઢેરો સાંભળી આબાલવૃદ્ધ જનતા તૈયાર થઈ ગઈ.

રાજા હોશિયાર હતો. તેણે મહિના દરમિયાન આ એક માઈલના વિસ્તારમાં એક મોહક નગરી રચી દીધી. જેમાં હરવાફરવા, ખાવાપીવાના અને મોજમજાના વિવિધ પ્રકારનાં આકર્ષણો ખડાં કરી દીધાં. મુકરર સમયે બધા પ્રજાજનો રાજ્ય લેવા નીકળી પડ્યા પણ વચ્ચે આ મોહક નગરી જોઈ તેમાં ફસાઈ ગયા. બાળકો રમતગમતમાં, યુવાનો તેમને લગતા મોજશોખમાં

અને વૃદ્ધો મનગમતું ખાવાપીવામાં.

જેની જેમાં રુચિ હતી તે તે બધું ઉપલબ્ધ હતું, એટલે તે તે સ્થળે રોકાઈ ગયા. તેમને એમ કે 'હજુ તો ઘણો સમય છે, આટલું ભોગવી લઈએ પછી પહોંચી જઈશું.' પણ રમણીય પંચવિષયનો માર્ગ એવો છે કે તેમાં પ્રવેશદ્વાર ખરું, પણ નીકળવાનું દ્વાર નહિ, એટલે કે તેમાંથી નીકળી શકે જ નહિ. ચોવીસ કલાક થઈ ગયા છતાં એકપણ વ્યક્તિ સિંહાસન સુધી પહોંચી નહિ !

સુખસદનની ભુલભુલામણી આવી જ છે. ભગવાન સુખ આપે તો તેમાં સુખ આપનાર ભગવાનને જ ભૂલી જવાય. અમદાવાદમાં ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવનો સમૈયો ઓગણસાઠ દિવસ ચાલ્યો. એક ભાઈ બાળકો સાથે ત્યાં રોજ આવે પણ મોખરે આવેલી બાળનગરીમાં જ તેમનો સમય પૂરો થઈ જાય. સ્વામીશ્રીનાં દર્શને સભામંડપ સુધી પહોંચ્યો જ નહિ.

એક હરિભક્તને ગુણાતીતાનંદ સ્વામીએ અક્ષરધામના દિવ્ય સુખનું વર્ણન કરીને, અક્ષરધામ જતાં વચ્ચે આવતા અન્ય લોકના વિવિધ પ્રકારના રંગરાગવાળા સુખનું વર્ણન કર્યું. ત્યારે તે હરિભક્ત કહે : 'મને આ રંગરાગવાળા સુખના લોકમાં મૂકો.' આવા લોકો અક્ષરધામનું નિશાન કેવી રીતે લઈ શકે ? અક્ષરધામ સિવાય અન્ય ધામમાં ન લોભાય તે જ શૂરવીર ભક્ત કહેવાય.

પ્રેમજી સુતારને વ્યવહારનું દુ:ખ હતું. તેથી તે મહારાજ ભેળો હંમેશાં ફરે. મહારાજે તેને કહ્યું : 'તું કંઠી ને માળા ઉતારવાનું કામ કર, તારો વ્યવહાર સુધરશે.' પછી સત્સંગી બધા તેને ત્યાંથી કંઠી-માળા લે, તેમાં વેપાર ઘણો વધી ગયો ને રાત'દી કામ ચાલે. મહારાજ એક વખત તેને ગામ આવ્યા તોય દર્શને જઈ શકયો નહિ.

સાચુ કહ્યું છે કે *'સુખમાં સાંભરે સોની અને દુ:ખમાં સાંભરે રામ.'*

એક ગામમાં એક સુખી હરિભક્તને કહેવડાવ્યું કે સ્વામીશ્રી આવ્યા છે ને પંદર દિવસ રોકાવાના છે, તો દર્શને આવજો.

તેણે પુછાવ્યું : 'ફરી ક્યારે આવવાના છે ?'

સુખમાં આળોટનારો પંદર દિવસમાં જો સમય કાઢી ન શકે તે સ્વામીશ્રી ફરી આવે ત્યારેય ક્યાંથી આવવાનો છે ?

વડોદરાના એક હરિભક્ત મંગળભાઈ સાવ દરિદ્રી હતા. મંદિરમાં સેવા

કરી દહાડા કાઢતા હતા. પછી ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી વડોદરા રાજ્યમાં સુખ સમૃદ્ધિ પામ્યા પછી તો મંદિરનો મારગ જ ભૂલી ગયા. સત્સંગનુ ફળ દૈહિક સુખ જ માન્યું હોય ને તે મળી જાય એટલે બધું જ મળી ગયું. એમ માની સત્સંગને ઇતિશ્રી કરી દેનારા અક્ષરધામને પામતા નથી.

## (૨) સુખમાં ન પડે

જે ભક્તજનના હૈયામાં દૃઢ નિશ્ચય હોય જે, આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે, પણ વચમાં ક્યાંય લોભાવું નથી. મહારાજે આવા લક્ષણવાળા ભક્તને શૂરવીર ભક્ત કહ્યા છે.

સર્વ સંપત્તિ બન્ને પત્નીઓને વહેંચીને ભગવાનના સાક્ષાત્કાર માટે નીકળેલા યાજ્ઞવલ્ક્યને તેમની એક પત્ની મૈત્રેયીએ પૂછ્યું : 'તમે આ બધું મૂકી ભગવાન મેળવવા જાવ છો, તો મારે આ સુખ ન જોઈએ. હું પણ તમારી સાથે આવું ?' મૈત્રેયીએ ભગવાન ભજવા સારુ સુખો છોડ્યાં, કાત્યાયિનીને બંને ભાગ મળ્યા, તે રાજી થઈ ગઈ !

નચિકેતાને યમરાજાએ મૃત્યુંજયી બ્રહ્મવિદ્યાના બદલે બ્રહ્માંડનાં સુખ આપવા કહ્યું, પણ તે લોભાયો નહિ. તેની લગની મોક્ષ માટે હતી.

પ્રહ્‌લાદને તો નૃસિંહ ભગવાન ત્રણેય લોકનું સુખ સામે ચાલી આપતા હતા, છતાં તે તેમાં લોભાયો નહિ. તેને તો ભગવાનનાં સુખ ઉપર જ નજર હતી.

જનક અને અંબરીષ રાજા હતા છતાં કથાવાર્તા, નવધા ભક્તિ વગેરે ભગવાનસંબંધી પ્રવૃત્તિ જરાય ચૂકતા નહિ. ભર્તૃહરિ, ગોપીચંદ જેવા રાજાઓ રાજસુખ છોડીને મંગળયાત્રાએ નીકળી પડ્યા.

મહારાજના એક પત્રે રાજા, મહારાજા ને શાહુકાર શેઠિયાઓ બધું જ છોડી તત્કાળ પરમહંસ થઈ ગયા. અલૌકિક સુખ મેળવવા લૌકિક સુખ છોડી દીધું.

ધરમપુરનાં રાજમાતા કુશળકુંવરબાએ સુખની છોળમાં પણ મહારાજની મૂર્તિને અખંડ ધારીને અક્ષરધામનું સુખ લઈ લીધું.

ગુણાતીતાનંદ સ્વામીના નવલાખપતિ શિષ્ય બોટાદના શિવલાલ શેઠ રોજ કલાકનું ધ્યાન કરતા.

શાસ્ત્રીજી મહારાજના શિષ્ય અને ભારતના બે વખત વડાપ્રધાન રહી ચૂકેલા એવા ભારતરત્ન ગુલઝારીલાલ નંદા તેમની વ્યક્તિગત પ્રાતઃપૂજા અને શ્રીહરિના રાત્રિ ચેષ્ટાગાન કરવાનું છેક સુધી ચૂક્યા નહોતા.

ચૂનાની ભઠ્ઠીની સેવાથી રાજી થયેલા ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભગત ને કહ્યું : 'જા તને સાઠ હજાર રૂપિયા મળશે, ઘેર જઈ સુખેથી ભજન કરજે.' પણ બ્રહ્મભઠ્ઠીમાં વાસનાનાં બીજ બાળી નાખેલા પ્રાગજી ભગતે કહ્યું : 'મેં તેર વરસ સુધી ગોપાળાનંદ સ્વામીનો અને નવ વર્ષ સ્વામી આપનો સમાગમ કર્યો છે, પણ ધન-સ્ત્રીમાં સુખ હોય એવી વાત મેં કોઈ દિવસ સાંભળી નથી. માટે તમે ખરેખરા રાજી થયા હો તો તમારું જ્ઞાન મને આપો, તમારું ઘર દેખાડો કે તમે ક્યાંના વાસી છો અને મારા જીવને સત્સંગી કરી શ્રીજીમહારાજ એક અણુ જેટલા પણ છેટા ન રહે એ ત્રણ વર આપો.'

એક હરિભક્તે સ્વામીશ્રી ઉપર પત્ર લખ્યો કે 'ધંધો થોડો ઓછો ચાલે એવું કરો, જેથી સત્સંગનો પૂરેપૂરો લાભ લેવાય.'

વિદેશમાં હરિભક્તો સાધનસંપન્ન અને સુખી છે, છતાં રવિવારે સભામાં દૂર દૂરથી નિયમિત આવે છે ને રવિવારની સભા માટે તો કોઈ હરિભક્ત ખૂબ મોટા પગારની નોકરી પણ જતી કરે છે.

જેને નિશાન ઉપર નજર છે તે તો કદાપિ મહેલમાં સૂતો હોય તો પણ ભગવાન અને ગુરુ ને ભૂલતો નથી.

## (૩) **દુઃખમાં પડે**

સામાન્ય સત્સંગીને તો નોકરી-ધંધો સારાં ચાલતાં હોય, પરિવારના બધા સભ્યોનું સ્વાસ્થ્ય સારું હોય, ઘરનું ઘર હોય, દીકરાને ઘેર દીકરો હોય - આવાં બધાં સુખોની હૂંફે સત્સંગમાં આનંદ આવતો હોય છે, પણ કવિ પ્રભુદાસ દ્વિવેદી કહે છે : *'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી.'*

સુખ પછી દુઃખનું ચક્ર આવી જ જાય છે. જ્યારે આ દુઃખનું ચક્ર આવે, ત્યારે વ્યક્તિ વિકળ થઈ જાય છે. કોઈ સોદાબાજ દુઃખી સત્સંગી એવા વિચાર કરે કે 'મેં આટલો બધો સત્સંગ કર્યો ને હું કેમ બે પાંદડે થયો નહિ ? મારા ધંધામાં કેમ ખોટ આવી ? મેં આટલી મહાપૂજાઓ કરાવી છતાં મારા વ્યાવહારિક પ્રશ્નો હજુ કેમ ઉકલતા નથી ?' આવા વિચારોમાં તે પછી કોઈ

જ્યોતિષી પાસે પહોંચી જાય ને શનિની વીંટી પહેરતો થઈ જાય, કોઈ વાસ્તુશાસ્ત્રીની સલાહ લઈ દુકાનનાં બારણાં બદલે, કોઈ શુક્રવાર કે શનિવાર કરતો થઈ જાય. શ્રીહરિ સિવાય અન્ય દેવ-દેવતા કે પીરની માનતા ઉપર ચડી જાય. કંઠી કાઢી નાખે, નિત્યપૂજા બંધ કરી દે, અન્ય દેવ-દેવતાની ઉપાસના કરવા માંડે, આવું આવું થાય ત્યારે સમજવું કે દુઃખમાં તે સત્સંગી પડ્યો. તેનું નિશાન બદલાઈ ગયું. આ બધા કાયર સત્સંગીનાં લક્ષણો છે. સુખ-દુઃખ તો સિક્કાની બે બાજુ છે. તેમાં નિષ્ઠા બદલાવી ન જોઈએ. મોક્ષ માટે જ સત્સંગ કર્યો હોય તો કોઈ પણ પરિસ્થિતિમાં નિશાન ઉપરથી નજર ચુકાય નહિ.

## (૪) દુઃખમાં પડે નહિ

ભારતની સન્નારી સતી સીતા પતિને પગલે વનમાં ચાલી. વનનાં કષ્ટો સહ્યાં. પછી રાવણ ઉપાડી ગયો. લંકામાં ઘણાં દુઃખો સહ્યાં. પછી તો પતિ રામચંદ્રજી તરફથી જ કસોટીઓ થઈ. સતીત્વની પરીક્ષા માટે અગ્નિ-પરીક્ષા થઈ. લોકાપવાદ સારુ રામચંદ્રજીએ તેમનો ત્યાગ કર્યો. આવાં અનેક દુઃખોમાં પણ સીતાજી ચળ્યા નહિ. તેમનું નિશાન શ્રીરામ જ હતા. તેથી તેમણે માગ્યું કે 'હે રામ ! જન્મોજન્મ તમે જ મારા પતિ થજો, પણ તમારો વિયોગ થશો નહિ.'

અનંત દુઃખોની ભઠ્ઠીમાં પાકીને પક્વ થયેલી દ્રૌપદી તો કહેતી કે 'દુઃખેન સાધ્વી લભતે સુખાનિ' - દુઃખોમાંથી જ સુખો મળે છે.

કુંતાજી માટે દુઃખોમાંથી પડવાની વાત જ નહોતી. તેઓ તો દુઃખોને આવકારતા. ભાગવતમાં તે વચન છે : 'વિપદઃ સન્તુ નઃ શશ્વત્...' અમને હંમેશાં દુઃખો જ પડો !

એટલે જ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

*'આગે સીતા, કુંતા ને દ્રૌપદી, ધારી ધીરજ અતિ મન'*

ભાગવતના મહા દુઃખિયા છતાં મહા સુખિયા કદરજ ઋષિને બિરદાવતાં મુક્તાનંદ સ્વામી કહે છે :

*"જુઓ કદરજ મહા દુઃખિયા કાવ્યા,*
*તે સુખદુઃખ મનમાં નવ લાવ્યા,*
*ત્યારે મોહનના મનમાં ભાવ્યા."*

કહેવત છે : *'ચોકડાં ખમે તે ગોળ પામે.'* ઢોર માલિકનો માર સહન કરે છે, તો પછી તેને ગોળ ખાવા મળે છે.

પ્રહ્લાદને તેના પિતા તરફથી ભયંકર દુઃખો આવ્યાં, છતાં પાછા પડ્યા નહિ. નરસિંહ મહેતાને ઘણાં દુઃખો આવ્યાં, નાગરી નાતે નાત બહાર મૂક્યા, પત્ની માણેકબા ગુજરી ગયાં, દીકરો શામળશા ગુજરી ગયો વગેરે દુઃખોમાં તેઓ તો આનંદથી ગાતા :

*'જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને,*
*તે તણો ખરખરો ફોક કરવો.'*

તુકારામને પણ અજ્ઞાની મનુષ્યોએ ઘણાં દુઃખો દીધાં છતાં તેઓ પણ અખંડ આનંદમાં રહેતા.

'કસોટી તો સોનાની જ થાય' – આ ઉક્તિ સાચી છે. ભક્તોને જ દુઃખો આવે છે અને તેઓ તેમાં સોના જેવા ચળકે છે. શ્રીહરિના પાંચસો પરમહંસ ઉપર તો દુઃખોના ડુંગરો પડેલા હતા. આખું જગત તેમના ઉપર રુઠી ગયેલું હતું; ઠેર ઠેર અપમાન, તિરસ્કાર, માર સહજ થઈ પડ્યા હતા. કોઈ કોઈ તો તેમને ડામ પણ દેતા, ખાવાનું મળતું નહિ. ગુજરાત જતાં નાની બોરુ ને મોટી બોરુ વચ્ચે ગગનગર બાવો પરમહંસોને ઢોરમાર મારતો, છતાં તેઓએ ઉંહકારો કર્યો નથી. સાધુઓમાં કેટલાક તો ગરાસિયા ને કાઠીઓ હતા, છતાં વૈરાગીઓનો માર સહન કરતા. સમર્થ થકા જરણા કરવી તે આનું નામ. એટલે નિષ્કુળાનંદ સ્વામી ગાય છે :

*'એવા ભક્ત તે ભક્ત હરિના, તેહ સહે જગ ઉપહાસ.*
*નિષ્કુળાનંદ કહે તે વિના બીજા, તેનો નાવે વિશ્વાસ રે.'*

શ્રીહરિ જેના દરબારમાં વર્ષો સુધી રહ્યા તે દાદા ઉપર તો દુઃખનાં ઝાડ ઊગી ગયેલાં. દરબાર ગીરે મુકાઈ ગયેલો, ખાવા ધાન પણ નહિ રહેલું, પણ દાદો જેનું નામ ! જરાય ચળ્યો નહિ. એકવાર મહારાજે તેના દુઃખથી દુઃખી થઈ તેને કહ્યું : 'દાદા ! અમારે લઈને તને દુઃખ આવે છે. માટે અમે બીજે જઈએ.' ત્યારે દાદો મહારાજનાં ચરણ પકડી ગળગળો થઈ બોલ્યો : 'મહારાજ ! તમે છો તો સુખ છે, બાકી સંસારમાં તો કેવળ દુઃખ જ છે. માટે આપ અમારી ભેળા અખંડ રહો.'

જેતપુરનાં કડવીબહેન, ઉદેપુરનાં રાણી ઝમકુબા વગેરેને ઘણાં દુઃખો

તેમના પતિ તરફથી પડ્યાં છતાં તેઓની ટેક અવિચળ જ રહી.

ભાદરાના હરિભક્ત ડોસાભાઈ દરિદ્રી હતા, લૂખો રોટલો ખાતા. કોઈએ પૂછ્યું : 'ડોસાભાઈ ! કેમ લૂખું ખાવ છો ?'

ત્યારે દુઃખની ઝડીમાં સહજાનંદી સુખ ભોગવતાં ડોસાભાઈ કહે : 'અરે ! લૂખું ખાય એ હરામ ખાય. હું તો મહારાજને સંભારીને ખાઉં છું.' સહજાનંદી રસથી રસાયેલો રોટલો તેમને અમૃતથીય મીઠો લાગતો હતો. તેમને દુઃખ દેખાતું જ નહોતું, પછી તેમાંથી પડવાનું ક્યાં રહ્યું ?

શાસ્ત્રીજી મહારાજના સમયમાં આશાભાઈ, મોતીભાઈ વગેરે હરિભક્તોને માથાના વાળ જેટલું દેવું હતું. કોઈ કહેતા કે 'તમે શાસ્ત્રીનો સંગ છોડી દો, નહિતર ભિખારી થઈ જશો. શાસ્ત્રી તો બાવો છે, તે માગી ખાશે, પણ તમે તો પાટીદાર છો, તમારાથી ભીખ નહિ મગાય.' ત્યારે આ હરિભક્તો ઉત્સાહ ને ઉમંગથી કહેતા કે 'ભીખ માગવી પડશે તો ભીખ માગીશું, પણ શાસ્ત્રીજી મહારાજનો સંગ છોડીશું નહીં.' તેમણે તો કવિ રણછોડ ભક્તના કીર્તનની નીચેની કડીઓ સિદ્ધ કરી હતી :

*'ઉપર બાંધી નીચે અગ્નિ સળગાવે,*
*મુશળનો તો માર ખાજો રે,*
*રૂડા સ્વામીને ભજતાં.*
*જે દુઃખ થાય તે થાજો રે,*
*રૂડા સ્વામીને ભજતાં.'*

ભક્ત ને અભક્ત બન્નેને દુઃખ તો આવે જ, પરંતુ ભક્ત હોય તે હસી હસીને દુઃખોને ભોગવે ને અભક્ત હોય તે રોઈ રોઈને ભોગવે. આજેય સત્સંગમાં કેટલાય દુઃખી ભક્તો છે. તેમના સગાઓ તેમને કોઈ દેવ-દેવતા, પીર કે નવગ્રહના પૂજનની ને માનતાની સલાહ આપતા હોય છે, છતાં તેઓ નિષ્ઠામાંથી ચળતા નથી. કોઈને પતિ તરફથી કે કુટુંબીજનો તરફથી ત્રાસ હોય, સત્સંગનો વિરોધ કરતા હોય છતાં અંતરમાં દૃઢ નિષ્ઠા રાખી ઉત્સાહથી ભજન કરે છે. ભગવાન પણ આવા ભક્તો માટે કહે છે :

*'ભૂખે મારું ભોંય સુવાડું તનની પાડું ખાલ,*
*એમ કરતાં મને ન મૂકે તો તેને કરી દઉં ન્યાલ.'*

ન્યાલ કરી દે એટલે દુર્લભ અક્ષરધામ આપી દે. ગુણાતીત ગુરુપરંપરાને

પણ અનેક દુઃખો આવ્યાં છે, છતાં તેમણે તે દુઃખો માન્યાં જ નથી. પ્રમુખસ્વામી મહારાજ ગઢપુર મંદિરના નિર્માણકાળમાં મકરાણામાં આરસના કામકાજ માટે રહેતા. ત્યાંની અસહ્ય ગરમી, પાણીની તાણ વગેરે હાડમારીઓ સહન કરી છે. સત્સંગની વૃદ્ધિ માટે તેમણે ત્રણેય ઋતુનાં કષ્ટો સહ્યાં છે. સત્તર હજાર ગામડાં, અઢી લાખ ઘરો, પંચાવન દેશોમાં આદિવાસીની ઝૂંપડીથી વિદેશ સુધી વિચરણ કર્યું છે. તેમનાં વિચરણનાં કાર્યો ઉપર તો મોટા મોટા ગ્રંથો રચાય તેમ છે. તેમણે સહેલાં દુઃખો સાંભળી અક્ષરધામનું નિશાન લેવા નીકળેલા મુમુક્ષુઓને ઘણું બળ મળે છે.

અક્ષરધામનું નિશાન લેવા નીકળેલા શૂરવીર ભક્તની શૂરવીરતાને શ્રીહરિ આગળ વર્ણવે છે.

## ૨૪. શરીર રોગી રહો અથવા નીરોગી રહો

### (૧) રોગી શરીરમાં નિશાન ચૂકે

દેહમાં નાનો મોટો રોગ થઈ આવે ને તે દવાથી કે સંતોની પ્રાર્થનાથીય ન મટે તો કાચો સત્સંગી અક્ષરધામનું નિશાન ચૂકી દોરા, ધાગા, માદળિયાં, તાવીજ વગેરે ઉપર ચડી જાય. કોઈ બાપુની ફૂંક લેવાય પહોંચી જાય. ઊંજણી નખાવવા, દાણા જોવરાવવા, નજર બંધાવવા ઊપડી જાય. કોઈ કોઈ તો રોગ મટાડવા નિર્દોષ પશુ-પંખીઓના બલિદાનનીય બાધા રાખે ! પોતે તો સાજો થાય કે ન થાય, પણ બીચારા પ્રાણીનો તો ભોગ લેવાય ને ! દેહની સુખાકારી માટે આવા પાપાચરણ પણ ભૂવાઓ ને તાંત્રિકો કરાવે છે.

### (૨) રોગમાંય નિશાન ચૂકે નહિ

લોકમાં કહેવત છે કે *'પહેલું સુખ તે જાતે નર્યા';* પણ શૂરવીર ભક્તો દેહનાં સુખદુઃખને ગણતાં જ નથી. દેહમાંથી આસક્તિ તોડવા માટે ને આપણી કસર ટાળવા માટે ભગવાન રોગ મૂકે છે. ખરેખરા ભક્તો રોગને પણ ભગવાનની પ્રસાદી સમજી આનંદથી સહન કરી લે છે.

મુક્તાનંદ સ્વામીને ક્ષય રોગ થયો હતો. શ્રીહરિએ તે અંગે ગઢડા મધ્ય પ્રકરણના ૪૭મા વચનામૃતમાં કહ્યું છે : 'આ મુક્તાનંદ સ્વામીને ક્ષય રોગ

થયો છે, તે દહીં-દૂધ, ગળ્યું-ચીકણું કંઈ ખાવા દેતો નથી, તેમ જે સમજુ હોય તેને એમ જણાય જે, 'આ રોગે સારું સારું ખાવા-પીવાનું સર્વે ખંડન કરી નાખ્યું, માટે આ તો ક્ષયરોગ રૂપી જાણીએ કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું ? એમ ભાસે છે.' મુક્તાનંદ સ્વામીએ આ ક્ષય રોગને 'Blessings in disguise.' એટલે કે કસર ટાળવાની ઈષ્ટાપત્તિરૂપે સ્વીકારી લીધો હતો.

શ્યામળિયા ચૈતન્યાનંદ સ્વામીને હરસનું દર્દ હતું. તેઓને સવારે દસ વાગ્યા સુધી ખાડે બેસી રહેવું પડતું. નિત્યાનંદ સ્વામીને વરસ સુધી આંખમાં પડળનું દુઃખ રહેલું. સર્વનિવાસાનંદ સ્વામીને પાંચ વર્ષ સુધી શરીરમાં બળતરા રહેલી. અદ્‌ભુતાનંદ સ્વામીનો ડોળો બહાર નીકળી ગયેલો. દાદાખાચરને છેલ્લે ૧૭ દિવસ સુધી પેશાબ બંધ થઈ ગયેલો. આ બધા મુક્તો રોગથી હાર્યા નહીં, પણ રોગનેય વિચાર કરતો કરી દીધો કે 'હું આ મુક્તોને પરેશાન કરી ન શક્યો !'

જેતપુરના કણબી હરજી કાપડિયાને અણઉતાર તાવ આવેલો. તેની માએ એક બાવાને તેડાવ્યો. હરજી બેહોશ હતો ત્યારે બાવો હરજીની ગોદડીમાં તાવ ઘાલીને વહ્યો ગયો. હરજી જાગ્યો ત્યારે આ વાતની ખબર પડી. તે બાવાની પાછળ દોડ્યો ને તેને કહ્યું : 'મારે તો એક સ્વામિનારાયણની જ નિષ્ઠા છે. તાવ ઉતારે તો મારા સ્વામિનારાયણ ઉતારે, તું શાનો ઉતારે ? લાવ મારો તાવ પાછો.' બાવાએ ગોદડી આપી દીધી. હરજી ઓઢીને સૂતો ને તાવ પાછો ચડી ગયો. મહારાજને ગઢડે આ ખબર પડ્યા એટલે મહારાજ આ ભક્તની નિષ્ઠાની દૃઢતા જોઈ તેને દર્શન દેવા જેતપુર પધાર્યા.

વાલેરા વરુનો પણ આવો પ્રસંગ છે. તેમણે પણ બાવાને ધમકાવીને ગામમાંથી કાઢી મૂક્યો હતો.

રોગથી ઘણાં ડગી જાય છે, પણ રોગને સામેથી માગનારા પણ ભક્તો છે. જગન્નાથપુરી નજીકના એક ગામમાં માધવદાસ નામે ગરીબ બ્રાહ્મણ રહે. તેમનાં પિતા, પત્ની, પુત્ર કાળાંતરે મૃત્યુ પામ્યાં હતાં. તેમની માને ભયંકર રોગ હતો. તેઓ માની સેવા કરતા. માનું દુઃખ જોઈ ન શકતાં. તેમણે ભગવાન પાસે માનો રોગ સામેથી માગી લીધો. પોતે પછી આ અસાધ્ય રોગગ્રસ્ત થઈને દરિયાકાંઠે પડ્યા રહેતા. તેમના ઝાડા ગંધાય છતાં ભગવાનનું ભજન કરતા. ભગવાન તેમની નિષ્ઠાથી રાજી થયા ને દર્શન દઈ

ધામમાં લઈ ગયા.

શાસ્ત્રીજી મહારાજે પણ વડોદરામાં તાવ માગી લીધો હતો. વરસ સુધી તાવ રહેલો.

નવાગામ(લોલીયાણા)ના ડુંગરશીભાઈને પણ જીવલેણ રોગ હતો, છતાં છેલ્લે સુધી કથાવાર્તા કરતા રહ્યા. કેનેડાના તત્કાલીન સત્સંગ પ્રમુખ ભગવાનજીભાઈ માંડવિયાને પણ પોતાના અસાધ્ય રોગ કૅન્સરની ખબર હતી, છતાં છેવટ સુધી સત્સંગપ્રવૃત્તિ પરાયણ રહ્યા, જરાય મોળા કે ઝાંખા પડ્યા નહીં, હૉસ્પિટલમાં રહીને પણ સત્સંગીઓને સ્વામીશ્રીની સેવા કરવાની પ્રેરણા આપતા. સારી સેવા કરનાર કેનેડાના આવા જ બીજા સન્નિષ્ઠ ભક્ત ઉપેન્દ્રભાઈ ઓઝા વર્ષોથી ડાયાલીસીસ ઉપર છે, છતાં અખંડ આનંદમાં જ રહે છે.

ભગવાન ને સંત પણ મંદવાડ ગ્રહણ કરે છે. જેથી ભક્તોને રોગ સહન કરવાનું બળ મળે છે. શ્રીહરિએ પણ મંદવાડ ગ્રહણ કરેલો. શાસ્ત્રીજી મહારાજ ૭૫ વર્ષે ભયંકર વાની ઉપાધિમાં દિવસના બાર ગામડાં ફરેલા. તેઓ કહેતા કે 'ખાટલે પડશું ત્યારે વિચરણ બંધ થશે.'

યોગીજી મહારાજને પણ ઘણા રોગ હતા છતાં ગણકારતા નહીં, મોટી ઉંમરે મુંબઈમાં ચાર-ચાર માળ ચડીને પધરામણી કરતા.

સ્વામીશ્રીને પણ ઘણા રોગો આવે જાય છે ને અમુક તો ઘર કરીને રહ્યા છે. ગમે તેવો તાવ હોય છતાં પૂજાપાઠ, ઠાકોરજીનાં દર્શને મંદિરે જવું તેમાં પાછા પડે નહિ. વળી ચાલુ તાવમાં પધરામણીમાં પણ પાછા પડ્યા નથી. વાસદમાં ૧૦૨° ડિગ્રી તાવમાં અને એકાદશીના નિર્જળ ઉપવાસ સાથે ૧૨૨ પધરામણીઓ કરેલી ને ૧૯૮૬માં ચાલુ તાવે કચ્છનું વિચરણ પણ ચાલુ રાખેલું. જામનગરમાં પગે સોજા હતા છતાં પધરામણીએ ગયા હતા. એક વાર હાર્ટઍટેક, પછી પાંચ બ્લોકનું બાયપાસ ઑપરેશન, આંખે મોતિયો કાઢ્યો છે, પગે વા, ગોલ બ્લેડરનું ઑપરેશન, થાપા ઉપરનું એક મોટી ગાંઠનું ઑપરેશન વગેરે સાથે ૮૫ વર્ષની ઉંમરે હજુ વિચરણ ચાલુ છે.

એકવાર ભક્તોએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! તમારો રોગ અમને આપો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે બધા ભોગવો એના કરતાં હું એકલો ભોગવું તે શું ખોટું ?'

શૂરવીર ભક્તો ગમે તેવા રોગમાં પણ નિશાન ચૂકે નહિ.

## (૩) નીરોગી શરીરમાં નિશાન ચૂકે

નીરોગી શરીરવાળા મોજશોખમાં પડી જાય ને શરીરને કેળવવામાં જ સમય કાઢે. તે અંગને એટલે શરીરને કેળવે પણ કથાવાર્તા, ભજનભક્તિ એવું સત્સંગ સંબંધી એકે અંગ કેળવે નહીં. નિશાન ચૂકેલા આવા નીરોગીઓને ચેતવતાં સુભાષિત કહે છે :

'यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयोनायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥'

- જ્યાં સુધી શરીર નીરોગી છે ને વૃદ્ધાવસ્થા દૂર છે ને ઇન્દ્રિયો સાબદી છે, ત્યાં સુધી ડાહ્યા માણસે ભગવાન ભજી લેવા. પછી જ્યારે શરીર સાવ શિથિલ થઈ જાય, ત્યારે 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા' જેવો ઘાટ થાય.

## (૪) નીરોગી નિશાન ચૂકે નહિ

શ્રીહરિના સમયમાં કેટલાંય યુવા બાઈભાઈ હરિભક્તોએ શ્રીહરિનાં ચરણોમાં જીવન સમર્પિત કરી યુવાની દીપાવી હતી.

પર્વતભાઈ ખેતરમાં વાડ કરતા હતા. તે વખતે કુહાડો પગમાં વાગતાં વાગતાં રહી ગયો. તેમને થયું : 'જો કુહાડો પગે વાગ્યો હોત, તો છ મહિનાનો ખાટલો થાત. ખેતી કે બીજું કાંઈ કામ થાત નહીં. આ તો મહારાજે રક્ષા કરી. માટે છ મહિના ગઢડે જઈ મહારાજનો સમાગમ કરું.' આમ, મનને સમજાવીને સમાગમમાં રહ્યા. સ્વસ્થ શરીરમાં આવો વિચાર મોક્ષભાગીને જ આવે. આજેય નીરોગી નવયુવાનો દેશવિદેશની સાહ્યબી છોડીને અક્ષરધામ-રૂપી નિશાન લેવા સાધુ થાય છે ને આવા જ અન્ય હરિભક્તો ઉમંગથી સત્સંગ કરે છે.

હવે મહારાજ અક્ષરધામરૂપી નિશાન લેવા નીકળેલા શૂરવીર ભક્તોનો ખરાખરીનો છેલ્લો ખેલ વર્ણવતાં કહે છે કે 'નિશાન લેવામાં દેહ જીવો કે મરો.' આપણે આ ખેલને જોઈએ.

## ૨૫. દેહ જીવો કે મરો

- દેહ જીવો

શેક્સપીયરે 'As you like it' નામના તેમના નાટકમાં કહ્યું છે કે, ‘જીવન તો એક રંગમંચ છે ને આપણે તેની ઉપરનાં પાત્રો છીએ. તેમાં એક તરફથી પ્રવેશીએ છીએ ને પોતપોતાની ભૂમિકા ભજવીને બીજી તરફથી નીકળી જઈએ છીએ.’ આ તે કંઈ જીવન છે ?

ટી. એસ. ઈલિયટના શબ્દોમાં 'Where is the life, we lost in living.' આવું તો પશુપંખીઓ પણ જીવે છે, તેમ કેવળ જીવવું તે જીવન નથી. 'Grave is not the goal of life.' ખાઈ-પીને કેવળ મરી જવું એ જીવનનું લક્ષ્ય નથી. દેવાનંદ સ્વામી આવા લોકો માટે કહે છે : *‘ભજ્યો નહીં ભગવાન, મૂરખ જીવતાં મર્યો.’* રાવણ, કંસ, શિશુપાળ વગેરેએ ભગવાન ભજ્યા નહીં, પરંતુ ભગવાનની સામે પડી મૂરખના સરદારની પંક્તિમાં બેસી ગયા. આવાઓ માટે ગીતા કહે છે : ‘मोघं पार्थ स जीवति!’ તે જીવતા મૂઆ જ છે.

મહારાજ ગઢડા અંત્યના ૩૦મા વચનામૃતમાં કહે છે : ‘મરી તો સર્વને જવું છે, પણ ભગવાનની ભક્તિ કરવી એ જીવનનો મોટો લાભ છે.’ માટે એક એક પળ અક્ષરધામરૂપી નિશાન લેવામાં જીવવી તે જ જીવન છે. કબીરજી સાચું જ કહે છે :

*‘સુખિયો સબ સંસાર; ખાવે ને સોવે,*
*દુઃખિયો દાસ કબીર, જબ જાગે તબ રોવે.’*

રામકૃષ્ણ પરમહંસ સવારે જાગે ત્યારે આક્રંદ કરતા : ‘હે મા ! આજનો દિવસ પણ તારા દર્શન વગરનો ગયો !’ એટલે જ કહ્યું છે કે ‘કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પણ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.’ કારણ કે 'We live in deeds, not in years.'

આપણે સત્કર્મોમાં જીવીએ છીએ, પશુઓની જેમ વર્ષોમાં નહિ.

એક ગામમાં માણસે કેટલો સમય ભજનભક્તિમાં વીતાવ્યો તેટલા સમયનો સરવાળો કરી, એટલે કે તેને ‘લેખે મેં સોઈ ઘડી ગણી ને તેનો સરવાળો કરી ને બાકી કે દિન બાદ’ ગણીને પાળિયા ઉપર તેની તેટલી જ આવરદા લખાતી. આવું જીવન જીવનાર નરસિંહ, મીરાં, એકનાથ વગેરે મર્યા

પછી લોકહૃદયમાં જીવતાં છે. આ બધાં મરી ને જીવી ગયાં ને અન્ય મરી ગયાં.

આ દેહે કરીને પરમપદનો પંથ કેટલો કપાયો તેની તપાસ કરવી.

ખ્રિસ્તી ધર્મના પ્રચારકોએ તેમના ધર્મના પ્રચારને જ જીવનનું લક્ષ્ય માનીને જીવન સમર્પિત કરી દીધાં છે. પોતાનું વતન છોડી વિશ્વના ખૂણે ખૂણે, આફ્રિકાના નિબીડ અરણ્યોમાં પણ જીવનભર ફર્યા છે. લિવિંગ્સ્ટન, રોડઝ વગેરેની તો ત્યાં જ કબરો થઈ ગઈ છે.

શ્રીહરિના પરમહંસોએ શ્રીહરિને રાજી કરવાનું નિશાન લઈ તેમની જ આજ્ઞાથી લોકોના જીવનસુધારણા માટે ને તેમને મોક્ષને મારગે ચડાવવા માટે અનેક ઉપાધિઓ વચ્ચે વિચરણ કર્યું. આ માટે અપમાન, તિરસ્કાર, માર બધું જ સહન કરવું પડતું, છતાં તેઓ પાછા પડ્યા નહિ. એક વાર બાવાઓએ તેમને ઢોરમાર માર્યો, ત્યારે શ્રીહરિની આંખ રાતી થઈ, પરંતુ ક્ષમાની મૂર્તિ સમા આ સંતોએ મહારાજને કહ્યું : 'ભૂંડો ભૂંડાઈ ન તજે તો ભલો ભલાઈ તજે કેમ ? ભલે અમને માર્યા, પણ આપ તેમને ક્ષમા આપજો.'

આ પરમહંસો ભજનમાં બેસે ત્યારે કોઈ વાર નિદ્રા આવે તો પલાંઠી ઉપર ઘંટીનું પડ રાખતા ને ખીંટીએ ચોટલી બાંધતા.

ઘણા હરિભક્તો આવરદાનો ધર્માદો કાઢી વરસે એક મહિનો ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જતા.

ભગતજીને તો અખંડ હરણફડકો ને કાગનિદ્રા હતા. તેમની એક એક ક્ષણ મહારાજના સાક્ષાત્કાર માટેના નિશાન ઉપર હતી. તો ફક્ત ત્રણ જ વર્ષમાં નિશાને પહોંચી ગયા. જેમ કોઈ સિંહણ દોહી લે તેમ ગુણાતીતાનંદ સ્વામીને દેહ છતાં જ રાજી કરીને મહારાજનો અખંડ સાક્ષાત્કાર પામી ગયા.

આફ્રિકાના મગનભાઈને શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો ત્યારથી તેઓ અખંડ ભજનભક્તિ ને કથાવાર્તામાં રત રહેતા. 'જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે, તેને જીવતે તો ભગવાનનાં કથાકીર્તન કરતાં થકાં જ દિવસ ને રાત વીતે.' શ્રીહરિનું આ વચન (ગ.મ. ૬૬) તેમણે જાણે સિદ્ધ કર્યું હતું.

ગંગાસતીએ પાનબાઈને વીજના ઝબકારે મોતી પરોવી લેવાની વાત કહીને મનુષ્યદેહે ભગવાન ભજી લેવાનો ઉપદેશ આપ્યો છે. મુક્તાનંદ સ્વામી પણ જીવનસંગ્રામની પળોને વર્ણવતાં કહે છે :

*'અવસર આવીયો રણ રમવા તણો,*
*અતિ અમૂલ્ય નવ મળે નાણે,*
*સમજવું હોય તો સમજજો સાનમાં,*
*તજી પરપંચ તક જોઈ ટાણે.'*

ખરેખર, દેહના અસ્તિત્વનો આ જ લાભ છે. મનુષ્યદેહ એ જ મોટો અવસર. માટે સદ્‌ગુરુની સાનમાં સમજીને આ દેહે ભગવાન ભજી લેવા.

## ● દેહ મરો

મુક્તાનંદ સ્વામી શૂરવીર ભક્તને વર્ણવતાં કહે છે :

*'ધીર ધુરંધરા શૂર સાચા ખરા,*
*મરણનો ભય તે મનમાં ન આણે.'*

મસ્તક ધડામાં મૂકીને પરમપદને પંથે ચાલેલાને મરણનો ભય ન હોય. પ્રહ્‌લાદ આવો મરણિયો ભક્ત હતો. તેના પિતાએ તેને મારી નાખવા અનેક ઉપાયો કર્યા, પણ તે પાછો પડ્યો નહિ. આ ઉપર યોગીજી મહારાજની એક બોધકથા સાંભળીએ :

''એક વૈષ્ણવ રાજા હતા. બહુ પ્રેમી અને ધાર્મિક. તેમણે જાહેર કર્યું : 'જે (પોતાની મેળે) વૈષ્ણવ થાય, તેનો કરવેરો ન લેવો.' એટલે બધા ઘરની કંઠી બાંધી, 'જે શ્રીકૃષ્ણ', 'જે શ્રીકૃષ્ણ' કરવા લાગ્યા. એમ આખો દેશ વૈષ્ણવ થઈ પડ્યો. 'અમે વૈષ્ણવ છીએ.' એમ રાતાં તિલક તાણીને પાકા થઈને બેસી ગયા.

થોડાં વરસ થયાં ત્યાં તો રાજ દેવાદાર થવા માંડ્યું. પછી રાજાએ દીવાનને પૂછ્યું : 'હવે કેમ કરશું ? આ તો ઉપાધિ થઈ.'

દીવાન કહે : 'સાહેબ ! એમ કરો, તમે ખરા વૈષ્ણવનો કરવેરો બંધ કરો. આ બધા આપણને છેતરવા સારુ, કરવેરો દેવો ન પડે એ સારુ વૈષ્ણવ થઈ ગયા છે. માટે આપણે એની પરીક્ષા લો.'

પછી રાજાની આજ્ઞાથી દીવાને પોતે ઢંઢેરો પીટાવ્યો કે 'રાજ્યમાં ઘોડાઓને ચાંદાં થયાં છે. રાજવૈદ્યે કહ્યું છે કે 'આના ઉપર ભગતિયું તેલ ચોપડવામાં આવે તો ચાંદા મટે !' માટે જેટલા વૈષ્ણવ ભગત થયા છે, એમને ઘાણીમાં ઘાલીને પીલવા છે અને તેમનું તેલ કાઢવું છે.' આવો ઢંઢેરો દીવાન

સાહેબે પીટાવ્યો.

બધાએ મનમાં વિચાર્યું : 'નખ્ખોદ કાઢ્યું. હવે આપણું આવી બન્યું.'

રાજાએ જાહેર કર્યું હતું કે 'જો કદાપિ વૈષ્ણવ ન રહેવું હોય તો ત્રણ વરસના કરવેરા દઈ જાવ, કંઠી તોડી તોડીને કરવેરો દઈ જાવ.'

પછી એક તંબુ ગોઠવ્યો હતો. અંદર મોટી ખુરશી ગોઠવી હતી. અંદર સાકર કોળાં અને લાલ રંગનું પાણી તૈયાર રાખ્યાં હતાં. જે ખરા હતા તે કહે : 'અમે કંઠી નહિ તોડીએ, અમે મરવા તૈયાર છીએ.' તેમને અંદર ખુરશીમાં બેસારે અને કોળાને તલવાર મારે ને રંગનું લોહી દેખાડે. એટલે બધા કહે : 'જો માથું કાપ્યું !' એમ બીક દેખાડી. એટલે આખો દેશ કંઠી તોડી તોડીને લાખો રૂપિયા આપવા મંડી પડ્યો. ખરા ચોરાસી વૈષ્ણવ હતા તે તો કહે : 'માથું વાઢી જાવ. ગમે તો ઘાણીમાં ઘાલીને પીલો, પણ અમારે તો વૈષ્ણવ જ રહેવું છે અને કૃષ્ણ ભગવાનની ભક્તિ છોડવી નથી.'

પછી દીવાન સાહેબે રાજાને કીધું : 'આ ચોરાશી વૈષ્ણવ ખરા છે. એમને એક-એક બબ્બે ગામ આપો. આ પાકા વૈષ્ણવ છે. આનો કરવેરો માફ કરો. આખો દેશ તો આપણને ઠગવા સારુ, કરવેરો માફ કરાવવા સારુ, વૈષ્ણવ થયો હતો.'

તે વૈષ્ણવ ખરા ન કહેવાયા. શાસ્ત્રમાં ચોરાસી વૈષ્ણવ લખાયા. પણ જો ભગવાનની પાકી નિષ્ઠા ન હતી તો બીજાને કરવેરા દેવા પડ્યા. સાચા વૈષ્ણવ હોય એ ભગવાનને પ્રાણ થકી વહાલા છે. લોકોને છેતરવા મફતિયા થઈ પડ્યા હોય એ કાંઈ વૈષ્ણવ કહેવાય ?

ઈષ્ટદેવનો સંદેશો પ્રસારાવવો તે પણ સાધનાનું એક અંગ છે. બુદ્ધના શિષ્ય પૂર્ણને સૂનાપરંત દેશમાં પ્રચાર માટે જવાનો આદેશ થયો. કોઈએ તેને કહ્યું : 'તે દેશમાં જવા જેવું નથી. ત્યાંના લોકો તને ગાળો દેશે.'

પૂર્ણે કહ્યું : 'મારશે તો નહીંને ?'

ત્યારે બીક બતાવનારે કહ્યું : 'મારશે એમ નહિ, મારી પણ નાખશે !'

ત્યારે પૂર્ણે કહે : 'તો તો હું એમ સમજીશ કે બુદ્ધનો સંદેશ પ્રસરાવવા મારો દેહ કામમાં આવી ગયો !'

ભગવાન માટે આવી મરી મટવાની તૈયારી હોય તે જ અક્ષરધામનું નિશાન લઈ શકે. બાકી તો પંચતંત્રમાં કહ્યું છે કે काया कस्य न वल्लभा।

શરીર કોને વહાલું નથી ?

કેરળ પ્રદેશમાં પ્રચાર માટે ગયેલા ૪૮ પાદરીઓને ખંડુ જાતિના આદિવાસીઓએ સમયાંતરે મારી નાખેલા. જ્યારે ૪૯મો પાદરી ત્યાં ગયો, ત્યારે આદિવાસીના મુખીએ તેને કહ્યું : 'શું કામ મરવા આવ્યો છું ?'

પાદરીએ કહ્યું : 'ઈસુ ખ્રિસ્તનો સંદેશો ફેલાવવા આવ્યો છું.'

પાદરીઓના બલિદાનથી આજે કેરળ પ્રદેશમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તીઓ છે.

શ્રીહરિના પરમહંસ હીરાનંદને દ્વેષીઓએ 'સ્વામિનારાયણ' નામને મુકાવવા સારુ આખે શરીરે બળબળતા ડામ દીધેલા છતાં તેઓએ 'સ્વામિ-નારાયણ' નામ મૂક્યું નહોતું. અરે ! કેટલાય પરમહંસોને તો દ્વેષીઓએ રહેંસી નાખેલા છતાં મરતા સુધી તેમણે 'સ્વામિનારાયણ' નામ ન મૂક્યું.

જામનગર નજીકના જગા ગામ પાસેના મેડી ગામનો બાળક સત્સંગી થયો હતો, પણ તેનો બાપ જાણે હિરણ્યકશિપુનો અવતાર હતો. તેણે બાળકનો સત્સંગ મુકાવવા પગેથી બાંધી કૂવામાં ઊંધો ઉતાર્યો ને ડબકાં ખવરાવ્યાં, છતાં બાળકે સ્વામિનારાયણ રટણ ચાલુ રાખ્યું. તેણે કહ્યું : 'છોકરા ! સ્વામિનારાયણનું નામ મૂકી દે, નહીંતર મારી નાખીશ.'

બાળક કહે : 'પિતાજી ! મરવાનું એક વાર છે, પણ હું સ્વામિ-નારાયણનું નામ નહિ મૂકું.' છેવટે તેણે બાળકને ગાડાના જોતરે બાંધી, ભર ભરેલું ગાડું ઉલાળી મેલ્યું. બાળકને ફાંસો આવ્યો ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતો ધામમાં જતો રહ્યો. પ્રહ્‌લાદની તો ભગવાને રક્ષા કરી, આ ભક્તની રક્ષા ન થઈ, છતાં તેણે ભજન ન મૂક્યું.

અમદાવાદમાં ડોસાભાઈ સત્સંગી થયા. તેથી તેમના નાતીલાએ તેમને જીવતા કબરમાં દાટી દીધા. જો કે મહારાજે રક્ષા કરી, પણ તેમને તો મરણનો ડર જ ન હતો.

સુંદરિયાણાના પ્રતિષ્ઠિત સત્સંગી હેમરાજ શાહના પુત્રોએ સત્સંગ ન મૂક્યો એટલે નાતે તેમની નાત બહાર મૂક્યા. તે વખતે નાત બહાર થવું એ પણ મરણ જેવી સજા હતી, છતાં તેઓ ડગ્યા નહિ.

બદલપુરના નાથાભાઈને સર્પદંશ થયો. કોઈએ તેમને ભાથીજીના સ્થાનકે લઈ જવા કહ્યું. નાથાભાઈ કહે : 'મને શાસ્ત્રીજી મહારાજે

સ્વામિનારાયણની કંઠી બાંધી છે. મારી નિષ્ઠા બદલશો નહિ.' એમ બોલતાં બોલતાં સ્વામિનારાયણનું ભજન કરતાં કરતાં ધામમાં જતા રહ્યા. પ્રભુના આવા મતવાલા ભક્તોની રીત વર્ણવતાં મુક્તાનંદ સ્વામી કહે :

*'શીશ આપ્યા વિના શ્યામ રીઝે નહિ,*
*શીશ અરપે જે કોઈ શરણ ઈચ્છે.'*

વિવેકાનંદ સ્વામીની બીજી વિદેશયાત્રા વખતે કેટલાક વિદેશી યુવાનો તેમની સાથે દેશમાં આવ્યા. તેમણે દીક્ષા લેવા ઈચ્છા દર્શાવી. ત્યારે વિવેકાનંદ સ્વામીએ કહ્યું : "જો હું તમને વાઘનો કે ઝેરી નાગનો સામનો કરવા કહું કે ગંગામાં ઝંપલાવીને મગરને પકડવાનું કહું અથવા આસામના કોઈ ચાના બગીચામાં કુલી તરીકે જીવનભર કામ કરવા માટે તમને વેચી દેવાની ઈચ્છા રાખું કે તમારું હિત ચાહીને તમને ભૂખે મારી નાખવાનું કે અગ્નિમાં હોમાઈ જવાનું કહું તો મારી એવી આજ્ઞાનું પાલન કરવા તૈયાર છો ? જો તમારી 'હા' હોય તો હું દીક્ષા આપીશ."

એટલે જ પ્રીતમદાસ આ માર્ગને *'પ્રેમપંથ પાવકની જ્વાળા'* કહે છે. આમાં તો બળીને જીવવાનું છે. કેવળ પાણી છાંટે લીલી મહેંદી લાલ થતી નથી, પણ *'રંગ લાતી હૈ હીના પીસ જાને કે બાદ.'*

વળી, કોઈએ સાચું ગાયું છે :

*'જલા દે અપની હસ્તીકું અગર કુછ મરતબા ચાહે,*
*દાના ખાખ મે મીલકર ગુલે ગુલઝાર હોતા હૈ.'*

મરીને જીવવું એટલે અક્ષરધામમાં બ્રહ્મમય દેહ પામી મહારાજની સેવા પામવી. જીવનસંગ્રામમાં દોષો સામે ઝઝૂમતો ઝઝૂમતો કોઈ મેદાન છોડ્યા વગર મેદાનમાં જ મર્યો તો ભગવાન એની શૂરવીરતા જોઈ રાજી થાય છે ને બીજે જન્મે તેને પોતાનો કે પોતાના ધારક સંતનો યોગ આપે છે, કારણ કે 'ભક્તબીજ પલટે નહિ, જો જાય જુગ અનંત.'

ગીતા પણ શાખ પૂરે છે. 'नहि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति।' (૬/૪૦) અર્થાત્ 'મોક્ષને પંથે ચાલેલો કોઈ દુર્ગતિ પામતો નથી.'

અનંત જન્મોથી જીવો અક્ષરધામરૂપી નિશાન લેવા દોડે છે, પણ ભગવાનની માયામાં બધા અટવાયા કરે છે, પરંતુ મહારાજ કહે છે કે 'શૂરવીર ભક્તજનો હોય, તેનાં હૈયાંમાં તો દૃઢ નિશ્ચય હોય કે આ દેહે કરીને

ભગવાનના ધામમાં જ નિવાસ કરવો છે, પણ વચમાં ક્યાંય લોભાવું નથી.'

મહારાજ કહે છે કે ભગવાનના માર્ગે ચાલેલા દેહાભિમાની કાયર ભક્તને તો પ્રભુ ભજવામાં હજાર જાતના ઘાટ થાય છે જે, 'જો કરડાં વર્તમાન થશે તો નહિ નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે.' આવા કાયર ભક્તો વળી એમ પણ વિચારે કે આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ ને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભીશું. આવા કાયર ભક્તો ભગવાનના ધામનું નિશાન લઈ શકતા જ નથી.

'થાય એટલું કરીએ' એ કાયરતા કહેવાય અને 'શું ન થાય ?' એ શૂરવીરતા કહેવાય.

એટલે જ મુક્તાનંદ સ્વામી કહે છે :

*'જે જે વિચારીને જુક્તિ કરવા જશે,*
*તે જ કાયરપણું નામ કા'વે.'*

કાયર બીજા આગળ મોળી વાત કરે કે ધામમાં પહોંચેલા કોની ચિઠ્ઠી પડી છે ? માટે આપણે મરી મટવાની જરૂર નથી. થાય એટલું કરીએ. શૂરવીર દૃઢ ભક્તને તો પિંડ બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ જ ન થાય.

પછી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'શૂરા સંતની રીત એક સરખી કરવો વેરીનો વિનાશ,*
*કામ, ક્રોધ, લોભ, મોહ જીતી, ભાવે ભજવા અવિનાશ.'*

શ્રીહરિએ હિંદુધર્મની ઘણી કુપ્રથાઓ દૂર કરી હતી. અહિંસક યજ્ઞો શરૂ કર્યા હતા, અંધશ્રદ્ધાઓ કાઢી નાખી હતી ને કનક-કામિનીના ત્યાગી સંતો કર્યા હતા. તેમની આ ધાર્મિક ક્રાંતિ વામાચારી બ્રાહ્મણો, ભૂવાઓ ને ગંજેરી ભંગેરી બાવાઓને ગમતી નહોતી, એટલે તેઓ તેનો વિરોધ કરતા. સ્વામિનારાયણ સંપ્રદાયને હિંદુધર્મથી જુદો નવો ધર્મ કહેતા. સત્સંગી થાય તેને નાત બહાર મૂકતા ને પરમહંસોને માર મારતા ને મારી પણ નાખતા. દ્વેષીઓની આવી ઉપાધિઓનો કોઈ પાર નહતો, છતાં 'દાઝ્યા ઉપર ડામ'ની જેમ શ્રીહરિએ સાધુઓના ધર્મ-નિયમના સ્થાયી બંધારણ પૂર્વે પરમહંસોને તાવવા ૧૧૪ જેટલાં પ્રકરણો ફેરવેલાં. અલૌકિક રાજને રીઝવી અક્ષરધામનું નિશાન લેવા નીકળેલા આ પરમહંસો આ તાવણીમાંય પાછા પડ્યા નહિ. ૧૧૪ પ્રકરણોમાંનાં અમુક પ્રકરણો તો તલવારની ધાર ઉપર ચાલવા જેવાં

કરડાં પ્રકરણ હતાં. મુક્તાનંદ સ્વામીએ આ માર્ગને વર્ણવતાં ગાયું છે :

*'ધાર તરવારની સોયલી ચપળ છે,*
*વચનની ટેક તે વિકટ જાણો.'*

નિશાન લેવાની ટેકવાળા આ પરમહંસો શ્રીહરિના વચનની વિકટ કેડી ઉપર હોંશથી ચાલતા. આ કરડાં પ્રકરણોમાનાં કેટલાંક પ્રકરણ જોઈએ :

- ★ મન માગે તે ન આપવું.
- ★ રાત્રીએ વગડે એકમેકનો શબ્દ ન સંભળાય તેમ રહેવું.
- ★ ઓઘા વગેરે કોઈ પદાર્થનો આશરો ન લેવો.
- ★ દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને આચાર-વિચાર શુદ્ધ રાખવા. આવા પંચવર્તમાન રોજ પાંચ જણને ધરાવ્યા પછી જ અન્નજળ લેવું.
- ★ શિયાળામાં પાણીમાં બેસવું. શરીરે ખરજ આવે તો પણ ખંજોળવું નહિ.
- ★ શરીરે સર્પ, વીંછી ચડે તોય બેસી રહેવું.
- ★ મટકું જીતવું.
- ★ ગાડા વગેરે વાહને ન બેસવું.
- ★ સારી ભિક્ષા મળે તો ત્યાં ફરી ન જવું.
- ★ મુશળસ્નાન કરવું એટલે નાહતાં નાહતાં શરીરે હાથ ફેરવવો નહિ.
- ★ ઉઘાડે પગે ચાલવું.
- ★ ગામનું કૂતરું સંભળાય નહિ એટલે છેટે જંગલમાં સૂવું.
- ★ ટાટ પહેરવું.
- ★ સ્ત્રીનું લાલ વસ્ત્ર દેખાય તો ઉપવાસ કરવો.
- ★ હરિ ઇચ્છાએ આવે તે એક વાર ગોળા વાળીને જમવું.
- ★ પાશેર અન્ન નિઃસત્ત્વ કરીને એક વાર જમવું. એટલે નદીમાં અન્ન ભરેલી ઝોળી ઝબકોળી અન્નને કીડી પણ ન ચડે તેવું નિઃસત્ત્વ કરવું.
- ★ દેશમાં સત્સંગપ્રચાર માટે ફરવા જવાનું થાય ત્યાં સન્માન થાય એટલે ગામ બદલવું.
- ★ ઔષધ ન ખાવું.
- ★ પાથર્યા વિના પૃથ્વી ઉપર સૂવું.

★ સૂતા પછી જાગી જવાય તો ફરી સૂવું નહિ.

★ કરપત્તર અને ઉદરઝોળી રાખવી.

★ એક કૌપીનભેર રહેવું.

શ્રીહરિનાં આવાં પ્રકરણોમાં કોઈ અલ્પકાલીન તો કોઈ દીર્ઘકાલીન હતાં. પ્રકરણો સમયાંતરે ફરતાં રહેતાં. દૂર દૂર વિચરતા સંતોને ઘણીવાર પ્રકરણ ફર્યાના સમાચાર મળતા નહિ, છતાં તેઓ ચાલુ પ્રકરણથી કંટાળીને મહારાજને પ્રકરણ ફર્યાનું પુછાવતા પણ નહિ. ઉમંગથી જે તે પ્રકરણ અનુસાર વર્ત્યા જ કરતા.

એક વાર મહારાજનો આદેશ આવ્યો કે આથી પણ આકરાં વર્તમાન આવવાનાં છે. આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ અગાઉથી જ તૈયારી રૂપે લીમડો વાટીને પીવાનું શરૂ કરી દીધું !

આવાં પ્રકરણોથી હિંમત હારી જઈને કોઈક પરમહંસો મંડળમાંથી નીકળી જતા. તેઓ એકડમલ કહેવાતા, છતાં તેમને શ્રીહરિનો નિશ્ચય જીવમાંથી જતો નહિ. તેઓ જ્યાં જ્યાં જતા, ત્યાં ત્યાં શ્રીહરિનો જ મહિમા ગાતા. રોજ પાંચ જણને પંચવર્તમાન ધરાવ્યાં પછી અન્નજળ લેવાનાં વર્તમાનમાં તો સંતોને પાંચ જણ ન મળે તો બે ચાર દિવસના સામટા ઉપવાસ પણ થતાં, છતાં તેઓ ઉમંગથી મંડ્યા રહેતા. મહારાજને આ વાતની ખબર પડી એટલે તેમણે કહેવરાવ્યું કે સવારથી સાંજ સુધી મુમુક્ષુ ગોતવા દાખડો કરવો, જો કોઈ મુમુક્ષુ ન મળે તો પછી વૃક્ષ આદિક લીલોતરીમાં જીવ છે તેમ માની છેક સાંજે તેને વર્તમાન ધરાવીને અન્નજળ લેવું.

શ્રીજીમહારાજનો સંદેશો ફેલાવવાની સંતોની કેવી ધગશ !

આત્માનંદ સ્વામી મુશળસ્નાન કરતા. તેમના શરીરે મોવાળા બહુ હતા તેથી શિયાળામાં શરીર ફાટ્યું ને પછી તેમાં જીવડાં પડ્યાં. જીવડાં ઉભરાય એટલે શરીરમાંથી બહાર પડી જાય. 'બહાર કહાં જાતા હૈ? તેરા ખાજ તો અંદર હૈ.' એમ કહી સ્વામી જીવડાંને પાછાં અંદર નાખતા.

શું દેહનો અનાદર !

એકવાર ભાદરા ગામની સીમમાં એક પરમહંસ સૂતેલા. રાત્રે હિમ પડ્યું તેથી શરીર ઠૂંઠવાઈ ગયું ને તેઓ બેહોશ થઈ ગયા. સવારે એક ભરવાડે તેમને મરી ગયેલા જાણીને મૂળજીભાઈને તેમની દેહક્રિયા કરવા

સોંપ્યા. મૂળજીભાઈએ જોયું કે સંત મરી નથી ગયા, પણ ઠરી ગયા છે. તેઓ તેમને ઘેર લાવ્યા. મગના પાથરામાં સુવાર્યા. થોડીવારે ગરમી આવવાથી તેઓ ભાનમાં આવ્યા ને પોતાને ઘરમાં સૂતેલા જોઈ ફડકીને ઊભા થઈ ગયા ને પાછા સીમમાં જતા રહ્યા.

મહારાજને રીઝવવાનું કેવું તાન !

અગણોતેરા કાળમાં સ્વરૂપાનંદ સ્વામીનું સાઈઠ સાધુનું મંડળ મહારાજની આજ્ઞાથી જામનગર ગયેલું. ત્યાં લાખોટા તળાવ પાસે વડ નીચે તેઓ રહેતા. ગામમાંથી ભિક્ષા માગી લાવે ને પછી માથે ઓઢીને વડ નીચે ધ્યાન ધરે. ગામમાં આણદાબાવાનું સદાવ્રત ચાલતું હતું. મહારાજને સંતોની તાવણી કરવી હતી, તેથી ત્યાંથી ભિક્ષા લેવાની ના પાડેલી. ઘણીવાર ગામમાં ભિક્ષા મળતી નહિ. સંતોને બે ચાર દિવસના ઉપવાસ પણ થતા. નાના સંતો તળાવની પોપડી કે તળાવમાં કાછિયાઓએ નાખી દીધેલાં શાકનાં પીળાં પાંદડાં ખાવા લલચાતા.

સ્વરૂપાનંદ સ્વામીએ આ પરિસ્થિતિ જોઈને મહારાજને પત્ર લખ્યો. મહારાજે સામે બળનો જવાબ લખ્યો કે 'એક જંગલમાં એક મહાત્માનો સમાગમ કરવા ગયેલા ત્રણ મુમુક્ષુઓમાં એક જણ ફક્ત મહાત્મા માટે આવતા ચોખાનું ઝટકામણ ખાઈને સમાગમ કરતો. બીજો ભાતનું ઓસામણ પીને ને ત્રીજો મહાત્મા જમી રહે ત્યારે તેમના પત્તરનું ધોવામણ પીને સમાગમ કરતો. પછી ચોથો આવેલો મુમુક્ષુ કાંઈ ન બચવાથી વાયુ ભરખીને મહાત્માનો સમાગમ કરતો. તમારે તો હજુ પોપડી ને પાંદડાં તો મળે છે ને ?'

આ પત્ર સ્વરૂપાનંદ સ્વામીએ સંતોને વંચાવ્યો ને બધા સંતો બળમાં આવી ગયા ને બોલ્યા : 'હવે તો મરી જઈએ તો પણ પોપડી કે પાંદડાંય ખાવાં નથી.'

પછી એકવાર તળાવ ઉપર ફરવા નીકળેલા જામસાહેબે આ નિર્વ્યસની ને ધ્યાની સાધુઓને જોઈને તેમનો ગુણ આવ્યો ને મહેલમાં ભિક્ષા લેવા આવવા કહ્યું. ત્રણેક દિવસ મહેલને દરવાજેથી ભિક્ષામાં મિષ્ટાન્ન ને ફરસાણ પામીને બધા સાધુઓના કોઠાં ટાઢાં થયાં. ત્યાં તો સ્વરૂપાનંદ સ્વામીએ સંતોને કહ્યું : 'સંતો ! મહારાજની આજ્ઞા યાદ કરો. અહીં સારી ભિક્ષા મળવા માંડી

ને સન્માન થવા માંડ્યું એટલે હવે બીજે મુકામ ઉઠાવો !'

સુભાષિતમાં સાચું કહ્યું છે :

'तप्तं तप्तं पुनरपि पुनः कांचनं कान्तवर्णम्॥'

'સોનાને જેમ વધુ તપાવો તેમ તે વધુ ચળકે છે.' સંતોની સાધુતાનું તેજ આ તાવણીમાં વિશેષ ચમકી રહ્યું.

ટાટ પહેરવાના પ્રકરણમાં બ્રહ્માનંદ સ્વામી મહારાજ પ્રત્યે બોલેલા કે 'નખ જેટલી પૃથ્વીમાં તમારા સિવાય બીજો કોઈ ભગવાન દેખાતો નથી, માટે તમે કહો તેમ જ કરવું છે.'

મહારાજ સિવાય બીજે મોક્ષ નથી એમ માનતા સંતો આવી આકરી કસોટીઓમાં ઉમંગથી સારધાર પાર ઊતર્યા. તેમને બિરદાવતાં મુક્તાનંદ સ્વામી કહે છે :

*'અડગ સંગ્રામને સમે ઊભા રહે, અર્પવા શીશ આનંદ મનમાં,*
*ચાકરી સુફળ કરવા તણે કારણે, વિકસ્યું વદન ઉમંગ તનમાં,*
*શૂર સંગ્રામને દેખતા નવ ડગે, દેખતા નવ ડગે,*
*ડગે તેને સ્વપ્ને સુખ ન હોયે.'*

લોંગફેલોએ સત્ય કહ્યું છે :

"Heights by great men,
reached and kept,
not by a sudden flight,
but when their companions slept,
were toiling upwards in the night."

નિશાન એકાએક લેવાતું નથી, પણ કાયરો જ્યારે સૂઈ રહે છે, ત્યારે નિશાન લેવા મથતા શૂરવીરો રાત-દિવસ નિશાન તરફ કૂચ કરતા હોય છે.

મોહનું સૈન્ય મહા વિકટ છે. તે દેખતાં કવિ, ગુણી, પંડિત બધા જ ભાગે છે, કારણ કે મોહદળના મુખિયા, શૂરવીરોને ધ્રુજાવી દે તેવા છે. તે મુખિયા કોણ છે ? તો મુક્તાનંદ સ્વામી કહે છે :

*'કામ ને ક્રોધ મદ મોહ દળમાં મુખી, લડવા તણો નવ લાગ લાગે,*
*જોગિયા જંગમ ત્યાગી તપસી ઘણાં, મોરચે ગયે ધર્મદ્વાર માગે.*
*પાખરીયા નર તે કૈં પાડ્યા ખરા, શૃંગી શશી સુરરાજ જેવા.'*

આ મુખિયાઓએ કેવા કેવા પાખરિયાઓને પાડ્યા છે ? શિવ, બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્ર, રાવણ, સૌભરી, પરાશર વગેરે ને કામે રગદોળી નાખ્યા છે. દુર્વાસા વગેરે ક્રોધના ગુલામ હતા. વશિષ્ટ આદિને લોભે કલંક લગાડ્યા છે. એકલશૃંગી વગેરે કૈંકની આ મોહના દળે લાજ લીધી છે.

મુક્તાનંદ સ્વામી કહે છે :

*'જ્યાં લગી દેહને હું કરી માનશે,*
*ત્યાં લગી ભોગવિલાસ ભાવે.'*

મોહનું મૂળ દેહભાવ છે.

ગીતામાં કહ્યું છે :

'यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥' (૨/૬૦)

'હે કૌંતેય ! ઈન્દ્રિયો એવી મંથન કરનારી છે કે નિગ્રહનો પ્રયત્ન કરતા વિદ્વાન પુરુષના મનને પણ તેઓ વિષયો તરફ બળાત્કારે ખેંચે છે.'

મોક્ષને માર્ગે ચાલેલા નારદજી જેવા શૂરવીર ભક્તો પણ મોહના દળ આગળ હારી ગયા છે. એટલે દેવાનંદ સ્વામી કહે છે :

*'બૃહસ્પતિ જેવાને ભોળવ્યા, માયા મનમાં મગરુર,*
*ડાહ્યાં પીલાણાં દાઢ્યમાં, ચાવી કીધાં ચકચૂર.'*

આ મોહના સૈન્યને જીતવાનો ઉપાય પણ દેવાનંદ સ્વામી આ પદની ધ્રુવ કડીમાં જણાવે છે :

*'સેવો સાચા હરિસંત ને.'*

સાક્ષાત્ હરિ અથવા હરિ જેમાં અખંડ રહ્યા છે તેવા ગુણાતીત સંતની સહાયથી જ મોહના સૈન્યને જીતી શકાય છે.

સંતને શૂરવીરની ઉપમા અપાય છે, પણ મુક્તાનંદ સ્વામી કહે છે :

*'શૂરને સંતમાં અંતર અતિ ઘણો,*
*સૂરજ સંગ ખદ્યોતશોભા.'*

કારણ કે,

*'શૂરને એક પળ કામ આવી પડે,*
*મરે કાં મોજ લઈ સુખ પામે.'*

શૂરવીરને એક વાર મરણ, જ્યારે શ્રીહરિની સહાયથી મોહના સૈન્યને

મારવા નીકળેલા સંતને તો મન સાથે લડવામાં પળે પળે મરણ.

આમ, મનની સામે લડતા સંત માટે મુક્તાનંદ સ્વામી કહે છે :

*'સંત સંગ્રામથી પળ ન પાછો હટે,*
*મન દમવા તણે ચડે ભામે !'*

વળી કહે છે :

*'હાંજી ભલા શૂરા, જગમાંહી સંત,*
*મન બલવંત જીતે સોહી શૂરા.'*

આવા જ એક મનોજિત શૂરા સંતનો પ્રસંગ જોઈએ.

કડુના કલ્યાણદાસ શ્રીહરિને પ્રસન્ન કરવા સાધુ થવા મીંઢળ સહિત નીકળી ગયેલા. મહારાજે તેમની આવી અદ્‌ભુત શૂરવીરતા જોઈ, પ્રસન્ન થઈ, દીક્ષા આપીને 'અદ્‌ભુતાનંદ' નામ આપેલું. મહારાજની આજ્ઞાથી એકવાર તેઓ મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશમાં મુમુક્ષુઓને સત્સંગ કરાવવા વિચરણ કરતા હતા. સંતને પળે પળે મોહમાયા સામે યુદ્ધ લેવાનું હોય છે. તેવો પ્રસંગ તેમને આ વિચરણ દરમ્યાન થયો. આ વખતે મહારાજે કેવળ એક કૌપીનભેર રહેવાનું વ્રત આપેલું. સ્વામી કુંજબારી ગામે આવ્યા. ગામના બ્રાહ્મણ રાજાએ સ્વામીનું રૂપ જોઈને પોતાની કુંવરીને સ્વામી સાથે પરણાવીને બે ગામ આપવાનું ગોઠવ્યું. સ્વામીને આ વાતની ખબર પડી એટલે તેઓ શ્રીહરિને સંભારીને આ માયા ઉલ્લંઘીને રાત્રે જ ચાલી નીકળ્યા. આ જ પ્રવાસમાં ધૂળિયા નજીક મેઘી ગામમાં એક અતીત બાવાજીએ પોતાની બે દીકરીઓને આ સ્વામી દેખાડ્યા. દીકરીઓ સ્વામીને વરવા તૈયાર થઈ ગઈ. અતીતે સ્વામીને ઘરજમાઈ કરી, બે લાખની સંપત્તિ આપવાની વાત કરી. સ્વામીએ વિચાર્યું કે હજુ રાજ્યનું બંધન છોડીને આવ્યો ને હવે આ બીજું બંધન આવ્યું ! અહીંથી પણ તેઓ છટક્યા. પછી મહારાજને લોયામાં મળ્યા. મહારાજને બધી વાત કહી. મહારાજે પ્રસન્ન થઈ સભામાં તેમની પ્રશંસા કરતાં કહ્યું : 'જે માયાએ શિવ, બ્રહ્માદિકની પણ લાજ લીધી છે, તે મહાબળવંતી માયાને લાત મારીને સ્વામી અહીં અણિશુદ્ધ આવ્યા છે, માટે તેમનો વૈરાગ્ય તો, 'જેમ લડાઈ થઈ ગઈ હોય અને તેમાં શૂરવીરોએ છાતીમાં ઘા લીધા હોય ને તે જેમ શોભે તેમ શોભે છે.'

મુક્તાનંદ સ્વામીએ આવા સંત માટે લખ્યું છે :

*'મુક્તાનંદ તે સંતની આગળે,*
*મોહને મન કરે ત્રાય તોબા !'*

## ૨૬. તે ગુરુદેવ તો તાહરી કોર છે

શ્રીહરિએ ગઢડા અંત્ય પ્રકરણના ૨૬મા વચનામૃતમાં ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતનાં લક્ષણો દર્શાવતાં કહ્યું છે કે **'ઈન્દ્રિયો, અંતઃકરણ આદિક જે માયાના ગુણ અને તેની ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ. વળી, ભગવાન-સંબંધી ક્રિયાને કરે અને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. આવા સંત તે મનુષ્ય જેવા કે દેવ જેવા નથી, પણ ભગવાનથી પેઠે સેવા કરવા યોગ્ય છે.'**

આવા માયા પર શૂરવીર પ્રગટ ગુરુહરિ બહ્મસ્વરૂપ સંત મળે ને તેમની કસણી ખમી તેમનો મન, કર્મ અને વચને સંગ કરીએ તો તેઓ આપણને માયા પર થવાની રીત બતાવીને અક્ષરધામરૂપી નિશાને પહોંચાડી દે એટલે કે જીવન્મુક્ત કરી દે, એટલે મુક્તાનંદ સ્વામી ગાય છે :

*'મુક્તાનંદ એ અગમ રસ અતિ ઘણો,*
*સદ્‌ગુરુ મોજથી સુગમ બહુને.'*

બકરીને દોહવી સહેલી પણ ગુરુને રાજી કરવા તે તો સિંહણને દોહવા જેવું કઠણ કામ છે. સીધું તો બધાય દોડે પણ વિઘ્ન દોડ, કોથળા દોડ, લીંબુ-ચમચા દોડ વગેરે અઘરી દોડોમાં જે સફળ થાય તે ખરો દોડવીર કહેવાય. ભગવાનરૂપી મોજ લેવા નીકળેલા શિષ્યને ગુરુ પ્રથમ તો આકરી કસણીમાં લે છે. તેમાં પાર પડે પછી જ ગુરુ તેને અક્ષરધામ રૂપી નિશાન લેવાની રીત બતાવે છે.

એક શિષ્ય ગુરુની કસણીથી કંટાળ્યો હતો. એક વાર ગુરુએ તેને માટલી લઈ નદીએ પાણી ભરવા મોકલ્યો. શિષ્યે વિચાર્યું કે આ સારો લાગ મળ્યો છે. નદીથી બારોબાર ભાગી જવું. તે માટલી નદીકિનારે મૂકી ભાગવા જતો હતો, ત્યાં તેણે અવાજ સાંભળ્યો : 'ઊભો રહે, ઊભો રહે.'

તેને થયું કે 'કોણ તેને ઊભા રહેવાનું કહે છે ?' ત્યાં તેણે જોયું કે માટલી બોલતી હતી ! તે ઊભો રહી ગયો.

માટલીએ કહ્યું : 'બસ, ગુરુની આટલી કસણીમાં થાકી ગયો ? તો

સાંભળ મારી કથની.'

'હું પૂર્વે મારા ભાંડુ સાથે વગડામાં આનંદથી રહેતી હતી. ત્યાં એક કુંભાર આવ્યો. તેણે 'कुद्दालेन विदारीता वसुमती' કોદાળીથી મને મારા ભાંડુઓથી વિખૂટી કરી 'पश्चात् खरारोहणम्।' પછી મને ગધેડા પર ચડાવી, ઘેર લાવીને, ડફણાં મારી મારીને મારી કેડો તોડી નાખી. પછી પાણી છાંટીને 'यत्पापीष्टकुलालपादहननम्।' તે પાપી કુંભારે મને પગથી ખૂંદી નાખી. પછી મારો પીંડો વાળીને મને ચાકડે ચડાવીને 'दण्डेन चक्रभ्रमम्' દંડાથી ચાકડો ફેરવ્યો. મારું તો માથું ફરી ગયું. પછી મારો આવો ઘાટ ઘડીને 'रज्वा छेदनम्' દોરીથી કાપીને મને ચાકડેથી ઉતારી. મને જરા હાશ થઈ ત્યાં તો 'ताडनम्' અંદર ગોલીટો રાખીને મારા આખા શરીર ઉપર ખૂબ ટપલાં માર્યાં. પછી તો મને ધગધગતા નિભાડામાં નાંખી 'दहनम्' કર્યું. મને એવી તપાવી, એવી તપાવી કે મારો તો રંગ જ બદલાઈ ગયો. આ બધું 'यन्मेऽपि सह्यं मया' મેં મૂંગે મોઢે સહન કર્યું. છેલ્લે મને ફરી પાછી ગધેડા ઉપર ઝોલામાં ભરીને બજારમાં વેચવા લઈ ગયો. ત્યાં પણ 'ग्रामस्त्रीकरटङ्कणं बहु कृतम्' ગામની બાઈઓએ 'હું કાચી છું કે પાકી' તેની ખાત્રી કરવા સારુ મારા ઉપર ઘણા ટકોરા માર્યા. 'तन्मेऽपि दुःखं महत्' મને ખૂબ દુઃખ થયું. છેવટે તારા ગુરુએ મને પસંદ કરી ને હું ગુરુની માટલી બની ગઈ ને તારા જેવા બ્રહ્મચારીના મસ્તકે બેસવાનું મને સૌભાગ્ય મળ્યું. આ સૌભાગ્ય પ્રાપ્ત કરતાં પહેલાં મારી જેવી કસણી થઈ છે, તેવી તો તારી હજુ ક્યાં કસણી થઈ છે ?'

માટલીની કથા સાંભળીને શિષ્યમાં બળ આવી ગયું. પછી માટલીને નમસ્કાર કરી, તેને માથે ચડાવીને, બ્રહ્મઘાટ પામવા પાછો આશ્રમમાં ગુરુ પાસે આવી ગયો.

બૌદ્ધ ધર્મની તમામ શાખાઓ જેને મહાયોગી માને છે તે મિલા રેપા સને ૧૦૫૨માં તિબેટમાં થઈ ગયા. તેઓએ યોગવિદ્યા શીખવા ગુરુની કેવી કસણી ખમી તેની કથા સાંભળીએ. તેઓ યોગવિદ્યા શીખવા માટે ગુરુ મારપા પાસે ગયા. ગુરુએ તેમને કસોટીની એરણે ચડાવ્યા. ગુરુએ પોતાના પુત્ર માટે એક ગોળ મકાન બાંધી આપવા આજ્ઞા કરી. પથ્થર, લાકડાં વગેરે જાતે જ લાવવાનું. કોઈની કશા જ પ્રકારની મદદ લેવાની નહિ.

મિલા રેપા પોતાની પીઠ ઉપર પથરા ઊંચકી લાવે, બાંધકામ માટે

પાણી પણ દૂરથી ભરી લાવે.

અડધું મકાન થયું ને ગુરુએ કહ્યું : 'આ મકાન નહિ ચાલે. મકાન તોડી નાખ. પથ્થર વગેરે જ્યાંથી લાવેલા તે બધું પાછું ત્યાં મૂકી આવ.'

પછી બીજું બીજના ચંદ્ર આકારનું મકાન બાંધવા કહ્યું. તે પણ અડધું બંધાયું એટલે પહેલાની જેમ જ કહીને તોડી નખાવ્યું. પછી ત્રીજું ત્રિકોણાકાર મકાન બાંધવા કહ્યું. તે પણ અડધેથી તોડી નખાવ્યું. પછી ચોથું મકાન એક ટેકરી ઉપર ચોરસ નવ માળનું બાંધવા આજ્ઞા કરી. બે માળ ચણાયા પછી ગુરુને ખબર પડી કે કોઈએ તેને પથ્થર પહોંચાડવામાં મદદ કરી છે. તેથી તે મકાન પણ તોડી નખાવી, પાંચમું બાર થાંભલાનું કરવા કહ્યું. તે પૂર્ણ થવા આવ્યું ત્યારે તે ગુરુ પાસે જ્ઞાનદીક્ષા માટે ગયો. ત્યારે ગુરુએ તેના વાળ પકડીને ખેંચ્યો ને લાત મારીને કહ્યું : 'મફતમાં દીક્ષા લેવી છે ?'

પીઠ ઉપર પથરા ચડાવવાથી પીઠ સોરાઈ ગઈ હતી. ગુરુપત્નીને દયા આવી. તેણીએ મારપાને કહ્યું : 'આને હવે તમારે જ્ઞાન આપવું જોઈએ.'

ગુરુ કહે : 'એમ તો ઘણાં ઘોડાં ગધેડાંની પીઠ ચાંદા પડવાથી સડી જાય છે. આ કાંઈ દુઃખ નથી.'

મિલા રેપા આવી અનેકાનેક કઠણ કસોટીઓમાંથી હસતે મુખે પસાર થયો ને ફળસ્વરૂપે ગુરુનો રાજીપો પામી યોગવિદ્યા શીખ્યો.

ગુરુવચને આવી રીતે વર્તતા શિષ્યો માટે મુક્તાનંદ સ્વામી યથાર્થ કહે છે :

*'વચન પ્રમાણે તેની પેઠે વર્તતા, એક પગભર ઊભા જ સૂકે.'*

પંજાબમાં આનંદપુરમાં સને ૧૬૯૮ના વૈશાખી પૂર્ણિમાના ઉત્સવે ગુરુ ગોવિંદસિંહના સમગ્ર અનુયાયીઓ ઉત્સાહભેર હાજર થયા હતા. હકડેઠઠ ભરાયેલી સભામાં ગુરુ ગોવિંદસિંહે ખુલ્લી તરવારે પડકાર કર્યો : 'મારે માથાનું બલિદાન જોઈએ છે, છે કોઈ તૈયાર ?' સભામાં સોપો પડી ગયો. કેટલાક તો રફુચક્કર થઈ ગયા. કેટલાક નીચું મોઢું કરીને બેસી રહ્યા. એક જણ મસ્તક અર્પવા તૈયાર થયો. ગુરુ તેને તંબુમાં લઈ ગયા. પછી લોહી નીતરતી તરવારે ફરી બલિદાન આપવા બીજા શિષ્ય માટે આવાહન ફેંક્યું. આમ, એક પછી એક એમ પાંચ જણ તૈયાર થયા. છેવટે ગુરુ ગોવિંદસિંહની માતાએ આ પરીક્ષા બંધ કરાવી. તેઓએ તંબુમાં અગાઉથી બકરા બાંધી

રાખ્યા હતા. બલિદાન આપવા આવેલ શિષ્યને બદલે તેઓ બકરાને ઝાટકો મારતા હતા. પછી ગુરુ આ પાંચેય શિષ્યોને સારાં વસ્ત્રો પહેરાવી તંબુ બહાર લાવ્યા ને તેમને 'પંચ પ્યારે' તરીકે બિરદાવ્યા. આ પરીક્ષા દરમ્યાન જેઓ નાસી ગયા હતા, તેઓ મનમુખ કહેવાયા. બેઠા રહ્યા તે સન્મુખ કહેવાયા ને જેઓ શીશ અર્પવા તૈયાર થયા એ ગુરુમુખ કહેવાયા.

જેમ શૂરવીર હોય તે વિણરૂંઢ (મસ્તક વિના) રણમાં ફરે, તેમ આવા ગુરુમુખી શિષ્યો મસ્તક ગુરુને સોંપી ગુરુની મોજ લઈને સુખડાં માણે છે.

પ્રમુખસ્વામી મહારાજના અમૃત મહોત્સવે મુંબઈમાં પધારેલા હવાઈ ટાપુના શિવમંદિરના મહંત પૂજ્ય શિવાય સુબ્રહ્મણ્યમજીએ સભામાં સાધનાની ગુરુચાવી બતાવતાં 'Obey your Guru, Obey your Guru, Obey your Guru' તમારા ગુરુના વચનમાં વર્તો, એમ ત્રણ વખત કહ્યું હતું.

મહાદેવભાઈ દેસાઈ ગાંધીજીના અંતેવાસી સેવક હતા. ગાંધીજી ઘણીવાર તેમનું અપમાન કરી નાખતા. 'જતું રહેવું હોય તો જતા રહો.' એમ પણ કહી દેતા. છતાં ગાંધીજીને જીવન અર્પેલા મહાદેવભાઈએ પોતાના જીવનના અંત સુધી ગાંધીજીનો સંગ ન છોડ્યો. એટલે જ એમના માટે કહેવાયું છે : 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ.'

જૂનાગઢ મંદિરમાં નવી હવેલીના બાંધકામ વખતે તપ, ત્યાગ, વૈરાગ્ય અને આત્મનિષ્ઠાથી સાડા ત્રણ વર્ષ ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિએ મન, કર્મ અને વચને સેવા કરી, ગુરુવચને તનના ચૂરેચૂરા કરીને તેમનો રાજીપો મેળવી છતીદેહે પરબ્રહ્મની મોજ માણનાર બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તની બ્રહ્મસાધનાનો જોટો આધ્યાત્મિક ક્ષેત્રે જડે તેવો નથી. તેમના માટે કહી શકાય કે 'બ્રહ્મભઠ્ઠીમાં ખીલેલું બ્રહ્મપુષ્પ.' દરેક સાધકે આ સાધનાનો અદ્‌ભુત ઇતિહાસ તેમના જીવન ચરિત્રના ગ્રંથમાંથી વાંચીને પોતાના જીવનમાં ઉતારી લેવા જેવો છે.

કઠણ કસોટીઓમાંથી પસાર થયેલા શિષ્ય ઉપર ગુરુનો રાજીપો ઊતરે છે ને ગુરુ તેને મોહનું સૈન્ય જીતવાના ઉપાયો બતાવે છે. શિષ્યને પણ બળ રહે છે કે 'ગુરુ મારી સાથે છે. એટલે તેમની સહાય ને કૃપાથી હું જંગ જરૂર જીતી જઈશ જ.'

એટલે જ મુક્તાનંદ સ્વામી હિંમત બંધાવતાં કહે છે :

*'તે ગુરુદેવ તો તાહરી કોર છે.'*

## ૨૭. ગુરુમુખી જોગિયા જુક્તિ જાણે

મુક્તાનંદ સ્વામી સિંધૂડા વગાડતાં કહે છે :

*'એવા અરિ સૈન્યશું અડીખમ આથડે,*
*ગુરુમુખી જોગિયા જુક્તિ જાણે,*
*મુક્તાનંદ મોહ ફોજ માર્યા પછી,*
*અટલ સુખ અખંડ પદરાજ માણે.'*

જે ગુરુમુખી છે તેને ગુરુ મોહનું સૈન્ય જીતવાની યુક્તિ બતાવે છે ને શિષ્ય તે પ્રમાણે વર્તીને મોહફોજ મારીને પદરાજ એવા અક્ષરધામના અખંડ સુખને માણે છે. ગુરુની મોજરૂપે ગોવિંદને પામે છે.

ક્રોધ હોય ને ઉપવાસ કરવા માંડે. એમ પોતાના મનની જાણ્યે સાધક ઘણાં સાધનો કરે, પણ તેથી મોહના દળનો નાશ ન થાય. પણ મુક્તાનંદ સ્વામી મનની તાણ મૂકવા ઉપદેશે છે :

*'મેલ મન તાણ ગ્રહ વચન ગુરુદેવનું,*
*સેવ તું રૂપ એ શુદ્ધ સાચું,*
*મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,*
*સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વે કાચું.*
*તીર્થને વ્રતનું જોર પણ ત્યાં લગી,*
*ગુરુગમ વિણ ઉપાય કાચો.'*

વળી, સ્વામી કહે છે કે –

*'સંત ધન્વંતર વૈદ્ય સમ, જૈસો રોગી જેહું,*
*મુક્ત બતાવત તાહું કો, તૈસો ઔષધ તેહું.'*

એક જણ ઉપર ઘણી માખો બેઠી. તે તો મૂંઝાઈ ગયો ને ગભરાઈને બોલવા માંડ્યો : 'અરે ! હું એક અને આટલી બધી માખો ? મારું શું થશે ?' કોઈ અનુભવીએ કહ્યું : 'અલ્યા ! એમાં ગભરાઈ શું ગયો છે ? હાથ હલાવ.' એણે હાથ હલાવ્યો ને એક સાથે બધી માખો ઊડી ગઈ ! ગુરુ દોષો જીતવાના સચોટ ઉપાય બતાવે છે.

એટલે શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધમાં કહ્યું છે :

*'માનાદિક શત્રુ મહાન, નિજ છંદે ન મરાય,*
*જાતા સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.'*

આ વિધાનની પુષ્ટિમાં સ્વામીશ્રીએ સારંગપુરમાં સને ૧૯૯૭ની દશમી ઑક્ટોબરે વાત કરી હતી : 'ગુરુ કહે તેમ કરે તો શત્રુ જલદી જિતાય. કાર્તિકેયના ચકરાવા મટી જાય. થોડે ઝાઝું થાય.' ગુરુ વગર લડાઈ લેવી જ નહિ. નહિતર બૃહસ્પતિ વગેરે જેવું થાય. તેઓ હાર્યા ને વળી માથે કલંક લાગ્યા તે વધારામાં. સર્પસીડીની રમતમાં એક પાસો ખોટો પડી જાય તો પાછા સર્પના મુખેથી પૂંછડીએ શૂન્યમાં, હતા ત્યાંના ત્યાં આવી જવાય. માટે ગુરુના માર્ગદર્શન વગર દોષો ભાગે નહિ.

હરીન્દ્રભાઈ દવેએ સાચું ગાયું છે કે *'અક્ષરનો સંગાથ મળે તો ધામ ન લાગે છેટું.'*

ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ ઉપેન્દ્રાનંદ સ્વામીને ધર્મશાળાના રજોટિયા ઉપર ગાર કરાવીને તેમનો કામ કાઢી નાખ્યો હતો. મહુવાના સોની ભગતને મંદિરમાં સાધુને નાહવાના કૂવા ઉપરનો ફાળકો ફેરવાવીને વાસના કાઢી નાખી હતી. શત્રુઓ સામે લડવા સૈન્યમાં સરદાર જુદી જુદી વ્યૂહરચના કરે છે. તેથી સૈનિકોને લડવાનું સુગમ થાય છે.

યુદ્ધમાં રથી, મહારથી ને અતિરથી હોય છે, પણ તેમની સલામતી માટે તેમનો સારથિ બરાબર જોઈએ. કર્ણે તેના સારથિ શલ્યને પૂછ્યું : 'હું મરી જાઉં તો તું શું કરે ?'

શલ્યે કહ્યું : 'હું મારા દેશમાં જતો રહું.'

અર્જુને કૃષ્ણને પૂછ્યું : 'હું મરી જાઉં તો તમે શું કરો ?'

શ્રીકૃષ્ણ કહે : 'હું તને મરવા જ ન દઉં.' સારો સારથિ રથીને સાચવે છે. એટલે જ અર્જુને યુદ્ધમાં યાદવોની વિશાળ નારાયણી સેનાને બદલે નિઃશસ્ત્ર કૃષ્ણને સારથિ તરીકે પસંદ કર્યા હતા.

કુરુક્ષેત્રમાં યુદ્ધ પૂર્વે જ એક વિકટ પ્રસંગ ઉપસ્થિત થયો હતો. પાંડવો ને કૈરવોની સેનાઓ સામસામી ગોઠવાઈ ગઈ હતી. બંને પક્ષે રણશિંગા વાગતાં હતાં, શંખનાદ થઈ રહ્યા હતા. અર્જુન ખૂબ બળમાં હતો. 'મારે કોની સામે લડવાનું છે ?' તે બરાબર જોઈ લેવા તેણે શ્રીકૃષ્ણને બે સેનાની વચ્ચે રથ લઈ જવા કહ્યું. તેણે બંને સેનામાં એકબીજા સામે લડવા ઉપસ્થિત

થયેલા સ્વજનો ને મિત્રોને જોયા. 'આ બધાને મારે મારવાના ?!' આ વિચારે તે મોહવશ - લાગણીવશ થઈ ગયો. તેનાં ગાત્રો ઢીલાં થઈ ગયાં, મોઢું શોષાવા માંડ્યું, શરીર કંપી ઊઠ્યું, ગાંડીવ હાથમાંથી સરી પડ્યું ને એ એકદમ હતોત્સાહ થઈને 'મારે લડવું નથી' એમ કહીને રથની પાછળ માથે હાથ દઈને બેસી ગયો. આ જોઈ 'क्लैब्यं मा स्म गमः पार्थ' 'હે અર્જુન ! યુદ્ધ સમયે આ મોહ તને ક્યાંથી વ્યાપ્યો ? તને આ ઘટતું નથી. હૃદયની આ તુચ્છ દુર્બળતા ત્યજી તું ઊભો થા !' એમ ઘણો ઉપદેશ આપી શ્રીકૃષ્ણ ભગવાને તેને યુદ્ધ માટે બેઠો કર્યો. અર્જુનને શ્રીકૃષ્ણના શબ્દોથી બળ આવ્યું. વળી, શ્રીકૃષ્ણનું વિશ્વરૂપ જોઈ તેને ખાત્રી થઈ કે હું તો નિમિત્તમાત્ર છું. યુદ્ધમાં સાચું બળ તો શ્રીકૃષ્ણનું છે.

સરદાર વગરનું સૈન્ય હિંમત હારી જાય છે. અંતિમ વિજય સુધી સરદાર સાથે જ જોઈએ. જ્યારે યુદ્ધમાં કપટરીતથી અભિમન્યુનું મૃત્યુ થયું ત્યારે અર્જુન ફરીથી ભાંગી પડ્યો હતો, ત્યારે શ્રીકૃષ્ણએ ફરીથી તેને ઉપદેશ આપી બેઠો કર્યો હતો.

જીવનસંગ્રામમાં વારે વારે હતાશા ને નિરાશા ઘેરી વળે છે, ત્યારે પળે પળે પ્રગટ ગુરુ જોઈએ જ.

'સાત દિવસમાં મારું મૃત્યુ થશે' આ વિચારે ગભરાઈ ગયેલા પરીક્ષિતને ગુરુ શુકદેવજી મળ્યા ને તેને સાત દિવસ ભાગવત કથા સંભળાવી તેનો દેહભાવ તોડી નાખ્યો ને બ્રહ્મ-પરબ્રહ્મનું જ્ઞાન આપી, તેને જીવન્મુક્ત કરી દીધો.

વિવેકાનંદ સ્વામીને શિકાગોની ધર્મપરિષદમાં પ્રવચન વેળાએ ગુરુ રામકૃષ્ણ પરમહંસના સ્મરણથી જબરી હિંમત આવી ગઈ હતી.

આધુનિક યુગના યુવકોને મોહના સૈન્ય સામે બાથ ભીડવી અઘરી લાગતી, પણ યોગીજી મહારાજ સિંધૂડા વગાડી બળભરી વાતું કરતા. વાતો સાંભળી યુવકોને બળ આવી જતું કે યોગીજી મહારાજ જેવા ગુરુ આપણા શૂરા સરદાર છે, તો સ્વામીની સેનામાં આપણે સજ્જ થઈ જોડાઈ જવું. નેપોલિયન જ્યારે તેના લશ્કરમાં નીકળે, ત્યારે સૈનિકોમાં દસ હજાર સૈનિકનું બળ વધી જતું. શૂરવીર સરદારનો આ પ્રભાવ છે, પણ જેનો સરદાર આંધળો હોય તેનું કટક કૂવામાં જ પડે ને.

યોગીજી મહારાજ તો 'શિયાળ સરખાને સિંહ બનાવે ને કાયરને બહાદુર.' તેઓ શિષ્યોના દોષો ટાળી તેમને શૂરવીર ભક્ત બનાવતા.

પ્રમુખસ્વામી મહારાજે આજે જનજાતિથી માંડી વિદેશી અનેક આબાલવૃદ્ધને અક્ષરધામરૂપી નિશાન લેવા સાબદા કર્યા છે. બધા પ્રાચીન ને અર્વાચીન વ્યસનો-દૂષણો સામે ગુરુને બળે - સ્વામીને બળે લડાઈ લઈ આ શત્રુઓને જીતતા, નિશાન તરફ ઉત્સાહથી આગે કૂચ કરી રહ્યા છે.

આના અનુસંધાનમાં શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૦મા વચનામૃતમાં બે સેનાની અદ્ભુત બળભરી વાત કરી છે તે જોઈએ. શ્રીહરિ કહે છે :

'જેમ કુરુક્ષેત્રને વિષે કૈરવ ને પાંડવનાં લશ્કર સામસામાં ઊભા હતાં ને પરસ્પર તીર ને બરછી ને બંદૂક ને તોપ ને જંજાળોની લડાઈ થતી હતી, અને કોઈક તરવારે લડતા હતા ને કોઈક ગદાએ લડતા હતા ને કોઈક બથોબથ લડતા હતા, ને તેમાં કોઈનું માથું ઊડી ગયું ને કોઈની સાથળ કપાઈ ગઈ, એમ કચ્ચરઘાણ ઊડતો હતો, તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે ને વળી જે આ સંતનાં રૂપ છે તે પણ 'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા' એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભા છે અને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે. તે જ્યારે કુસંગીનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા થઈ આવે છે ને જ્યારે સંતનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા નથી થતી, એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે.

તે જેમ,

'यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवानीतिर्मतिर्मम ॥'

એ શ્લોકમાં કહ્યું જે, 'જ્યાં યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન છે. અને ધનુષના ધરતલ અર્જુન છે, ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે. તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થશે એમ નિશ્ચય રાખવો.

ત્યારે વળી તે કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! એ સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે તેનો શો ઉપાય છે ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અંતરમાં જે કુસંગી રહ્યા છે, તે બહાર રહ્યા છે તે બે એક છે. વળી, અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે, તે બે એક છે. પણ જે અંતરમાં કુસંગી છે તેનો બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત તેને પોષણે કરીને બળ વધે છે. માટે બહારના કુસંગીનો સંગ ન કરે ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય ને સંતનું બળ વધે તેમ છે.' એમ શ્રીજીમહારાજે કહ્યું.

ત્યારે વળી કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! એકને તો કુસંગીની લડાઈ આળસી ગઈ છે, ને સંતનુ જ બળ છે એક એવો છે, અને એકને તો એમને એમ લડાઈ થતી રહે છે, તે એ બેમાં જેની લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી, પણ જેને લડાઈ એમને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય તે કહો ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા. તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા, તેને તો જીતવા કઠણ જ છે પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જ જિતાઈ જાય એવા નથી, માટે એ તો એમને એમ લડે છે. અને તેમાં જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો ને મૃત્યુને પામ્યો તે પણ જે એનો ધણી છે તે શું નહીં જાણે જે 'એની આગળ આવા કરડા માણસ આવ્યા હતા તે નહિ જિતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા.' એમ એ બેય ધણીની નજરમાં હોય. તેમ એની ભગવાન સહાય કરે જે, 'આને સંકલ્પ-વિકલ્પનું બળ છે અને લડાઈ લે છે, માટે એને શાબાશ છે,' એમ જાણીને ભગવાન એની સહાય કરે છે. માટે બેફિકર રહેવું. કાંઈ ચિંતા રાખવી નહિ. ભગવાનને એમને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો, ને કુસંગીથી છેટે રહેવું.' એમ પ્રસન્ન થઈને શ્રીજીમહારાજ બોલતા હવા.''

આ વચનામૃતમાં મહારાજે આપણને સારો સધિયારો બંધાવ્યો છે ને

સાથે સંતનો સમાગમ અધિક રાખવા અનુરોધ પણ કર્યો છે. આપણા સદ્‌ભાગ્યે શ્રીહરિના ધારક સર્વગુણ સંપન્ન (Perfect) ગુણાતીત ગુરુ પ્રમુખસ્વામી મહારાજનો સમાગમ પ્રાપ્ત થયો છે એટલે વિશ્વાસ છે કે છતી દેહે જ અક્ષરધામ રૂપી નિશાન લઈશું જ, છતાં અધિક બળ માટે તેમની કૃપા યાચતાં યાચતાં તેમને જ પ્રાર્થતા રહીએ :

*'જીવનના સંગ્રામે જો જો જાઉં ના હું હારી.'*

## ૨૮. અમદાવાદમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા અને શ્રીહરિનો મંદવાડ

પેશ્વાના અમદાવાદ ખાતેના સૂબા વિઠ્ઠલરાવ બાલાજીએ સંવત ૧૮૬૫માં શ્રીહરિને ભદ્રના કિલ્લામાં આમંત્રીને તેમનું કાસળ કાઢી નાખવાનું ષડયંત્ર રચેલું, પણ તેની આ મેલી યોજના મહારાજે નિષ્ફળ કરી દીધી. એટલે સૂબાએ ગુસ્સે થઈને મહારાજને કહ્યું : 'અમદાવાદમાં પેશ્વાનું રાજ્ય હોય ત્યાં સુધી તમારે અમદાવાદમાં પ્રવેશવું નહીં.'

નવ વર્ષે અમદાવાદમાંથી પેશ્વાઈ ગઈ ને અંગ્રેજોની હકૂમત આવી. તે વખતના કલેક્ટર એરણ સાહેબ (Mr. Heron) મહારાજના ગુણાનુરાગી હતા. મહારાજે બાદશાહની વાડીમાં દિવ્ય સ્વરૂપે તેમની વાઘથી રક્ષા કરી હતી. તેમણે મહારાજને અમદાવાદ પધારવા નિમંત્રણ આપ્યું. મહારાજ નવ વર્ષે અમદાવાદ પધાર્યા.

સાહેબે ભાવભર્યું સ્વાગત કર્યું ને કહ્યું : 'આપ અમદાવાદમાં આપનું મોટું સ્થાન બનાવો. અમે જમીન આપીશું.'

મહારાજે પંચાળાની માંદગી સમયે ઉપાસના રહેવા સારુ શિખરબદ્ધ મંદિરો કરવાનો સંકલ્પ કરેલો. તે સંકલ્પની પૂર્તિના પ્રથમ સોપાનનું નિમિત્ત એરણ સાહેબ બન્યા.

કાળુપુરમાં નવાવાસની સામે નાયકનાં ઘરો હતાં ત્યાં ધર્મશાળા ને મંદિર બાંધવાનો મહારાજે સંકલ્પ કર્યો. સાધુને રહેવાની ધર્મશાળા બંધાઈ રહ્યા પછી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને મંદિર બાંધવા આજ્ઞા કરી. બોટાદના ભગા દોશીએ મહારાજની આજ્ઞાથી દસ હજાર રૂપિયાની હૂંડી લખી આપેલી, તે લઈને આષાઢી સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ દશમના રોજ આનંદાનંદ સ્વામીએ અમદાવાદ આવી શિખરબદ્ધ મંદિરનાં મંડાણ કર્યાં.

ઈડરથી પથ્થરો આવતા હતા. ડુંગરપુરમાં બે ગજની નર અને નારાયણની મૂર્તિઓ તૈયાર થઈ ગઈ. આષાઢી સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ત્રીજના રોજ પ્રતિષ્ઠાનું મુહૂર્ત આવ્યું. આ વખતે કલેક્ટર તરીકે શ્રી જહૉન જે. ડનલપ સાહેબ હતા. તેઓ પણ શ્રીહરિના ગુણાનુરાગી હતા. શ્રીહરિએ તેમને તેમના આગળના ત્રણ જન્મોની વાત કરી હતી. પહેલા જન્મે તેઓ ગ્રીસમાં લશ્કરમાં હતા. રાજાએ તેમને કહેલું કે 'શત્રુને સૂતા કાપી નાખો.' તેમને આ યોગ્ય ન લાગતાં રાજીનામું આપી દીધેલું. બીજે જન્મે જર્મનીમાં પંડિત બન્યા હતા. ત્રીજા જન્મમાં ફ્રાન્સમાં પાદરી હતા. તે વખતે એવો કુરિવાજ હતો કે 'શત્રુની ખોપરીમાં મદિરા પીવાથી સ્વર્ગનું સુખ મળે.' તેમણે તે કુરિવાજ ઉપદેશ દ્વારા બંધ કરાવ્યો હતો. તેઓ તેમના પૂર્વજન્મોની કથા સાંભળીને પ્રભાવિત થયા હતા. તેમણે પ્રતિષ્ઠા પ્રસંગે બહારગામોથી આવેલા હરિભક્તો માટે કાંકરિયા ઉપર તંબુ ને રાવટીઓ બંધાવીને ઉતારાની વ્યવસ્થા કરાવી હતી.

શ્રીહરિના વરદ હસ્તે મંદિરના મધ્ય ખંડમાં નરનારાયણ દેવની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ વેદોક્ત મંત્રો દ્વારા ધામધૂમથી થયો. સાહેબે તે જ ક્ષણે સો તોપોનું સન્માન આપ્યું. અત્યાર સુધી બધા સ્વામિનારાયણ ભગવાનનો જયઘોષ કરતા હતા. આજે બધાએ પ્રથમ નરનારાયણ દેવનો જયઘોષ કર્યો. મંદિરનું પ્રાંગણ આ જયઘોષથી ગાજી ઊઠ્યું.

સમી સાંજે મહારાજે આનંદાનંદ સ્વામીને બોલાવીને પૂછ્યું : 'કોઠારમાં સિલક કેટલી છે ?'

તેમણે કહ્યું : 'સાડી ઓગણપચાસ રૂપિયા.'

એટલે મહારાજે કહ્યું : 'આપણે દેવ પધરાવ્યા એટલે બ્રાહ્મણોને જમાડવા તો જોઈએ. આપણે આખા અમદાવાદ શહેરના બ્રાહ્મણોની ચોરાસી કરવી છે.' આનંદાનંદ સ્વામી આ સાંભળી મુંઝાઈ ગયા. ત્યાં તો વળી મહારાજે કહ્યું : 'આપણે ફાગણ સુદ પાંચમના દિવસે એટલે કે પરમ દિવસે ચોરાસી રાખીશું. કાલે સૌને નોતરાં અપાવી દેજો.'

બીજે દિવસે મહારાજે રાજ્ય પુરોહિત શ્રી હરિદત્ત શાસ્ત્રીને તેડાવ્યા. તેમને મહારાજે કહ્યું : 'અમારે આવતીકાલે આ શહેરની ચોરાસી કરવી છે. તેમાં દક્ષિણ દશકોશીના બ્રાહ્મણોને પણ આમંત્રણ આપવું છે.'

આ સાંભળી હરિદત્ત શાસ્ત્રી થોડીવાર તો કાંઈ બોલી શક્યા નહીં. પછી તેમણે કહ્યું : 'પ્રભુ ! આપ તો યોગેશ્વર છો તેથી સમર્થ છો, પરંતુ આ શહેરમાં કોઈ રાજાને પણ જો બ્રાહ્મણોની ચોરાસી કરાવવી હોય, તો તેને લગભગ છ મહિના અગાઉથી બધી તૈયારીઓ કરવી પડે ને આપ તો આવતીકાલે જ ચોરાસી કરવાની વાત કરો છો !'

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : 'આ શહેરના તથા તેની આજુબાજુના વિસ્તારના તમામ બ્રાહ્મણો જમવા આવે તેવો બંદોબસ્ત તમે કરાવો. આવતીકાલે સાંજે કાંકરિયા સરોવરને કાંઠે અમે બધો જ બંદોબસ્ત કરી દઈશું.'

અને પછીની વાત તો સત્સંગમાં ખૂબ જાણીતી છે. મહારાજે પોતાના ઐશ્વર્યથી એક જ દિવસની તૈયારીમાં ને સાડી ઓગણપચાસ રૂપિયાની સિલકમાં હજારો બ્રાહ્મણોની ચોરાસી કરી. પડિયામાં દાળને બદલે ઘી પીરસાતું હતું. બ્રાહ્મણો ઘીમાં લાડુ બોળી જમતા હતા. સાંજે હરિભક્તોએ મહારાજનું પૂજન કરી, ભેટ ધરી. ભેટમાં જે રકમ આવી તેમાંથી હરિભક્ત લાલદાસ ગોરાએ ચોરાસી કરવા આપેલી રકમ ચૂકતે થઈ ગઈ. બધું સરભર થઈ ગયું.

શ્રીહરિએ ત્રણ સ્થળોએ પોતાનું અસાધારણ ઐશ્વર્ય જણાવ્યું હતું. વડોદરામાં શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનો દીવાન મહારાજનો હાડોહાડનો વેરી હતો. ગાયકવાડ સરકારે મહારાજને વડોદરા નિમંત્ર્યા ત્યારે તેણે મહારાજનો પરાભવ કરવા ને તેમને મારી નાખવા સુધીની ઘણી બધી તરકીબો કરેલી, પણ મહારાજે તે બધી જ નિષ્ફળ કરીને વડોદરામાં ડંકો વગાડી દીધો હતો.

જૂનાગઢમાં મુસલમાની રાજ્ય હતું ને રાજ્યના અમલદારો મહારાજના દ્વેષી હતા, છતાં ત્યાં મહારાજે ત્રણ શિખરનું ભવ્ય મંદિર કરી દીધું. ને ત્રીજું ઐશ્વર્ય એટલે આ અમદાવાદની ચોરાસી.

અમદાવાદના પ્રસંગો પતાવીને મહારાજ ફાગણ સુદ આઠમને દિવસ સાબદા થઈ ચાલી નીકળ્યા, તે જેતલપુરમાં જઈને રાત રહ્યા. પછી ત્યાં જઈને તેમણે એવો વિચાર કરવા માંડ્યો જે, 'જેટલા માણસ દેખ્યા છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી.' પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશય દુ:ખ થયું. તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. બીજે દિવસે સવારે મહારાજ ગાડીમાં બેસી ત્યાંથી નીકળ્યા. ગણેશ ધોળકાની રાણ્યોમાં

આવ્યા. અહીં મંદવાડ વધી ગયો. તેથી ત્યાં ગણપતિજીના મંદિરમાં ત્રણ પહોર સુધી પોઢી રહ્યા, પરંતુ સખત લૂ વાતી હતી, તેમજ મંદિર જૂનું અને ખંડિયેર જેવું હતું, તેથી કબૂતરોએ ત્યાં વાસ કર્યો હતો. તેના અવાજથી મહારાજને નિદ્રામાં વિક્ષેપ પડ્યો. સાંજે રાણ્યોની ઘટામાં સંતોએ મોઘો બાંધી તંબુ જેવું કર્યું. ત્યાં પલંગ ઢાળ્યો. મહારાજ ત્યાં આવી પોઢ્યા ત્યારે વિચાર એવો કરવા માંડ્યો જે દેહની સ્મૃતિ ન રહી.

પછી મહારાજ વચનામૃતમાં કહે છે : 'પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી ને જેવા અમે કાંકરીએ તળાવે ઊતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો, તેવી રીતે સર્વે ઘાટ ટાળી નાખ્યા ને જ્યારે લૌકિક ઘાટ મટી ગયા ત્યારે અંતર્દૃષ્ટિ રહેવા માંડી. પછી અલૌકિક આશ્ચર્ય દેખાવા માંડ્યાં ને દેવતાસંબંધી જે ભોગ છે તે દેખાવા માંડ્યા ને અનંત પ્રકારનાં વિમાન ને અનંત પ્રકારની અપછરા ને અનંત પ્રકારનાં વસ્ત્ર, અનંત પ્રકારના અલંકાર, તે જેમ અહીં મૃત્યુલોકને વિષે છે તેમજ ત્યાં દેખાવા લાગ્યાં, પરંતુ અમારા અંતરમાં એક ભગવાન વિના બીજું કાંઈ ગમ્યું નહીં ને જેમ અહીંના પંચવિષય તે અમને તુચ્છ ભાસ્યા ને તેમાં અમારું મન લોભાયું નહીં, તેમજ દેવલોક, બ્રહ્મલોકપર્યંત અમારું મન ક્યાંય લોભાયું નહીં. તેને દેખીને દેવતા સર્વે અમારાં વખાણ કરવા માંડ્યા જે, 'તમે ભગવાનના એકાંતિક ભક્ત ખરા, કેમ જે તમારું મન ભગવાનને મૂકીને ક્યાંય લોભાતું નથી.' પછી તેમનાં વચન સાંભળીને અમારે હૈયાને વિષે સુધી હિંમત આવી. પછી અમે મનને કહ્યું જે, તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું. જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો, તો તારા ભુક્કા કરી નાખીશ. તેમજ બુદ્ધિને કહ્યું જે ભગવાન વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે. તેમજ ચિત્તને કહ્યું જે ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા પણ ભુક્કા કરી નાખીશ. તેમજ અહંકારને કહ્યું જે ભગવાનના દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાખીશ.

પછી તો અમારે જેમ આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ હતી તેમજ દેવલોક-બ્રહ્મલોકના પદાર્થની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ. અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો. એવી રીતે ભગવાનનો ભક્ત હોય તેને વર્તવું.'

મહારાજનાં આટલાં વચન પછી વચનામૃતના સંપાદક સદ્‌ગુરુઓએ નોંધ મૂકી છે કે શ્રીજીમહારાજે પોતાનું વૃત્તાંત ભક્તજનના કલ્યાણને અર્થે કહ્યું છે ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે.

આ પ્રસંગમાં મહારાજના મંદવાડનું અને ઉદાસીનતાનું રહસ્ય સમજવા જેવું છે.

સર્વ અવતારના અવતારી સર્વોપરી શ્રીહરિ આષાઢી સંવત ૧૮૫૬માં લોજ આવ્યા. આ વચનામૃત સંવત ૧૮૭૮ની સાલનું છે. મહારાજે આ બાવીસ વર્ષ દરમ્યાન સત્સંગમાં પોતાના સર્વોપરી સ્વરૂપની ઘણી બધી વાતો કરી હતી. સમાધિ પ્રકરણમાં સર્વ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડ્યા હતા. અમદાવાદના સાતમા વચનામૃતમાં તો પોતાના સ્વરૂપની સ્પષ્ટ વાત કરી : 'નંદીશ્વર પોઠિયો આવ્યો, તે ઉપર બેસીને કૈલાસમાં શિવજી પાસે ગયા ને ત્યાં ગરુડ આવ્યો, તે ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મધામને વિષે જાતા હવા. ત્યાં ગરુડ પણ ઊડી શક્યો નહીં, એટલે અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહીં.'

શ્રીહરિની આવી સ્પષ્ટ વાત સાંભળવા છતાં *'પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે, રમાપતિની રીત'* - આ ઉક્તિ મુજબ મહારાજનું સર્વોપરી સ્વરૂપ ઓળખવામાં ઘણાં ગૂંચાયા. ગઢડા મધ્ય પ્રકરણના તેરમા વચનામૃતમાં મહારાજે ચોખ્ખું કહી દીધું કે તેજને વિષે જે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે. મહારાજનું આ વચન ઘણાંને વસમું લાગ્યું હશે, એટલે મહારાજે તરત જ વાત બદલી નાખી. જાણવાનું તો આ જ હતું છતાં મહારાજે કહ્યું : 'જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' આ શબ્દો સાંભળી ઘણાંને હાશ થઈ, પણ આ શબ્દોથી મહારાજ ભગવાનમાંથી ભક્તને પાટલે બેસી ગયા.

શિક્ષાપત્રી લખવાની થઈ ત્યારે પણ મહારાજને પોતે કૃષ્ણના ભક્ત છે તેમ લખવું પડ્યું.

જ્યારે ઉપાસના માટે મંદિરો કરવાનો આદર થયો, ત્યારે મધ્યમંદિરમાં પોતાના ઉત્તમ ભક્ત અક્ષરે સહિત પોતાની મૂર્તિ પધરાવવાને બદલે અમદાવાદમાં મધ્ય શિખરમાં નરનારાયણદેવ પધરાવવા પડ્યા !

મહારાજની ઉદાસીનતા અને સંકલ્પના મંદવાડનું મૂળ કારણ આ પ્રસંગ જ છે.

મહારાજે ગણેશ ધોળકાની રાણ્યોમાં કહેલા શબ્દો સમજ્યા જેવા છે. તેઓ કહે છે કે 'અમારું મન દેવલોક, બ્રહ્મલોકપર્યંત ક્યાંય લોભાયું નહીં. તેમજ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારને પણ કહ્યું કે ભગવાન સિવાય બીજા સંકલ્પો કર્યા છે તો ભુક્કા કાઢી નાખીશ.' આ શબ્દોમાં ઉપાસનાનું રહસ્ય સમાયેલું છે. પોતે તો સ્વયં ભગવાન હતા તેથી તેમના સ્વરૂપ સિવાય દેવતાઓ કે તેમના લોકનો સંકલ્પ જો ભક્તના હૈયામાં થાય તો તે ભક્તને મહારાજને થયું તેવું કષ્ટ થવું જોઈએ ને જેને આવું કષ્ટ ન થાય તે સાચો એકાંતિક ભક્ત પણ ન કહેવાય. નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કર્યા પછી સૌને એ જ દેવ મુખ્ય થઈ ગયા અને મહારાજનું સ્વરૂપ ગૌણ બની ગયું. મહારાજ સાથે વર્ષો સુધી ભક્તો હળ્યા-મળ્યા, રમ્યા-જમ્યા, મહારાજનાં અપ્રતીમ ઐશ્વર્યો અને પ્રતાપ નજરે જોયાં. મહારાજે પોતાના શ્રીમુખે પોતાના જ સર્વોપરી સ્વરૂપની કહેલી વાતોય સાંભળી છતાં સર્વાવતારી ઉપાસ્ય ઈષ્ટદેવ સિવાય અન્ય અવતારોમાં મોટા ભાગના ભક્તોને પ્રતીતિ આવી ગઈ. મહારાજને આ વાતનું દુઃખ હતું. આ આ જ વિચારનો મંદવાડ હતો.

પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ થયા પછી શ્રીહરિએ મોટા મોટા સંતોને પોતાના સર્વોપરીપણાની અદ્‌ભુત વાત કરી તે હવે સાંભળીએ : 'આ નરનારાયણ ભરતખંડના રાજા છે, એટલે અમે ઘણા જીવોના સમાસ અર્થે અહીં પધરાવ્યા છે, પણ કોઈ ભરમાશો નહીં. બદરિકાશ્રમમાં એ અમારું ધ્યાન ધરે છે.'[1]

(નિર્ગુણદાસ સ્વામીની વાતો, આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત, સને ૧૯૯૬, પૃ. ૭૯)

---

૧. સુરતમાં શ્રીહરિએ સં. ૧૮૮૧માં નવાબના ચિત્રકાર મીઠારામ પાસે પોતાની ચિત્રમૂર્તિ તૈયાર કરાવી હતી. જેમાં મધ્યે શ્રીહરિ તપમુદ્રામાં છે ને બંને પડખે બદરીપતિ નર અને નારાયણ શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા છે. મહારાજે અમદાવાદમાં કહેલી આ વાતનો આ પ્રત્યક્ષ પુરાવો છે. મહારાજની મૂર્તિ નીચે 'શ્રી અક્ષરાતીત પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી પ્રગટ પોતે' એમ લખેલું છે. ડાબી બાજુએ 'શ્રી બદરીપતિ નારાયણ' અને જમણી બાજુએ 'શ્રી અક્ષરાત્મક નરોત્તમો નરઃ' એમ લખ્યું છે. સને ૧૮૨૫માં શ્રીહરિએ બિશપ હેબરને પોતાની આ જ ચિત્રપ્રતિમા બતાવી હતી.

પછી મહારાજ આનંદાનંદ સ્વામીનો હાથ પકડી દરવાજા પાસે ઉગમણી દિશાએ જ્ઞાનવાર્તા કરવા બિરાજતા તે જગ્યાએ પધાર્યા. (આ જગ્યાએ હાલ રૂપચોકી છે.) અહીં ઊભા રહી મહારાજે તેમને કહ્યું : [૨]'અનંત નરનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ અને વાસુદેવનારાયણ આ પ્રગટ સ્વામિનારાયણની ઉપાસના કરે છે. અમારા સ્વરૂપની એ મહત્તા અત્યારે સૌ ભૂલી ગયા. સૌને સહેજે પરોક્ષસ્વરૂપમાં પ્રીતિ થાય, પરંતુ એ વિભૂતિ સ્વરૂપ છે, ભરતખંડના દેવ છે. તેમણે દુર્વાસાનો શાપ સાંભળી અમારા સ્વરૂપનું ધ્યાન ધર્યું. અમે તેમને કહ્યું કે 'અમે જ સ્વયં પૃથ્વી ઉપર પ્રગટ થઈ ભાગવતધર્મની પ્રતિષ્ઠા કરીશું.' આ રહસ્ય અમે ઘણીવાર સંભળાવ્યું છે, પરંતુ સૌ કારણને ભૂલી ગયા, કાર્યમાં જોડાઈ ગયા.'

સંપ્રદાયમાં શ્રીહરિ જ ઈષ્ટદેવ છે. માળા, મંત્ર, ભજન, સ્મરણ, માનસી બધું શ્રીહરિનું જ થાય છે. કોઈપણ સંપ્રદાયના અનુયાયીઓ પોતાના જ ઉપાસ્ય સ્વરૂપની મૂર્તિઓ મધ્યમંદિરમાં પધરાવે છે. જેમ રાધાકૃષ્ણનું મંદિર હોય તો વચ્ચે રાધાકૃષ્ણ જ હોય. તેવી રીતે સીતારામનું મંદિર હોય તો વચ્ચે સીતારામ જ હોય. એમ સર્વત્ર ઉપાસકો આ જ પદ્ધતિથી મધ્યમંદિરમાં પોતપોતાના ઈષ્ટ સ્વરૂપોને જ પધરાવે છે. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંદિર સ્વામિનારાયણનું કહેવાય અને મધ્ય-મંદિરમાં અન્ય અવતારો ! જેમ કોઈ મંદિરમાં રાધાકૃષ્ણની મૂર્તિ હોય ને તેની સામે બેસી કોઈ 'ૐ નમઃ શિવાય'નો મંત્ર જપે તો મૂર્તિ અને મંત્રની એકસૂત્રતા ન જળવાય.

કાલાનુસાર શ્રીહરિએ રચેલાં મંદિરોમાં મધ્યમંદિરમાં નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, ગોપીનાથ આદિ દેવોનાં યુગલસ્વરૂપો પધરાવ્યાં છે, પરંતુ શ્રીહરિએ વડતાલ મંદિરમાં વિશેષતા કરી. મુક્તાનંદ સ્વામી આદિ ઘણા બધાના વિરોધને અવગણીને છેલ્લા શિખરમાં છેલ્લે રાધાકૃષ્ણ દેવની પડખે 'હરિકૃષ્ણ' નામે પોતાની મૂર્તિ પોતાના હાથે પ્રતિષ્ઠિત કરી દીધી. આ દ્વારા પોતે અવતારોમાં આવી જતા નથી, પરંતુ અવતારોથી જુદા સર્વાવતારી છે, તે પ્રતિપાદન કરી દીધું.

૨. અષ્ટાવરણે યુક્ત એવા એક એક બ્રહ્માંડને વિષે ઈશ્વરકોટિ રહી છે. પુરુષોત્તમ નારાયણના મુખ્ય પરિચારક એવા અક્ષરના એક એક રોમને વિષે આવાં અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં ફરે છે.

આટલું કરીને શ્રીહરિ ધામમાં પધાર્યા, પણ તેમને ખાત્રી હતી કે 'उत्पत्स्यते मम तु कोऽपि समानधर्मा कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ।' (માલતીમાધવ(૧/૬)માં કવિ ભવભૂતિ કહે છે : 'ભવિષ્યમાં મારા જેવો કોઈ પેદા થશે, કારણ કે કાળને કોઈ મર્યાદા નથી અને પૃથ્વી વિશાળ છે.') સમય આવ્યે ભવિષ્યમાં છેલ્લા શિખરમાંની છેલ્લી એવી મારી આ મૂર્તિને મારા ઉત્તમ ભક્ત અક્ષરે સહિત મધ્યમંદિરમાં મારા હૃદગત અભિપ્રાયને જાણનારા, મારા ધારક એવા કોઈક જરૂર પધરાવશે.

શ્રીહરિએ અમદાવાદમાં એકલા નારાયણ પધરાવ્યા નહોતા, પણ તેમની સાથે નારાયણના ઉત્તમ ભક્ત નરને પણ પધરાવ્યા હતા.

શ્રીહરિના પ્રાગટ્યનો હેતુ ફક્ત અવતારોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાનો કે તેમની ઉપાસના પ્રવર્તાવવાનો જણાતો નથી, કારણ કે શ્રીહરિના પ્રાગટ્ય પૂર્વે પણ આ મૂર્તિઓ તો ઘણી જગ્યાએ પ્રતિષ્ઠિત થયેલી જ હતી, અને તેમની ઉપાસના પણ ચાલતી જ હતી. પરંતુ, 'જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેમનું જેવું માહાત્મ્ય જાણે છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેમનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહીં.' આ ગઢડા મધ્ય પ્રકરણના ૨૧મા વચનામૃત મુજબ શ્રીહરિએ અવતારયુગલો પધરાવી ગર્ભિત રીતે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના પ્રબોધી છે.

શ્રીહરિએ પ્રબોધેલ બ્રહ્મ-પરબ્રહ્મનું આ જ્ઞાન ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં જૂનાગઢના સભામંડપમાં જ ઉદ્‌બોધાતું હતું. પ્રાગજીભગતે ગુણાતીતાનંદ સ્વામીને સેવીને આ જ્ઞાન પચાવ્યું. ઉપાધિઓ સહન કરીને તેને પ્રગટ કરવા માંડ્યું. તેમણે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસમાં આ બ્રહ્મરસ રેડ્યો. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું આ કાર્ય હાથમાં માથું લઈને કરવા માંડ્યું. આથી વરતાલમાં ઉગ્ર વિરોધ જાગ્યો અને તેમને વરતાલ છોડવું પડ્યું. એક વરસમાં એટલે કે વિક્રમ સંવત ૧૯૬૩માં વૈશાખ વદિ દશમે બોચાસણમાં ત્રણ શિખરના બે માળી મંદિરના મધ્ય શિખર નીચે અક્ષરપુરુષોત્તમ અર્થાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને પુરુષોત્તમ

સહજાનંદ સ્વામી એમ યુગલ સ્વરૂપો પધરાવીને શાસ્ત્રીજી મહારાજે મહારાજની ઉદાસીનતા ટાળી. શ્રીહરિએ વરતાલમાં ત્રીજા શિખરમાં છેલ્લે પધરાવેલી તેમની મૂર્તિને શાસ્ત્રીજી મહારાજે તેમના મુખ્ય સેવક અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી સાથે મધ્યશિખરમાં પધરાવીને ઉપાસનાની શુદ્ધિ કરી. મહારાજ પ્રફુલ્લિત થઈ ગયા.

આજે નવખંડ ધરતીમાં સાતે સમુદ્રો ઉપર ૭૫૦ જેટલાં મંદિરોનાં શિખરે અક્ષરપુરુષોત્તમની વિજય પતાકાઓ ફરકે છે, અને લાખો મનુષ્યો અક્ષરપુરુષોત્તમના યશોગાન કરે છે. આનું શ્રેય જાય છે પ્રમુખસ્વામી મહારાજ પર્યંતની ગુણાતીત ગુરુપરંપરાને. આ ગુણાતીત ગુરુપરંપરાને સહસ્રશઃ પ્રણામ.

## ૨૯. શ્રીજીમહારાજના મંદવાડનું - સંકલ્પના મંદવાડનું બીજું પાસું - પ્રવૃત્તિધર્મ અને નિવૃત્તિધર્મ

અમદાવાદમાં પ્રતિષ્ઠા પ્રસંગે તથા કાંકરિયા તળાવ ઉપર હજારો બ્રાહ્મણોની ચોરાસી પ્રસંગે લાખો મનુષ્યો ભેગા થયા અને તે અંગે શ્રીજી-મહારાજને પ્રવૃત્તિ કરવી પડી. પછી તેના સંકલ્પો હૈયામાં થયા ને તેમને તેનો મંદવાડ આવી ગયો. આ તો તેમણે તેમના દિવ્યસ્વરૂપમાં મનુષ્યનો ભાવ દેખાડ્યો. વસ્તુતઃ તો પોતે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તેમને તો અનંતકોટિ બ્રહ્માંડો પણ ગણતરીમાં નથી તો આ નાની સરખી પ્રવૃત્તિ તે શી ગણતરીમાં હોય ?

વળી, શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના ૩૯મા વચનામૃતમાં પોતાની પ્રકૃતિ જણાવતાં કહ્યું છે : 'બહારથી સૂઝે એટલી પ્રવૃત્તિમાં રહ્યા હોઈએ, પણ જ્યારે અંતર્દૃષ્ટિ કરીને પોતાના આત્મા સામું જોઈએ તો કાચબાના અંગની પેઠે સર્વે વૃત્તિ સંકોચાઈને આત્મસ્વરૂપને પામી જાય ને પરમસુખરૂપે વર્તાય.'

હવે આ પ્રસંગ દ્વારા ત્યાગી અને ગૃહીને પ્રવૃત્તિમાં નિવૃત્તિ એટલે કે હળવાશ એટલે કે પરમસુખ કેવી રીતે રહે તેની મીમાંસા માણીએ.

સ્કંદ પુરાણમાં કહ્યું છે કે પ્રવૃત્તિમાત્ર અશાંતિકારક છે. પ્રવૃત્તિમાં પડેલાઓનો આ સર્વસામાન્ય અનુભવ છે. પ્રવૃત્તિ અશાંતિવાળી છે તો નિવૃત્તિમાં પણ ક્યાં શાંતિ છે ? ભરતજી નિવૃત્તિ લઈ તપ કરવા ગયા ને

તેમને મૃગલીના બચ્ચામાં એવું બંધન થયું કે બીજો જન્મ મૃગનો લેવો પડ્યો. આવા ઘણા દાખલા નિવૃત્તિમાર્ગવાળાના પણ છે. માટે પ્રવૃત્તિ કરીએ કે નિવૃત્તિમાં રહીએ, પણ અશાંતિ કેડો છોડે તેમ નથી.

ઘણા સમયનો પ્રશ્ન છે કે શાંતિ અર્થાત્ મુક્તિ માટે પ્રવૃત્તિમાં જોડાવું કે નિવૃત્તિ પરાયણ રહેવું ?

પ્રથમ પશ્ચિમની વિચારધારાઓ જોઈએ. હોમરના સમયમાં પ્રવૃત્તિની પ્રબળતા હતી. જ્યારે પાયથાગોરસે નિવૃત્તિ બતાવી. તે તો પરણવાને પણ નિંદ્યકર્મ કહેતો. તેના સમયનાં ડાયોજીનસ તો નિવૃત્તિ માટે જિંદગીભર પીપમાં રહ્યો ! એપિક્યુરસે પ્રવૃત્તિની પ્રધાનતા બતાવી તો ખ્રિસ્તીઓએ નિવૃત્તિની વાત કરી. ખ્રિસ્તીધર્મના પ્રોટેસ્ટંટ પંથે પ્રવૃત્તિ ઉપાડી. આમ, પશ્ચિમમાં આ વિચારધારાઓનું દ્વન્દ્વ ચાલતું રહ્યું.

ભારતમાં પણ કર્મકાંડીઓએ યજ્ઞાદિકનો પ્રવૃત્તિમાર્ગ બતાવ્યો, જ્યારે જ્ઞાનમાર્ગ પ્રધાન ઉપનિષદની વિચારધારાએ નિવૃત્તિની વાત કરી. આમ, ભારતમાં પણ આ બે વિચારધારાઓ ચાલતી રહી છે.

નિવૃત્તિ માર્ગવાળા નિરગ્નિઃ અને નિષ્ક્રિયઃ થઈ વ્યવહારમાર્ગમાંથી નીકળીને વન, પર્વત કે નદી સમુદ્રતટે જઈને વસ્યા. કોઈકે તો 'नैस्त्रैगुण्ये पथि विहरतां को विधिः को निषेधः' (નિર્ગુણમાર્ગને આશરેલાને શું વિધિ અને શું નિષેધ) કહીને વિધિનિષેધમાં પણ અરુચિ દર્શાવી છે.

આ બાબતે ભગવાન સ્વામિનારાયણે પોતાની રુચિ દર્શાવતાં ગઢડા અંત્ય પ્રકરણના તેરમા વચનામૃતમાં કહ્યું છે કે ''સ્વાભાવિક મનમાં એવી રુચિ રહે છે જે, 'એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું' પણ ભગવાનના ભક્તનો સમૂહ જોઈને રહ્યા છીએ અને ઉપરથી તો લોકોને મળતો વ્યવહાર રાખીએ છીએ.''

આમ, પોતાની નિવૃત્તિપરક રુચિ દર્શાવીને શ્રીહરિએ ભક્તોના કલ્યાણ માટે પ્રવૃત્તિમાર્ગ પસંદ કર્યો છે.

હવે આ પ્રવૃત્તિ પણ એક પ્રકારની નિવૃત્તિ જ છે, તે દર્શાવતાં શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણના એકવીસમા વચનામૃતમાં કહે છે : 'જડ ભરત, શુકદેવ, દત્તાત્રય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે. માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં રહેવું ગમે છે, પણ મોટા મોટા શહેર

પાટણ હોય એમાં રહેવું ગમતું નથી એવો અમારો સહજ સ્વભાવ છે. તો પણ ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે લાખો માણસોના ભીડામાં રહીએ છીએ, તો પણ અમારે જેવું વનમાં રહીએ ને નિર્બંધ રહેવાય તેવું જ રહેવાય છે. અને અમે પોતાને સ્વાર્થે કરીને લાખો માણસના ભીડામાં નથી રહેતા, અમે તો ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે માણસના ભીડામાં રહીએ છીએ અને ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ એને અમે નિવૃત્તિ જાણીએ છીએ.'

શ્રીહરિની આ વાતની પુષ્ટિમાં સ્વામીશ્રીએ તા. ૨૫-૬-૧૯૯૬ના રોજ લંડનમાં કહ્યું હતું : 'નિવૃત્તિમાં તો નવરો નખ્ખોદ વાળે તેવું થાય. તેમાં અભાવ અવગુણની જ વાતો થાય, આધ્યાત્મિક વિચાર જ નહીં. જ્યારે આ પ્રવૃત્તિ નિર્ગુણ છે. આ પ્રવૃત્તિ સાર્વજનિક છે. કથા કરવી, હરિભક્તોને જમાડવા વગેરે પ્રવૃત્તિમાં થાક્યો-પાક્યો સૂઈ જાય પછી અભાવ અવગુણની વાતો ક્યાં કરે ?' વાત તો સાચી જ છે, કારણ કે આવી ભક્તિમયી પ્રવૃત્તિમાં ઉર્જાનો ઉભરો વપરાઈ જાય, પછી બીજા ખોટા વિચારો ન આવે.

શ્રીહરિએ સત્સંગના શરૂઆતના કાળમાં વેરાગીઓના ત્રાસથી સાધુઓને સમયપૂરતી પરમહંસદીક્ષા આપી હતી. આ પરમહંસો 'કર પત્તર અને ઉદર જોળી' એ રીતે રહીને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા પ્રસરાવતા. પછી દેશકાળ અનુકૂળ થયા એટલે ત્યાગી પરમહંસોને મહારાજે પાછા ભક્તિમાર્ગમાં જોડ્યા. શ્રીહરિએ વિચાર્યું કે અતિશય ત્યાગ રાખવાથી ભગવાનની ભક્તિ થાય નહીં ને ઉપાસનાનો ભંગ થશે એટલે ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને તેમણે મંદિરો કરાવ્યાં. સંતોને આ પ્રવૃત્તિમાર્ગમાં જોડ્યા. 'તાવડી તેર વાનાં માગે' એ લોકોક્તિ મુજબ વિતરાગી સંતો મંદિરનાં બાંધકામ, રસોડાં, હરિભક્તોના ઉતારા, તેમની સરભરા વગેરે વિવિધ કાર્યોમાં જોડાયા. મહારાજે સંતોને કોઠારી, ભંડારી, પૂજારી વગેરેની જવાબદારીઓ સોંપી.

ગીતા કહે છે કે કોઈ પણ વ્યક્તિ કર્મ એટલે કે પ્રવૃત્તિ કર્યા વગર રહી શકતી જ નથી અને ફળસ્વરૂપે તે પ્રવૃત્તિનું બંધન પણ અવશ્ય થાય જ છે. ગીતામાં પ્રવૃત્તિનું બંધન ન થાય તેવા ઉપાયો પણ બતાવ્યા છે. જ્યારે શ્રીહરિએ ગીતાના આ કર્મયોગ સંબંધી ૨, ૩, ૫, ૧૨ અને ૧૮ અધ્યાયોનો

સાર પોતાના વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૧ અને ગઢડા અન્ત્ય પ્રકરણ ૨૫માં સુપેરે સમાવતાં કહ્યું છે કે 'જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેના તે શુભકર્મ એ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભકર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે.' ત્યાં તેમણે ભાગવતનો સંદર્ભ ટાંકીને કહ્યું છે કે જેમ ઘી ખાવાથી રોગ થયો હોય પણ જો વૈદ્યની માત્રા તેમાં ભળે એટલે કે ઔષધ લીધા પછી અનુપાનરૂપે ઘી લેવાય તો તેનું તે ઘી રોગ ટાળવામાં મદદરૂપ થાય છે.

ત્યાગી અને ગૃહી આ રીતે પ્રવૃત્તિને ભગવાનના સંબંધે નિર્ગુણ કરે છે, છતાં પ્રવૃત્તિનો ફેર તો ચડી જ જાય છે.

શ્રીહરિએ પરમહંસાનંદ નામે એક સંતને મંદિરની ગોશાળામાં ગાયોની સેવા સોંપેલી. તેઓ ભક્તિભાવપૂર્વક સેવા કરતા, પણ આ સેવા કરતાં કરતાં તેઓ તેમાં આસક્ત થઈ ગયા. જ્યારે મહારાજે તેમને આ સેવા છોડાવીને બીજી સેવામાં જોડ્યા, ત્યારે તેમાં તેમનું મન ગોઠ્યું નહીં. તેમને તો ગાયો જ યાદ આવ્યા કરે. નરનારાયણાનંદ નામે એક સાધુ અમદાવાદ દેશમાં જોળી માગતા. પછી મહારાજે તેમને બીજી સેવા સોંપી પણ પૂર્વની ક્રિયાનો ફેર તેમને ઊતર્યો નહીં. મંદિરના બાંધકામમાં એક સાધુ બેલું ચડાવતા હતા. અચાનક તેઓ પડ્યા તે બેલા સહિત જ પડ્યા. આ પ્રસંગ ઉપર બાળમુકુન્દાનંદ સ્વામીએ વાત કરી કે બીજા તો બેલા હૈયા ઉપર ખડકે છે તે કોઈક મુકાવે તો મૃત્યુ થાય ને આપણે તો વ્યવહારનાં બેલાં બહાર ખડકવાં ને હૈયામાં તો મહારાજને રાખવા.

રાઈમા જ્યારે સમાધિમાં જાય ત્યારે મહારાજની મૂર્તિને દેખતાં, પણ વ્યાવહારિક કામોની પ્રવૃત્તિમાં તેમને સમાધિમાં બેસી મહારાજની મૂર્તિનું સુખ લેવાનો સમય મળતો નહીં.

ઋષિઓ પણ પ્રવૃત્તિની પળોજણમાં આહ્નિક ભૂલી ગયા હતા. જ્યારે જાણપણું આવ્યું ત્યારે કોઈક વૃદ્ધ પાસેથી શીખ્યા ! માટે જાણપણું ન હોય તો પ્રવૃત્તિમાં કથા, આરતી, નિત્યપૂજા, ચેષ્ટા, વ્રત, નિયમ વગેરે સત્સંગનાં અનિવાર્ય અંગો પણ ગૌણ થતાં જાય છે.

સત્સંગના સ્તંભ જેવા મુક્તાનંદ સ્વામી પણ કહેતા કે 'મહારાજની આજ્ઞાથી પ્રવૃત્તિની કોઈ ક્રિયા કરવાની થાય તો હૃદયમાંથી એક વેંત વૃત્તિ

બહાર કાઢું ત્યારે તે ક્રિયા થાય ને તે વૃત્તિ વેંત બહાર કાઢી હોય તેને હાથ પાછી વાળું ત્યારે સુખ થાય.' જો ભગવાનના ભક્તને પણ પ્રવૃત્તિનો ફેર ઉતારવો અઘરો પડે છે, તો સામાન્ય માણસોની તો શી ગુંજાઈશ ?

બરવાળા ગામના ઈજારદાર ઘેલા શાહે આખી જિંદગી વ્યવહાર-માર્ગમાં જ વીતાવેલી. છેલ્લે મૃત્યુ સમયે પણ પોતાના પુત્રોને 'બરવાળાનો અવેજ વળ્યો કે નહીં, બરવાળાનો અવેજ વળ્યો કે નહીં' એમ પૂછતાં પૂછતાં જ દેહ છોડ્યો. એક રૂનો વેપારી બજારમાં એક બીજા રૂના વેપારીની દુકાને બેસીને 'પાણી પા' ને બદલે 'રૂ પા' બોલ્યો. તેને રૂના વેપારનો ફેર ચડી ગયો હતો. કાપડના એક વેપારીએ રાત્રે ઊંઘમાં જાણે ઘરાકને કાપડ ફાડીને આપતા હોય તેમ ઓઢેલો ચોફાળ ફાડી નાખ્યો. આખો દી ઢોરઢાંખરમાં પડેલો એક ખેડૂત એક રાત્રે મંદિરમાં સૂતો હતો તે ઊંઘમાં જાણે બળદને પાણી પાતો હોય તેમ 'પો પો' કરી બબડતો બબડતો મંદિરના ફળિયામાં પાણી ઢોળવા માંડ્યો. કોઈ સિનેમા જોઈને કે ક્રિકેટની મેચ જોઈને આવ્યો હોય, તો તેનો ફેર મહિના સુધી રહે છે. ગામમાં ભવાયા રમી ગયા હોય તો છોકરાઓને મહિના સુધી તેનો ફેર રહે છે.

શ્રીહરિ વરતાલના ૧૭મા વચનામૃતમાં કહે છે કે કેવળ આત્મનિષ્ઠા રાખી નિવૃત્તિમાં રહેતા ત્યાગી કરતાં પ્રવૃત્તિમાર્ગવાળો ત્યાગી શ્રેષ્ઠ છે. પરંતુ તેણે કામ-ક્રોધાદિ દોષોનો ત્યાગ કરી, નિયમમાં રહી ભક્તિ કરવી, તો બંધન ન થાય.

ગુણાતીત ગુરુપરંપરાના ગુરુઓ અનંત પ્રવૃત્તિઓમાં પણ મહારાજમાં અખંડ વૃત્તિ રાખે છે. તેમને પ્રવૃત્તિનો લેશમાત્ર પણ ફેર ચડતો નથી.

ગુણાતીતાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું : 'તમે મંદિરનો આટલો બધો વ્યવહાર કરો છો, તો તેમાં ભગવાનમાં વૃત્તિ કેવી રીતે રાખો છો ?

સ્વામીએ કહ્યું : 'જેમ માછલું ખાવું, પીવું, હરવું, ફરવું વગેરે બધી ક્રિયાઓ પાણીમાં રહીને કરે છે. જો પાણી બહાર નીકળે, તો તરફડીને મરી જાય. તેમ અમે બધી ક્રિયાઓ મહારાજની મૂર્તિમાં રહીને જ કરીએ છીએ. મૂર્તિ જરા ભૂલાઈ જાય તો તાળવું ફાટી જાય.'

સ્વામી આટલી બધી પ્રવૃત્તિમાં પણ ત્રણ ત્રણ કલાકના વારાના આઠ પુરાણી રાખી અહોરાત્રિ કથાવાર્તા કરતા ને કરાવતા. સવારની કથા પછી જ

બધાને મંદિરની ક્રિયા સોંપતા. જો કથા પૂર્વે સોંપે તો કથામાં પ્રવૃત્તિની ક્રિયાના જ સંકલ્પ થાય. એકવાર કથા વખતે ઘીવાળો ઘી વેચવા આવેલો. કોઠારીને એમ કે ઘીનું કામ પતાવી દઈએ, એટલે સ્વામીને કહે : 'ઘીવાળો ઉતાવળો થાય છે, માટે તમે આ ઘીનું કામ પતાવી દો.'

સ્વામી કહે : 'કથા પછી પતાવીશું. જો તે ઉતાવળો થતો હોય, તો ભલે જાય.' આ સાંભળી ઘીવાળો બોલ્યો : 'સ્વામી ! મારે કાંઈ ઉતાવળ નથી. મારે તો સામટું ઘી વેચાય છે તે સારું છે. મને તો તમારી કથા સાંભળવાનો લાભ મળે છે, પણ તમારા આ કોઠારી ઉતાવળ કરે છે.' પ્રવૃત્તિનો ફેર આવો છે.

એટલે જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મોટા એકાંતિક ક્રિયા કરાવે ને બીજા કરાવે તેમાં ભેદ છે. કેમ જે મોટા ક્રિયા કરાવે તેમાં બંધાવા દે નહીં ને તેનો ફેર ચડાવી દે નહીં. તેનો નિષેધ કર્યા કરે. ને બીજો કરાવે એટલું તેના હૈયામાં ભેગું થઈને ખડકાય, ને નવરા ન રહે તો પણ તેના મનસૂબા કર્યા કરે ને અંતરમાં ગોટા વળાવે ને મોટા ક્રિયા કરાવે તે તો જેમ બકરાને ખવરાવીને સાવજ આગળ રાખે, તેમાં તોલ વધે નહીં એમ કરાવે. (સ્વામીની વાતો : ૨/૧૩૧)

વળી સ્વામી કહેતા : 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે.' સ્વામીએ ભગતજી મહારાજને પ્રવૃત્તિની ક્રિયા કરતાં કરતાં ભજન કરવાનો આ ક્રિયાયોગ શીખવેલો. તેઓ વાસણ ઊટકતા, કપડાં સીવતા, ચૂનો કાલવતા બધી જ ક્રિયાઓમાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એમ ભજન કર્યા કરતા. વૃત્તિને જરાય તૂટવા દેતા નહીં. સુષુપ્તિમાં પણ તેમનો ભજનનો દોર ચાલુ જ રહેતો. મોરના કંઠની જેમ ચોવીસે કલાક તેમનો કંઠ ભજનથી 'લવ લવ' થયા કરતો. તેઓ આખા મંદિરની ક્રિયા કરતા, પણ તેમણે આ 'ક્રિયાયોગ' સિદ્ધ કરેલો તેથી તેમને કોઈ દિવસ પ્રવૃત્તિનો ફેર ચડતો નહીં. જેમ તલવાર ને મ્યાન જુદા ખખડે તેમ દેહ ને આત્મા સાથે રહેવા છતાં તેમનો દેહ ને આત્મા હંમેશાં જુદા જ રહેતા તેથી દેહ સંબંધી ક્રિયાઓ કરવા છતાં તેઓ અલિપ્ત જ રહેતા.

ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલ શેઠને વ્યવહાર ને મોક્ષ બંને શીખવેલા, તેથી નવલાખપતિ શિવલાલ શેઠ વિશાળ વ્યવહાર કરવા છતાં

વ્યવહારથી નિર્લેપ રહી રોજ ત્રણ ત્રણ કલાકનું ધ્યાન કરી શકતા.

શાસ્ત્રીજી મહારાજે વડતાલથી નીકળી શ્રીજીપ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે મંદિરો બાંધવાનું કાર્ય ઉપાડ્યું હતું એટલે તેમના જીવનમાં પ્રવૃત્તિ પ્રવૃત્તિ જ દેખાય, છતાં તેઓ કથા, આરતી, ચેષ્ટા વગેરે ક્યારેય ચૂકતા નહીં. હરિભક્તો અને સંતોને તેમાં જોડતા. તેમની આ ભક્તિમયી પ્રવૃત્તિને નહીં સમજી શકતા એવા એક હરિભક્તે સ્વામીને કહેલું કે 'સ્વામી ! તમે મંદિરો બહુ બાંધ્યાં. હવે નિવૃત્તિ લઈ માળા ફેરવો.' આવો જ પ્રસંગ એક બીજા હરિભક્તનો છે તેમને મનમાં શંકા થયેલી કે 'શાસ્ત્રીજી મહારાજ મહાન પુરુષ છે, છતાં આટલી બધી દોડાદોડ ને પ્રવૃત્તિ શું કામ કરતા હશે ?' તેઓ આવા વિચારોમાં હતા ત્યારે એકવાર શાસ્ત્રીજી મહારાજ તેમને ઘેર જમવા પધારેલા, ત્યાં શાસ્ત્રીજી મહારાજે તેમનું અંતર પકડીને વાત કરી કે 'આ તો મોટાપુરુષની આજ્ઞા છે એટલે અમે પ્રવૃત્તિમાં જોડાઈએ છીએ, નહિતર ઊંચે આકાશમાં રહીએ તેમ છીએ.'

આ બે પ્રસંગોનો ભાવાર્થ એ થયો કે જેને આજ્ઞાએ પ્રવૃત્તિ ને આજ્ઞાએ નિવૃત્તિ હોય તેને પ્રવૃત્તિ પણ ભારરૂપ નથી હોતી. બાકી તો સ્વામીએ વાતમાં કહ્યું તેમ સનકાદિકને પ્રવૃત્તિમાં જોડીએ તોય જોડાય નહીં ને મરિચ્યાદિકને પ્રવૃત્તિમાંથી પાછા વાળીએ તોય પાછા વળે નહીં.

શાસ્ત્રીજી મહારાજ દ્વારા વર્તમાન ધરાવી સત્સંગી થયેલા ભારતરત્ન ગુલઝારીલાલ નંદા જીવનના છેલ્લા શ્વાસ સુધી નિત્યપૂજા, સાંપ્રદાયિક વાચન ને શ્રીહરિની સ્વાભાવિકી ચેષ્ટા કરવાનું ચૂક્યા નહોતા. ભારત સરકારમાં વર્ષો સુધી કેબિનેટ પ્રધાનપદે અને બે વખત વડાપ્રધાન પદે રહેવા છતાં, તેમના આ આહ્નિકમાં ફરક પડ્યો નહોતો. સંતસમાગમ ને વચનામૃત તથા સ્વામીની વાતું વાંચવાનો નિયમિત અભ્યાસ હોય ને આહ્નિકમાં નિયમિતતા હોય તો પ્રવૃત્તિનો ફેર ચડે નહીં.

યોગીજી મહારાજે લંડનમાં એક પ્રેસ રિપોર્ટરને કહેલું : 'અમે જગતમાં રહીએ છીએ તે જળકમળવત્ રહીએ છીએ.' જે કમળવત્ હોય તેના ઉપર પ્રવૃત્તિનું જળ ટકી શકે જ નહીં.

શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને પ્રવૃત્તિમાં નિવૃત્તિની ચાદર ઓઢાડી છે. તેથી આટલી બધી પ્રવૃત્તિમાં પણ તેઓ સદા ફ્રેશ એટલે કે

આનંદમાં અને હળવા રહે છે. તા. ૪-૯-૧૯૯૪ના રોજ લંડનમાં તેમને કોઈએ પ્રશ્ન પૂછેલો કે 'આટલી બધી પ્રવૃત્તિમાં આપ ફ્રેશ શાથી ?'

ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે ''આજ્ઞાથી કરીએ છીએ. માથે લેતા નથી. મૂર્તિમાં રહીને કરીએ. 'હું કરું છું' એવો ભાવ લાવ્યા વિના ભગવાન ને ગુરુમાં ખોવાઈ જવું. તેમની મરજી પ્રમાણે પ્રવૃત્તિ કરવી તો ચોવીસે કલાક આનંદ. 'આવ્યું તોય ભગવાનની ઈચ્છા ને ગયું તોય ભગવાનની ઈચ્છા' તેમજ સમજવું. ટૂંકમાં આપણો ભાવ ટાળીને કરીએ તો બોજો ન રહે, સુખ રહે.''

મહારાજે આ વચનામૃતમાં મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારને કહ્યું છે કે 'ભગવાન વિના બીજો ઘાટ ઘડ્યો તો તારા ભુક્કા કાઢી નાખીશ.' મહારાજના આ વચનનો સાર આપણા બોધ માટે સ્વામીશ્રીની આ જીવનભાવનામાં દર્શાય છે.

દિલ્હીમાં 'સ્વામિનારાયણ અક્ષરધામ'નું વિશાળ બાંધકામ પૂરજોશમાં ચાલતું હતું. ચારે બાજુ બધે પથરા પથરા પડેલા હતા. બ્રહ્મવિહારી સ્વામીએ આ જોઈને સ્વામીશ્રીને કહ્યું : 'આ આખું સંકુલ કોઈને ભેટ આપી દઈએ તો પણ તેને તે સંભાળવાના વિચારમાં જ હાર્ટઍટેક આવી જાય. જ્યારે આપ બધું નચિંતપણે વ્યવસ્થિત કરી રહ્યા છો.'

આ સાંભળીને સ્વામીશ્રીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ને યોગી મહારાજની કૃપાથી આટલા બધા પથરા બધે પડ્યા છે, પણ અમને અમારી છાતી ઉપર કાંકરીનોય ભાર નથી, કારણ કે, અમે ક્યાં કરીએ છીએ ? બધું શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ ગોઠવે છે. તેમની ગણતરી પ્રમાણે કામ ચાલે છે. મને પણ આશ્ચર્ય થાય છે કે આ બધું કેવી રીતે ચાલે છે !'

આ જ દિવસે સાંજે ઝી ટી.વી.વાળા શ્રી એલ. એન. ગોયલ આવ્યા હતા. ચાલુ બાંધકામ જોઈને પછી સ્વામીશ્રીનાં દર્શન કરીને બોલ્યા : 'કેટલાં બધાં કામો ચાલે છે ! પણ સ્વામીશ્રીના મોઢા ઉપર કોઈ ભાર દેખાતો નથી !' દરેકને અનુભવાતી સ્વામીશ્રીની આ નિર્લેપતા ને હળવાશનું રહસ્ય નીચેના પ્રસંગમાં છે.

બી.એ.પી.એસ.ના સ્થાપક - પ્રમુખ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ઈચ્છા પોતાને સ્થાને પ્રમુખ તરીકે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ની નિમણૂક કરવાની હતી, પણ પ્રમુખસ્વામી મહારાજ સવિનય ના

પાડતા હતા, ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'તું એમ માને છે કે આ કાર્ય તારે કરવાનું છે ? એ તો મહારાજ કાર્ય કરશે.' પછી તેમણે ગુરુઆજ્ઞાથી આ જવાબદારી ઉપાડી ને આજે આખું વિશ્વ અનુભવે છે કે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સંસ્થા સ્વયં શ્રીજીમહારાજ જ ચલાવી રહ્યા છે. જ્યારે સ્વયં શ્રીહરિ જ સંસ્થા ચલાવતા હોય પછી નિમિત્ત બનનારને ભાર શાનો ?

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા આજે વિશ્વવ્યાપી બની છે. નાના સામ્રાજ્ય જેવો તેનો વહીવટ વધ્યો છે. સ્વામીશ્રી તેના વહીવટી તેમજ આધ્યાત્મિક વડા છે. તેઓ બધો જ વહીવટ વ્યવસ્થિત કરે છે. નાનામાં નાની વિગતો તેમની જાણ બહાર નથી. છતાં તેઓ જ્યારે સૂવા જાય છે ત્યારે બધું મહારાજને માથે મૂકીને તરત જ ઊંઘી જાય છે, એટલે કે મહારાજની મૂર્તિમાં જ આરામ કરે છે. તેઓ ઘણીવાર કહે છે : 'મહારાજને સંભારી પ્રયત્ન પૂરે પૂરો કરવો, પછી મહારાજ ઉપર છોડી દેવું.'

શીલ ગામથી લોજ ગામ આવતાં દેવા ભગત માથે બે મણ ચીભડાંની ગાંસડીના ભારથી થાકી ગયેલા. તેમણે જોયું કે તેમની આગળ ચાલતા નીલકંઠ વર્ણીના માથા ઉપરનો સોળ મણનો ચીભડાંનો ગાંસડો તો તેમના માથા ઉપરથી એક વેંત ઉપર ચાલ્યો આવે છે. તેથી તેમણે પોતાની ગાંસડી તે ગાંસડા ઉપર ચડાવી દીધી ને પોતે ભારમુક્ત થઈ ગયા.

ગમે તેટલી પ્રવૃત્તિ હોય છતાં મહારાજને માથે તેનો કોઈ ભાર છે જ નહીં. માટે આપણે તેમને માથે આપણો ભાર મૂકી દઈએ તો આપણે પણ હળવાફૂલ થઈ જઈએ.

તેઓને વર્કાહોલિક ટ્રેઈટ નથી. આટલી બધી પ્રવૃત્તિમાં પણ આહ્નિક ભૂલતા નથી. પત્રો વાંચવા-લખવામાંથી નિવૃત્તિ પામે એટલે તરત માળા ઝાલી લે. અન્ય સામાન્ય માણસ જો સ્વામીશ્રીને સ્થાને અઠવાડિયું રહે, તો આવી પ્રવૃત્તિ જોઈ હૈયાટી જાય, ગાંડો થઈ જાય.

એક બાળકે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! પૂજામાં તમે કેટલી માળા ફેરવી ?' સ્વામીશ્રીએ કહ્યું : 'અમારે તો અખંડ માળા ફરે છે.'

લંડનમાં યોગનો અભ્યાસ કરતા અંગ્રેજ યુવકો ડેવીડ અને ડેનિયલે સ્વામીશ્રીને પૂછ્યું : 'તમે નિર્વિકલ્પ સમાધિમાં કેવી રીતે રહો છો ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'હરીએ, ફરીએ બધું કરીએ, પણ મહારાજને સાથે

રાખીને કરીએ.'

સને ૧૯૭૭માં ઇંગ્લૅન્ડના વેમ્બલી વિસ્તારમાં લી-સ્ટુડિયોની એક મોકાની જગ્યા મળવાની અણી ઉપર આવીને જતી રહી, ત્યારે સ્વામીશ્રી બોલેલા : 'જેવી મહારાજની મરજી.'

સને ૧૯૮૩માં ઇંગ્લૅન્ડના હેરો વિસ્તારમાં સંસ્થાએ મંદિર બાંધવા સારુ જમીન ખરીદેલી. ૧૯૮૫માં તે વિસ્તારમાં વસતા અંગ્રેજોના વિરોધના કારણે ડિપાર્ટમેન્ટ ઑફ એન્વાયર્નમેન્ટે પરવાનગી ન આપી. પછી સંસ્થાએ મોટો વકીલ રોકી કેસ દાખલ કર્યો. તે વિસ્તારમાં વસતા વીસેક હજાર ભારતીયોની સહીઓ એકત્રિત કરી. કેસ મજબૂત હતો છતાં અમુક નજીવાં કારણોસર કોર્ટે સંસ્થા વિરુદ્ધ ચુકાદો આપ્યો. સત્સંગીઓ નિરાશ થઈ ગયા. હિંદુ જનતાને પણ લાગ્યું કે આ રંગભેદીય ચુકાદો હતો.

સ્વામીશ્રી તે વખતે અટલાદરા બિરાજતા હતા. સંસ્થાના ટ્રસ્ટી જશભાઈ પટેલનો રાત્રે ૧૧ વાગે આ અંગેનો ફોન આવ્યો. સ્વામીશ્રીએ ફોનની વિગત અમને જણાવીને 'જેવી ભગવાનની મરજી' એમ કહી તેમના સમય પ્રમાણે સૂઈ ગયા. મને ઊંઘ ન આવી. સ્વામીશ્રીએ સવારે લંડન મંડળ ઉપર મોટો પત્ર લખીને 'મહારાજ જેમ રાજી રાખે તેમ રાજી રહેવું. તેઓ જે કરતા હશે તે સારા સારુ જ હશે.' એમ બધાને બળ પ્રેર્યું.

૧૯૮૦માં અમેરિકામાં પણ લોસ એન્જલસમાં મંદિર બાંધવા માટે એક સરસ જગ્યા ટ્રસ્ટીઓ સાથે ફોનથી વાર્તાલાપ કરવામાં સમય વીતી જવાથી જતી રહી ત્યારે પણ મને ઉદાસી ફરી વળી. સ્વામીશ્રી તે વખતે બોસ્ટનમાં હતા. હું દિવસમાં ચાર-પાંચ વખત આ બાબતનો ખરખરો સ્વામીશ્રી પાસે કરું. રાત્રે ઊંઘ પણ ન આવે. આમ, બે-ત્રણ દિવસ ચાલ્યું. એક વખત સ્વામીશ્રીએ મને કહ્યું : 'જુઓ, આપણે પ્રયાસ કર્યો છતાં ન થયું તેમાં શ્રીજીમહારાજની મરજી સમજી ખરખરો ફોક કરવો. આ વિચાર વગર તો ઊંઘ ન આવે, બેચેની રહે, ખાવાનું ન ભાવે એવું થાય. માટે મહારાજની મરજીમાં રહેવું.'

વ્યવહારમાં પડેલા સામાન્ય માણસો હંમેશાં કોઈને કોઈ પ્રકારની માનસિક તાણમાં જ જીવતા હોય છે. વેપાર કે નોકરીના પ્રશ્નો હોય, દીકરા દીકરીના લગ્નના પ્રશ્નો હોય, દીકરો રખડુ કે દુરાચારી પાક્યો હોય, કોઈએ

અપમાન કર્યું હોય, કામનો બોજો હોય, પોતે પ્રાપ્ત કરેલું વિશિષ્ટ સ્થાન જાળવી રાખવાનું હોય, આવી આવી ઘણી તાણોમાં મન ડહોળાયેલું જ રહે છે. કેટલાક ઘરમાં લગ્નપ્રસંગના રઘવાટમાં રહે છે. આ રઘવાટમાં કોઈની સાથે ઝઘડી પણ પડે. મેં આટલું કામ કર્યું છતાં મને 'થેંક યુ' ન કહ્યું, ધોબીને ત્યાંથી કાલે કપડાં લાવવાનાં છે, ઘરમાં ચોકડી કરાવવા કડિયાને બોલાવવાનો છે... વગેરે અર્થહીન તાણોમાં પણ રહેનારા મળી આવે છે. માનસિક પ્રશ્નોને શ્રીહરિએ મનના મંદવાડ કહ્યા છે. આજે આવા મનના રોગો ખૂબ વધ્યા છે. સાત વર્ષના બાળકને પણ ટેન્શન હોય છે. પરીક્ષામાં નાપાસ થાય કે ધંધામાં ખોટ જાય તો કોઈક તો આપઘાત પણ કરી દે છે.

દેશવિદેશમાં મનના મંદવાડના દાક્તરો વધ્યા છે. દર્દીઓને તેઓ રાહત માટે ભારે દવાઓ આપે છે, પણ તેની વિપરીત આડઅસરો ભયંકર હોય છે; પણ 'જેવી મહારાજની મરજી' આ સમજણરૂપી ઔષધ લઈએ તો ગમે તેવી પ્રવૃત્તિના પ્રશ્નોમાં શાંતિ રહે. આ ઔષધ એવું છે કે તેની કોઈ વિપરીત આડઅસર નથી. આનાથી પ્રવૃત્તિનો ફેર ઊતરી જાય ને અખંડ આનંદ રહે.

*'જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.'* ભક્તકવિ નરસિંહ મહેતાની આ પંક્તિ સ્વામીશ્રીના જીવનમાં 'જેવી ભગવાનની મરજી' આ શબ્દોથી ચરિતાર્થ થયેલી છે. આપણે આગળ જે પ્રસંગો જોયા તેમાં ખરખરો ફોક કરવાનો આ જ અકસીર ઇલાજ સ્વામીશ્રીએ જણાવ્યો છે.

સ્વામીશ્રીએ લંડનમાં સેન્ટ જેમ્સ પૅલેસમાં પધરામણી વખતે પ્રિન્સ ચાર્લ્સને પ્રવૃત્તિમાં હળવા રહેવા માટેનો ઉપાય બતાવતાં કહેલું કે 'જેમ માથા ઉપર મણ પાણીની હેલ લીધી હોય તો તેનો ભાર લાગે, પણ દરિયામાં ડૂબકી મારીએ અને લાખો ટન પાણી માથા ઉપર હોય તોય ભાર લાગતો નથી, માટે 'હું કરું છું' એવો ભાવ છોડીને કર્તાપણું ભગવાન ઉપર મૂકી દઈએ તો બોજો ન રહે, પણ હળવાશ રહે.'

વલસાડ મંદિરમાં બંધુત્રિપુટી સ્વામીશ્રીને સભામાં શાંતિથી પત્ર લખતા જોઈએ બોલી ઊઠ્યા : 'સ્વામી કેટલા સ્વસ્થ અને હળવા છે !'

ભારતના સુપ્રસિદ્ધ ફોટોગ્રાફર રઘુરાય કહે છે : 'મોટી સભામાં પોતાને પ્રવચન કરવા માટે માઈક ગોઠવાય, ત્યાં સુધી સ્વામીશ્રી પત્રવાચન-લેખનમાં

ડૂબેલા હોય છે. તેઓને પ્રવચન કરવાનો પણ ભાર નથી. કેવું પ્રવચન થશે ? લોકોને કેવું લાગશે ? તેનો પણ ભાર નહીં !' રઘુરાય સ્વામીશ્રીની આવી હળવાશ ઉપર ઓવારી ગયા.

લંડનમાં ડૉ. ફાઉલરને સ્વામીશ્રીના નોર્મલ ચેકિંગ માટે બોલાવેલા. તેમને જણાવેલું કે સ્વામીશ્રીને એકવાર હાર્ટઍટેક આવેલો છે. તેમણે સ્વામીશ્રીને તપાસ્યા, બધું નોર્મલ હતું, છતાં હૃદયના દરેક દર્દીને જેમ સલાહ આપે તેમ સ્વામીશ્રીને કહ્યું : 'તમારે માથા ઉપર કોઈ ભાર ન રાખવો.' સ્વામીશ્રી તો સ્વસ્થ હતા. તેમણે કહ્યું : 'હું તો માથા ઉપર ભગવાન રાખું છું, તેથી મને કોઈ ભાર લાગતો નથી.' ભગવાનનો ભાર બીજા બધા ભારને દૂર કરે છે.

સ્વામીશ્રી પરદેશ પ્રવાસ પછી તા. ૮-૧૨-૧૯૯૦ના રોજ શ્રીહરિના પ્રસાદીભૂત સ્થાન કોઠ્યથી અમદાવાદ આવ્યા. સભામાં બ્રહ્મપ્રકાશ સ્વામી પ્યાલામાં સાબરમતીનું જળ ભરીને લાવ્યા ને સ્વામીશ્રીને રમૂજમાં કહ્યું : 'આ પીવો જેથી થેમ્સનું પાણી ઊતરી જાય.' સ્વામીશ્રીએ આ રમૂજનો મર્મભર્યો જવાબ આપ્યો : 'ચડ્યું હોય તો ઉતારવાનું થાય ને !'

આ નાનકડું વાક્ય સ્વામીશ્રીની બ્રાહ્મીસ્થિતિ છતી કરી દે છે. 'કાંકરિયે ગયા નહોતા ને મેળો ભરાયો નહોતો.' લોકોક્તિ બની ગયેલી ને સર્વના ઉપદેશ માટે કહેલી શ્રીહરિની આ પંક્તિ સ્વામીશ્રીના જીવનમાં રસાઈ ગયેલી દેખાય છે. આ વાતની સાયદી નીચેનો પ્રસંગ પૂરી પાડે છે.

સને ૨૦૦૪ના એપ્રિલની પાંચમી તારીખે દિલ્હીમાં અમેરિકન કોન્સ્યૂલેટના એક ઉચ્ચ અધિકારી ડેમિયન સ્મીથ સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી પ્રભાવિત થઈને બોલી ઊઠેલા : 'સ્વામીજી ઘણા દેશોમાં જાય છે. વિદેશમાં જઈ બીજાઓ તો બદલાવા માંડે, પણ મને એવો અનુભવ થયો છે કે સ્વામીજી સહેજ પણ બદલાયા નથી. 'No country has been able to change or influence Him !' કોઈપણ દેશ તેમને બદલી શક્યો નથી. તેઓ પહેલાથી જેવા છે તેવા જ છે એ એક આશ્ચર્યની વાત છે.'

આવો જ એક બીજો પ્રસંગ.

સને ૨૦૦૪ના મે માસની એકવીસમી તારીખે લંડનમાં 'ગરવી ગુજરાત' સાપ્તાહિકના તંત્રી શ્રી રમણિકભાઈ સોલંકી સાથેના વાર્તાલાપમાં

શ્રી રમણિકભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'તમે વિશ્વમાં વિચરણ કરો છો તો એમાં કોઈ એક શહેર કે સ્થળનું આપને આકર્ષણ ખરું ?'

સ્વામીશ્રીએ જવાબ આપ્યો : 'અમારે તો ભગવાન સાથેનું આકર્ષણ છે. બીજું અમારા ગુરુનું આકર્ષણ છે. એમની આજ્ઞા છે કે તમારે બધે જવું એટલે આકર્ષણમાં કાંઈ નહીં. આપણે બધે જઈને લોકોને, હરિભક્તોને કથાવાર્તા કરી, રાજી કરવાના ને લોકોમાં ભગવાનનો મહિમા વધે ને સંસ્કાર દૃઢ થાય એ કરવાનું.'

વળી, રમણિકભાઈએ બીજો પ્રશ્ન પૂછ્યો : 'આપની સંસ્થા વેટીકન જેવી વિશાળ બની છે. આવો કારોબાર ચલાવવા આપ કેટલો સમય આપો છો ?' સ્વામીશ્રીએ કહ્યું : 'અમે તો સત્સંગ કરતા જઈએ, ગામડે ફરતા જઈએ ને વ્યવહાર તો ભગવાન ચલાવે છે. આ બધું ભગવાન ચલાવે છે ને ગુરુના આશીર્વાદ છે.'

સને ૧૯૮૫માં વીસમી જુલાઈએ લંડનમાં Q.P.R. સ્ટેડિયમમાં વીસ હજારની વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીનો ભવ્ય સુવર્ણતુલા મહોત્સવ ઉજવાયો હતો. મહોત્સવ પૂર્ણ થયા પછી સ્વામીશ્રી મોટરમાં બેસીને ઉતારા તરફ જતી વખતે દેશમાંથી આવેલી હરિભક્તોની ટપાલો વાંચવામાં લીન થઈ ગયા ! સાથે બેઠેલા સંતહરિભક્તો સાથે મહોત્સવ સંબંધી કોઈ વાત જ કરી નહીં !! જાણે મહોત્સવ ઉજવાયો જ નહોતો તેવો નિર્લેપભાવ સ્વામીશ્રીના મુખ ઉપર દેખાતો હતો.

સને ૧૯૯૨માં ગાંધીનગરમાં 'અક્ષરધામ'ના ઉદ્‌ઘાટનનો અને યોગી શતાબ્દીનો સહિયારો ભવ્યાતિભવ્ય મહોત્સવ પૂર્ણ કરીને સ્વામીશ્રી તરત જ ગામડે વિચરણમાં નીકળી ગયા ! જાણે કાંકરિયે મેળો ભરાયો જ નહોતો !

આ બધા પ્રસંગોનો સાર સને ૧૯૭૪ની વિદેશ ધર્મયાત્રાની પૂર્ણાહુતિએ સ્વામીશ્રીએ કહેલા આ શબ્દોમાં સમાઈ જાય છે. આ રહ્યા તે શબ્દો : 'દેશ-વિદેશમાં ફરીએ પણ મન તો ભગવાનનાં ચરણારવિંદમાં રાખીએ !' સ્વામીશ્રી હંમેશાં મહારાજમાં જ રમમાણ રહે છે. તેમને દેશ-વિદેશમાં જવા-આવવા જેવું કશું છે જ નહીં ! જેમ ટ્રેન ચાલતી હોય ત્યારે સામેનાં સ્થિર ઝાડવાં ફરતાં દેખાય છે, તેમ સ્વામીશ્રી તો હંમેશાં શ્રીહરિમાં સ્થિર જ છે, પણ આપણે ફરતા છીએ, તેથી તેઓ ફરતા દેખાય છે. તેઓને

કોઈ દેશકાળની કે કોઈ પ્રવૃત્તિની કંઈ જ અસર નથી. તેઓ જેવા છે એટલે બ્રહ્મસ્વરૂપ છે તેવા જ સદાય છે. તેઓની નિર્લેપતાનું રહસ્ય એ છે કે તેઓ બધો ભાર મહારાજ ને ગુરુ ઉપર મૂકે છે. તેમનું ઈન્સ્ટ્રુમેન્ટ (સાધન) બનીને તેઓ કાર્ય કરે છે. અંતરમાં ટાઢું રાખવાનો આ જ ઉપાય છે. હરીન્દ્રભાઈ દવેએ યથાર્થ ગાયું છે કે

*'અક્ષર હળવાફૂલ અમે સૌ ભારી.'*

સામાન્ય માણસને 'હું કરું, હું કરું' એમ સતત રહ્યા કરે છે. આ 'હું'નો ભાર બહુ જ હોય છે. એનાથી માણસ દબાઈ જ જાય છે. જ્યારે સ્વામીશ્રી હળવાફૂલ રહે છે. કારણ, તા. ૧૫-૪-૨૦૦૪ના રોજ દિલ્હીમાં સ્વામીશ્રી બોલેલા : 'મહારાજને કર્તા સમજીએ ને મોટાપુરુષના આશીર્વાદથી કામ થાય છે એમ સમજીએ તો અહં ન આવે.' 'અહં'નો ભાર જતો રહે તો પછી હળવાફૂલ જ રહેવાય ને !'

સ્વામીશ્રી કોઠ્ય પાસે ગણેશધોળકાની રાણ્યોમાં મહારાજના પ્રસાદી-સ્થાનનાં દર્શન કરીને તા. ૮-૧૨-૧૯૯૦ રોજ સીધા અમદાવાદ પધાર્યા, ત્યારે શ્રીજીમહારાજે ગણેશધોળકાની રાણ્યોમાં આપેલો વિચાર જે, 'અમે કાંકરિયે તળાવ ઊતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો.' તેને સંભારીને સ્વામીશ્રીએ સભામાં વાત કરી કે 'અમદાવાદના પ્રસંગ દ્વારા મહારાજે બ્રહ્માંડના બધા (મનુષ્યો) માટે સુખિયા થવાનો વિચાર આપ્યો છે. તેથી સુખ-શાંતિ રહે ને કામમાં સરળતા થાય.'

માણસનો એક સ્વભાવ છે કે તેને કોઈ વસ્તુ ન મળી હોય તેના કરતાં તે વસ્તુ મળીને જતી રહે તેનું દુઃખ ઘણું થાય છે. આ દુઃખ તે વિસરી શકતો નથી.

યુગાન્ડામાં વરસોથી વસેલા ને ધંધાપાણીએ સુસ્થિર થયેલા એશિયનોને સને ૧૯૭૨માં તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ ઈદી અમીને પહેરેલે કપડે કાઢયા ત્યારે કો'ક તો ગાંડા જેવા થઈ ગયેલા ને કો'ક તો આઘાત પામી મરી પણ ગયેલા, જ્યારે હરિભક્તો તો 'આપણે યુગાન્ડા ગયા જ નહોતા ને કમાયા પણ નહોતા. જેવી મહારાજની મરજી' એમ સમજીને સુખિયા રહ્યા.

યોગીજી મહારાજે તેમની બોધકથામાં એક ફકીરની કથા કહી છે. એક ફકીર ચાલ્યો જતો હતો. તેને રસ્તામાં પડેલું દોરડું મળ્યું. કામમાં આવશે

એમ માની ખભે નાખી અલમસ્તાઈથી ચાલ્યો જતો હતો. ખભેથી દોરડું રસ્તામાં પડી ગયું. ફકીરને તે ઓસાણ ન રહ્યું. આગળ જઈને જ્યારે ખબર પડી કે દોરડું તો પડી ગયું છે ! તેણે પાછા વળી લેવા જવાનો વિચાર કર્યો ત્યાં વળી તેના મનમાં થયું કે કોઈ મારી જેમ દોરડું લઈ ગયું હશે તો મને ધક્કો પડશે. પછી તે વિચારને પામ્યો કે 'મુજે રસ્સા પાયા હિ નહોતા.' આ વિચારથી તે પાછો આનંદમાં આવીને આગળ ચાલવા માંડ્યો. મહારાજે અમદાવાદના પ્રસંગે આપેલા વિચારને મળતો આ વિચાર છે.

સત્સંગ કવિ નારાયણદાસે મહારાજના આ વિચારને કાવ્યદેહ આપતાં ગાયું છે :

*'જન્મ્યા પહેલા જગત નહોતું, મૂવા પછી નથીજી,*
*વચમાં વળગ્યું જૂઠા જેવું, કવિ કહે છે કથીજી.*
*સ્વપ્નાની સમૃદ્ધિ સર્વે, સ્વપ્ના ભેગી જાશેજી,*
*જાગ્યા પછી કાંઈ મળે નહીં, એકે વસ્તુ સાથેજી.'*

ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં આ વિચારને જુદા શબ્દોમાં જણાવ્યો છે : 'સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય, માટે સુખિયા રહેવું હોય તો સાંખ્ય વિચાર શીખવો.' (૧/૨)

ચડતી-પડતી એ જીવનનો ક્રમ છે. તેમાં આ સાંખ્ય વિચાર ને 'જેવી ભગવાનની મરજી' આ બે થી જ શાંતિ રહે છે.

બોચાસણવાળા કાશીદાસે કારિયાણીના સાતમા વચનામૃતમાં શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો છે કે ગૃહસ્થાશ્રમી પ્રવૃત્તિમાર્ગને અનુસર્યા છે, માટે તેને સંસારની અનંત વિટમણા વળગી છે, માટે ગૃહસ્થાશ્રમી કેમ સમજે તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે ?

શ્રીહરિએ આ પ્રશ્નના જવાબમાં પ્રથમ તો એમ કહ્યું કે અનંત જન્મોનાં સગાંવહાલાં ભુલાઈ ગયાં છે, તેમ આ જન્મનાં સગાંવહાલાંમાંથી પ્રીતિ તોડીને, ભગવાનમાં પ્રીતિ કરીને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થ પણ ભગવાનમાં અખંડ વૃત્તિ રાખી શકે. આવો ઉત્તર સાંભળીને નિત્ય સગાં-વહાલાં સાથે જ રહેનારા ગૃહસ્થો ગભરાઈ ગયા. તેમને આ ઉત્તર કઠણ પડ્યો ત્યારે શ્રીહરિએ વિકલ્પ બતાવતાં કહ્યું કે 'સત્સંગની ધર્મમર્યાદામાં રહીને ભગવાનના આશરાનું બળ રાખવું. આથી પણ નિર્લેપ રહેવાશે.'

વળી, વરતાલના ૨૦મા વચનામૃતમાં મહારાજ કહે છે કે જનકરાજા પ્રવૃત્તિમાર્ગમાં હતા છતાં નિર્વિકાર હતા, કારણકે તેઓ તેમના ગુરુ પંચશીખ થકી સાંખ્ય ને યોગ બંને શીખેલા. આવી સમજણ સાથે જેની ઇન્દ્રિયો અનુલોમપણે વર્તતી હોય ને તે પ્રવૃત્તિમાર્ગમાં રહ્યો હોય તો પણ જનક રાજાની પેઠે વિકારને પામે નહીં.

વળી, ગઢડા મધ્ય પ્રકરણના ૧૪મા વચનામૃતમાં શ્રીહરિએ ભગવાનના (પોતાના) નિશ્ચયે કરીને પ્રવૃત્તિમાર્ગ ને નિવૃત્તિમાર્ગવાળા બંનેને નિર્ગુણ કહ્યા છે. આ વાત ઉપર ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં કહ્યું છે : 'ટોપીવાળો (અંગ્રેજ અમલદાર) મૂંઝાય ત્યારે બંગલામાં જાતો રહે ને ત્યાં જઈને વિચાર કરે. એમ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ પામીને પ્રતિલોમ દૃષ્ટિ કરીને વિચાર કરવો.' (૨/૧૮૨)

માટે રોજ વિચાર કરવો કે આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? આ વિચારે કરીને પ્રવૃત્તિનો ફેર ચડે નહીં. શ્રીહરિના સમયમાં ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, નેનપુરના દેવજીભાઈ વગેરે પ્રવૃત્તિ-માર્ગમાં હતા છતાં નિર્લેપ હતા. એકવાર મહારાજના એક પત્ર માત્રથી ૧૯ જણાએ સંસાર છોડીને પરમહંસદીક્ષા લઈ લીધી હતી. મહારાજની કસોટીમાં તેઓ સારધાર પસાર થઈ ગયા. આવા હરિભક્તોને સંસારની પ્રવૃત્તિનો ભાર કે ફેર નથી હોતો.

આખા દિવસનો પ્રવૃત્તિનો ફેર ઉતારવા સ્વામીશ્રીએ હરિભક્તોને નિત્ય રાત્રે ઘરસભારૂપી અમોઘ સાધન ઉપદેશ્યું છે.

આ યુગ રઘવાટિયો યુગ છે. કોઈને જંપ નથી. ચારે બાજુ પ્રવૃત્તિ પથરાયેલી છે. એલ્વીન ટોફલરે 'ધ થર્ડ વેવ' નામે પુસ્તક લખ્યું છે. તેમાં તેઓ જણાવે છે કે પહેલાં કૃષિક્રાંતિ હતી. તેમાં લોકોને એકંદરે શાંતિ હતી. પછી ૧૭મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ આવી એટલે બધાને થયું કે 'હવે મશીનો દ્વારા કામ થશે એટલે વધુ શાંતિ રહેશે.' પણ ધારવા કરતાં ઊલટું થયું. મશીનની ઝડપ સાથે માણસ પણ દોડવા લાગ્યો ! આ ઔદ્યોગિક ક્રાંતિના મોજામાં તો અજંપો, હડતાલો, તાળાબંધી, ગુનાખોરી, ભ્રષ્ટાચાર, લગ્નવિચ્છેદ, આતંક, માનસિક તાણ વગેરે ખૂબ વધી ગયાં.

વિશ્વમાં પ્રવૃત્તિ વગર તો કોઈને ય ચાલવાનું નથી. પ્રવૃત્તિમાં મનની

શાંતિ અંગે સ્વામીશ્રીએ તા. ૧૬-૧૨-૧૯૯૮ના રોજ સારંગપુરમાં વાત કરેલી કે 'પ્રવૃત્તિમાં જાણપણું ન રહે તો ખાવાના, જોવાના, ફરવાના, ઝઘડવાના એવા સ્વભાવો વધે. પ્રવૃત્તિમાં કહેવા-સાંભળવાનું થાય, પણ હેત ને પ્રેમથી કહેવાય. તડ ને ફડ ન કરવું.'

સ્વામીશ્રીની આ સોનેરી શિખામણ પ્રમાણે વિશ્વ વર્તે તો પ્રવૃત્તિ કરવા છતાં તેનો ફેર ન ચડે, હળવાશ અનુભવાય ને શાંતિ રહે.

સને ૧૯૯૧માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ઉપક્રમે અમેરિકામાં ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ (C.F.I.) ચાલતો હતો. બસો એકરની ભૂમિ ઉપર ભારતની ભવ્ય સંસ્કૃતિના વિવિધ અંગોનો માહોલ ખડો કર્યો હતો. મહિનાથી લાખો માણસો તેનો લાભ લેતા હતા. આખો વખત સતત પ્રવૃત્તિ જ ચાલ્યા કરે. આમાં સામાન્ય આયોજક તો ઘાંઘો થઈ જાય. આ મહોત્સવમાં પત્રકાર પ્રૉ. પૉલ કોર્ટરાઈટ સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રીના પ્રશાંત વ્યક્તિત્વને જોઈને તેઓ બોલી ઊઠ્યા : 'આટલી બધી પ્રવૃત્તિમાં સ્વામીજીનું શાંત ચિત્ત જોઈને લાગે છે કે વિશ્વમાં શાંતિ સ્વામીજીથી પ્રવર્તશે.'

શ્રીજીમહારાજે આપેલા વિચારનું મૂર્તિમાન સ્વરૂપ એટલે પ્રમુખસ્વામી મહારાજ. આપણે પણ તેવા થઈએ.

■

આ વચનામૃત નિરૂપણના બીજા ભાગના અંતમાં પ્રવૃત્તિમાર્ગ ને નિવૃત્તિમાર્ગની મીમાંસા આપણે જોઈ. હવે આ તૃતીય ભાગમાં પ્રથમ તો આપણે વાસુદેવમાહાત્મ્યના વીસથી છવ્વીસ અધ્યાયોના સંદર્ભ સાથે એકાંતિક ધર્મના નિરૂપણ દ્વારા તે માર્ગોની વિશેષતા જોઈશું.

## ૩૦. એકાંતિક ધર્મ

અઢાર પુરાણોમાં એક્યાશી હજાર એકસો શ્લોકોવાળું સ્કંદપુરાણ સૌથી મોટું પુરાણ છે. આ પુરાણના વિષ્ણુખંડમાં શ્રીવાસુદેવમાહાત્મ્ય આવે છે. તેના બત્રીસ અધ્યાયો છે. શ્રીહરિએ શિક્ષાપત્રી (૯૪) અને વરતાલ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં પોતાને પ્રિય એવાં આઠ સચ્છાસ્ત્રો કહ્યાં છે. તેમાં શ્રીવાસુદેવમાહાત્મ્યનો સમાવેશ કર્યો છે. ગઢડા મધ્ય પ્રકરણના ૨૮મા વચનામૃતમાં પ્રાગજી દવેએ શ્રીહરિને કહ્યું : 'શ્રીમદ્ભાગવત જેવો કોઈ ગ્રંથ

નથી.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'શ્રીમદ્ભાગવત તો સારું જ છે, પણ સ્કંદપુરાણને વિષે વાસુદેવમાહાત્મ્ય છે તે જેવો કોઈ ગ્રંથ જ નથી, કાં જે, એ ગ્રંથને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા અહિંસાપણું એમનું અતિશય પ્રતિપાદન કર્યું છે.' વળી, ગઢડા પ્રથમ પ્રકરણના ૨૩મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે જે, 'વાસુદેવમાહાત્મ્ય નામે જે ગ્રંથ તે અમને અતિશય પ્રિય છે. કેમ જે, ભગવાનના ભક્તને ભગવાનને ભજ્યાની જે રીતિ તે સર્વે આ ગ્રંથમાં કહી છે.' વળી, શ્રીહરિએ સત્સંગિજીવન ગ્રંથમાં ૪/૪૫/૮ કહ્યું છે કે 'सर्वथाऽस्मन्मतस्येदं मूलमित्येवमीरयन्' ખરેખર, આ ગ્રંથ જ અમારા મત-સંપ્રદાયનું સર્વપ્રકારે મૂળ છે.'

આથી જણાય છે કે સંપ્રદાયમાં વાસુદેવમાહાત્મ્યનું વિશિષ્ટ સ્થાન છે. તેથી સત્સંગિજીવન ગ્રંથમાં વાસુદેવમાહાત્મ્યની ઘણી વિશિષ્ટતાઓનો સમાવેશ દેખાય છે.

નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીહરિ માટે 'એકાંતિક ધર્મપ્રવર્તક' એવું નામ પોતે રચિત ભક્તચિંતામણિ ગ્રંથના દરેક પ્રકરણની પુષ્પિકામાં જણાવ્યું છે. શ્રીહરિના પ્રાગટ્યના છ હેતુમાં એકાંતિક ધર્મના પ્રવર્તનના હેતુની અને આ એકાંતિક ધર્મ પૃથ્વી ઉપર કાયમ ચાલુ રહે તે માટે પરમ એકાંતિક સત્પુરુષ દ્વારા પોતાના સદા પ્રાગટ્યની વાત પણ છેલ્લા હેતુરૂપે દર્શાવી છે.

આંબો વાવ્યાનું ફળ કેરી છે. પણ આપણે આંબાનું ફળ છાંયડો મળે કે તેના પાંદડા, ડાળખાં મળે તે માનીએ તો, તે તો આંબાને બદલે કોઈ અન્ય વૃક્ષ વાવ્યું હોય તોય મળત માટે આંબો વાવ્યાનું ફળ તો કેરી મળે તે જ છે. તેમ આપણને દુર્લભમાં દુર્લભ સત્સંગ તો મળ્યો પણ તેનું ફળ શરીર સારું રહે કે ધન મળે કે માન-મોટપ મળે તેવું માનીએ તો તે સત્સંગનું સાચું ફળ ન કહેવાય. આ બધું તો જે સત્સંગ ન કરે તેને પણ મળે માટે સત્સંગનું ફળ શું ? તો આ અંગે શ્રીહરિએ લોયા પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં જણાવ્યું છે કે, 'એકાંતિકપણું તેમાં આવે તે અતિશય દુર્લભ છે. તે એકાંતિકપણું તે શું ? તો ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ.'

વાસુદેવમાહાત્મ્યના ૨૦થી ૨૬ અધ્યાયોમાં આ એકાંતિક ધર્મનું નિરૂપણ છે. તેમાં જણાવેલી એકાંતિક ધર્મસંબંધી વિગતો શતાનંદ મુનિએ

પોતે રચેલા સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણના ૬૭મા અધ્યાયમાં સમાવી છે.

એકાંતિક ધર્મનાં અંગોના નિરૂપણની પૂર્વે શ્રીહરિ આ વચનામૃતમાં જણાવે છે કે 'એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહીં ને પોતાને ચૈતન્યરૂપ માને.' મહારાજનું આ વાક્ય એકાંતિક ધર્મનો પાયો છે. તેના ઉપર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની ઈમારત છે.

આજનો જમાનો ટેક્નોલોજીનો છે. ટેક્નોલોજીથી કામ શીઘ્રતા ને સરળતાથી થાય છે. સને ૧૯૯૫માં વિદ્યાનગરમાં યોજાયેલી કાર્યકર શિબિરમાં સ્વામીશ્રીએ ગઢડા પ્રથમ પ્રકરણના વીસમા વચનામૃતના નિરૂપણમાં કહેલું કે 'જોનારો બધું જુએ છે, પણ પોતે પોતાને જોતો નથી તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. માટે દેહથી પોતાના આત્માને જુદો માનવો. આ અમારી ટેક્નોલોજી છે. આનાથી કામ સરળતાથી થાય.'

સ્વામીશ્રીની વાત તદ્દન સાચી છે, કારણ કે આ જ્ઞાન વગરની બધી સાધના જૂઠી છે. નરસિંહ મહેતાએ આ વાત તેમના પદમાં જણાવી છે : 'જ્યાં લગી દેહને હું કરી માનશે, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' વર્ષો જૂના સત્સંગી હોય, પૂજાપાઠ પણ કરતા હોય, વ્યસનદૂષણથી પણ મુક્ત હોય, ધર્માદો આપવો, ઘરસભા કરવી, અઠવાડિક સભામાં જવું વગેરે બધું નિયમિત કરતા હોય, પણ કોઈ મંદિરમાં ઉતારો સરખો ન મળ્યો કે જમવાનું ઠીક ન પડ્યું કે સભામાં કોઈએ ઉઠાડીને પાછળ બેસાડ્યા વગેરે પરિસ્થિતિમાં તરત જ સત્સંગનો અભાવ આવી જાય. કોઈવાર સત્સંગ પણ મુકાઈ જાય તો જાણવું કે 'દેહથી આત્મા જુદો છે.' આ સમજણનો પાયો કાચો છે. સત્સંગ તો એક શાળા છે ને તેમાં એકાંતિકપણું એ છેલ્લી પદવી છે. જેમ શાળામાં પરીક્ષાઓ તો હોય, તેમ સત્સંગમાં પણ પરીક્ષાઓ હોય છે, પણ શાળાની અને સત્સંગની પરીક્ષાઓમાં ફેર એટલો છે કે શાળાની પરીક્ષાઓ અગાઉથી નિશ્ચિત કરેલા સમયે થાય છે, જ્યારે સત્સંગની પરીક્ષાઓ ગમે ત્યારે આવી જાય. તેમાં પ્રથમ પ્રશ્નપત્ર 'દેહથી આત્મા જુદો છે' તે વિષયક છે, પણ જેમ શાળાની પ્રવેશ પરીક્ષા અઘરી હોય છે, તેમ આ પ્રથમ પ્રશ્નપત્ર પણ અતિ અઘરું છે. તેમાં જે ઉત્તીર્ણ થઈ ગયો તેને પાછળની પરીક્ષાઓમાં વાંધો ન આવે, તે સડેડાટ ઉત્તીર્ણ થતો જ જાય.

શ્રીજીમહારાજે અગતરાયમાં એક વણકરના છોકરાને સો વાર ગોખાવ્યું કે 'તું આત્મા છું, એમ માન.' પછી મહારાજે તેને પૂછ્યું કે 'બોલ હવે તું કોણ છે ?' ત્યારે તે છોકરાએ કહ્યું : 'મહારાજ ! તમે ક્યારનાય મારી વાંસે પડ્યા છો, એટલે કહું છું કે 'હું આત્મા છું,' પણ સાચેસાચું પૂછો તો 'હું વણકર જ છું.' આપણું પણ આવું જ છે. કથામાં હજારો વખત આ જ્ઞાન સાંભળ્યું છે, છતાં અચાનક પરીક્ષા આવી પડે ત્યારે પાછા હતા તેના તે જ થઈ રહીએ છીએ.

શ્રીહરિના પરમહંસો વ્રત, નિયમ અને તપમાં અજોડ હતા. શ્રીહરિના ઘણાં આકરાં પ્રકરણોમાંથી પણ પસાર થઈ ગયા હતા. એકવાર તેમણે શ્રીહરિને કહ્યું : 'આપ કહો તો અન્ન મૂકી દઈએ, જળ મૂકી દઈએ, મટકું ન ભરીએ કે ઊભા સૂકાઈ જઈએ.'

ત્યારે મહારાજે કહ્યું : 'મારા વ્હાલા સંતો, મને ખાત્રી છે કે તમે બધું કરી શકો તેમ છો, પણ એક વાત તમને કહું છું તે પ્રમાણે તમે વર્તો તો હું વિશેષ રાજી થાઉં.' એમ કહીને બોલ્યા :

*'એક વાત માનો મારી એહ, આપણે આતમા નહીં દેહ;*
*માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેથી ન્યારું.'*

તપ-ત્યાગ કરતાં પણ પોતાને આત્મરૂપ માનવું એ અઘરી આજ્ઞા છે, કારણ કે આ આજ્ઞામાં તો જન્મોજન્મના સાથી એવા દેહભાવ ઉપર જ સીધો ઘા છે, પણ આ ટેક્નોલોજી સિદ્ધ થઈ જાય તો કોઈને જાળવવા ન પડે. ગુણાતીત ગુરુપરંપરાના ગુરુઓને આ ટેક્નોલોજી સહજસિદ્ધ છે.

સ્વામીશ્રીને કોઈ ગાળો દઈ ગયા છે, સુવર્ણતુલાના મહોત્સવ પછી કોઈએ અપમાન પણ કર્યું છે, મુંબઈથી નૈરોબી ગયેલા સ્વામીશ્રીને નીચે ઊતર્યા સિવાય તેના તે જ પ્લેનમાં પાછું આવવાનું પણ થયું છે. છતાં તેમની સ્થિતિમાં કશો ફરક પડ્યો નથી, કારણ કે તેઓ સાક્ષાત્ બ્રહ્મ છે.

કેવળ આત્મનિષ્ઠાથી કાર્ય સરતું નથી. જેમ કૂવામાં લીલ હોય તે ઉપર પથરા નાખીએ એટલે છૂટી પડે, પણ થોડીવારે પાછી ભેગી થઈ જાય, તેમ કેવળ આત્મનિષ્ઠા હોય તો અમુક દેશકાળમાં પાછું દેહરૂપ થઈ જવાય છે. ભીમસેને ગદાયુદ્ધમાં જરાસંઘનાં બે ફાડિયાં કરી દીધાં, પણ થોડીવારમાં તે ભેગાં થઈ ગયાં. પછી બીજે દિવસે કૃષ્ણ ભગવાનની સલાહથી જરાસંઘને

ચીરીને તેના બે ફાડિયાં જુદાં કરીને વચ્ચે રેતીનું શિવલિંગ કરી દીધું, પછી તે ફાડિયાં ભેગાં ન થયાં. તેમ ત્રણ દેહથી જુદો જે પોતાનો આત્મા તેને વિષે બ્રહ્મની ભાવના કરીને, બ્રહ્મરૂપ થઈને પરમાત્માની ભક્તિ કરીએ તો દેહ ને આત્મા કોઈપણ પરિસ્થિતિમાં ભેગા ન થાય. આ સ્થિતિ સિદ્ધ કરવા સાક્ષાત્ બ્રહ્મ એટલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુને પોતાનો આત્મા માનવો.

સને ૧૯૫૯માં યોગીજી મહારાજે મોજીદડ ગામમાં કહ્યું હતું કે 'આવી સમજણને સબીજ આત્મનિષ્ઠા કહેવાય.' પછી ગુરુનો મન, કર્મ અને વચને સંગ કરીએ તો બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિને પામીએ.

સત્સંગિજીવનમાં વાસુદેવમાહાત્મ્યના આધારે આ સમજણને ચોથા પ્રકરણના ૬૭મા અધ્યાયમાં જણાવી છે. શરૂઆતના શ્લોકોમાં જણાવ્યું છે કે 'જુદાં જુદાં દુઃખોના વિકારે યુક્ત આ દેહથી આત્મા જુદો છે. આત્મા નિર્વિકારી, અચ્છેદ્ય અને શાશ્વત છે. તે મરતો નથી, બળતો નથી કે જરતો નથી.' પછી કહે છે :

'एवम्भूतं स्वमात्मानं ज्ञात्वा तस्याऽक्षरेण तु,
सच्चिदानंदरूपेण ब्रह्मणैक्यं विभावयेत् ।' (૪/૬૭/૫)

દેહથી ભિન્ન એવો પોતાનો જે આત્મા, તેને અક્ષર સાથે એકતા કરીને પરબ્રહ્મની ભક્તિ કરવી.

હવે આ પાયા ઉપર એકાંતિક ધર્મના ચાર અંશોને સિદ્ધ કરવા. પ્રથમ **ધર્મ** એટલે ત્યાગી-ગૃહી માટે શિક્ષાપત્રીમાં કહેલા ધર્મો દૃઢ કરવા. ધર્મ સંબંધી સાધનમાં એક રાખ્યે જેમાં સર્વે ધર્મ રહે એવું એક સાધન બતાવતાં શ્રીહરિએ લોયા પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે કે 'ધર્મસંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે.' આમ, એકાંતિક ધર્મના પ્રથમ અંગ ધર્મમાં શ્રીહરિએ નિષ્કામધર્મ ઉપર વિશેષ રુચિ દર્શાવી છે. પોતાની અને સત્સંગની પ્રગતિ અને શોભા આમાં જ છે. હવે **વૈરાગ્ય** એટલે સત્સંગિજીવનમાં કહ્યું છે કે 'પ્રકૃતિપુરુષથી જે કંઈ સ્થાવર જંગમ ભગવાને સર્જ્યું છે, તે સર્વે કાળનો ભક્ષ્ય છે. આમ માની દેહ અને દેહ સંબંધી પદાર્થોમાંથી આસક્તિ ટાળવી. (૪/૬૭/૧૫-૧૬).

યોગીજી મહારાજ વૈરાગ્યનું વ્યવહારુ લક્ષણ જણાવતાં કે 'જ્યારે ત્યારે, જેમતેમ, જેવુંતેવું ચલાવી લેવું, તેનું નામ વૈરાગ્ય.' **જ્ઞાન**નું લક્ષણ તો ઉપર

વર્ણન કરેલી આત્મનિષ્ઠામાં આવી જાય છે. સત્સંગિજીવન(૪/૬૭/ ૧૦-૨૦)માં **ભક્તિ**નું લક્ષણ જણાવ્યું છે કે 'ભગવાનમાં મહિમા સહિત ઘણો સ્નેહ રાખી ભગવાનની સેવા કરવી.'

વળી જણાવ્યું છે કે 'અક્ષરધામમાં ભગવાનનું દિવ્ય સ્વરૂપ છે તેવું જ પૃથ્વી ઉપર મનુષ્યાકાર સ્વરૂપને દિવ્ય સમજવું અને તેમની નવધા ભક્તિ કરવી.'

ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૭મું વચનામૃત નોંધીને યોગીજી મહારાજ શ્રીહરિના શબ્દોમાં ભક્તિનો મહિમા કહેતા કે 'નારદજી જેવો ગુણવાન હોય પણ તેમાં ભગવાનની ભક્તિ ન હોય તો તે મને ન ગમે.'

ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હતા છતાં શ્રીહરિનાં દર્શન માટે મધરાતે નેવા નીચે ઊભા રહેતા. આનું નામ ભક્તિ. વળી ભક્તિમાં ભગવાન જેવા ઐશ્વર્ય આવે છતાં ભગવાનનું દાસપણું ન મુકાય તે ભક્તિ. સ્વામીશ્રીની અધ્યક્ષતામાં આજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિશ્વભરમાં ડંકા વાગે છે. તેમાં સ્વામીશ્રી તો એમ જ માને છે કે 'આ બધો પ્રતાપ સ્વામિનારાયણ ભગવાનનો છે.'

આમ, આ ચારે લક્ષણો આવે ત્યારે એકાંતિક ધર્મ સિદ્ધ થયો કહેવાય. તે વિના તો યોગીજી મહારાજ તેમની બોધકથામાં કહેતા કે 'એક મુસલમાન બાઈ હાથમાં ખાટલાનો એક પાયો લઈ બજારમાં નીકળી. રસ્તે ચાલતાં ચાલતાં તે બોલતી જાય કે 'ઉભિયા નહીં, આડિયા નહીં, બીચમેં ભમ્મર જાલી નહીં. લો મેરા ખટિયા.' ફક્ત એક પાયાવાળો તે કાંઈ ખાટલો કહેવાય ? બાઈ ગમે તેટલી જાહેરાત કરે પણ આવો 'ખાટલો' કોણ લે ? માટે જેમાં ધર્મ નહીં, જ્ઞાન નહીં, વૈરાગ્ય નહીં અને ભક્તિ પણ નહીં ને કેવળ તિલકચાંદલો કરીને 'હું એકાંતિક છું' એમ બોલવા માંડે તો તેને કોણ એકાંતિક કહે ?

સાચો એકાંતિક ધર્મ સિદ્ધ થાય તો તેમાં કોઈ વાસના રહે જ નહીં. શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૧મા વચનામૃતમાં કહ્યું છે : 'જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય.'

યોગીજી મહારાજે યોગીગીતામાં એકાંતિકનો વિશિષ્ટ અર્થ કર્યો છે :

'કોઈ બે શબ્દ કહે તે ખમવું. આપણી ભૂલ ન હોય તો પણ ખમવું. સહન કરે એ એકાંતિક.'

સત્સંગિજીવન(૪/૬૭/૨૫-૪૦)માં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત ભગવાનના સંબંધવાળા પ્રવૃત્તિધર્મ અને નિવૃત્તિધર્મ બંનેને એકાંતિક-ધર્મ કહ્યા છે. આવા પ્રકારના એકાંતિક ધર્મનું વિશેષ નિરૂપણ કરતાં શતાનંદ મુનિ કહે છે કે 'જેની આંતર અને બાહ્ય વૃત્તિઓ સ્વાભાવિકપણે ભગવાનમાં વળગેલી રહે છે તે ભક્તને એકાંતિક કહેવાય છે. આવા ગૃહી ભક્તોએ અહિંસક દ્રવ્યયજ્ઞો દ્વારા અને ત્યાગી ભક્તોએ બ્રહ્મયજ્ઞ, તપયજ્ઞ અને યોગયજ્ઞ દ્વારા શ્રીહરિને આરાધવા.'

શ્રીહરિએ ગઢડા અંત્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં આ જ વાતની પુષ્ટિ કરતાં કહ્યું છે કે 'ધર્મ તો બે પ્રકારનો છે. એક નિવૃત્તિધર્મ ને બીજો પ્રવૃત્તિધર્મ તે બંને પ્રકારનો ધર્મ તે ભગવાનના સંબંધે સહિત છે અને ભગવાનના સંબંધે રહિત પણ છે. તેમાં ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ પ્રહ્‌લાદ, અંબરીષ એ આદિક જે ભક્તજનો તેનો છે, અને એ ધર્મને જ ભાગવત ધર્મ કહે છે તથા એકાંતિક ધર્મ કહે છે, ને તે ધર્મ અને ભક્તિ તો બે નથી, એક જ છે.'

આવા એકાંતિક ધર્મની પ્રાપ્તિ માટે શતાનંદ સ્વામી કહે છે :

'साक्षाद्भगवतः संगात् तद्भक्तानां च वेदृशाम् ।
धर्मो ह्येकांतिकः पुम्भिः प्राप्यते नाऽन्यथा क्वचित् ॥' (૪/૬૭/૩૪)

સાક્ષાત્ ભગવાન કે ભગવાનના ધારક સત્પુરુષ દ્વારા જ આ એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે. શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૬૦મા વચનામૃતમાં આ જ વાત કરી છે કે 'જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.'

## ૩૧. જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય

જેના થકી એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે તેવા ભગવાનના અખંડ ધારક સત્પુરુષને શ્રીહરિએ અત્રે આદર્શ સાધુ કહ્યા છે. શ્રીહરિ આવા સાધુ માટે રાજાની રાણીનું દૃષ્ટાંત આપતાં કહે છે, 'જેમ રાજા હોય ને તેની રાણી હોય,

૩. કારણ એટલે નિયંતા એમ યોગીજી મહારાજ કહેતા.

તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો હુકમ રાજાનો ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે; તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે.' અત્રે રાણીની ઉપમા દ્વારા જે સાધુ કહ્યા છે તે સાધુને અક્ષરબ્રહ્મ સમજવા, પણ અક્ષરમુક્ત ન સમજવા, કારણ કે અક્ષરમુક્તોને શ્રીહરિએ લોયા પ્રકરણના ૧૩મા વચનામૃતમાં રાજાના ચાકરની ઉપમા આપી છે. રાણી અને ચાકર એક ન કહેવાય, એટલે અક્ષરમુક્તોથી અક્ષર પર છે એમ સમજવું. વળી, ગઢડા પ્રથમ પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે કે 'અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા, એવા અનંતકોટિ મુક્ત રહ્યા છે.' આ શબ્દો જ સૂચવે છે કે જેનું સાધર્મ્ય પામીને મુક્તો અક્ષરમુક્તો કહેવાય છે તે અક્ષરબ્રહ્મ મુક્તોથી પર જ હોય તેમાં શું કહેવું ?

બ્રહ્મસૂત્રના 'अक्षराम्बरधृतेः(१/३/९)' તથા 'सा च प्रशासनात् (१/३/१०)' સૂત્રો ઉપરના બૃહદારણ્યક ઉપનિષદના વિષયવાક્યમાં કહ્યું છે કે 'एतस्य वाऽक्षरस्य प्रशासने गार्गि! सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः (३/८/९)' પ્રકૃતિપુરુષ પર્યંત બધું અક્ષરના પ્રશાસનથી ચાલે છે. અત્રે યાદ રાખવું ઘટે કે અક્ષરનું આ પ્રશાસન એ પુરુષોત્તમથી અનુશાસિત છે, પરંતુ સ્વતંત્ર નથી.

શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે 'બ્રહ્મ જે તે પ્રકૃતિપુરુષ આદિક સર્વના કારણ છે ને આધાર છે ને સર્વને વિષે અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે... અને એ બ્રહ્મ થકી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તે નોંખા છે ને તે બ્રહ્મના પણ કારણ ને આધાર ને પ્રેરક છે.'[3]

રઘુવંશમાં કવિ કાલીદાસ કહે છે કે, 'રાજા દિલીપે પુત્રજન્મની વધાઈ આપનાર પોતાના અનુચરોને, કોઈનેય ન આપી શકાય તેવી ત્રણ વસ્તુઓ પોતાની પાસે રાખીને, મોં માગ્યું દાન આપ્યું. તે ત્રણ વસ્તુઓ કઈ હતી તે જણાવતાં કાલીદાસ કહે છે :

'अदेयम् आसीत् त्रयमेव भूपतेः।
शशीप्रभं छत्रं उभे च चामरे ॥' (३/१६)

ચંદ્રથી પ્રભાવાળું છત્ર અને બે ચામર. આ ત્રણ વસ્તુ રાજા કોઈને પણ દાનમાં આપી શકે નહીં, કારણ કે આ ત્રણ વસ્તુ રાજચિહ્નો છે. તે જો આપી દે તો તે રાજા જ મટી જાય. તેમ કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથાકર્તુમ્

આ ત્રણ શક્તિઓ ભગવાન કોઈને આપતા નથી.

આ જ વાત શ્રીહરિએ લોયા પ્રકરણના ૧૩મા વચનામૃતમાં જણાવી છે. તેમાં શ્રીહરિ કહે છે : 'અને (શ્રીહરિ પોતે) 'कर्तुमकर्तुमन्यथाकर्तुं' સમર્થ છે. તે જો પોતાની ઈચ્છામાં આવે તો એ અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એક જ વિરાજમાન રહે અને સૂઝે તો એ સર્વે મુક્ત તેમણે સેવ્યા થકા તેમની ભક્તિને અંગીકાર કરે ને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો તે અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.'

આ બધા સંદર્ભોનો અર્થ એ થયો કે રાજાને લઈને રાણીનું રાજ્ય છે, પણ સ્વતંત્ર નથી. આ વિધાનના સંદર્ભમાં સ્વામીશ્રીએ અટલાદરામાં તા. ૯-૯-૨૦૦૫ના રોજ વાત કરી હતી : 'જો એ (મહારાજ) ન ચાલવા દે તો (ભક્તનું) ચાલે ? એ તો ભગવાનની ઈચ્છાથી ચાલે છે, 'મારાથી ચાલે છે' એ અભિમાન ખોટું. આપણે તો ભગવાનને પ્રાર્થના જ કરવાની હોય. ભગવાન આપણી પ્રાર્થના સાંભળે છે એ એમની દયા છે.'

આ ભાવાર્થ સાથે શ્રીજીમહારાજ અત્રે કહે છે કે 'અનંતકોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તે ભગવાનને અર્થે જેમ અનંત પ્રકારની ભેટ-સામગ્રીઓ લાવે છે, તેમ સાધુને અર્થે પણ લાવે છે ને ભગવાનને પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય સામર્થીને પામે છે.' આમાં 'ભગવાનને પ્રતાપે કરીને' આ શબ્દો મહત્ત્વના છે.

એકવાર એક નિઃસંતાન બ્રાહ્મણને ઘરે નારદજી ગયા. બ્રાહ્મણે નારદજીને કહ્યું : 'તમે ભગવાનને પૂછજો કે મારે પુત્રપ્રાપ્તિ છે કે નહીં ?' નારદજી તો ભગવાનનું મન. તેઓ તરત જ ઉત્તર લાવ્યા : 'ભગવાન કહે છે કે તારે સાત જન્મમાં પુત્રપ્રાપ્તિનો યોગ નથી.' બ્રાહ્મણ તો નિરાશ થઈ ગયો. પછી એકવાર એક પરમ વૈષ્ણવ સાધુ તેને ઘેર આવ્યા. બ્રાહ્મણની પત્નીએ સાધુને ભાવથી જમાડીને તૃપ્ત કર્યા. સાધુએ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા : 'સપ્તપુત્રા ભવ' અને સંતના આશીર્વાદથી બ્રાહ્મણને એક પછી એક એમ સાત પુત્રો જન્મ્યા.

એકવાર ફરીથી નારદજી આ બ્રાહ્મણને ઘેર આવ્યા. ત્યાં તેમણે ઘરમાં

બાળકો દીઠા. તેમને થયું કે નિ:સંતાન બ્રાહ્મણે ઘરે બાલમંદિર શરૂ કર્યું લાગે છે. પણ બ્રાહ્મણ દ્વારા જાણ્યું કે આ બધા બાળકો તો તેમના જ છે. નારદજીને થયું કે 'ભગવાને મારી મશ્કરી કરી ! માટે ભગવાનને ઠપકો આપવા વૈકુંઠમાં જાઉં.' તેમણે વૈકુંઠમાં જઈને જોયું તો ભગવાનને પેટમાં દુ:ખવા આવેલું. તેથી બધી પટરાણીઓ ઉપચારમાં પડેલી હતી. ત્યાં નારદજીને આવેલા જોઈ ભગવાને કહ્યું : 'નારદ ! મને નથી રહેવાતું. મારા પેટમાં ખૂબ દુ:ખે છે.'

નારદજીએ કહ્યું : 'ભગવન્ ! વૈદ્યરાજ અશ્વિનીકુમારને બોલાવી લાવું.'

ભગવાન કહે : 'એથી દુ:ખ મટે તેમ નથી. જો કોઈ વૈષ્ણવ તેનું કાળજું આપે, તો દુ:ખ મટે તેમ છે.'

નારદજી બોલ્યા : 'ભગવન્ ! એમાં શું ? મૃત્યુલોકમાં ઘણા વૈષ્ણવ છે. હમણાં જ ત્યાં જઈને કોઈ એકનું કાળજું લઈ આવું છું.' આમ કહી તેઓ તો તરત જ ઊપડ્યા. જે સાધુએ પેલા બ્રાહ્મણને સાત પુત્રો આપેલા, તે જ સાધુ દૈવયોગે મૃત્યુલોકમાં મળી ગયા. નારદજીએ તેમને કહ્યું : 'વૈકુંઠમાં ભગવાનને પેટમાં દુ:ખે છે, તે દુ:ખ દૂર કરવા ભગવાને તમારા જેવા વૈષ્ણવનું કાળજું મગાવ્યું છે. માટે તમારું કાળજું આપો તો હું લઈ જાઉં.'

સાધુ તો રાજી રાજી થઈ ગયા. તેમને થયું : 'ભગવાન તો મારું જીવન છે. મારું કાળજું જો ભગવાનના દુ:ખનિવારણ માટે કામમાં આવવાનું હોય, તો મારાં મોટાં ભાગ્ય કહેવાય !' પછી તેમણે કહ્યું : 'નારદજી ! હું જાતે જ આવીને મારું કાળજું ભગવાનને અર્પણ કરું, જેથી મને ભગવાનનાં દર્શન પણ થઈ જાય.'

નારદજી કહે : 'ચાલો, ઝટ ચાલો મારી સાથે.'

પછી નારદજી તેમને વૈકુંઠમાં લઈ આવ્યા. ત્યાં તો વળી તેમણે નવી જ લીલા જોઈ. ભગવાન તો હસતા રમતા સિંહાસને બિરાજેલા હતા. આ જોઈ નારદજી ગુસ્સે થઈ બોલ્યા : 'ભગવન્ ! તમારા માટે હું આ વૈષ્ણવને કાળજું આપવા સારુ લઈ આવ્યો ને તમે તો એમ ને એમ સાજા થઈ ગયા ! મારી ફરી મશ્કરી કરી !'

ત્યારે ભગવાને હસતાં હસતાં કહ્યું : 'નારદ ! મેં જયારે તમને કોઈ વૈષ્ણવનું કાળજું લાવવા કહ્યું, ત્યારે તમે પોતે વૈષ્ણવ જ છો. તો તમારું કાળજું કેમ ન આપ્યું ? શું તમારું કાળજું ઝાડ ઉપર સૂકવવા મૂક્યું હતું, તે

બીજાનું શોધવા દોડ્યા ? આ સાધુ મને કાળજું આપવા આવ્યા છે. માટે જે કાળજું આપી શકે, તે સાત પુત્રો પણ આપી શકે.'

ભગવાનને પ્રતાપે કરીને ભક્તોમાં પણ આવું સામર્થ્ય આવે છે.

જૂનાગઢમાં મરકીનો રોગ થયો હતો. રોગચાળો ન ફેલાય તેથી નવાબ સાહેબે જૂનાગઢમાં બહારગામથી કોઈ ન આવે તેવી સખત બંધી કરી હતી. તેવામાં ધોરાજીથી પ્રતિષ્ઠિત મુસલમાનોની જાન આવી. ચોકીદારે તેમને પેસવા ન દીધા. ગામમાં તો વેવાઈપક્ષે મોટો જમણવાર ગોઠવેલો. તે બધા મૂંઝાયા. નવાબ સાહેબને અરજ કરવા જવાય તેમ નહોતું. પછી તેઓ કોઈની સલાહથી નવાબના પાટવી કુંવર એવા શાહજાદા છોટુમિયાં પાસે ગયા ને જાનને પ્રવેશ મળે તેવી વિનંતિ કરી. પરિસ્થિતિ જાણીને છોટુમિયાંને દયા આવી ગઈ. તેમણે દરવાજે હુકમ આપી દીધો કે 'જાનને આવવા દો.' પછી તો નવાબ સાહેબ સુધી વાત પહોંચી કે 'કોરન (બંધી) તૂટી.' નવાબ સાહેબ ગુસ્સે થઈ બોલ્યા : 'કિસને કોરન તોડી ?' વજીરે કહ્યું : 'છોટુમિયાંએ.' આ સાંભળી નવાબ સાહેબ તરત જ રાજી થઈને બોલ્યા : 'તબ તો બહુત અચ્છા.'

નરસિંહ મહેતાએ સાચું ગાયું છે :

*'મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધ્યાં મેં ન છૂટે રે,*
*એકવાર જો મુને વૈષ્ણવ બાંધે, તે બંધન મેં ન છૂટે રે,*
*પ્રાણ થકી મુને વૈષ્ણવ વ્હાલા...'*

ભગવાનને પ્રાણ થકી વ્હાલા એવા તેમના ઉત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ સાધુનો આવો મહિમા છે. ગુણાતીતાનંદ સ્વામી પણ સાક્ષી પુરાવે છે : 'સાધુ જેવી કોઈ વાત નથી ને મહારાજ પણ સાધુના સમ ખાય છે ને ભગવાનનું કામ સાધુ વતે થાય.' (સ્વામીની વાતો : ૬/૧૩૧). એટલે જ શ્રીહરિ અત્રે કહે છે કે 'સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી.'

## ૩૨. સાધુની પદવી

શ્રીહરિએ કહેલ સાધુની પદવીનું નિરૂપણ હવે માણીએ.

અભ્યાસ ક્ષેત્રે, સંશોધન ક્ષેત્રે, સાહિત્ય ક્ષેત્રે, કલા ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે, રમત-ગમતના ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે કે સામાજિક ક્ષેત્રે દેશવિદેશમાં ઘણા લોકો ઘણી ઘણી પદવીઓ મેળવે છે. ઘણીવાર યુનિવર્સિટીઓ, સરકાર કે અન્ય

પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા વ્યક્તિની વિશિષ્ટ સિદ્ધિઓ માટે કે સમાજમાં કરેલી વિશિષ્ટ સેવાની કદરરૂપે ભિન્ન ભિન્ન, નાની-મોટી માનદ પદવીઓનું પ્રદાન કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવવા દેશવિદેશની વિખ્યાત યુનિવર્સિટીઓમાંથી વિવિધ વિષયોની વિશિષ્ટ પદવીઓ લેવા માટે પ્રયત્નશીલ હોય છે. વિવિધ ક્ષેત્રોના સંશોધકો પણ જીવનભર કોઈ શોધ માટે મંડેલા હોય છે. તેઓ પણ શોધના ફળરૂપે પદવીઓ મેળવે છે.

કોઈ કોઈ પદવીપ્રિય માણસો પૈસા ખર્ચીને પણ પદવીઓ મેળવે છે. વળી કોઈક તો પદવીની પ્રાપ્તિ માટે કેટલીય ભલામણો માટે ભટકે છે. કોઈક તો કેટલીય પ્રકારની તરકીબો પણ કરે છે. એક ભાઈએ એક પણ પૈસો ખર્ચ્યા વગર, કોઈની પણ ભલામણ વગર અને વિશેષમાં તો કશી જ યોગ્યતા વગર ભારત સરકારની 'ભારતરત્ન' નામની પદવી મેળવી લીધી ! જાણો છો કઈ રીતે ? તેમણે પોતાના બાળકનું નામ ભારતરત્ન પાડ્યું. જ્યારે પુત્રનું નામ લખાય ત્યારે પ્રથમ પુત્રનું નામ ભારતરત્ન આવે, પછી પોતાનું નામ લખાય અને તેની પાછળ પોતાની અટક લખાય. 'ભારતરત્ન'ની પદવીથી વિભૂષિત થવાનો કેવો સુગમ માર્ગ !

વિશ્વમાં વિવિધ પદવીઓથી શોભતાં ઘણાં મળે, પણ જેમનાથી પદવી શોભી ઊઠે તેવા જૂજ હોય છે. મોભાદાર પદવીઓ મેળવનારાઓમાંથી કોઈ કોઈ તો જીવનમાં નિષ્ફળ ગયા છે. કોઈકે તો આત્મહત્યા પણ કરી છે. આ યાદીમાં અમુક નોબેલ પારિતોષિક વિજેતાઓનો પણ સમાવેશ થયો છે.

ઘણીવાર આ પદવીઓમાં સામાજિક મોભો વિશેષ હોય છે. અમુક પદવીધારીને પોતાના નામની આગળ અને પાછળ પદવીઓ લખવા-લખાવવાનો શોખ હોય છે. જો તેમાં એકાદ પદવી લખવાની કે સભામાં જાહેરાત વખતે બોલવાની રહી જાય તો બહુ ધોખો કરે. તેમને બોલાવામાં પણ પદવી સહિત જ બોલાવવા પડે ! જૂના રજવાડા સમયના કોઈ એક ગામધણીના વંશજ પૈસે ટકે સાવ ઘસાઈ ગયા હતા. પછી ડ્રાઈવરની નોકરી કરતા હતા, છતાં ટપાલમાં તેમના નામ આગળ 'નામદાર કુમાર સાહેબ' એવું લખવું જ પડે, નહિતર ટપાલ લે નહીં !

યુનિવર્સિટીઓમાં પદવીઓની પ્રાપ્તિ માટેનો નિર્ધારિત સમય હોય છે,

પણ જે પદવી મેળવતાં વરસોનાં વરસો કે જન્મોના જન્મો પણ વીતી જાય અને જો અતિશય શ્રદ્ધા, ખપ અને સાચા સાધુનો સમાગમ હોય તો અતિ અલ્પ સમયમાં પણ મળી જાય, તે પદવી છે સાધુની પદવી.

વાસ્તવમાં તો આ પદવી મેળવવાની નથી, એ તો વ્યક્તિમાં યોગ્યતા કેળવાય એટલે આપોઆપ જીવનમાં આવી જાય છે.

ગુજરાતના ચિંતક સુરેશભાઈ જોષીનું કહેવું છે કે પદવીઓ પ્રાપ્ત કરી લૌકિક કીર્તિ મેળવવાના ધખારામાં સર્જકની સાધનામાં ઉણપ આવે છે. સર્જકની દૃષ્ટિ પોતાની કૃતિના સત્ત્વ ઉપરથી ખસી જાય છે. ચંદ્રકો અને ઈનામો મેળવવાના ચક્કર ઉપર ચડી જવાય છે. વિદ્યાપીઠો કે સરકારી સમિતિઓમાં સ્થાન પામવા પડાપડી, જાહેર સન્માન, માનપત્ર, ષષ્ઠીપૂર્તિ વગેરેમાં જીંદગીના છેલ્લા શ્વાસ સુધી કીર્તિ માટે દોડ મૂકતો લેખક દયામણો લાગે છે. આમાં તેને આત્મ-શોધનનો સમય જ ક્યાંથી મળે ?

શ્રીહરિના સંતકવિઓ હાડે સાધુ હતા એટલે તેમને શ્રીહરિની પ્રસન્નતા સિવાય, પદવી કે પ્રસિદ્ધિની કોઈ પરવા જ નહોતી. તેથી જ તો તેમની કૃતિઓમાં આજેય દિવ્યતાની અનુભૂતિ થાય છે.

સને ૧૯૯૫ના ઑક્ટોબરની સોળમી તારીખે આફ્રિકાના કમ્પાલા શહેરમાં સ્વામીશ્રીએ કહેલું, 'મોટામાં મોટી ડિગ્રી સાધુતાની. એની સાથે વિદ્વત્તા હોય તો વધારે શોભે. પ્રવચન સારું કરે, સભાને રંજન કરે, લોકોને રોકી રાખે પણ સાધુતા વગર નકામું. જોગીબાપામાં એક સાધુતા હતી તો બધું શોભ્યું. અમારે એ મુખ્ય.'

યોગીજી મહારાજે આ વાતની પુષ્ટિમાં યોગીગીતામાં કહ્યું છે : 'મોટપ શું ? ગાદી મળે, પાટ મળે ઈ ? ના, હૃદયમાં શાંતિ રહે એ મોટપ. મોટાપુરુષના ગુણ આવ્યા હોય તો હૃદયમાં શાંતિ રહે.' સાધુતાના ગુણ ન હોય છતાં મોટપ ઝંખનારને કોઈ દિવસ શાંતિ નથી હોતી.

સને ૨૦૦૫ના એપ્રિલની ૨૮મી તારીખે ૯૭ વર્ષની ઉંમરે જેમનો દેહવિલય થયો એવા પરમ શ્રદ્ધેય સ્વામીશ્રી રંગનાથાનંદજી આંતરરાષ્ટ્રીય રામકૃષ્ણ મિશનના પ્રમુખ હતા. તેમણે તા. ૨૦-૧૦-૧૯૯૦ના રોજ પશ્ચિમ બંગાળમાં પુરીલિયા વિસ્તારમાં આવેલી રામકૃષ્ણ મિશન વિદ્યાપીઠમાં તેમના સાધુઓને સંબોધતાં કહેલું :

"તમે સાધુ છો એ જ તમારી મહત્તા છે. એક વખત સને ૧૯૬૨-૧૯૭૨ના દાયકા દરમ્યાન (લગભગ ૧૯૭૦ની આસપાસ) સાંસ્કૃતિક સંસ્થામાં શ્રી કે. કે. રોયે મને ફોન ઉપર કહ્યું કે 'પદ્મભૂષણની પદવી માટે આપનું નામ અમે ભારત સરકારને સૂચવવા માગીએ છીએ.' ત્યારે આ વાત ઉપર હું હસ્યો. ત્યારે શ્રી રોયે કહ્યું : 'મહારાજશ્રી ! મને ખબર જ હતી કે તમને આ ગમશે નહીં, પણ અમારી ફરજ છે કે અમારે આપનું નામ સૂચવવું જોઈએ, તેથી મેં આપને ફોન કર્યો.' પછી મેં તેમને કહ્યું : 'હું શા માટે હસ્યો એ વાત તમને કહું. હું રામકૃષ્ણ મિશનનો સાધુ છું. 'સ્વામી' એટલે કે 'સાધુ' શબ્દમાં મને મોટામાં મોટું સન્માન મનાય છે. 'સ્વામી' એટલે કે 'સાધુ' એ મોટામાં મોટું પદ છે. મારા માટે એથી બીજી કોઈ પદવી મહાન નથી. છતાં હું હસ્યો તેનું એક બીજું કારણ પણ છે તે હું તમને જણાવું. ધારો કે, તમે મારું નામ ભારત સરકારને સૂચવ્યું અને મારે તે પદવી લેવા માટે રાષ્ટ્રપતિની સામે જઈને ઊભા રહેવાનું થયું, પણ આ રાષ્ટ્રપતિ કોણ ? એ વિષયક તમે એક પ્રસંગ નહીં જાણતા હો તે તમને કહું. આ રાષ્ટ્રપતિ એટલે ડૉ. રાધાકૃષ્ણન્. તેઓ એકવાર કરાંચીમાં મારા મહેમાન થયા હતા. અમે બંને બાજુબાજુમાં બેઠા હતા. ત્યારે તેઓએ મારી સામું જોઈને મને કહ્યું : 'સ્વામી ! મને તમારી ઈર્ષા થાય છે, ખરેખર મને તમારી ઈર્ષા થાય છે, કારણ કે મારે પણ તમારી જેમ સાધુ થવું હતું, પરંતુ મને બહુ વહેલો પરણાવી દેવામાં આવ્યો. તેથી તમારી ઈર્ષા કરું છું.' હવે તમે જ કલ્પના કરો કે જે માણસ મારા સાધુપદની ઈર્ષા કરતો હોય તેની આગળ મારે આ સામાન્ય (તુચ્છ) પદવી લેવા ઊભા રહેવાનું થાય તે કેવું લાગે !' મેં આ બધું શબ્દશઃ શ્રી કે. કે. રોયને કહ્યું. આ સાંભળી તેઓ એકદમ રાજી થઈ ગયા અને ત્યારપછી આ પદવી માટે તેમણે કોઈ દિવસ ભારત સરકારને મારું નામ સૂચવ્યું જ નહીં. મેં તો મનોમન દૃઢ કરી રાખ્યું છે કે 'હું રામકૃષ્ણ મિશનનો સાધુ છું.' આ સાધુ-પદવીમાં કશું જ વિશેષ ઉમેરવાની જરૂર નથી. આ જ મોટામાં મોટી પદવી છે."

આવું માનનાર અને તે મુજબ જીવન જીવનાર સાધુની આગળ સન્માનો પણ શરમાઈ જાય છે.

સામાન્યતઃ જટાધારી કે મુંડ મુંડાવેલા કે ટીલાં-ટપકાં કરીને, ગળામાં મોટી માળા નાખીને, ધોળું કે ભગવું વસ્ત્ર પહેરીને ફરનારને લોકો સાધુ જાણે

છે, પરંતુ આવા સાધુમાં સાધુતાનો 'સા' ન હોય તો તેમાં ધૂતા જ બાકી રહે છે. એટલે કે સાધુ થવું સહેલું છે, પણ સાધુતા કેળવવી અઘરી છે. 'સાધુ થાવું ને સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા' આ ગુણાતીતાનંદ સ્વામીની બીજા પ્રકરણની ૧૪૩મી વાત યોગીજી મહારાજે સને ૧૯૫૭માં મહુવા પાસેના ભાદ્રોડ ગામે સાથે ફરતા યુવકોને પાંચ વખત બોલાવરાવી હતી.

ઉત્તમ સંગીતકાર અલ્લાઉદ્દીનખાં કહેતા : 'મૈંને મેરી જિંદગીમેં સંગીત કા સચ્ચા 'સા' દો યા તીન બાર ગાયા બજાયા હોગા.' સંગીતમાં નિષ્ણાત દેવગાંધર્વ પણ કહેતા : 'મૈં અભીતક 'સા' ઢૂંઢતા હું.' આનો અર્થ એ થયો કે સાચા સંગીતકાર થવું દુર્લભ છે. જેમ હાથમાં સારંગી ઝાલી એટલે સંગીતકાર ન થઈ જવાય, તેમ સાધુનાં કપડાં પહેરવાથી સાધુ ન થઈ જવાય. સાધુ થવું એટલે સમગ્ર વ્યક્તિત્વને બદલવું પડે.

ભારતવર્ષમાં ત્યાગાશ્રમ એ ચતુર્થ આશ્રમ છે. એટલે સાધુઓ પણ સમાજનું અવિભાજ્ય અંગ છે. દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, જુગાર ન રમવો, આચાર-વિચાર બરાબર પાળવા વગેરે નૈતિક મૂલ્યોનું સમાજમાં પ્રસ્થાપન અને સંસ્કૃતિ સંવર્ધનનું કાર્ય, પોતાના સાધુતાના નિયમોમાં દૃઢ રહીને, સાધુસંસ્થા કરે છે. એટલે વિવેકાનંદ સ્વામીએ કહ્યું છે કે 'સાધુએ પોતાનો મોક્ષ કરવો અને જે જગત તેમને અન્ન-વસ્ત્રથી પોષે છે તેનું હિત કરવું.' આ બે કાર્ય સાધુએ કરવાનાં છે.

કથાકારો કથા કરી શાસ્ત્રોનું જ્ઞાન પ્રજાને પીરસે, પણ તે વ્યક્તિને તે પ્રકારનું જીવન જીવતા કરવાનું કાર્ય સાધુસમાજનું છે. એટલે સાધુઓ અતિ નિર્મળ જોઈએ. તેમનામાં દૂષણો હોય તો તેમનાથી સમાજ સુધરે નહીં. મેલે મેલું ન ધોવાય.

શાસ્ત્રોએ સાધુનો મહિમા ખૂબ ગાયો છે. તેથી આ મહિમાની ઓથે સાધુનાં લક્ષણ વગરના દંભી સાધુઓ સમાજને છેતરે છે, એટલે બ્રહ્માનંદ સ્વામી આવા સાધુઓથી સમાજને ચેતવવા કહે છે :

*'કોઈ સંત અનંત ફીરે જગમેં, રહે દામ વામ જેની દગ મેં,*
*તું ભૂલીશ મા ધોળે ભગવે.'*

વળી કહે છે :

*'સંત ભેખ ધર્યા અરુ દ્વેષ કરે, લવલેશ વિચાર ન જોવતા હૈ,*

*તેરે અંતર તો મહામેલ ભર્યા, અરુ બાહેર તનકું ધોવતા હૈ,*
*તેરે અંતર ઝાલ જંપી નહીં કામકી રામકી કે લિયે રોવતા હૈ,*
*બ્રહ્માનંદ કહે માંહીસે મન મુંડે બિન, મુંડ મુંડે ક્યા હોવતા હૈ.'*

નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

*'કરે કથા કીરતન કાવ્ય, અરથ એ સારવા,*
*ભલો દેખાડે ભક્તિનો ભાવ, પરઘર મારવા,*
*એથી કેદી ન થાય કલ્યાણ, જિજ્ઞાસુને જાણવું,*
*કહે નિષ્કુળાનંદ નિરધાર, પેખી પરમાણવું.'*

અસાધુમાં લોકો ભૂલા ન પડે એટલે ગીતાભાગવત વગેરે શાસ્ત્રોએ સાધુના મહિમાની સાથે સાધુનાં લક્ષણો પણ કહ્યાં છે.

આ સર્વશાસ્ત્રોના સારરૂપે નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ' ગ્રંથના બીજા પ્રકરણમાં 'એવા સંતને નામું હું શીષ' આ ધ્રુવપંક્તિ રાખીને સંતનાં લક્ષણો વર્ણવ્યાં છે. તેમાંથી થોડાં જોઈએ : 'રાખ્યું બ્રહ્મચર્ય અષ્ટઅંગ, અતિ તજ્યો ત્રિયાનો પ્રસંગ, પંચવિષયશું રાખ્યો દ્વેષ, કામ દ્રવ્ય ને માન છે જેહ, તેહ સારું ધર્યો નથી દેહ, સુણી પારકા દોષ ને દાટે, કેની નિંદા દ્રોહ નહીં લેશ, કૃપાળુને પરઉપકારી, નિરભે બ્રહ્મવિત પુનિત, ભક્તિ વિનય દ્દઢ વિચાર, આપે બીજાને માન અપાર, ક્ષમાવાન[૧૧૧] ને સરળચિત્ત, સદા સ્મરણ ભજન કરે, વળી ધ્યાન મહારાજનું ધરે, સ્થિર મતિ અતિશય ધીર, નહિ અનર્થ ઈર્ષા-ક્લેશ, એવા સંતને નામું હું શીશ.'

શ્રીહરિએ શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિ - આ ત્રણ ગ્રંથોમાં સાધુના ધર્મો જણાવ્યા છે. તેમાં અષ્ટાંગ બ્રહ્મચર્ય અને દ્રવ્યનો ત્યાગ તથા શ્રીહરિની ભક્તિ એ મુખ્ય ધર્મો છે, છતાં ખમવું, સરળતા, સુહૃદભાવ, મનગમતું મૂકવું, કોઈનો અભાવ-અવગુણ નહિ, ગમે તેવા ભીડામાં મહિમા-પૂર્વક રહેવું વગેરે ગુણો પણ મહત્ત્વના છે, કારણ કે કોઈ સાધુ ધનસ્ત્રીનો દ્દઢ ત્યાગી હોય છતાં મહા ખટપટી હોય, મોળી વાત કરતો હોય, અભાવ અવગુણની વાતો કરતો હોય, ભગવાન અને ગુરુમાં મનુષ્યભાવ પરઠતો

---

૧૧૧. કચ્છમાં સંતોને વેરાગીઓનું દુઃખ હતું. આ જાણી શ્રીજીમહારાજે સંતોને કહ્યું : 'સંતો ! પૃથ્વી ઉપર જે સુખ નથી તે તમને મળ્યું છે. તમને ભગવાન મળ્યા છે. દુઃખથી હારે તે સાધુ નહીં. માટે ક્ષમા રાખવી.'

હોય કે મનસ્વી હોય, તો કેવળ ધન-સ્ત્રીના ત્યાગથી તે સાધુ સાધુતાવાળો છે એમ ન કહેવાય, પરંતુ તે નિયમધર્મવાળો છે એમ કહેવાય. ધનસ્ત્રીનો ત્યાગ સોના જેવો ગુણ છે. તેમાં જો ઉપર વર્ણવેલા સાધુતાના ગુણો ભળે, તો સોનામાં સુગંધ ભળે એમ તે સાધુ શોભી ઊઠે.

શ્રીહરિના કવિ પરમહંસોએ પોતાનાં કીર્તનોમાં સાધુનાં સુંદર લક્ષણો ગાયાં છે. મુક્તાનંદ સ્વામીએ *'સંતજન સોહી સદા મોહે ભાવે.'* આ ચાર પદોમાં તેમજ *'સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે.'* આ પદોમાં અને આવાં જ અન્ય પદોમાં સાધુનાં લક્ષણો બતાવ્યાં છે.

બ્રહ્માનંદ સ્વામીએ હજારો પદો રચ્યાં છે અને સવૈયાઓ પણ રચ્યા છે. તેમાંથી સાધુનાં લક્ષણ જણાવતા બે સવૈયા સાંભળીએ.

*'ગૌરવ રૌરવ તુલ્ય ગને, પ્રભુતાઈ સો પાપ સમાન ગહે હૈ,*
*કાલસમા સતકારકું જાનત, કંચન ગાર સમાન રહે હૈં;*
*નારિ સો નાગનિ કારી સમાન હૈ, યારી સો તો જમ દ્વારી લહે હૈ,*
*કોમલ અંતર બ્રહ્મમુનિ કહે, સો સતશાસ્ત્ર મેં સંત કહે હૈં.'*
*'નિષ્કામ સદા મન રામરીઝાવન, દામ રુ વામસે દૂર હૈ જી,*
*લવલેશ નહીં જાકે લોભહુંકા, નહીં કામ ન ક્રોધ ન ક્રૂર હૈ જી,*
*મનપ્રાન ઈંદ્રિયકે મામલે સે, હઠે નહીં પીછા ઐસા શૂર હૈ જી,*
*બ્રહ્માનંદ કહે સત્ય બારતા કું, ઐસે સંત મેં શ્યામ હજુર હૈ જી.'*

વળી, દેવાનંદ સ્વામીએ 'શીલવંતા સાધુ સાંભળજો કરી પ્રીતિ.' આ પદોમાં સાધુઓનાં લક્ષણો હેતથી ગાયાં છે.

શ્રીહરિએ સ્વયં ઘણાં વચનામૃતોમાં સાધુનાં લક્ષણો વર્ણવ્યાં છે. તેમાં ગઢડા પ્રથમ પ્રકરણના ૪૪મા વચનામૃતમાં સાધુનું સર્વોત્તમ લક્ષણ બતાવતાં કહ્યું છે : 'જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે, ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ અને દેહના સંબંધીને વિષે અહં-મમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે અને એવો સાધુ તો હું છું જે, મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી.' શ્રીહરિના આ

છેલ્લા વચનનો અર્થ એ થયો કે આવાં લક્ષણસંપન્ન સાધુ એ સહજાનંદસ્વરૂપ છે એટલે કે શ્રીહરિના અખંડધારક છે.

એકવાર સારંગપુરમાં રંગોત્સવ પ્રસંગે શ્રીહરિએ સંસારી સાધુ અને સાચા સાધુની વ્યાખ્યા કરતાં કહ્યું : 'ઉપરથી ડોળ રાખતા આવડે તેની જગત પૂજા કરે છે. પ્રપંચીની સાધુતા વધારે દેખાય. લોકોને રંજન કરવા વાતો બહુ સંઘરી રાખે, પણ સાચા સંત જીવના હિતનું જ અનુસંધાન રાખે છે, અને સંસારી જનો પોતાની મોટપ જાણે નહીં તેવી રીતે વાત કરે. પોતાનો તિરસ્કાર કરે તેના ઉપર પ્રસન્ન થાય. સંતના દોષ ક્યારેય કહે નહીં. આવો હોય તેની પૂરી સાધુતા કહેવાય.

જે પોતાની મોટપ માનીને બીજાને જણાવવા માટે ઉપાય કરતો રહે અને બીજાની મોટપ દેખી બળી મરે અને બે ચાર સંતની ઓળખાણ કરી બીજાનાં અપમાન કરે. બીજા જનોને ન્યાયી લાગે તેવી વાતો કપટથી બોલે, પણ કપટ જણાવવા દે નહીં. અહીંયાં પૂજાપ્રતિષ્ઠા પોતાની અપાર કરાવે અને બીજા સંતનો અન્યાય દેખાડે એવા સંસારીસાધુ બુદ્ધિમાન હોવાથી અમારી બધી વાત મુખે શીખી લે અને તે વાતો કરી લોકોને રંજન કરે અને સત્સંગમાં દોષ દેખાડે તો તે સુંદર દૂધપાક કરી છાનું ઝેર નાખી જમાડે તેના જેવો અમને લાગે છે.' (શ્રીહરિચરિત્રામૃત સાગર : ૧૪/૮૦-૯૦)

માણસ માણસમાં જેમ ફેર છે, તેમ સાધુ સાધુમાં પણ ઘણો ફેર છે. આ અંગે શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના ૬૦મા વચનામૃતમાં કહ્યું છે : '(જે એમ સમજતો હોય કે) આપણે તો બધાય સાધુ સરખા છે, કેને સારો નરસો કહીએ ? તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો.' આની પુષ્ટિમાં ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં (૧/૩૨૬) કહ્યું છે : 'વ્યવહારેણ સાધુઃ તે એક બીજાને વ્યવહાર પડવાથી સાધુતાની ખબર પડે છે, પણ તે વિના સાધુપણું જણાતું નથી.'

શ્રીહરિચરિત્રામૃતસાગર(૪/૩૬)માં શ્રીહરિ સાધુની પદવી વિષે કહે છે :

*'સાધુતા ગુન સબસે હૈ ભારી, હમ દેખે સબ શુભગુન ધારી;*
*સાધુતામેં સબ ગુન આવે, ઈનસે કોઉ બહાર ન કહાવે;*
*સાધુતાપદ સમ નહીં કોઉ;*
*સાધુતા ગુન આવન કાજા, તપ કરત કંઈ મુનિ રાજા.'*

શ્રીહરિનાં આ બધાં વચનો ઉપરથી જણાય છે કે સાધુ એ પદવી માત્ર નથી, પણ જીવનભરની જીવનપ્રણાલી છે. આવા સાધુને કીર્તિ કે ધનની આકાંક્ષા કે દેહભાવ હોતો જ નથી.

વિશ્વવિજય કરવા નીકળેલા સિકંદરને મેસિડોનિયામાં તેના ગુરુએ કહેલું કે ભારતમાં સાચા સાધુ વસે છે તેમનો સત્સંગ કરજે. ભારતની સરહદે પંજાબમાં પોરસને જીતીને સિકંદર પોતાના વતન તરફ પાછો ફરતો હતો, ત્યારે તેને તેના ગુરુનું વચન યાદ આવ્યું. તેણે તેના સરદાર ઓનેસિક્રિટસ(Onesecritus)ને કહ્યું : 'આટલા વિસ્તારમાં કોઈ સાધુ હોય તો મારે તેને મળવું છે.'

સરદારે માહિતી મેળવીને કહ્યું : 'અહીં તક્ષશિલા વિદ્યાપીઠના આચાર્ય ડંડામીસ (દંડમહર્ષિ) નામે સાધુ છે.' સિકંદરે તેમને બોલાવી લાવવા કહ્યું. દંડમહર્ષિ તો પર્ણકુટિરમાં સાદાઈથી રહેતા હતા. તેમને આ સરદારે કહ્યું : 'સમ્રાટ સિકંદર તમને બોલાવે છે. તમે આવશો તો મોટી ભેટો આપશે.'

દંડમહર્ષિએ કહ્યું : 'મારે સિકંદરને મળવાની લાલસા નથી ને મારે એની ભેટોના કચરાની પણ જરૂર નથી.'

સિકંદરે આ જાણ્યું એટલે ગુસ્સે થઈ કહેવરાવ્યું કે 'જો નહીં આવે, તો માથું કાપી નાખવામાં આવશે.'

દંડમહર્ષિએ આ સાંભળી કહ્યું : 'અમે મોતથી ડરતા નથી. ભારતનો સાધુ તો વગર માથે જીવે છે.'

સિકંદરને આ સમાચાર મળ્યા ત્યારે તેને કુતૂહલ થયું કે જેને કીર્તિ, ધન કે દેહની પડી નથી તે સાધુ કેવા હશે ! પછી તે નમ્રતાથી તેમનાં દર્શને આવ્યો ને પૂછ્યું : 'તમે માથા વગર જીવવાનું કેવી રીતે કહો છો ?'

દંડમહર્ષિએ કહ્યું : 'અમે દેહને પોતાનું રૂપ માનતા જ નથી. અમે તો પોતાને આત્મા માનીએ છીએ. દેહ નાશવંત છે ને આત્મા અજર અમર છે, એટલે ધડ ઉપર માથું હોય તોય અમે આત્મા છીએ અને ન હોય તોય આત્મા છીએ.' આ સાંભળી સમ્રાટ સિકંદરને આ સાધુની સાધુતા આગળ પોતાની સત્તા ને સમૃદ્ધિ વામણાં લાગ્યાં. તે આ સાધુસમ્રાટનો સત્સંગ કરી કૃતાર્થ થયો.

વિશુદ્ધાનંદ સ્વામીએ એકવાર વિવેકાનંદ સ્વામીને પૂછ્યું : 'રામકૃષ્ણ-દેવનો સંદેશો વિશ્વમાં કઈ રીતે ફેલાવવો.'

વિવેકાનંદ સ્વામીએ કહ્યું : 'આપણું જીવન રામકૃષ્ણદેવના આદેશ પ્રમાણે કરીએ તો સંદેશો આપોઆપ ફેલાઈ જશે.'

શ્રીહરિએ આ જ વાત પોતાના પરમહંસોને જુદા શબ્દોમાં કરી કે 'તમારું વર્તન વાતો કરશે.' અને શ્રીહરિના પરમહંસો સાધુતાના માધ્યમથી ગુજરાતમાં ફરતા. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિ ગ્રંથ(પ્ર. ૭૬)માં કહે છે :

*'ગુર્જરધરમાં સંત ફરતા કરતા હરિની વારતા,*
*પંચેવ્રતે પૂરાશૂરા, હરિને સંભારતા.'*

આ પંચવ્રતધારી સંતો ઘરે ઘરે, ખેતરે ખેતરે, કુંભારને ચાકડે, લુહારની કોઢે એમ બધે જ ફરીને લોકોને તેમના જ વ્યવસાયની ભાષામાં વાતો કરી, પંચવર્તમાન ધરાવી, શ્રીહરિનો આશરો કરાવતા.

ધરમપુરનાં મહારાણી કુશળકુંવરબાને પરમચૈતન્યાનંદ સ્વામીના અષ્ટાંગ બ્રહ્મચર્યના નિયમથી સત્સંગ થયેલો. કપડવંજના મોઢ બ્રાહ્મણોને સુખાનંદ સ્વામીના નિઃસ્વાદી વર્તમાન જોઈ સત્સંગ થયેલો.

લોકોના સત્સંગપ્રવેશનું પહેલું પગથિયું સાધુઓનું નિર્મળ જીવન છે. એટલે જ હરિલીલામૃતમાં કહ્યું છે :

*'સદ્‌ધર્મવાળા શુભ હોય સંત,*
*એનાથી સત્સંગ વધે અનંત.*
*ભલે ભણેલા કે ન ભણેલ હોય,*
*તેના થકી થાય સમાસ તોય.*
*જો વારતા કાંઈ નહીં કરાશે,*
*વૃત્તાંત જોઈ જન શિષ્ય થાશે.*
*સેના વડે રાય જીતે દિગંત,*
*સદ્‌ધર્મથી વિશ્વ જીતે સુસંત.'*

શ્રીહરિની સાધુતા સંપન્ન સંતમાળાના સુમેરુ હતા અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી. તેઓ એકવાર છોટીકાશી સમા જામનગરમાં પધારેલા. શહેરના રાજમાર્ગો ઉપરથી સંતમંડળ સહિત તેઓ જતા હતા. બજારમાં કોઈપણ સંતે ઊંચી દૃષ્ટિ કરીને જોયું નહીં. સંતો નીચી દૃષ્ટિએ ભજન કરતાં કરતાં ચાલતા હતા. આ જોઈ શહેરની સ્ત્રીઓ પરસ્પર વાતો કરવા માંડી કે 'આ તો ભગવાનના સાધુ છે, આપણા નહીં. જો આપણા હોય

તો આપણા સામું જુએ ને !' ગુણાતીતાનંદ સ્વામીને હરિભક્તો દ્વારા આ વાતની ખબર પડી ત્યારે સ્વામીએ કહ્યું : 'સંતો ! આપણે જામનગરની સભા જીતી લીધી.'

તેમણે જૂના સાવરમાં ગામધણી ઉગાખુમાણનો માર ખાઈને તેને સત્સંગ કરાવેલો. વડતાલમાં ભરસભામાં તેમનું અપમાન થયું છતાં મોઢા ઉપરની એક પણ રેખામાં જરાય ફેર પડ્યો નહીં. તેજોદ્વેષીઓએ તેમને દબાવવા ઘણા ઉથામા કર્યા હતા, પણ સાધુતા કોઈ દિવસ દબાતી નથી. ઊલટાનું દબાવનારાઓને જ ભોંઠા પડવાનું થાય છે. ખરેખર, સાધુતાને કોઈ પહોંચે નહીં.

ગુણાતીત ગુરુપરંપરામાં ભગતજી પણ તેવા જ સાધુ ગુણસંપન્ન ગુરુ હતા. એકવાર માળીયા(હાટીના)માં ભગતજીએ ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું હતું : 'સ્વામી ! મને આ લોકના બધા કસબ આવડે છે, પણ સાધુનો કસબ શીખવાડો.' ત્યારે સ્વામીએ કહ્યું હતું : 'સાધુનો કસબ બહુ કઠણ છે. માન-અપમાનમાં સમતા વર્તે, કોઈનો અભાવ ન આવે, પંચવિષયમાંથી વૃત્તિ પાછી વળીને આત્માકારે થઈ અખંડ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે એ સાધુનો કસબ છે. એ કસબ જેણે સિદ્ધ કર્યો તેને ને ભગવાનને છેટું રહેતું નથી. એ ભક્ત અનંત જીવોના દોષ હરીને સૌને ભગવાનમાં જોડે એવો સમર્થ બને છે.' ભગતજીએ આ સાધુનો કસબ સ્વામી થકી સિદ્ધ કર્યો હતો.

ગોરધનભાઈ કોઠારી શાસ્ત્રીજી મહારાજ માટે કહેતા : 'વડતાલના બે હજાર ત્યાગીમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવો ધનસ્ત્રીનો ત્યાગી બીજો કોઈ નથી.'

મુક્તાનંદ સ્વામી રચિત *'હાંજી ભલા સાધુ હરિકી સાધ, તનકી ઉપાધિ તજે સોહી સાધુ.'* આ પદને યોગીજી મહારાજ પોતાની માલિકીનું પદ કહેતા. આ પદમાં ઠાંસી ઠાંસીને ભરેલા સાધુનાં સર્વ લક્ષણો યોગી મહારાજમાં ચરિતાર્થ થયાં હતાં.

*'ત્યાગ શોભા સંતની એમ કહે છે વેદ પુરાણ.'*

નિષ્કુળાનંદ સ્વામીની આ પંક્તિ ત્યાગથી શોભતા યોગીજી મહારાજના જીવનમાં રસાઈ ગઈ હતી.

શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'વ્યાસજીએ તેમના ગ્રંથોમાં સાધુનાં લક્ષણો લખ્યાં છે. આ ગ્રંથોમાં તેઓ કોઈ લક્ષણો લખવાના ભૂલી ગયા હોય તે બધાં

જ લક્ષણો જોગી મહારાજમાં જોવા મળે છે.' આનો અર્થ એ થયો કે યોગીજી મહારાજ એટલે સાધુતાની સાંગોપાંગ મૂર્તિ.

ઈર્ષાળુ અને ક્રોધી સાધુ વિજ્ઞાનદાસના મંડળમાં યોગીજી મહારાજ સત્તર વર્ષ રહેલા. તેમણે યોગીજી મહારાજને ભયંકર ત્રાસ આપેલો, પરંતુ એ કમકમાવી નાખે તેવી વાતો ઉપર યોગીજી મહારાજે પડદો જ પાડી દીધેલો. કોઈને એ વાતો કહેલી જ નહીં. જે કંઈ વાતો મળી છે, તે તો તે યાતનાના દર્શકો દ્વારા મળી છે. યોગીજી મહારાજ તો આ અંગે એક જ વાક્ય કહેતા : 'ટોક્યા એટલે વધ્યા.' યોગીજી મહારાજની સાધુતાની આ પરમ સીમા હતી.

યોગીજી મહારાજની સાધુતાની પરિચાયક એવી તેમની જીવન ભાવનાઓમાંથી થોડીક ઝાંખી કરીએ :

★ નિષ્કામ વર્તમાન વિના વિદ્યા ભણ્યા હોઈએ કે શાસ્ત્ર ભણ્યા હોઈએ તોય કાંઈ નહીં. વિદ્યા નિષ્ફળ, ત્યાગ નિષ્ફળ.
★ જે પીરસાય તે બધું જ ભાંગી વાટીને પાણી નાખીને ખાવું.
★ સ્વાદિયાનો સંગ ન કરવો.
★ આખો દી' મોઢું હલાવાય નહીં. (ખવાય નહીં)
★ અમે ચાલીસ વર્ષ પીરસ્યું છે. પહેલાં ખાધું નથી. પાછળ દાળ વધી હોય તે ખાઈ લઈએ.
★ પંચવિષય વિષ્ટા તુલ્ય છે.
★ હે સંતો ! ત્યાગ લીધો છે તે પૂરેપૂરો ભજવવો.
★ સત્પુરુષના ચટકા ખમવા.
★ ક્રોધ અમારી દુકાનમાં ન મળે.
★ પાંચ ટાણાંની માનસી કરવી.
★ મને મારી જયંતી ઊજવે તે ન ગમે. મને તો પૂજાવાનો અંકુર પણ નહિ.
★ હું વાસણ ઊટકવામાં તૈયાર, ટોકણી ખમવામાં તૈયાર. મારે પહેલેથી સેવકધર્મ. ગુરુ થવું ગમે નહીં.
★ મેં ટોકણી બહુ ખમી. ચાલીસ વર્ષ ધોકા ખાધેલા તે ખમવાનો સ્વભાવ પડી ગયો છે. તે ખમવું ગમે. મારે ટોકવાનો સ્વભાવ નહિ.
★ જાડાં લૂગડાં પહેરવાં. ધોતિયાનો છેડો બહાર ન રાખવો.
★ અમે શિયાળામાં સવારે નાહવા માટે ટાઢા પાણીનો કૂવો ગોતીએ.

- ★ સાધુતા શું ? સહન કરવું. કોઈનું વાંકું ન બોલવું.
- ★ મોટા કહે 'આમ' તો 'આમ' એમ સરળ પ્રકૃતિ રાખવી.
- ★ આપણે કાંઈ ભૂલ ન કરી હોય ને કોઈ કહે, 'તમે ભૂલ કરી છે.' તે સહન કરવું તે સાધુતા.
- ★ સાધુતાના ગુણ ન શીખીએ તો મહારાજ અક્ષરધામમાં પેસવા ન દે. તેને ઠેલો મારે. તે કહે કે 'હું સાધુ છું.' ત્યારે મહારાજ કહે, 'સાધુ તારા ઘરનો; ગુણ ક્યાં શીખ્યો છું ?' એમ મહારાજ પૂછશે.
- ★ મેં બધાનું સાચવ્યું છે. કોઈનાં અપમાન કે તિરસ્કાર કર્યાં નથી. એટલે મારા ઉપર બધાને હેત છે. ઠાકોરજીની સેવા કરાવી છે. મારા માટે કશું માગ્યું નથી.
- ★ મને પચાસ વરસ સત્સંગમાં થયા. કોઈ દિવસ કોઈ સત્સંગી નાનામાં નાનો હોય, થાથા થાબડા જેવો હોય, કાંઈ ન આવડતું હોય, તેનો પણ અભાવ આવ્યો નથી. વિરોધી હોય, ગમે તેવો હોય તો પણ અભાવ આવ્યો નથી.
- ★ ભગવાન સૌનું ભલું કરો.
- ★ આપણે ક્યાં નેતા છીએ ? આપણે તો સેવક છીએ.
- ★ સાધુનું બહુમાન થાય એ ઠીક નહિ. સાધુને તો દાસત્વભક્તિ જોઈએ.
- ★ શાસ્ત્રીજી મહારાજ વાત કરતા કે સંતને સન્માન શું ? માનમાં ફૂલાય નહિ ને સન્માનમાં કરમાય નહિ તે સંત.

યોગીજી મહારાજની આવી જીવનભાવનાઓ એ એમનું જીવન હતું. તેથી તેમના અલ્પ યોગમાં પણ આવેલા વિદ્વાન, અભણ, ગરીબ, તવંગર કે ગમે તે ક્ષેત્રના માણસને તેમની સાધુતાની સૌરભ અવશ્ય અનુભવાતી.

ચિન્મય મિશનના સ્થાપક પૂજ્ય ચિન્મયાનંદ સ્વામી યોગીજી મહારાજના પ્રથમ દર્શને જ તેમના સાધુતાસભર વ્યક્તિત્વથી અભિભૂત થઈ ગયેલા. તેઓ જીવન પર્યંત યોગીજી મહારાજનો આ અનુભવ ભૂલ્યા નહોતા.

રવિશંકર મહારાજ કહેતા : 'એમણે આધ્યાત્મિક આનંદ ખૂબ ભોગવ્યો છે એવું એમનું દર્શન કરતાં આપણને તરત જણાઈ આવે છે.'

કૉલેજમાં ભણતા યુવકોને યોગીજી મહારાજ કહેતા કે 'તમે જેમ કૉલેજમાં ભણીને જુદી જુદી ડિગ્રીઓ મેળવો છો, તેના કરતાં સાધુની ડિગ્રી

મોટી છે. આ અક્ષરધામમાં જવાની ડિગ્રી છે. એ મેળવ્યા પછી બીજું કાંઈ મેળવવાનું રહેતું નથી.'

યોગીજી મહારાજની આ વાતના અનુસંધાનમાં લંડન યુનિવર્સિટીના ચાન્સેલર રુડયાર્ડ કીપ્લીંગનો એક પ્રસંગ જાણવા જેવો છે. એકવાર યુનિવર્સિટીના દીક્ષાન્ત સમારોહમાં વિવિધ પદવીધારી વિદ્યાર્થીઓ તેમનાં પ્રમાણપત્રો લેવા ઉપસ્થિત થયા હતા. ત્યારે કુલપતિ રુડયાર્ડ કીપ્લીંગે તેમને સંબોધતાં કહેલું કે 'તમે વિવિધ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ મોટી પદવીઓ લઈને સંસારમાં જાઓ છો. ત્યાં તમે સંપત્તિ અને નામના પ્રાપ્ત કરશો, પણ જ્યારે તમને એવી કોઈ વ્યક્તિ મળશે કે જેને કાંઈ જ જોઈએ નહિ ત્યારે તમને એમ લાગશે કે તમે કાંઈ મેળવ્યું નથી.'

શ્રી કીપ્લીંગના કહેવાનો અર્થ એ થયો કે જેને ભગવાન વિના કાંઈ જોઈએ નહિ એ સાધુની ડિગ્રી છે. તેની આગળ ભલભલા ડિગ્રીધારીઓ વામણા લાગે છે.

યોગીજી મહારાજના અક્ષરવાસ પછી થોડાક જ દિવસોમાં અમદાવાદમાં ગીતા મંદિરમાં યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં ગુજરાતના વિવિધ ક્ષેત્રની વિશિષ્ટ વ્યક્તિઓ ઉપસ્થિત હતી. તેમાં સભાના પ્રમુખસ્થાનેથી મહામંડલેશ્વર પરમ પૂજ્ય વાસુદેવાનંદ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજને સંબોધી કહ્યું હતું કે 'યોગીજી મહારાજ સ્વામિનારાયણી થે, ફિર ભી હમારે થે. પ્રમુખસ્વામીજી, આપકો કોઈ ભી કામ હો તો હમ અપને પ્રાણ નિછાવર કરને કે લિયે ભી તૈયાર હૈ.'

આ વચનો દર્શાવે છે કે યોગીજી મહારાજ નિજની સાધુતાથી સર્વના કેવા પ્રીતિપાત્ર બની ગયા હતા ! આવા યોગીજી મહારાજની સાધુતાનો સંપૂર્ણ વારસો આજે પ્રમુખસ્વામી મહારાજ દીપાવી રહ્યા છે.

સને ૨૦૦૨ના ફેબ્રુઆરીની ૨૩મી તારીખે નડિયાદમાં યુવકમંડળના કાર્યક્રમમાં 'પ્રમુખસ્વામી શું છે ?' એવી એક કવિતા રજૂ થયેલી ત્યારે સ્વામીશ્રીએ જ તેમના પ્રવચનમાં તેનો જવાબ આપેલો કે 'પ્રમુખસ્વામી સાધુ છે, પ્રમુખસ્વામી ભગવાનના ભક્ત છે, પ્રમુખસ્વામી જોગી મહારાજના શિષ્ય છે.' આટલામાં પ્રમુખસ્વામી મહારાજનો સંપૂર્ણ બાયોડેટા-પરિચય આવી જાય છે.

*'સાધ્નોતિ પરકાર્યાણિ ઈતિ સાધુઃ'* અન્યનું હિત કરે તે સાધુ. સાધુની આ વ્યાખ્યા મુજબ સ્વામીશ્રીએ વિશ્વના એકાવન જેટલા દેશોમાં, ૧૫,૦૦૦થી વધુ ગામોમાં અને અઢીલાખ ઘરોમાં પધરામણી કરીને આદિવાસીથી માંડી વિદેશી આબાલવૃદ્ધ લાખો લોકોના જીવન સુધારીને તેમને ભગવાન સન્મુખ કરી સમાજની મોટામાં મોટી પાયાની સેવા કરી છે. વળી, સમાજ જ્યારે કુદરતી કે માનવસર્જિત કે રોગચાળાની આફતોમાં ફસાયેલો હોય, ત્યારે પણ સ્વામીશ્રીની રાહબરી નીચે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વિશ્વમાં બેનમૂન સેવા બજાવે છે.

સ્વામીશ્રી દ્વારા આટલું બધું જનકલ્યાણનું કાર્ય થાય છે, છતાં તેમણે કોઈ દિવસ જાહેરમાં કે ખાનગીમાં કહ્યું નથી કે 'મેં આ કાર્ય કર્યું.' તેઓ તો એમ જ કહે છે કે 'જે કાંઈ થાય છે તે બધું ભગવાનથી જ થાય છે.' ગુણોને દાબીને નિર્માનીપણે વર્તવું એ ખરેખરી સાધુતા છે. એટલે જ મુક્તાનંદ સ્વામી ગાય છે :

*'સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુનકો માન ન આવે,*
*સંત જન સોહી સદા મોહે ભાવે.'*

આવા સંત હરિને પ્યારા હોય છે. સત્સંગિજીવન ગ્રંથમાં કહ્યું છે કે 'ભગવાનની માહાત્મ્યે સહિત ભક્તિ કરવી એ સાધુનો પરમ ધર્મ છે.' સ્વામીશ્રી આ બધી પ્રવૃત્તિઓમાં નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન આ પાંચ વર્તમાન દૃઢ રાખીને આ ધર્મ જરાય ચૂકતા નથી. એટલે જ તો હરિદ્વારના પ્રાચીન અવધૂત મંડળના મહંત પૂજ્ય હંસપ્રકાશદાસજી બોલી ઉઠેલા કે 'આપણા પ્રમુખસ્વામીજી પોતાના સિદ્ધાંતોમાં કેટલા દૃઢ છે ! તેઓ દેશ-વિદેશમાં સંસ્કૃતિ પ્રચાર ને ધર્મપ્રચાર માટે વિચરે છે, તેમ છતાં ભગવાન સ્વામિનારાયણે આપેલા સ્ત્રીધનના ત્યાગના નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે. ખરેખર, ચારિત્ર્ય એ સંતનું ભૂષણ છે.'

સને ૨૦૦૩ની સાલમાં ગાંધીનગરના અક્ષરધામ ઉપર આતંકવાદી હુમલો થયો અને ૩૩ દર્શનાર્થીઓ માર્યા ગયા ત્યારે સ્વામીશ્રીએ પ્રત્યાઘાતને બદલે પ્રાર્થનાસભાનું આયોજન કર્યું, ત્યારે સમગ્ર વિશ્વ સ્વામીશ્રીની સાધુતા ઉપર વારી ગયું હતું.

ગોંડલમાં સને ૧૯૯૦માં ૪૦મો પ્રમુખપદવરણી દિન ઉજવાયો ત્યારે

સ્વામીશ્રીએ ખૂબ ગદ્ગદભાવે કહ્યું હતું : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની મારી પર દયા કે આપણી(મારી) પ્રતિષ્ઠા વધે, મહત્તા વધે તે વસ્તુ પહેલેથી જ નહોતી, મોટા પુરુષ કેમ રાજી થાય તે જ ઇચ્છા.'

ગમે તેવાં અપમાનો કે સન્માનોના પ્રસંગોમાં તેમની બ્રાહ્મીસ્થિતિમાં જરાય વિક્ષેપ થયો નથી.

સ્વામીશ્રીનો અમૃત મહોત્સવ મુંબઈમાં ઉજવવાનું સંતો-હરિભક્તોએ નક્કી કર્યું હતું ત્યારે મહોત્સવની ઉજવણી પૂર્વે મહોત્સવની કાર્યકારી સમિતિમાં તા. ૩-૧૦-૧૯૯૪ના રોજ સ્વામીશ્રીએ ખાસ સૂચના આપી હતી : 'આપણે ભભકો નથી કરવો. દુનિયા રાજી થાય એ જરૂરી નથી. ભગવાન અને સંત રાજી થાય એ ધ્યેય છે. જેટલું સાદું રાખશો એટલું ભગવાન અને સંત રાજી થશે. **સાધુને શોભે એવું કરજો.**'

આમાં 'સાધુને શોભે એવું કરજો' શબ્દો સ્વામીશ્રીની સાધુતાનું દર્શન કરાવે છે. સ્વામીશ્રી આખી જિંદગી સાધુને શોભે તેમજ વર્ત્યા છે ને વર્તે છે. દેશ-વિદેશમાં પથરાયેલી નાના સામ્રાજ્ય જેવી બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ સંસ્થાનો બાહ્ય અને આધ્યાત્મિક વિકાસ સાધુતા રાખીને કરવો એ વિરલ સિદ્ધિ છે.

ન્યૂયોર્કની લિનોક્ષહીલ હૉસ્પિટલના વિશ્વવિખ્યાત હાર્ટસર્જન અને સ્વામીશ્રીના ગુણાનુરાગી ડૉ. સુબ્રહ્મણ્યમ્ તા. ૨૪-૧૧-૨૦૦૫ના રોજ દિલ્હીનું 'સ્વામિનારાયણ અક્ષરધામ' જોઈ ખૂબ પ્રભાવિત થયા.

પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'આપનો હવે પછીનો પ્રોજેક્ટ કયો છે ?'

સ્વામીશ્રીએ પોતાના કાયમના 'પ્રોજેક્ટ'ની વાત કરતાં કહ્યું : 'સત્સંગ કરાવવો, ભજન કરવું અને કરાવવું. સૌમાં સારી ભાવના થાય, વિશ્વમાં સૌને શાંતિ પ્રસરે અને ભક્તિ થાય એ પ્રોજેક્ટ ચાલુ જ છે અને કરીએ છીએ. સાથે સાથે આ મંદિરો થતાં જાય છે.' પોતાના સાધુધર્મને મુખ્ય રાખીને સ્વામીશ્રી સત્સંગને પોષક અન્ય પ્રવૃત્તિઓ કરે છે. ઘરની શોભા સંપત્તિથી નથી પણ સુપુત્રથી છે, તેમ સંપ્રદાયની શોભા મોટાં મંદિરો કે મોટાં આયોજનોથી નથી, પણ સાધુતાયુક્ત સાધુથી છે. આ સાધુતાના માધ્યમથી સ્વામીશ્રીએ વિશ્વમાં સંપ્રદાયની શોભા વધારી છે.

વિશ્વમાં વિવિધ ક્ષેત્રોની વિભૂતિઓ અને સામાન્ય માણસો સ્વામીશ્રીની

સાધુતાથી પ્રભાવિત થયા છે.

સ્વામીશ્રીની સાધુતાથી આકર્ષાઈને ભારત સાધુ સમાજના તત્કાલીન પ્રમુખ મહામંડલેશ્વર પરમ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજીએ હરિદ્વારમાં તેમના ગુરુમંડલ આશ્રમમાં સને ૧૯૮૭માં હરિદ્વારના ૧૦૦ જેટલા મહંતોની સન્નિધિમાં ઉત્તરાખંડની યાત્રા કરીને પાછા ફરેલા સ્વામીશ્રીના સત્કાર માટે સભાનું આયોજન કર્યું હતું. તેમાં મહંતશ્રીઓએ સ્વામીશ્રીની સાધુતાને યથાયોગ્ય વાક્પુષ્પાંજલિ અર્પી હતી. તેમાં પંજાબના હોશિયારપુરના મહંતશ્રી પૂજ્ય રામપ્રકાશજી બોલેલા કે 'પ્રમુખસ્વામીનું શીલ જોઈને પ્રસન્નતા વ્યાપી ગઈ. એમનામાં ભગવાનની જ્યોતિ છે. એમનું આ આકર્ષણ મને અહીં ખેંચી લાવ્યું.'

સત્કાર સમારંભના પ્રમુખ મહામંડલેશ્વર પરમ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજીએ કહેલું કે 'કળિયુગમાં આ જ એક એવી વિભૂતિ છે કે જેથી સાધુ સમાજનું મસ્તક ઊંચું છે. તેઓ અમારા હૃદય સમ્રાટ છે.

દક્ષિણ ભારતના મધ્વસંપ્રદાયના એક વરિષ્ઠ સંતશ્રી પૂજ્ય વિબુધેશ-તીર્થજી કહે છે : 'હું જયારે પ્રમુખસ્વામીને મળ્યો ત્યારે મને એક આધ્યાત્મિકતાની પરિપક્વતા પામેલા પુરુષને મળતો હોઉં તેવી લાગણી થઈ.'

રામાનુજ સંપ્રદાયના પૂજ્ય વી. ઈ. જીયર સ્વામી પણ કહે છે : 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આપણા દેશના આધ્યાત્મિક મુગટના અણમોલ મુગટ-મણિ છે. ભગવાન જેના ઉપર અખૂટ પ્રેમ કરતા હોય એવાઓની યાદી બનાવી હોય તો પ્રમુખસ્વામીનું નામ નિઃશંકપણે એ યાદીમાં સર્વોચ્ચ સ્થાને હોય.'

દિવ્યજીવન સંઘના અધ્યક્ષ પરમ શ્રદ્ધેય ચિદાનંદ સ્વામી તો સ્વામીશ્રીના ભાગવતી ગુણોથી સ્વામીશ્રીના સુહૃદ બની ગયા છે. તેઓ કહે છે : 'એમની નજીક જનારને એમના વ્યક્તિત્વમાં સાધુતાના તેજની આભા, મૈત્રી અને વિશ્વપ્રેમનાં દર્શન થાય છે. તેઓ આજના આધ્યાત્મિક ભારતનું પ્રેરક બળ છે.'

ભારત સાધુસમાજના મહામંત્રી મંડલેશ્વર પૂજ્ય હરિનારાયણાનંદજી સ્વામીશ્રીની સાધુતાથી પ્રભાવિત થઈ કહે છે : 'એમનામાં દંભ નથી, ઘમંડ નથી, ક્રોધ નથી. તેમણે ભારતીય વિરક્ત પરંપરાને ઉચ્ચ સ્થાને સ્થાપિત કરી છે.'

અનેક સંત-મહંતોના પ્રીતિપાત્ર સ્વામીશ્રીને નજીકથી જોનાર મહાનુભાવોના મનોભાવોને જોઈએ.

અમેરિકાના તત્કાલીન પ્રમુખ બિલ ક્લિન્ટન સને ૨૦૦૦ની સાલમાં સ્વામીશ્રીને અમેરિકાના માયામી શહેરમાં મળ્યા ત્યારે તેમને જે અનુભવ થયેલો તે તેમણે તેઓ ફરી ગાંધીનગરમાં સ્વામીશ્રીને મળ્યા ત્યારે અભિવ્યક્ત કરેલો કે 'મેં તેમની આંખોમાં સાધુતાની સચ્ચાઈ જોઈ હતી.'

ભારતના રાષ્ટ્રપતિશ્રી ઝૈલસિંહ સને ૧૯૮૫માં સ્વામીશ્રીને મળ્યા ત્યારે બોલેલા : 'જેમ બલ્બ દ્વારા વીજળી પ્રકાશે છે, તેમ પ્રમુખસ્વામીમાં ભગવાન કાર્ય કરે છે.'

ભારતના વર્તમાનકાલિક રાષ્ટ્રપતિ ભારતરત્ન ડૉ. અબ્દુલ કલામ પણ કહે છે : 'એમની સામે બેસીએ અને બધી ચિંતાઓ ધોવાઈ જાય છે ! મને સ્વામીશ્રી માટે ઘણું જ માન છે.' સાધુનું મૌન વ્યાખ્યાન પણ લોકોને શાંતિ અર્પે છે. ગોળ બધાને ગળ્યો લાગે તેમ દેશ-વિદેશના ગોરાં, કાળાં, ધોળાં, પીળાં એવા વિવિધ ભાષા-ભાષીઓ સ્વામીશ્રીની સાધુતાને નમે છે. સાધુતાને ભાષા બંધનરૂપ બનતી નથી.

ભારત ખાતેની અમેરિકન કોન્સ્યૂલેટના એક ઉચ્ચ અધિકારી ડેમિયન સ્મીથ તા. ૧૫-૪-૨૦૦૪ના રોજ સ્વામીશ્રીને દિલ્હીમાં મળ્યા ત્યારે તેમના મનમાં એવી પ્રતીતિ આવી કે સ્વામીશ્રી જરાય 'ઈમેજ કોન્સિયસ' નથી એટલે કે સ્વામીશ્રી પોતાને બીજા કેવી રીતે જુએ છે તેની ચિંતા કરતા જ નથી. તેઓને પોતાની મહત્તા બહાર લાવવાની એટલે કે બીજા ઉપર રોફ પાડી દેવાની ભાવના જ નથી.

આ બધાં અવતરણો, તે તે મહાનુભાવોના ઔપચારિક અભિપ્રાયો નથી, પણ સ્વામીશ્રીની સાધુતાથી આકર્ષિત થયેલી હૃદયઊર્મિઓ છે.

સ્વામીશ્રી જેવા સાધુને જાણે કેન્દ્રમાં રાખી ગંગાસતીએ પાનબાઈને ઉદ્દેશીને જે પંક્તિ ગાઈ છે તેમાં આપણેય આપણો સૂર પુરાવીએ :

*'શીલવંત સાધુને તો વારે વારે નમીએ,*
*જેના બદલાય નહિ વર્તમાન જો !'*

શ્રીહરિએ પ્રસ્તુત વચનામૃતમાં કહ્યું છે : 'તુચ્છ એવાં જે સંસારનાં સુખ તે સાધુએ ઈચ્છવા નહીં. ભગવાન વિના બીજું કાંઈપણ મનમાં ઈચ્છવું નહિ.'

નિરંતર સહજાનંદ અને સહજાનંદી સાધુતાથી સભર એવા સ્વામીશ્રીને સાધુની પદવીથી અન્ય માન-સન્માન કે પદ-પ્રતિષ્ઠાની પડી જ નથી. આ સ્થિતિને વર્ણવતાં મુક્તાનંદ સ્વામી યથાર્થ જ ગાય છે :

*'નવનિધિની રે નથી મારે વાંછના રે,*
*સિદ્ધિ તે સામું હવે શીદ જોય,*
*સર્વેનું કારણ રે મળ્યા ચિંતામણિ રે,*
*હવે જે જે ચિંતવીએ તે હોય,*
*સહજાનંદ સિન્ધુ રે આજ મારે ઊલટ્યા રે.'*

શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં કહ્યું છે કે 'ભગવાનની મૂર્તિ ચિંતામણિ છે.' વળી, ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪મા વચનામૃતમાં કહ્યું છે કે 'સંતનો સમાગમ એ પરમ ચિંતામણિ છે.' આનું કારણ એ છે કે ભગવાનને ઓળખાવનાર સંત છે. તેથી જ તુલસીદાસે ગાયું છે : *'રામસે અધિક રામકર દાસા.'*

ભગવાન સ્વામિનારાયણ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જેવા સાધુશિરોમણિ ગુરુઓની પરમ પ્રસન્નતા એ જ સ્વામીશ્રીને મન સર્વસ્વ છે. આ પ્રસન્નતામાં જ એમને પૂર્ણ પરિતોષ છે.

સને ૨૦૦૨માં પ્રકાશિત થયેલ 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસ'માં 'Influential People of the world.' વિવિધ ક્ષેત્રની વિશ્વની પ્રભાવશાળી વીસ વ્યક્તિઓની યાદી પ્રસિદ્ધ થયેલી છે. તેમાં ધર્મક્ષેત્રે સ્વામીશ્રીનું નામ મૂકવામાં આવ્યું છે. સામે ચાલીને આવતાં આવાં મોટાં સન્માનોમાં પણ સ્વામીશ્રી તો ઉદાસીનભાવ જ રાખે છે.

'ન પરવા માનની તોયે બધાં સન્માન ઓછાં છે.' પ્રભુદાસ દ્વિવેદીની આ પંક્તિ, જેને માનની પરવા નથી, એવા સ્વામીશ્રીના જીવનને લાગું પડે છે.

સને ૨૦૦૧ના જાન્યુઆરીની ૨૭મી તારીખે અટલાદરામાં આ જ વિષયમાં સ્વામીશ્રીએ પોતાની જીવનભાવનાઓ વ્યક્ત કરતાં સહજભાવે કહ્યું હતું, ''માણસને સન્માનની ઝંખના રહે છે તે પણ દુ:ખનું કારણ છે. ડિગ્રીઓ અને સન્માનમાં લેવાઈ જવાય તો ભગવાનને ભૂલી જવાય. ભગવાનના ભક્તો ને ભગવાનના આશ્રિતો એ બધાની ગણતરી પણ ન રહે. ભગવાનનાં દર્શન, ભગવાનનો મહિમા એ કશુંય ના રહે. આપણી વૃત્તિઓ ફાટી જાય.

લોકોને જાતજાતના ઈલ્કાબ મેળવવાની ઈચ્છા રહે છે. ભારતરત્ન, નોબલ પ્રાઈઝ... કેટલાક એને માટે બહુ ખટપટ કરે. બહુ પૈસા ખર્ચે. મને ઘણાએ કહ્યું કે 'નોબલ પ્રાઈઝ લ્યો. અમે પ્રયત્ન કરીએ.' મેં કહ્યું : 'મને શાસ્ત્રી મહારાજ અને જોગી મહારાજે નોબલ પ્રાઈઝ આપ્યો પછી એનાથી વધારે સારું શું ? ભગવાન મળ્યા પછી શું ?' શ્રીજીમહારાજ સાક્ષાત્ આપણને મળ્યા. જોગી મહારાજ, શાસ્ત્રી મહારાજ જેવા પુરુષ મળ્યા તે નોબલ પ્રાઈઝથી વધુ છે. પછી બીજાનો સંકલ્પ શું કામ કરવો ?

ભગવાનના ભક્ત થવું એના જેવું કોઈ શ્રેષ્ઠ નથી. સાધુ થવું એનાથી કોઈ શ્રેષ્ઠ નહીં. આ બે ઈલ્કાબો મળી ગયા. તમારે (હરિભક્તોએ) સારા ભક્ત થવું ને અમારે સારા સાધુ થવું, એનાથી કોઈ મોટી પદવી નથી.''

સ્વામીશ્રીએ તા. ૧૫-૧૧-૨૦૦૨માં હિંમતનગરમાં સંતોને કહેલું : 'આપણે ત્યાં રાષ્ટ્રપતિની પદવી કહેવાય, એનાથી આગળ ઘણી બધી પદવીઓ છે. ઈન્દ્ર, ચંદ્ર વગેરે પણ એ બધા જ કરતાં યોગીજી મહારાજ કહેતા કે સાધુની પદવી શ્રેષ્ઠ છે. એ આપણને પ્રાપ્ત થઈ છે.'

'આપને નોબલ પ્રાઈઝ મળવું જોઈએ' એવી વાત કોઈ સ્વામીશ્રીને કરે તો તેઓ તેમાં અરુચિ જ દર્શાવે. તા. ૧૬-૩-૧૯૯૪માં માઉન્ટ આબુમાં આવી વાત નીકળી ત્યારે સ્વામીશ્રીએ કહેલું :

'જુઓ, મારે તો મહારાજ મળ્યા એ મોટામાં મોટું નોબલ છે. બીજા કોઈ પ્રાઈઝની મારે જરૂર નથી. એ પ્રાઈઝ મળ્યું તોય શું ને ન મળ્યું તોય શું ? એનાથી વિશેષતા શું છે ? આપણે તો ભગવાન અને સંત મળ્યા ને શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજનો રાજીપો મળ્યો છે એથી વિશેષ કંઈ આ નોબલમાં છે ? હોય તો લઈએ.

'આપણે સાધુતા રાખી ભજન કરવું તો આપોઆપ બધા આકર્ષાશે. નોબલથી આકર્ષાય એનો અરથ શું ? શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ મળ્યા અને તેમનો રાજીપો મળ્યો તેમાં અનંત બ્રહ્માંડનો રાજીપો મળ્યો. દુનિયાની આ તો વિશેષતા છે. દુનિયાને બતાવવાની વાત છે. આપણી મહત્ત્વાકાંક્ષા છે. એટલું સમજો કે મહારાજ અને સ્વામી રાજી એટલે બ્રહ્માંડ રાજી. એનાથી પ્રતિષ્ઠા વધે એ જ સાચી. બાકી આ દુનિયાનાં ઈનામોથી કોઈ પ્રતિષ્ઠા વધતી જ નથી. માટે એ વિચાર કરશો જ નહિ.

આપણે તો જે ભજન કરીએ છીએ તે બરાબર છે.'

ચિંતામણિમાં ધનમાત્ર રહ્યું છે. માટે કહ્યું છે કે *'ચિંતામણિ સુંદર લાધી રે, રાંક થઈને શીદ ફરવું.'* હકીકતમાં કળિયુગમાં ચિંતામણિ તો એક કલ્પના છે, પરંતુ કળિમાં પ્રગટ થયેલા પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન એ સાચી ચિંતામણિ છે. જેમાં બ્રહ્માંડની અનેક પદવીઓ સમાઈ જાય છે તેવા ભગવાનની પ્રાપ્તિ થઈ એટલે પામવાનું કાંઈ બાકી રહ્યું નહિ.

શ્રીહરિ તથા ગુરુવર્ય 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના અમલમાં સદા રાતામાતા સ્વામીશ્રીને ચૌદલોક તૃણવત્ છે. આ કેફ તેમણે ઉપર કહેલા તેમનાં હૃદયોદ્‌ગારોમાં છલકતો દેખાય છે.

છેલ્લે, સ્વામીશ્રીને પ્રાર્થીએ : 'હે સ્વામી ! અક્ષરધામરૂપી નિશાન લેવામાં મોહના સૈન્ય આગળ અમે હારી ન જઈએ, અક્ષરધામના અધિપતિ સર્વાવતારી શ્રીહરિ સિવાય બીજી કોઈ ઉપાસનામાં લેવાઈ ન જઈએ, પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં શ્રીહરિને ભૂલીએ નહિ, ચિંતામણિ તુલ્ય શ્રીહરિની મૂર્તિના સુખને મૂકી કોડી જેવા માન-સન્માન કે અન્ય પદાર્થોમાં લોભાઈ ન જઈએ અને આપે મહારાજ સ્વામીનું સ્વરૂપ સમજાવ્યું છે તેને જતન કરી જાળવીએ.'

## તૃતીય ખંડ

# સુખપ્રાપ્તિનાં સોળ સોપાન

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ - ૨૪ પર ચિંતન

'એવી રીતે આ સોળ સાધને કરીને

ભગવાનના એકાંતિક ભક્ત જે તે

અક્ષરધામને વિષે ભગવાનની સેવાને રૂડી રીતે પામે છે...'

**- ભગવાન સ્વામિનારાયણ**

‘શ્રદ્ધા, સ્વધર્મ, વૈરાગ્ય, સર્વ પ્રકારે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો,

અહિંસા, બ્રહ્મચર્ય, સાધુનો સમાગમ, આત્મનિષ્ઠા,

માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે ભગવાનની નિશ્ચળ ભક્તિ,

સંતોષ, નિર્દંભપણું, દયા, તપ,

પોતાથી ગુણે કરીને મોટા જે ભગવાનના ભક્ત

તેમને વિષે ગુરુભાવ રાખીને તેમને બહુ પ્રકારે માનવા,

પોતાને બરોબરિયા જે ભગવાનના ભક્ત તેમને વિષે મિત્ર-ભાવ રાખવો,

પોતાથી ઊતરતા જે ભગવાનના ભક્ત

તેમને વિષે શિષ્યભાવ રાખીને તેમનું હિત કરવું;

એવી રીતે આ સોળ સાધને કરીને ભગવાનના એકાંતિક ભક્ત જે તે અક્ષરધામને

વિષે ભગવાનની સેવાને રૂડી રીતે પામે છે.’

**- ભગવાન સ્વામિનારાયણ**

*સને ૧૯૭૦ની સાલમાં, ૨૬મી જૂનની બપોરે ભોજન પછી એક વાગે લંડનના ડોલીસ હિલ વિસ્તારના ૩૯, એલિસમેર રોડ (Ellesmere Road) ઉપર રહેતા રાજેન્દ્રભાઈ પટેલના ઘરે યોગીજી મહારાજે આ વચનામૃત નિરૂપ્યું હતું. યોગીજી મહારાજે નિરૂપેલાં અમૃતબિંદુઓ પ્રસ્તુત નિરૂપણ સાથે સમ્મિલિત છે.*

## ૩૩. પૂર્વભૂમિકા

અસેવ્યની સેવા શ્વવૃત્તિ છે, જ્યારે સેવનીયની સેવા તો જીવનનો અનુપમ લહાવો છે. અક્ષર આદિ સર્વના સેવનીય પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણ છે. શિક્ષાપત્રીમાં કહ્યું છે : **'તત્ર બ્રહ્માત્મના કૃષ્ણસેવા મુક્તિશ્ચ ગમ્યતામ્** । (૧૨૧) બ્રહ્મરૂપ થઈ અક્ષરધામમાં પરબ્રહ્મની સેવા કરવી તે જ મુક્તિ છે.'

પૃથ્વી ઉપર તો ભગવાન સંબંધી – થાળ, આરતી, મંદિરમાં વાસણ ઊટકવાં, ફૂલહાર બનાવવા, રસોઈ કરવી વગેરે ઘણી સેવાઓ છે, પણ અક્ષરધામમાં કેવા પ્રકારની સેવા હશે ?!

યોગીજી મહારાજ કહેતા કે અક્ષરધામમાં ભગવાનની મૂર્તિ સામું જોઈ ભગવાનનું ચહ ચહ સુખ લેવું તે સેવા છે. ચકોર પક્ષી જેમ ચંદ્રની સામું એકીટશે જોઈ જ રહે છે, તેમ આ સેવામાં જરાય કંટાળો નથી. આનંદ આનંદ જ છે.

આ સેવાની પ્રાપ્તિ શી રીતે થાય ? જેમ કલેક્ટરની પદવીની સેવા માટે આઈ.એ.એસ. થવું પડે, તેમ પુરુષોત્તમ નારાયણની સેવા માટે બ્રહ્મરૂપ થવું પડે. એટલે જ તો શ્રીહરિ લો.૭ના વચનામૃતમાં કહે છે કે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.

મુક્તાનંદ સ્વામી આ જ સંદર્ભમાં આ વચનામૃતમાં શ્રીહરિને પ્રશ્ન પૂછે છે : 'ભગવાનના જે ભક્ત તે અક્ષરધામને વિષે ભગવાનની સેવામાં રહે છે, તે સેવાની પ્રાપ્તિનાં જે સાધન તે શાં છે ?'

જ્યાં નિરંતર રહેવાનું છે અને જ્યાંથી પાછું આવવાનું નથી, એવા પતિગૃહે જતી નવવધૂનું રૂપક રચીને કબીરજી આરુરુક્ષુને કહે છે :

*'કર લે સિંગાર ચતુર અલબેલી,*
*સાજન કે ઘર જાના હોગા,*
*નહા લે, ધો લે, શીશ ગૂંથા લે,*
*ફિર વહાઁ સે નહિં આના હોગા.'*

પતિની સેવા માટે નવવધૂ સોળ શણગાર સજે છે : ૧. મંજન, ૨. હાર, ૩. તંબોળ, ૪. સુગંધ, ૫. અગરજાનો-રોળ, ૬. શીશફળ, ૭. રતિદાબડી, ૮. ચૂની, ૯. ગોફણો, ૧૦. માળા - ગળુબંધ, ૧૧. મુક્તા હાર, ૧૨. કંકણ, ૧૩. ચૂડા, ૧૪. નેપુર, ૧૫. અણવટ, ૧૬. વીછુઆ - ઝાંઝર.

પરમપતિ પુરુષોત્તમની અખંડ સેવામાં રહેવા માટે પણ સોળ શણગાર સજવા જોઈએ.

આ શણગાર કયા ? તો જ્યાં ગયા પછીથી કદી પાછું આવવાનું નથી એવા પોતાના અક્ષરધામમાં પોતાની આ બ્રહ્મસ્વરૂપિણી સેવાની પ્રાપ્તિના સોળ સાધનરૂપી શણગાર બતાવતાં શ્રીહરિ કહે છે :

'૧. શ્રદ્ધા, ૨. સ્વધર્મ, ૩. વૈરાગ્ય, ૪. સર્વપ્રકારે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, ૫. અહિંસા, ૬. બ્રહ્મચર્ય, ૭. સાધુનો સમાગમ, ૮. આત્મનિષ્ઠા, ૯. માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે ભગવાનની નિશ્ચળ ભક્તિ, ૧૦. સંતોષ, ૧૧. નિર્દંભપણું, ૧૨. દયા, ૧૩. તપ, ૧૪. પોતાથી ગુણે કરીને મોટા જે ભગવાનના ભક્ત તેમને વિષે ગુરુભાવ રાખીને તેમને બહુ પ્રકારે માનવા, ૧૫. પોતાને બરોબરિયા જે ભગવાનના ભક્ત તેમને વિષે મિત્રભાવ રાખવો, ૧૬. પોતાથી ઊતરતા જે ભગવાનના ભક્ત તેમને વિષે શિષ્ય-ભાવ રાખીને તેમનું હિત કરવું; એવી રીતે આ સોળ સાધને કરીને ભગવાનના એકાંતિક ભક્ત જે તે અક્ષરધામને વિષે ભગવાનની સેવાને રૂડી રીતે પામે છે.'

ચંદ્ર ઉપર જવું હોય તો તેની તૈયારી અહીં પૃથ્વી ઉપર જ થાય છે.

જરાય આઘુંપાછું ન જોઈએ. 'ઉડાડો ને મારા ભઈ, હઉ થશે.' એવું ન ચાલે.

## ૩૪. સંત સમાગમ - સૌથી શ્રેષ્ઠ સાધન

આ સોળેય સાધનો અહીં જ સિદ્ધ કરવાનાં છે. આ સોળ સાધનમાં સાતમા સાધન - સંત-સમાગમની શ્રેષ્ઠતા બતાવતાં યોગીજી મહારાજે કહેલું : 'આ સાધન ગોલોકમાં જવાનાં છે ? ના, અક્ષરધામમાં જવાનાં. સોળ સાધનમાં શ્રેષ્ઠ સાતમું સાધન. સાધુનો સમાગમ. સાધુ ધર્મ-નિયમ પળાવે. કુસંગ ન થાવા દિયે. સમાગમમાં બધી વાત રહી છે. જૂનાગઢમાં સ્વામીનો સમાગમ કરવા બધા જતા. મહુવે ભગતજી મહારાજનો સમાગમ કરવા જતા.'

મુક્તાનંદ સ્વામીએ પણ સંત-સમાગમનો મહિમા ગાયો છે :

*'જી રે સંત-સમાગમથી ટળે, આશા-તૃષ્ણા રે (૨)*
*ઈર્ષા અભિમાન, મોહ મત્સર મમતા બળે,*
*પ્રગટે ઉરમાં રે (૨) પ્રભુનું દૃઢ જ્ઞાન.*
*સંત-સમાગમ કીજીએ...*
*જી રે સંત-સમાગમથી થયા, મુનિ નારદ રે (૨)*
*હરિનું મન આપ, અનેક પતિત ઉદ્ધારિયા,*
*તેના જશનો રે (૨), મોટો પરતાપ.*
*સંત-સમાગમ કીજીએ...'*

આ સંત-સમાગમ કરવો તે મન, કર્મ અને વચને કરવો, નહિતર કોરા રહી જવાય.

સંત-સમાગમનો આટલો બધો મહિમા છે, તો આ એક સાતમું જ સાધન કહ્યું હોત તો ન ચાલત ? બાકીનાં પંદરની શી જરૂર ? આવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે.

મોટરકારમાં મશીન મુખ્ય છે, છતાં બ્રેક, લાઈટ વગેરે પણ જરૂરી છે. તેમ સંત-સમાગમ મુખ્ય સાધન છે અને બાકીનાં પંદર સહાયક ઉપકરણો છે. વિમાનને બે પાંખો હોય છે, તેમ અક્ષરધામમાં જવા માટેના મુખ્ય સાધનરૂપ સંતની બે પાંખો - ઉપાસના અને આજ્ઞા મજબૂત જોઈએ.

ઉપાસનાની પાંખ માટે ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મહારાજને પુરુષોત્તમ જાણ્યા વગર ધામમાં જવાય નહિ...' (૩/૧૨)

પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને સર્વોપરી કહે, તેમાં બીજી કોઈ સ્ત્રીના પતિનો દ્રોહ થતો નથી; તેમ પોતાના ઈષ્ટદેવને સર્વોપરી કહેવામાં કોઈ અવતારોનો દ્રોહ થતો નથી. છતાં શ્રીજીમહારાજ વખતે મોટાભાગના પરમહંસો મહારાજને અવતારો જેવા જ જાણતા.

પલાણાના ભાઈલાલભાઈએ વસિયતનામું કરીને ઘરના પાટડામાં બાકોરું કરી તેમાં સાચવી મૂકેલું. તેમનો દેહ પડી ગયો અને વસિયતનામાનું સરનામું કહેવાનું રહી ગયું. તેમના દીકરાઓ ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને આ વાત કરી. સ્વામીએ તેમના સમાધિવાળા સાધુ કેશવજીવનદાસને ભાઈલાલભાઈને વસિયતનામાનું સ્થાન પૂછવા સમાધિમાં અક્ષરધામમાં મોકલ્યા, પણ ભાઈલાલભાઈ અક્ષરધામમાં મળ્યા નહિ ત્યારે દીકરાઓ કહે : 'અમારા બાપા ધર્મ-નિયમ દૃઢ પાળતા અને નિયમિત સંત-સમાગમ કરતા, છતાં અક્ષરધામમાં કેમ ન દેખાયા ?'

ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : 'તેઓ કયા સંતનો સમાગમ વિશેષ કરતા ?'

ત્યારે દીકરાઓએ કહ્યું : 'અમોઘાનંદ સ્વામીનો.'

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'અમોઘાનંદ સ્વામી તો મહારાજને રામચંદ્રજીનો અવતાર સમજતા. માટે તેમની સાથે તમારા પિતા સાકેતલોકમાં જ હશે.'

પછી કેશવજીવનદાસને સમાધિમાં ત્યાં મોકલ્યા, તો ત્યાં અમોઘાનંદ સ્વામી અને ભાઈલાલભાઈ - બંને રામકથા કરતાં દીઠા. તેમની પાસેથી વસિયતનામાની વિગત તો મળી, પણ ઉપાસનાની કાચ્યપે તેઓ અક્ષરધામમાં મહારાજની સેવાને પામ્યા નહિ તે પણ નક્કી થયું. માટે -

*'સંપૂર્ણ મહિમા શ્રીજીનો, પતિવ્રતાની ટેક,*
*પેખો સંતો પાંચસો, ગુણાતીત તો એક.'*

સંવત ૧૯૧૧ની સાલમાં વડતાલ છાવણીમાં સ્વામીએ ઉપાસનાની સર્વોપરી વાતો કરેલી. ભોળાનાથ ભટ્ટ કહેતા કે સ્વામી ! પાત્ર જોઈ વાત કરવી. સ્વામી કહે : 'આટલી મોટી સભામાં પાત્ર-કુપાત્ર જોવા ક્યાં જાઉં ? વરસાદ વરસે ત્યારે ખાડો-ટેકરો જોવા ન જાય. ખાડો હોય ત્યાં પાણી ભરાય ને ટેકરા ઉપરથી વહ્યું જાય, માટે મારી વાત સમજે તે પાત્ર અને ન સમજે તે

કુપાત્ર.'

સ્વામીએ પ્રેમાનંદ સ્વામીને પણ કહેલું કે 'હવે કુંજગલીમાંથી નીકળી મહારાજના સર્વોપરીપણાનાં પદો રચો.'

નિત્યાનંદ સ્વામીને પણ કહેલું કે 'મહારાજે આપણને સામા ધવરાવ્યા છે. અધરાત-મધરાત જોયા વગર આપણને તેમના સર્વોપરીપણાની વાતો કરી છે. તે કહેવા-સાંભળવામાં ગુડિયું વાળીએ તો આપણી કિંમત અડધી થઈ જાય.'

મહારાજને ગોપાળાનંદ સ્વામીને પણ સ્વપ્નમાં દર્શન દઈ પોતાનું સર્વોપરીપણું પ્રવર્તાવવા કહેવું પડેલું.

ગુણાતીતાનંદ સ્વામીને મહારાજનું સર્વોપરીપણું કહેવામાં કોઈ શાસ્ત્રની તંતી નડી નહિ, તેઓ નિધડકપણે મહારાજનો મહિમા ગાતા. તેઓએ હજારોને આ ઉપાસના દૃઢ કરાવી હતી.

ઉનાના શેઠિયાઓની એક મુશ્કેલીનો ઉકેલ ઘણા સમયથી આવતો નહોતો. રાજ્યસરકાર તેઓને કોઈ દાદ દેતી નહોતી. તે સૌ ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા ને કહ્યું : 'સ્વામી! કાંઈક દયા કરો તો આ કામ પતે. જો આ કાર્ય સિદ્ધ થશે તો મંદિરમાં ચાંદીના કમાડ કરાવી દઈશું.'

ત્યારે સ્વામીએ કહ્યું : 'તેની કાંઈ જરૂર નથી. પરંતુ શ્રીજીમહારાજ પૂર્ણપુરુષોત્તમ ભગવાન છે, સર્વ અવતારના અવતારી છે એ નિષ્ઠા કરો તો અમે આશીર્વાદ આપીએ છીએ કે તમારું કાર્ય પૂરું થઈ જશે.' સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી તેઓએ સર્વોપરીપણાની નિષ્ઠા દૃઢ કરી ને તેઓનું કાર્ય પણ સંપૂર્ણ થઈ ગયું.

આવી જ રીતે લોધિકાના દરબાર અભેસિંહને પણ વેદાંતની અવળી સમજણ ટાળીને સ્વામીએ સર્વોપરીપણાની નિષ્ઠા દૃઢ કરાવેલી.

ગુણાતીત-ગુરુપરંપરાએ આ કાર્ય આગળ ધપાવ્યું છે. આજે સર્વોપરી ઉપાસનાવાળો લાખોનો સમૂહ દેશ-વિદેશમાં છે અને વધી રહ્યો છે.

વળી, ગુણાતીતાનંદ સ્વામીએ આ જ વાતમાં આગળ કહ્યું છે : 'બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. બ્રહ્મરૂપ થવા માટે મહારાજની આજ્ઞા સારધાર પાળવી જોઈએ. આ માટે આજ્ઞામાં ટૂક ટૂક રહેતા ગુણાતીત સંતનો સંગ આવશ્યક છે. તે વિના તો વાઘરી-સાધુની સેવા જેવું થાય.

ઘંટી ટાંકતો એક વાઘરી કંટાળીને પોતાની મેળે ભગવું ઓઢી સાધુ થઈ ગયેલો. 'ભજ લે રામ' કરતો તે ગામમાં નીકળ્યો - ત્યાં એક ડોશીમાએ તેને જોયો. ડોશીમાએ કથામાં સાંભળેલું કે 'સાધુનું પત્તર પૂરીએ તો વૈકુંઠમાંથી વિમાન તેડવા આવે.' તેમણે આને ઘેર લઈ જઈ જમવા બેસાડ્યો અને થોડી થોડી વારે ડોશીમા ફળિયામાં જોવા જાય કે વિમાન આવ્યું કે નહિ ?

આ જોઈ, આ બની બેઠેલો સાધુ બોલ્યો : 'માડી, તમે હવે બહાર જશો નહિ. વિમાન તો નહિ આવે, પણ પાણો પડશે તો માથું ફાટી જશે. કારણ કે હું કંઈ સાચો સાધુ નથી કે મને જમાડવાથી તમને તેડવા વિમાન આવે !'

આવો જ એક હાલો-પોલો (ધર્મ-નિયમ પાળવામાં શિથિલ) સાધુ હતો. સભામાં ધન-સ્ત્રીના ત્યાગની વાતો કરે, પણ એકાંતમાં બધું ભોગવે. એક હરિભક્ત હંમેશાં તેની કથા સાંભળે. તેને એમ કે 'સાધુ બહુ સારા છે.' એટલે તેમને કહે કે 'મારો અંતકાળ આવે ત્યારે મને અક્ષરધામમાં તેડવા આવજો.'

આ હરિભક્તના પહેલાં આ સાધુ મરી ગયો. હાલો-પોલો હતો તેથી ભૂત થઈ મૂતરની ખાડમાં રહેતો.

આ હરિભક્તનો દેહ પડવાનો થયો ત્યારે આ ભૂત થયેલા સાધુએ સાધુવેશે દર્શન દઈ કહ્યું : 'હાલ્ય, અક્ષરધામમાં.'

હરિભક્તને થયું કે 'ગુરુ વચન પળ્યાં, અંતકાળે મારી શુધ લીધી.' પછી તો આ હરિભક્તના આત્માને મૂતરની ખાડમાં નાખ્યો. તે હરિભક્ત કહે : 'ગુરુ, આ તો ગંધાતી મૂતરની ખાડ છે ! તમે મને અહીં ક્યાં નાખ્યો ?'

સાધુ કહે : 'મારે તો આ જ અક્ષરધામ ! તેં મારા સાથે જીવ બાંધ્યો એટલે મારા જેવી તારી પણ ગતિ થઈ છે.'

માટે કહ્યું છે :

*'સમજીને જોડાવું સાચા સંતમાં,*
*ભવના ફેરા ટાળે સાચા સંત જો.'*

જો આવા હાલાપોલા મળે તો જન્મ-મરણના ફેરા વધારી દે. એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'પાર ન કરે પોત પાષાણનું,*
*તરે તારે જો કાષ્ટનું જા'જ... ઓળખવું અંતરે.*
*તમે અંતરની આંખે ઓળખી,*

*કરો સદ્‌ગુરુ સંતનો સંગ... ઓળખવું અંતરે.'*

મુક્તાનંદ સ્વામી પણ ચેતવે છે :

*'સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે,*
*જેથી ટળે મનના વિવિધ વિકાર,*
*જેને સંગે વાધે રે, પ્રભુ સાથે પ્રીતડી રે,*
*ટળી જાય જાત વર્ણ અહંકાર,*
*પાંચ વર્તમાન રે પળાવે દૃઢ કરી રે,*
*સંભળાવે હરિનાં ચરિત્ર ઉદાર*
*એવા ગુરુદેવ રે ગોવિંદ સમ જાણવા રે,*
*જેને સંગે પામીએ હરિનું ધામ...'*

પૂર્વે શણગાર સજવા શૃંગારકક્ષ રખાતા. આજે 'બ્યૂટીપાર્લર' થયાં છે. એમ, સોળ સાધનરૂપી શણગાર સજવા માટે પણ ગુણાતીત સંત પ્રમુખસ્વામી મહારાજના સમાગમમાં જવું પડે. આજની ભાષામાં કહીએ તો 'પ્રમુખપાર્લર'માં જવું પડે. સ્ત્રી-પુરુષ બધાંને અક્ષરધામનો અધિકાર છે. સોળ સાધનરૂપી શણગાર પોતાની મેળે સજવા જાય તો 'આંખનું કાજળ ગાલે ઘસ્યું' તેવું થાય. અખો કહે છે :

*'આંધળો સસરો ને સરંગટ[૪] વહુ,*
*એમ કથા સાંભળવા ચાલ્યાં સહુ,*
*કહ્યું કાંઈ ને સમજ્યું કશું,*
*આંખનું કાજળ ગાલે ઘસ્યું.'*

મુક્તાનંદ સ્વામી આ વાતને બીજા શબ્દોમાં કહે છે :

*'મનમત્ત થઈ કોટિ સાધન કરે,*
*ગુરુગમ વિણ ઉપાય કાચો.'*

અત્રે કહેલાં પંદર સાધનો સંત-સમાગમમાં એટલે કે ગુરુના માર્ગદર્શન પ્રમાણે સિદ્ધ કરવા, નહિતર રેતીમાં પાણી ઢોળ્યા જેવું થાય.

## ૩૫. શ્રદ્ધા

શાસ્ત્રમાં કહ્યું છે : *'શ્રદ્ધાવાન્ પુરુષો વેદ'* માણસમાં શ્રદ્ધા હોવી જ

૪. ઘૂમટાં તાણેલી.

જોઈએ. ઋગ્વેદ(૧, ૧૪૧-૧)માં કહ્યું છે : ''શ્રદ્ધાં ભગસ્ય મૂર્ધનિ વચસા વેદયામિ' - આ લોક અને પરલોકની સર્વ સંપત્તિઓમાં શ્રદ્ધા શ્રેષ્ઠ છે. એ વાત અમે વિશ્વને સ્તુતિ દ્વારા જણાવીએ છીએ.'' વળી, 'શ્રદ્ધા માતેવ સર્વેષામ્' (૨/૨/૪) આ કથન દ્વારા સત્સંગિજીવનમાં શતાનંદ મુનિ શ્રદ્ધાને સર્વ સાધનોની માતા કહે છે.

દક્ષિણ આફ્રિકામાં કોઈએ સોનાની ખાણનો કૉન્ટ્રાક્ટ રાખેલો. ઘણો વખત ખોદકામ ચાલ્યું પણ સોનું મળ્યું નહિ. કૉન્ટ્રાક્ટરની શ્રદ્ધા ખૂટી ગઈ. તેણે ખાણ બીજાને સસ્તા ભાવે વેચી દીધી. તેણે થોડું જ ખોદ્યું અને ખૂબ સોનું મળ્યું.

એક જણને કૂવો ખોદતાં શ્રદ્ધા ખૂટી ગઈ. તેણે કામ મૂકી દીધું. કૂવા ઉપર મોટો પાટડો પડેલો. કોઈને રાત્રે પગે અથડાયો. તેણે ગુસ્સે થઈ કૂવામાં ઊભો નાખ્યો અને ચાર આંગળની પડદી તૂટી ગઈ અને ખૂબ પાણી નીકળ્યું. ઘણીવાર ચાર આંગળ માટે શ્રદ્ધા ખૂટી જાય છે.

મારવાડમાં એક જણ સત્તર ગાઉ ચાલ્યો અને થાકી ગયો. ગામ સામે દેખાતું હતું પણ શ્રદ્ધા રહી નહિ. તેવામાં એક જણ સામો મળ્યો તેને પૂછ્યું : 'ગામ હજુ કેટલું દૂર છે ?'

તેણે કહ્યું : 'ફક્ત એક ગાઉ.'

આ કહે : 'ગાઉ ક્યાંથી ગણવું ? તું ઊભો ત્યાંથી કે હું ઊભો ત્યાંથી ?'

આમ, જેની શ્રદ્ધા જ તૂટી જાય તે શું પામે ?

યમુનોત્રીનું આકરું ચઢાણ ચઢનાર પણ છેલ્લાં પગથિયાં ગણી ગણીને ચડતાં હોય છે.

આમલી અને પીપળા નીચે વર્ષોથી તપ કરનાર બે તપસ્વીઓને નારદજીએ ભગવાનનો સંદેશો આપ્યો કે 'જે વૃક્ષ નીચે જે તપ કરે છે, તે વૃક્ષનાં જેટલાં પાંદડાં છે તેટલા તેમના જન્મો જશે પછી મારાં દર્શન થશે.'

આ સાંભળી પીપળાવાળો તો ઘરે જતો રહ્યો, પણ આમલીવાળો આનંદમાં કાખલી કૂટવા લાગ્યો કે 'એટલા જન્મો પછી પણ ભગવાન દર્શન તો દેશે ને !' એની શ્રદ્ધા જોઈ ભગવાને તત્કાળ દર્શન દીધાં.

એટલે કહ્યું છે કે શ્રદ્ધાવાળાને સાધનની સમાપ્તિ વહેલી થાય છે.

વ્યાકરણનો એક વિદ્યાર્થી ભણવામાં કાચો, પણ શ્રદ્ધા બહુ. તેણે એક

નાની તુંબડી રાખેલી. એક શબ્દ લઈને ગોખવાનું શરૂ કરે ત્યારે એક એક તલ તુંબડીમાં નાખતો જાય ને શબ્દ ગોખતો જાય. તુંબડી ભરાઈ જાય પછી બીજો શબ્દ લે. આમ કરતાં કરતાં તે પ્રકાંડ પંડિત થઈ ગયો. લોકો તેને 'તલતુંબડિયો' શાસ્ત્રી કહેતા.

થૉમસ આલ્વા એડિસને બલ્બ શોધવા શ્રદ્ધાપૂર્વક દસ હજાર પ્રયોગો કર્યા પછી બલ્બ શોધાયો. એક અંધ (એરિક) પણ શ્રદ્ધાથી એવરેસ્ટ ચડી ગયેલો.

આધ્યાત્મિક માર્ગે પણ શ્રદ્ધા ખૂબ જરૂરી છે. કોઈક લોકો નાસિકથી દ્વારકા સુધી ગબડયાત્રા કરે છે. કોઈ ભરઉનાળે પંચાગ્નિ તાપે છે. કોઈ ખડે મહારાજ જીવનભર ઊભા જ રહે છે. કોઈ ગંગોત્રીમાં વર્ષો સુધી ઠંડે પાણીએ નહાય છે. આમ, શ્રદ્ધાપૂર્વક ઘણાં ઘણાં સાધનો મુમુક્ષુઓ કરે છે.

પણ સારંગપુર ૧૮ના વચનામૃતમાં શ્રીહરિ કહે છે : 'શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તેના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે - સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.'

આનો અર્થ એ થયો કે શ્રદ્ધારૂપી શણગાર સજવા સંત-સમાગમરૂપી શૃંગારકક્ષમાં જવું જોઈએ. પોતાની મેળે સાધનો કરવા કરતાં સંત જે ઉપાય બતાવે તેમાં શ્રદ્ધાપૂર્વક મંડવું.

સત્યકામ જાબાલિએ ગુરુના વચનમાં શ્રદ્ધા રાખીને ૪૦૦ ગાયોની ૧૦૦૦ ગાયો કરી, તો બ્રહ્મજ્ઞાન સહેજે મળી ગયું. જાપાનના એક બૌદ્ધ મઠમાં લિંચી નામનો શિષ્ય ગુરુની આજ્ઞાથી સતત બાર વર્ષ સુધી ચોખા છડતો રહ્યો અને મહાજ્ઞાનને પામી ગયો.

ડભોઈના મહંત ઉપેન્દ્રાનંદ સ્વામીને કામના ઘાટ ટળતા નહોતા. ગુણાતીતાનંદ સ્વામીને વચને રજોટિયા ઉપર ગાર કરી તેટલામાં તે દોષ ટળી ગયા. રાજુલાના સોનીને પણ ઘરની વાસના હતી. ગુણાતીતાનંદ સ્વામીએ તેને કૂવા ઉપર છ મહિના ફાળકો ફેરવાવી નિર્વાસનિક કરી દીધો. ભગતજી મહારાજે સ્વામીના વચનમાં શ્રદ્ધા લાવી, હવેલીના કામમાં ચૂનો કાલવવાની સેવામાં પરોવાયા, તો ત્રણ વર્ષમાં બ્રાહ્મીસ્થિતિ પામી ગયા. બાકી તો પોતાની મેળે તો ઘણા મજૂરો મજૂરી કરે જ છે ને !

યોગીજી મહારાજ કહેતા : 'શ્રદ્ધા એટલે ઉમંગ.' ગુરુ જે કાર્ય સોંપે તે ઉમંગથી કરવું. વેઠ ન ઉતારવી. યોગીજી મહારાજ યુવકો પાસે વાસણ ઉટકાવતા, જાજરાં સાફ કરાવતા, ઉકરડા ઉથામવા વગેરે સેવાઓ સોંપતા અને યુવકો ઉમંગથી કરતા. સ્વામીશ્રીના વચનમાં આપણે શ્રદ્ધાથી મંડીએ, તો અક્ષરધામ ઢૂકડું થાય.

## ૩૬. સ્વધર્મ

અમેરિકાના નાગરિક (સિટીઝન) થનાર વ્યક્તિ માટે તે વ્યક્તિ ચોર, વ્યભિચારી, કેફી દ્રવ્યોની વ્યસની કે જેલમાં ગયેલી ન હોવી જોઈએ વગેરે કડક નિયમો છે. તો અક્ષરધામમાં કાંઈ પોપાબાઈનું રાજ્ય નથી, ત્યાં શ્રીહરિની સેવામાં રહેવા માટે અહીં ત્યાગી કે ગૃહીએ સ્વધર્મ બરાબર પાળવો જોઈએ. શિક્ષાપત્રીમાં આ ધર્મો સુપેરે કહ્યા છે. ત્યાગી માટે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન આ પંચવ્રતરૂપી સ્વધર્મ છે.

ગૃહસ્થોએ પણ એકાદશ નિયમો દૃઢ પાળવાના છે. સત્સંગમાં પ્રવેશ બધાને છે, પણ અક્ષરધામમાં જવા માટે સો ટકા સ્વધર્મ જોઈશે. ગુટકાનું વ્યસન પણ ન ચાલે. કારણ કે અક્ષરધામમાં ગુટકાની દુકાન નથી.

એક રાજાના ઘોડાની નાળમાં એક ખીલો ઢીલો હતો અને રાજા તેને ગણકાર્યા વગર યુદ્ધે ચડ્યો. ઢીલો ખીલો નીકળી ગયો અને ધીરે ધીરે બીજા ખીલા અને નાળ પણ નીકળી ગયાં. જીતવાની અણી ઉપર નાળ નીકળી ગયેલા ઘોડાના પગે કંઈ વાગ્યું ને ઘોડો પડી ગયો ને રાજા જીવતો પકડાયો અને રાજાએ રાજ્ય ખોયું. આ પ્રસંગને વર્ણવતી અંગ્રેજ કવિતામાં લખ્યું છે : 'For the want of a nail the King lost his reign.'

તિલક-ચાંદલાયુક્ત પૂજા, આરતી, ઘરસભા, ચેષ્ટા વગેરે બધું જ સંપૂર્ણ જોઈએ. ત્યાગી અને ગૃહીએ આ સ્વધર્મ કઈ રીતે સિદ્ધ કરવો ? આ માટે નિષ્કુળાનંદ સ્વામી સલાહ આપે છે :

*'તે તો મોટાપુરુષને મળે રે,*
*ત્યારે સહુ સહુના ધર્મ પળે રે...'* (ભ.ચિં. : ૪૮/૧૩)

સ્વામીશ્રીના સમાગમમાં ત્યાગી અને ગૃહી દેશ-વિદેશમાં કડીતોડ ધર્મ પાળીને અક્ષરધામનું ભાતું બાંધે છે.

## ૩૭. વૈરાગ્ય

પિતાની આજ્ઞાથી રામ વનમાં જવા નીકળ્યા ત્યારે સીતાજી પણ તૈયાર થયાં. રામે કહ્યું : 'वनं हि बहुदोषम्' - વનમાં ઘણી મુશ્કેલીઓ છે. ત્યારે સીતાજીએ કહ્યું : 'तव स्नेहेन पुरस्कृतान् तान् सर्वान् दोषान् अहं सहिष्ये' - તમારા સ્નેહને સથવારે તે બધાં કષ્ટો હું સહન કરી લઈશ. માટે સુખ-સગવડોમાંથી વિરાગ પામે તે જ રામની-ભગવાનની સેવા પામે.

એટલે જ શ્રીહરિ કહે છે :

*'સૌ હરિભક્તને રહેવું હોયે મારી પાસ,*
*તો તમે મેલજો રે મિથ્યા પંચવિષયની આશ.'*

તુલસીદાસ પણ સાખ પુરાવે છે :

*'સેવક સુખ ચહે, માન ભિખારી,*
*નભ દુહી દૂધ ચહત તેહી પ્રાની.'*

'સમૈયે જઈએ ત્યારે રેતીમાં ઉતારો છે' - એવી માનસિક તૈયારી રાખીને જઈએ તો શ્રીહરિના અક્ષરધામના અધિકારી બની શકીએ.

યોગીજી મહારાજ કહેતા : 'જેમ તેમ, જેવું તેવું, જ્યારે ત્યારે ચલાવી લેવું તે વૈરાગ્ય.' સંત-સમાગમમાં આ વૈરાગ્યનો શણગાર સજીએ.

## ૩૮. સર્વ પ્રકારે ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો

પાંડવ અને કૌરવ રાજકુમારોના વિદ્યાગુરુ દ્રોણાચાર્યે એક વખત ધનુર્વિદ્યાની પરીક્ષા ગોઠવી. તેમણે એક ઝાડ ઉપર એક બનાવટી પક્ષી મૂક્યું અને રાજકુમારોને તે પક્ષીનું માથું વીંધવા આદેશ આપ્યો. જે રાજકુમાર પક્ષી વીંધવા પીઠિકા ઉપર ચઢે તેને ગુરુ પૂછે કે 'તને શું દેખાય છે ?' કોઈ કહે : 'મને તો બધું જ દેખાય છે.' કોઈ કહે : 'મને ઝાડ અને પક્ષી બેય દેખાય છે.' આવું કહે તેને ગુરુ નાપાસ કરે, પછી જ્યારે અર્જુનનો વારો આવ્યો ત્યારે અર્જુને કહ્યું : 'ગુરુદેવ ! મને એકલું પક્ષી જ દેખાય છે.' ત્યારે ગુરુએ તેને કહ્યું : 'હજુ વૃત્તિ સંકેલ.' પછી પૂછ્યું : 'હવે શું દેખાય છે ?' અર્જુને કહ્યું : 'હવે પક્ષીના માથા સિવાય કંઈ દેખાતું નથી.' ત્યારે ગુરુએ તેને કહ્યું : 'હવે તું માથું વીંધ.' તેમ અક્ષરધામનું નિશાન લેવું હોય, તો સર્વપ્રકારે સર્વ

ઇન્દ્રિયોનો નિગ્રહ જરૂરી છે.

એસ્ટ્રોનોટ્સને ઊર્ધ્વગતિ કરવાની હોય છે. તેથી તેઓને માટે પણ ઇન્દ્રિયોનો સંયમ જરૂરી હોય છે. તેમને જમવામાં ચટાકેદાર ભોજનને બદલે ટેબ્લેટ્સથી ચલાવી લેવું પડે છે.

ગીતામાં કહ્યું છે : *'તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ'* સર્વ ઇન્દ્રિયોને સંયમમાં રાખી ભગવત્-પરાયણ થવું.

ઉમરેઠના ગંગાદત્ત દાળમાં નાખવાની આમલી ભેગી લઈને ગઢડે મહારાજનો સમાગમ કરવા ગયા હતા. આમલી ખૂટી એટલે હવે દાળનો સ્વાદ નહિ આવે, એમ માની ઉમરેઠ જતા રહ્યા. આમલી સારુ મહારાજનો સમાગમ ખોયો. કેરિયાના ભગુ પટેલને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'પટેલ ! અમારી ભેળા સમાગમ કરવા ચાલો.' પટેલે કહ્યું : 'મારે નાહવા ગરમ પાણી અને જમવા ગરમ ગરમ રોટલી જોઈએ.' સ્વામીએ કહ્યું : 'તેની સગવડ અમે કરી દઈશું.' છતાં મન ન માનતાં ન આવ્યા. તેમણે એક સાથી રાખેલો. તેણે કોઈને ત્યાં ચોરી કરીને ચોરીનો માલ ભગુભાઈની જાણ બહાર ભગુભાઈને ઘેર રાખ્યો. પછી તો સાથી મુદ્દામાલ સાથે પકડાયો. મુદ્દામાલ ભગુ પટેલના ઘેરથી મળતાં સાથીની સાથે ભગુ પટેલને પણ અમદાવાદની જેલમાં નાખ્યા. તેઓ છૂટ્યા પછી સ્વામીએ તેમને કહ્યું : 'ભગુભાઈ જેલમાં ગરમ પાણી અને ગરમ રોટલીઓનું કેવું સુખ આવ્યું ?' પટેલ ઝંખવાણા પડી ગયા. ઇન્દ્રિયોને લાડ લડાવવામાં સમાગમ ખોયો અને જેલ ભોગવી !

દ્રોણાચાર્યે જેમ અર્જુનને વૃત્તિ સંકેલવાની યુક્તિ બતાવી, તેમ સંત-સમાગમ દ્વારા સર્વ ઇન્દ્રિયોનો સંયમ શીખાય.

## ૩૯. અહિંસા

શાસ્ત્રોએ 'અહિંસા પરમો ધર્મઃ' કહ્યું છે. શ્રીહરિએ શિક્ષાપત્રી(શ્લોક-૧૧)માં મનુષ્યના સાધારણ ધર્મોના પ્રારંભમાં જ અહિંસા ધર્મને મૂક્યો છે. 'મારા આશ્રિતોએ જાણી જોઈને જૂ, માંકડ, ચાંચડ વગેરે ઝીણા જીવ તેમજ કોઈપણ જીવની હિંસા કરવી નહિ.'

એટલે જ કહ્યું છે : 'અહિંસા પ્રથમો ધર્મઃ'

વળી, હિંસાનાં કારણો બતાવતાં શ્રીહરિ કહે છે : 'સ્ત્રી, ધન અને

સામ્રાજ્યની પ્રાપ્તિ માટે પણ કોઈ મનુષ્યની હિંસા ન કરવી.'

'Survival of the fittest' - 'બળિયો હોય તે બચે'ની ભાવનાથી આદિ-અનાદિથી ચાલતા યુદ્ધોમાં નરસંહાર ચાલુ જ છે.

સ્વામીશ્રી 'पुमान् पुमांसः परिपातु विश्वतः - જીવો અને જીવવા દો' તેમજ પશુ-પક્ષી આદિકની રક્ષાનો ઉપદેશ વિશ્વમાં ફેલાવી રહ્યા છે.

શ્રીહરિએ યજ્ઞના નિમિત્તે કરાતી હિંસાનો નિષેધ કર્યો છે. તેમણે વામપંથીઓના વિરોધ સહીને અહિંસક યજ્ઞો શરૂ કરીને, યજ્ઞોને સંસ્કાર્યા હતા. કોઈપણ પ્રકારના માંસ તેમજ હિંસક યજ્ઞના શેષરૂપ માંસભક્ષણનો પણ નિષેધ ફરમાવ્યો છે.

માણસના ખોરાક ઉપરથી એની સંસ્કૃતિનો અને તેના માનસનો પરિચય થાય છે. સ્વામીશ્રીએ આદિવાસી અને વિદેશી લોકોને શાકાહારી બનાવી હિંસક પશુઓથી જુદાં પાડીને જાણે સાચા માનવ બનાવ્યા છે.

કોઈને દુઃખ થાય તેવું વચન મારવું તે પણ હિંસા છે. ભગવાનના ધામમાંથી પડવાની રીત નથી, છતાં સનકાદિક જેવાનું અપમાન કરવાથી ધામમાં ભગવાનની સેવામાંથી પડાય છે - તેવો દાખલો બેસારવા, જય-વિજય ધામમાંથી પડ્યા એમ કહેવાય છે. ત્રણ જન્મે તેમને પાછો ભગવાનનો યોગ થયો.

એટલે યોગીજી મહારાજ કહેતા : 'કોઈને વેણ ન મારવું, કોઈનું મન દુખાય તેવું ન કરવું.'

મહાવીર સ્વામી તપ કરતા હતા. તેમણે આંખ ખોલી ત્યારે વૃક્ષ ઉપર બેઠેલું પંખી ભય પામી ઊડી ગયું. માટે ભયની અનુપસ્થિતિ એ પણ અહિંસાનો પ્રકાર છે.

મુક્તાનંદ સ્વામી એકવાર બપોર પછી રસોડામાં પાણી પીવા ગયા. ત્યાં નાના ત્રણેક સાધુઓ ભૂખ્યા થવાથી રોટલાના ટુકડા ખાતા હતા. મુક્તાનંદ સ્વામીને જોઈએ નાના સાધુ એકદમ ભય પામી ગયા અને રોટલાના ટુકડા હાથમાંથી પડી ગયા. મુક્તાનંદ સ્વામી સ્તબ્ધ થઈ ગયા. તેમને થયું : 'સાધુને તો જનની જેવા કહ્યા છે; પણ આ સાધુઓ મને જોઈ ડરી ગયા, તો મને કેવો જાણ્યો હશે ?' એમ વિચારીને તેમણે સંતોને કહ્યું : 'મનેય ભૂખ લાગી છે. માટે મનેય ટુકડા આપો !'

આ સાંભળી સાધુઓને હાશ થઈ. પછી તેમણે સાધુ ભેળો રોટલાનો કટકો ખાધો.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા : જેને આજ્ઞા બહાર કંઈ જોઈએ નહિ, તેનાથી અહિંસાધર્મ પળાય.

યોગીજી મહારાજે યોગીગીતામાં કહ્યું છે : 'મેં કોઈની પાસે માગ્યું નથી. ઠાકોરજી માટે સેવા કરાવી છે. પણ મારા માટે, દેહ માટે, કાંઈ માગ્યું નથી.' આ ગુણ પણ આવા સંતના સમાગમમાંથી જ શીખાય છે.

## ૪૦. બ્રહ્મચર્ય

જીવનમાં ઊર્ધ્વગતિ કરવી હોય તો સંયમ - બ્રહ્મચર્ય અનિવાર્ય છે. એસ્ટ્રોનોટ્સ ઉપર ચંદ્રલોકમાં ગયા, તો સ્ત્રીને પૃથ્વી ઉપર રાખીને ગયા હતા. ત્યાં 'હનીમૂન' ન હોય. ભગવાનની સેવામાં બ્રહ્મચર્યવ્રત અતિ આવશ્યક છે. લક્ષ્મણજી ઉર્મિલાને ઘેર રાખીને વનમાં રામની સેવામાં ગયા હતા. રામસેવક હનુમાનજી પણ પાકા બ્રહ્મચારી હતા.

અક્ષરધામમાં મિથુનીગ્રંથિ નથી, એટલે શ્રીહરિ કહે છે :

*'સૌ હરિભક્તને રહેવું હોયે મારે ધામ,*
*તો મુને સેવજો રે તમે શુદ્ધભાવે થઈ નિષ્કામ.'*

શ્રીહરિ વચનામૃત ગ.મ. ૩૩માં જણાવે છે : 'અમે અહીંયાં (ગઢડામાં) રહ્યા છીએ તે પણ અહીંયાંના હરિભક્તને અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને રહ્યા છીએ. અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે, તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દૃઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે અને બીજો કોઈ સેવા-ચાકરી કરે તો તે એવી ગમતી નથી. ...માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.'

યોગીજી મહારાજને પણ આ વ્રત અતિ વહાલું હતું. 'અમને કોઈ દિવસ સ્ત્રીનો સંકલ્પ થયો નથી' – સ્વામીશ્રી અમેરિકામાં આવું ઉચ્ચર્યા હતા.

એટલે જ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં કહે છે :

*'બ્રહ્મચર્ય તે બ્રહ્મસ્વરૂપ, કહ્યું સનકાદિકે સુખરૂપ.'*

આ અર્થમાં તેઓ બ્રહ્મસ્વરૂપ છે, એટલે અખંડ શ્રીહરિની સેવામાં છે.

ગૃહસ્થો માટે યોગીજી મહારાજ કહેતા : *'તમારે એક નારી સદા બ્રહ્મચારી.'* અમારે અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ. તમે ગૃહસ્થ પણ બ્રહ્મચારી કહેવાઓ, પણ ક્યાંક સાંધો મારી દ્યો તો તે બ્રહ્મચર્યવ્રત ન કહેવાય.'

આમ, ત્યાગી-ગૃહી બધાંને આ બ્રહ્મચર્યવ્રત સાથે શ્રીહરિની સેવાનો અધિકાર છે. બ્રહ્મચર્ય દ્વારા પ્રભુ પામવા ચ્યવન, પરાશર, સૌભરિ, નારદ વગેરેએ ઘણા પ્રયત્નો કર્યા પણ તેમાં સરિયામ નિષ્ફળતા જ મળી છે અને માથે કાળી ટીલી લાગી તે વધારામાં.

એટલે દેવાનંદ સ્વામીએ ગાયું છે :

*'બૃહસ્પતિ જેવાને ભોળવ્યા, માયા મનમાં મગરૂર. (૨)*
*ડાહ્યા પીલાણા દાઢ્યમાં, ચાવી કીધા ચકચૂર. (૨)*
*સેવો સાચા હરિસંતને..!'*

જેમાં હરિ અખંડ રહ્યા છે તેવા ગુરુ-સંતની કૃપા દ્વારા જ આ વ્રત દૃઢ થાય છે અને મહારાજની સેવામાં રહેવાય છે.

## ૪૧. આત્મનિષ્ઠા

ગઢડા મધ્ય પ્રકરણના ૬૨મા વચનામૃતમાં શ્રીહરિએ જીવના કલ્યાણને અર્થે જે ત્રણ અંગ કહ્યાં છે તેમાં આત્મનિષ્ઠાની ઉત્તમ દશા વર્ણવતાં કહે છે કે જ્ઞાનસ્વરૂપી વિચાર વડે માયાના ટોળાથી આત્માને નોંખો પાડીને જીવના વાસનાલિંગ દેહનો નાશ કરવો. પછી આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે. અને તે દર્શન કરનારાને એમ અનુભવ થાય છે જે, 'હું આત્મા છું અને મારે વિષે જે પરમાત્મા છે તે અખંડ રહ્યા છે. એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે. આ સ્થિતિ માટે શુકદેવજીનો દાખલો આપ્યો છે કે શુકજીની પેઠે આત્મારૂપ થઈ પરમેશ્વરનું ભજન કરવું.

સત્પુરુષની આજ્ઞામાં વર્તવું એ જ આત્મસત્તારૂપે વર્તવું - એવી વિશિષ્ટ વ્યાખ્યા કરીને શ્રીજીમહારાજે વચનામૃત ગ.મ. ૫૧માં સાધકને આત્મસત્તારૂપે વર્તવાનો સરળ અને શ્રેષ્ઠ માર્ગ દર્શાવ્યો છે. ઉપરાંત, વરતાલ ૧૧મા

વચનામૃતમાં, સત્પુરુષમાં દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને પરમાત્માનાં દર્શનનું પણ એ જ સાધન છે - એમ કહીને શ્રીહરિએ આત્મનિષ્ઠાની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવા ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા દર્શાવી છે.

યોગીજી મહારાજ આત્મનિષ્ઠાની વ્યવહારુ વ્યાખ્યા કરતાં કહેતા : 'આત્મનિષ્ઠા શું ? ખમી ખાવું. કોઈ કાંઈ કહે, તો જોડો મારવો ને ? ના, સહન કરવું.'

આર્થર હેલ્પ્સ કહે છે : 'Tolerence is the only real test of civilisation.' સહનશીલતા ઉપરથી વ્યક્તિની સંસ્કારિતાનું સાચું માપ નીકળે છે. શ્રીજીના પાંચસો પરમહંસોએ માર, પરિસ્થિતિ અને શબ્દો સતત સહન જ કર્યાં છે. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનું વડતાલમાં ભરસભામાં અપમાન થયું. છોતેરાના મેહની જેમ શબ્દોનો વરસાદ થયો, છતાં તેઓ તો નિર્લેપ જ રહ્યા ! ભગતજીએ તો શબ્દપ્રૂફ જૅકેટ જ પહેરી લીધેલું. શાસ્ત્રીજી મહારાજે સોયાના ઘા સહન કર્યા છે. 'Tolerence thy name is Yogiji Maharaj.' સહનશીલતાની મૂર્તિ એટલે યોગીજી મહારાજ ! વિજ્ઞાનદાસ સ્વામીના મંડળમાં સત્તર સત્તર વર્ષ સુધી તેઓએ મારઝૂડ અને ગાળોનો વરસાદ સહન કરીને સહનશીલતાની વ્યાખ્યા ઉપર જાણે શિખર ચડાવી દીધું છે. તેઓ કહે છે : 'મેં ટોકણી બહુ ખમી, ૪૦ વર્ષ ધોકા ખાધેલા, તે ખમવાનો સ્વભાવ પડી ગયો છે.' અરે ! યોગીજી મહારાજને તો મજૂરોય વઢતા, તોયે સહન કરી લેતા.

સ્વામીશ્રી પણ ગમે તે પરિસ્થિતિમાં અગવડ-સગવડ, સુખ-દુઃખ, માન-અપમાન વગેરેમાં સ્થિર રહીને સતત વિચરે છે.

આવા સત્પુરુષ એ જ મારો આત્મા - આવું તેમના સમાગમથી દૃઢ કરીને સબીજ આત્મનિષ્ઠા કેળવીએ તો આપણે પણ તેમના જેવા આત્મનિષ્ઠ બની શકીએ. જેમ કહ્યું છે કે –

*'જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહીં કોય...*
*સતસંગ કીજીએ...'*

*'ફૂટી પાંખ કીટ મંડી ઊડવા, એને મળતા ભમરીનો સંગ...*
*ગુરુ એવા કીજીએ.'*

સંત થકી આવી આત્મનિષ્ઠાની સ્થિતિ થાય તો દરેક પરિસ્થિતિમાં સુખ-શાંતિ રહે.

## ૪૨. માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે ભગવાનની નિશ્ચળ ભક્તિ

યોગીજી મહારાજ આ સાધન અંગે કહે છે : ''પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન છે. તેની ભક્તિ-સેવા કરવી. બીજા દેવતા કે ગ્રહ-પનોતીનો ભાર ન રાખવો. કોઈ બ્રાહ્મણ કહે : 'તમને સાડાસાતી પનોતી છે.' તો તેને કહેવું : 'ભાગ અહીંથી.' નિશ્ચળ-ભક્તિ જેને હોય તેને આ બધું ન હોય ! ઘણા હાથ જોવરાવે છે કે 'મારે કેટલાં વરસ જીવવાનું છે ?' પણ એક દી તો મરવાનું છે જ !''

શ્રીહરિનું સર્વાવતારીપણું પોતાની મેળે કે શાસ્ત્રોમાંથી સમજાય તેવું નથી. શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના તેરમા વચનામૃતમાં પોતાના સર્વોપરી પ્રત્યક્ષ સ્વરૂપની વાત કરતાં કહ્યું : 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.' સભામાં ન કર્યા જેવી વાત, સભામાં મહારાજે કરી. તે સાંભળીને ઘણાંને ગેડ ન બેઠી, એટલે શ્રીહરિએ તરત જ કહ્યું : 'જો એમ ન જણાય, તો એટલું તો જરૂર જાણજ્યો જે, અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' આનો અર્થ એ થયો કે મહારાજ ભગવાનમાંથી એક પગથિયું નીચે ઊતરીને જાણે તે મૂર્તિને દેખનારા ભક્ત બની ગયા ! માટે આ સર્વોપરી નિષ્ઠાનો શણગાર સજવા માટે સંત-સમાગમ બતાવતાં મહારાજ આ જ વચનામૃતમાં કહે છે : 'જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.'

અનંતકોટિ બ્રહ્માંડો જેના એક એક રોમને વિષે અણુની પેઠે રહ્યા છે. એવા જે મૂર્તિમાન અક્ષર તેથી પર પુરુષોત્તમ છે - એ પુરુષોત્તમનો મહિમા છે. પુરુષોત્તમ માટે એક જ વિશેષણ 'અક્ષરાતીત' પર્યાપ્ત છે, માટે અક્ષર એ પુરુષોત્તમનો મહિમા છે. માટે મહિમાએ સહિત પુરુષોત્તમની ભક્તિ એટલે અક્ષર સહિત પુરુષોત્તમની ભક્તિ એટલે કે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ.

આવી માહાત્મ્યેયુક્ત ભક્તિ ઉદય થવાના સાધન તરીકે ગઢડા અંત્ય પ્રકરણના પાંચમા વચનામૃતમાં શ્રીહરિ મોટાપુરુષની સેવા અને પ્રસંગ જ

બતાવે છે. આવા મહિમા સહિત જ્ઞાન કે ભક્તિ હોય તો લોયા પ્રકરણના ત્રીજા વચનામૃત પ્રમાણે ભક્તની એવી વૃત્તિ રહે કે ભગવાન અને સંતને અર્થે શું ન થાય ?!

સત્સંગમાં દાદાખાચર, પર્વતભાઈ, ગોરધનભાઈ, જીવુબા, લાડુબા, કુશળકુંવરબા, લાધીબા, વજીબા, હરજી કાપડિયા, ખીમા સુતાર, બારપટોળીના ખીમા વાઘનાં પત્ની વગેરે ભક્તો તેમજ સંતોનાં આખ્યાનો સાંભળવાથી મહિમા સહિત ભક્તિ વૃદ્ધિ પામે છે.

સામાન્ય ભક્તિ હોય તે આવકનો દસમો-વીસમો ભાગ ધર્માદામાં કાઢે પરંતુ મહિમા સહિત ભક્તિવાળાને સર્વસ્વ સમર્પણ કરી દેવાની તમન્ના હોય ! વળી, સામાન્ય ભક્તિવાળો ત્રણ દીકરે એક દીકરો સાધુ થવા આપે, ત્યારે મહિમાએ સહિત ભક્તિવાળો એકનો એક પણ આપી દે. ટૂંકમાં, મહિમાવાળાને કોઈ માયિક મર્યાદા ન હોય.

શરીરમાં કાંઈ દીર્ઘરોગ આવે કે વ્યવહારમાં કાંઈ મોટું નુકસાન થાય ઈત્યાદિકમાં સામાન્ય ભક્તિવાળાની ભક્તિ ચળી જાય છે. વળી, માની-સ્વભાવ તેમજ અભાવ-અવગુણ લેવાના સ્વભાવથી પણ તેને ભક્તિમાં વિઘ્ન થાય છે. સંત-સમાગમથી આ વિઘ્નો ટળે છે અને સુખેથી અક્ષરધામમાં જવાય છે.

## ૪૩. સંતોષ

વામન ભગવાને બલિ પાસે ત્રણ પગલાં પૃથ્વી માગી ત્યારે બલિએ આશ્ચર્ય પામી કહ્યું : 'ત્રણ પગલાં જ !' ત્યારે બલિને વામન ભગવાને કહ્યું હતું કે 'જેને ત્રણ પગલાં પૃથ્વીથી સંતોષ નથી તેને ત્રિલોકીનું રાજ્ય મળે તોપણ સંતોષ નહિ થાય.'

ભગવાનના મુખમાંથી સ્રવેલું આ વાક્ય જો જીવનમાં ઝિલાઈ જાય, તો શાંતિ શાંતિ અને શાંતિ રહે. સંતોષ ન હોય તો માણસ હંમેશાં દુઃખી રહે છે, એટલે 'સદાય ક્લેશ-રહિતપણું' - એ પણ સંતોષની સુંદર વ્યાખ્યા છે.

અમેરિકાના ધનપતિ એન્ડ્રુ કાર્નેગીએ દસ અબજ ડૉલર ભેગા કર્યા હતા. તેના મરણ વખતે કોઈએ પૂછ્યું : 'તમે ઘણું ભેગું કર્યું. તમે તમારા જીવનમાં તૃપ્ત હશો.'

ત્યારે તે ગુસ્સે થઈ બોલ્યો : 'બંધ કરો બકવાસ; મારે તો સો અબજ ડૉલર ભેગા કરવા હતા.'

માણસને નવ્વાણુંનો ધક્કો મરતાં સુધી પણ સુખ લેવા દેતો નથી. સાત પેઢી ચાલે તેટલું દ્રવ્ય હોય, તોય આઠમી પેઢીની ચિંતામાં દુઃખી રહે છે.

'વર્ષે ૫૦૦ રૂપિયા મળે તો વ્યવહાર સુખેથી ચાલે' - તેવી વડોદરાના એક ગરીબ હરિભક્તે ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરી. સ્વામીએ રાજીપાથી હા પાડી કહ્યું : 'પાંચસોથી થઈ રહેશે ને ?' આ હરિભક્તને લાગ્યું કે 'સ્વામી પારસાવ્યા લાગે છે,' એટલે હજારની માગણી કરી. સ્વામી જેમ પૂછતા જાય તેમ આ વધતો જાય. પછી તો લાખ રૂપિયા સુધી પહોંચ્યો ! તૃષ્ણાનો કોઈ કિનારો નથી. એટલે બ્રહ્માનંદ સ્વામી કહે છે :

*'એક મીલે દશવીશકુ ઈચ્છત,*
*વીસ મીલે શતસહસ્ર ચહે હૈ,*
*સહસ્ર મીલે લખ કોટિ અરબહુ,*
*ભોમી મીલે કભી રાજ હિ પૈ હૈ,*
*સોપિ મીલે સુરલોક વિધિ લગી,*
*પૂરનતા મનમેં નહિ લૈ હૈ,*
*એક સંતોષ વિના બ્રહ્માનંદ,*
*તેરી ક્ષુધા કબહુ નહિ જૈ હૈ.'*

બૃહત્કથામંજરી ગ્રંથમાં કહ્યું છેઃ 'अतिलोभाभिभूतस्य चक्रं भ्रमति मस्तके।' ખૂબ પૈસાવાળા અતિ લોભીને માથે આસક્તિ, મોહ, ઈચ્છા અને ચિંતાનું ચક્ર હંમેશાં ભમ્યા કરે છે.

નિકોલાઈ ચોસેસ્કુ, માર્કોસ, ઈરાનનો શાહ વગેરે ચિંતામાં જીવ્યા અને ચિંતામાં જ મૂઆ.

જે છે તેને ભોગવે નહિ અને જે નથી તેની ઈચ્છામાં માણસ દુઃખી રહ્યા કરે છે. મારી પાસે સાઈકલ છે પણ મોટર નથી, એમ દુઃખી રહે પણ જેને ભગવાને પગ આપ્યા છે એવા કેટલાયની પાસે સાઈકલ તો શું પણ પહેરવા જોડાય નથી, તેનો વિચાર કરવો.

સ્વામીશ્રીએ તા. ૮-૯-૧૯૯૧માં લંડનમાં આ અંગે સરસ વાત કરી હતી : 'ઘણાને એમ રહે કે મારે ઘેર ફ્રિઝ નથી. પણ ઘણા પરબે પાણી પીએ

છે ! ઘેર પાણી પીવાનું માટલુંય નથી. તે વિચાર કરવો.'

કરોડ હોય અને દસ કરોડ કરવા જાય અને પછી વિપરીત દેશકાળમાં દસ કરોડ જાય ત્યારે સરવાળે દુઃખ જ મળે છે. એટલે એમ કહેવાય કે દુઃખ પણ મફત મળતું નથી, તેના પણ કરોડ ખર્ચવા પડે છે !

એટલે જ યોગીજી મહારાજ કહે છે : 'સંતોષ કલ્યાણના માર્ગમાં ને ? ના, વ્યવહારના માર્ગમાં. પચાસ પૌંડ મળે છે તે બસ છે, એમ માની સંતોષ રાખવો.'

કલ્યાણના માર્ગમાં એટલે કે ભજન-ભક્તિમાં સંતોષ માનવો જ નહિ, એ તો જેટલું કરીએ તેટલું ઓછું જ છે. તેમાં તો 'દિન દિન બઢત સવાયો' જેવું છે.

આ 'નિરભે અખૂટ' નાણાંમાં તો દુઃખનો લેશ નથી. આનંદની જ લહેરો છે. સંત-સમાગમથી જ સંતોષરૂપી ધન પમાય છે.

## ૪૪. નિર્દંભપણું

કોઈએ કહ્યું છે : *'આ દુનિયા છે દંભ ભરેલી, ઉપરથી પૉલીશ કરેલી.'*

આ જમાનો જ કૉસ્મેટિક્સનો - ખોટાપણાનો-દેખાડાનો છે. સફેદ થયેલા વાળને છાવરવા વાળને કાળી ડાઈ લગાવવી, કાળા પડેલા હોઠને લાલી લગાડવી, ઉંમરને ઢાંકવા કાયાકલ્પ કરાવવો - આમ, સર્વત્ર દંભના નકલી નકાબ નીચે અસલિયત છુપાવવાનો પ્રયત્ન દેખાય છે.

કહેવત છે કે 'All that glitters is not gold.' - જેટલું કંઈ ચળકે છે તે બધું સોનું નથી.

દંભના મૂળમાં અહંકાર(ગુરુતાગ્રંથિ) અને પંચ વિષયમાં આસક્તિ છે. કંઈ ન હોય છતાં દેખાડો કરવાનો માણસનો સહજ સ્વભાવ છે. વિશ્વમાં દરેક ક્ષેત્રમાં તેમજ ધાર્મિક ક્ષેત્રે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં પણ મોટે ભાગે દંભ જ દેખાય છે. કોઈ કોઈ નેતાઓ નીતિ-વિષયક જોરદાર પ્રવચન કરે, પણ તેમનું જીવન પૂરેપૂરું અનીતિમય હોય ! ઉપરથી લોક-સેવાનો ડોળ અને લાંચિયું જીવન ! એક ધાર્મિક નેતા પોતાની રંગબેરંગી પુષ્પિત વાણીથી લોકોને રંજન કરતા, પણ તેમનું આંતરિક જીવન અધાર્મિક હતું. સાચા મુમુક્ષુઓ તો દંભી ગુરુઓને એમના બોલવા-ચાલવા ઉપરથી જ

પરખી જાય છે.

કોઈ ડોળી ભક્ત ભગવાનની મૂર્તિ આગળ લોટપોટ થઈ, ખૂબ ભક્તિભાવ જણાવે, પણ ધનના લોભે ભગવાનની મૂર્તિને પણ વિદેશમાં વેચી મારે. પોતાને ભગવાનનો સાક્ષાત્કાર છે અને તેથી પણ આગળ વધી પોતે જ ભગવાન છે - તેવી દાંભિક વાતો કરીને અને પોતામાં દિવ્યભાવ રાખવાનો ડોઝ વારંવાર પિવરાવીને જાતે જ દરેક પ્રકારનાં કુકર્મો આચરનારા દાંભિક ધર્મગુરુઓ પણ લોકોમાં ફરે છે. ભગવાનનો સાક્ષાત્કાર ન હોય ને લોકો ઉપર પ્રભાવ પાડવા ભગવાનની વાતો કરે, પણ તે માલ વગરની વાતોથી ભગવાન વિષયક માહિતી મળે; ભગવાન ન મળે.

એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'દેખી ઉપરનો આટાટોપ રખે મને મોટા માનો રે,*
*એ તો ફોગટ ફૂલ્યો છે ફોપ, સમજો એ સંત શાનો રે...'*
*'જેના અંતરમાં કામ-ક્રોધ-લોભની લાહ્ય બળે,*
*એવા બહુ કરતા હોય બોધ તે સાંભળે શું વળે...'*

વળી કહે છે : *'ડોળી દેખી મ ડગાવો દિલ...'*

કેટલાક ડોળીઓનું જીવન એમનું એમ ચાલ્યું જાય છે, પણ જ્યારે એમનો દંભનો પડદો ચીરાય ત્યારે દૂધાધારી બાવાના જેવા હાલ થાય છે.

શ્રીહરિ વનવિચરણમાં હતા ત્યારે તેમણે એક દૂધાધારી બાવો જોયેલો. દિવસે દૂધ પીને રહે ને રાત્રે માલમલીદાં ઉડાડે. રાત્રે તેના સાગરિતો ગામમાંથી ચોરી કરીને જે મતા લાવે તે પોતાના આસન નીચે ભોંયરું કરેલું તેમાં સંઘરે. એકવાર આ પોલ ખુલ્લી પડી ગઈ અને રાજાએ બાવાની જટા ઉતરાવીને, અડધી મૂંછ મુંડાવીને, ગધેડે બેસાડી, ગામમાં ફેરવી ફજેતો કર્યો.

એટલે જ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

*"કંઠીધાર ટીકા કીધા, ભેખ નીકા, બને ઠીકઠીકા, ચલે રાવને મેં,*
*સબિ પાય લાગે ધરે ભેટ આગે, બહુ ચાતુરી લોક બોલાવને મેં,*
*સાખી બો'ત શીખી, કરે બાત તીખી, ઘની રીત ઠાને, ગુન ગાવને મેં,*
*બ્રહ્માનંદ કહે બો'ત જ્ઞાન જાને, તેરા તાન તો રાંડ રીઝાવને મેં."*

આજે વિશ્વમાં દરેક ક્ષેત્રે કૌભાંડો ચાલે છે. તે પાપોનો ઘડો જ્યારે ફૂટે ત્યારે લોકોની આંખ ઊઘડે છે, છતાં 'ઝૂકતી હૈ દુનિયા ઝુકાનેવાલા ચાહીએ'

મુજબ વિશ્વમાં સમયે સમયે આવા દંભાસુરો પ્રગટતા જ રહે છે. અને ભોળા લોકો તેમની જાળમાં ફસાતા જ રહે છે. સાધુવેશે રાવણો વધતા જ જાય છે અને ભોળી સીતાઓ ફસાતી જ જાય છે. ભગવાંમાં વ્યભિચાર અને બ્રહ્મચર્યની વાતો ! આ તો 'દિન કા સાધુ ઔર રાત કા ચોર' જેવું છે. ડૉ. જેકીલ અને મી. હાઈડ જેવા બેવડા ધોરણનું જીવન છે. તેમના નકલી મ્હોરા નીચે દંભનો અસલી ચહેરો છુપાયેલો હોય છે. સિંહનું ચામડું ઓઢવાથી ગધેડો સિંહ બની જતો નથી.

આવા દંભીઓ પ્રત્યે અરુચિ દર્શાવતાં શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૬મા વચનામૃતમાં કહે છે : 'દંભી અમને ન ગમે.' વળી, કારિયાણીના ત્રીજા વચનામૃતમાં કહે છે : 'કોઈ બિલાડાની પેઠે હેઠું જોઈને ચાલતો હોય, પણ મહાકામી હોય...'

સને ૨૦૦૦ની સાલમાં માયામીમાં અમેરિકાના તત્કાલીન પ્રમુખ બિલ ક્લિન્ટન સ્વામીશ્રીને મળ્યા ત્યારે પહેલાં જ દર્શને તેઓ બોલી ઊઠેલા : 'I saw integrity in his eyes.' સ્વામીશ્રીની આંખમાં સાધુતાની સચ્ચાઈ છે. દલપતરામ કવિએ સાચું જ કહ્યું છે : 'સાધુતા તો આંખ્યમાં ઓળખાય.'

લોયા પ્રકરણના પાંચમા વચનામૃતમાં દંભીનો દંભ કેમ કળાય ? તે અંગે શ્રીહરિ પોતે જ પ્રશ્ન ઉપસ્થિત કરી પોતે જ સમાધાન કરે છે : 'દંભે કરીને વર્તમાન પાળે ને દંભે કરીને ભગવાનનો નિશ્ચય રાખતો હોય ને પોતે બુદ્ધિવાળો હોય ને માની હોય, તે પોતાનાં વર્તમાનને ને પોતાના નિશ્ચયને બીજાનાં સાચાં વર્તમાન ને નિશ્ચય તેની આગળ અધિક કરી દેખાડતો હોય, ત્યારે તેને એમ કેમ કળીએ જે, એનો દંભે કરીને વર્તમાન ને નિશ્ચય છે ?'

પોતાના આ પ્રશ્નોના ઉત્તર પોતે જ આપતાં કહે છે : 'એની પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો દંભ કળાય, નહિ તો ન કળાય.'

નેપાળમાં એક બાવાજી ગુફામાં રહેતા. કંઈ ખાય-પીએ નહિ. તેઓ મહાસિદ્ધ છે, તેવું લોકો માનતા. ત્યાંનો રાજા પણ તેમને ગુરુ માનતો. તે બાર મહિને એકવાર ગુફામાંથી બહાર નીસરે ત્યારે મોટો મેળો ભરાતો. બધા બાવાજીનો જય જયકાર કરતા. રાજા પણ સવારી સાથે દર્શને આવતો.

એક વખત બાવાજીને બહાર નીકળવાનો સમય હતો ત્યારે નીલકંઠવર્ણી તે નગરમાં આવ્યા હતા. રાજાએ તેમને તેમના ગુરુની વાત કરી. નીલકંઠે

કહ્યું : 'ખાધા-પીધા વગર કોઈ જીવે નહિ. તેઓ કાંઈક તો ખાતા હશે, તેઓ શું ખાય છે તે હું તમને બતાવું.' એમ કહીને કહ્યું : 'આ વખતે બાવાજી બહાર નીકળે ત્યારે તમારે કે બીજા કોઈએ દર્શને જવું નહિ. મેળો ભરવો નહિ. એટલે બાવાજી શું ખાતા હતા તે જણાશે !'

રાજાએ મેળો ભરવા ઉપર કડક પ્રતિબંધ મૂકી દીધો. જ્યારે બાવાજી બહાર નીકળ્યા અને કોઈપણ વ્યક્તિ ન દીઠી એટલે 'કોઈ બી નહિ આયા !?' એમ બોલી આઘાતમાં ને આઘાતમાં મરી ગયા. તેઓ માનથી જીવતા હતા. પ્રતિષ્ઠા-ભંગ થયો એટલે પ્રાણભંગ પણ થઈ ગયો !

વળી, શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૩૯મા વચનામૃતમાં કહે છે : ''કોઈ બાઈ-ભાઈ હોય તેની કોરનું એમ મારે જાણવામાં આવે જે, 'આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે પણ તે સાચો ભક્ત નથી,' તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ્ય પણ ન થાય.''

જેની સાથે મહારાજને સુવાણ્ય જ ન થાય, તો પછી તેની સેવા કેવી રીતે અંગીકાર કરે ?

વરતાલના પાંચમા વચનામૃતમાં શ્રીહરિને હોશિયાર દંભી વિષે નાજા ભક્ત પૂછે છે : 'જેને ભગવાનનો પરિપૂર્ણ આશરો ન હોય ને બોલ્યામાં તો નક્કી હરિભક્ત હોય તેના જેવું જ નિશ્ચયનું બળ દેખાડતો હોય, તે કેમ કળ્યામાં આવે ?'

ત્યારે શ્રીહરિ તેનો ઉત્તર આપતાં કહે છે : 'ભગવાનના ભક્તનો સરસ-નરસ નિશ્ચય હોય તે તો ભેળા રહ્યા થકી અને ભેળો વ્યવહાર કર્યા થકી જેવો હોય તેવો કળાઈ આવે છે.'

કહ્યું છે કે 'વ્યવહારેણ સાધુઃ' દંભી પોતાનો દંભ ગમે તેટલો છુપાડવા જાય પણ સાથે રહેનારાને તો તેના દંભની ખબર પડી જ જાય છે.

ઝીંઝાવદર ગામની પાદરે એક દંભી દિગંબરી બાવો આંખો મીંચીને મૌનવ્રત ધારીને બેઠો હતો. અલૈયા, સૂરા, મામૈયા વગેરે કાઠી દરબારોએ તેને જોયો. બાવાનો દંભ ઉઘાડો પાડવા તેઓ રૂપિયા હાથમાં ખખડાવતાં અરસ-પરસ વાતો કરવા લાગ્યા કે 'આપણે આ બાવાજીને પાંચ રૂપિયા ધરવા છે, પણ બાવાજી તો ધ્યાનમાં છે. જો રૂપિયા તેમના પગ આગળ મૂકીએ તો કોઈ ઉપાડી જાય. વળી, બાવાજીના શરીર ઉપર કોઈ વસ્ત્ર પણ નથી, નહિતર

વસ્ત્રમાં બાંધી દેત.'

ત્યારે અલૈયો સૂરાને કહે : 'તારો સાચો ભાવ હશે તો બાવાજી મોઢું ફાડશે, એટલે તેમાં મૂકી દેજે.'

આ સાંભળી બાવાજીએ તરત મોઢું ફાડ્યું. સૂરો આ જોઈ કહે : 'બાવાજીની પ્રદક્ષિણા કરીને રૂપિયા મોઢામાં મૂકીએ.' આમ કહી બાવાજીની પાછળ જઈને ધૂળનો ખોબો ભરીને બાવાજીના મોઢામાં નાંખ્યો અને બાવો ગુસ્સે થઈ, એસીતેસી ગાળો બોલવા માંડ્યો. ત્યારે કાઠી દરબારોએ તેને મારીને તગેડી મૂક્યો.

તેથી નિષ્કુળાનંદ સ્વામી સાચું કહે છે :

*'ખાતાં-પીતાં જોતાં જણાશે રે, આશય એના અંતરનો,*
*ઊઠે બેસે બોલે કળાશે રે, પાસે વસતા એ નરનો;*
*હશે હારદ હૈયા કેરું રે, વણ કહ્યે પણ વરતાશે,*
*જેમ જેમ છપાડશે ઘણેરું રે, તેમ તેમ છતું થાશે;*
*ખાય ખૂણે લસણ લકી રે, તે ગંધ કરે છપાવાનું,*
*કહે નિષ્કુળાનંદ વાત નકી રે, જેમ છે તેમ જણાવાનું.'*

પોતાને હોશિયાર માનનારા આવા દંભી માણસો તેમની ભેળા રહેનારની નજરમાં તો તદ્દન ચલતાપુર્જા જેવા જ દેખાય છે. દંભીઓના હાસ્ય માટે જ 'અટ્ટહાસ્ય' શબ્દ શોધાયો છે.

આ જ વાતની પુષ્ટિમાં શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણના ૨૬મા વચનામૃતમાં કહે છે : 'અને દંભ ન ગમે. તે દંભ શું ? તો પોતાના હૃદયમાં ભગવાનનો નિશ્ચય, ભક્તિ અને ધર્મ તે થોડાં હોય ને બીજા આગળ પોતાની મોટ્યપ વધાર્યા સારુ ઉપરથી તો તેને બહુ જણાવે તે (અમને) ન ગમે.'

એક દંભી મહાત્મા જાહેરમાં કહે : 'અમે તો બપોરે એક વાર જ જમીએ. સવારે ઉકાળો પણ પીતા નથી.' પણ જ્યારે સભા ચાલતી હોય ત્યારે ઊઠીને ઓરડામાં જઈ ખાનગીમાં દૂધ પી આવે ! આવી દંભી મોટ્યપ પછી ઉઘાડી પડી ગઈ અને બધાને તેનો ભાર ઊતરી ગયો.

ઘરના એક ઓરડામાં ભગવાનનું સુંદર મંદિર હોય અને બીજા ઓરડામાં દારૂ-માંસની મિજલસ ! આવું દ્વિમુખી વ્યક્તિત્વ એ નર્યો દંભ જ છે.

નિખાલસ વ્યક્તિ ઉપર પોતાનો રાજીપો ઢોળતાં શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણના ૩૦મા વચનામૃતમાં કહે છે : ''એવા જે ભગવાન તેને અર્થે જે તપને કરતો હોય તથા યોગ સાધતો હોય તથા પંચ વિષયના અભાવને કરતો હોય તથા વૈરાગ્યવાન હોય ઈત્યાદિ જે જે સાધન તે ભગવાનની પ્રસન્નતાને અર્થે નિર્દંભપણે કરે તે ગમે. અને એવાને દેખીને અમારું મન રાજી થાય છે જે, એને શાબાશ છે જે, એ આવી રીતે વર્તે છે.''

યોગીજી મહારાજ પણ કહે છે : 'કોઈ પ્રકારનો દંભ ન રાખવો. પોતા પાસે મૂડી ન હોય ને લાખ રૂપિયા બતાવે તે દંભ. લૂગડાં માગીને પહેરે ને પોતાનાં છે એમ કહે ! ધર્મ-જ્ઞાન ઓછાં હોય તે વધુ બતાવે.'

યોગીજી મહારાજની નિર્વ્યાજ, પારદર્શક અને નિખાલસ સાધુતાની અસર દરેકને થતી. મન, કર્મ અને વચનમાં તેઓની એકરૂપતા હતી. જેવા અંદર તેવા જ બહાર. ચાવવાના અને દેખાડવાના દાંત જુદા નહિ. તેઓનું મુક્ત હાસ્ય જ તેમની નિખાલસતાનું પરિચાયક હતું. 'આકૃતિઃ ગુણાન્ કથયતિ' મુજબ રવિશંકર મહારાજ કહેતા કે 'યોગીજી મહારાજને જોતાં જ લાગે છે કે તેમણે આધ્યાત્મિક આનંદ ખૂબ ભોગવ્યો છે.'

હોલેન્ડના હનકોપે આફ્રિકામાં યોગીજી મહારાજની છબી જોઈ ને આકર્ષાયા. તેઓએ સી. ટી. પટેલને પૂછ્યું કે 'આવું પ્રસન્ન હાસ્ય કરતાં આ સંત કોણ છે? મારે તેઓને મળવું છે.'

ત્યારે સી. ટી. પટેલે કહ્યું : 'તેઓ તો ધામમાં પધારી ગયા છે. પણ તેઓના અનુગામી પ્રમુખ સ્વામી મહારાજ છે. હું તેઓનાં દર્શન કરાવી શકું.' અને હનકોપ સત્સંગમાં પ્રવેશ પામ્યા. પ્રથમ દૃષ્ટિએ જ યોગીજી મહારાજનું નિખાલસ હાસ્ય તેઓને સ્પર્શી ગયું.

તા. ૬-૧૧-૨૦૦૫ના રોજ ભારતના રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામને પણ આવો જ અનુભવ થયો. અક્ષરધામ(દિલ્હી)ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલા તેઓની મુલાકાત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે મુલાકાતકક્ષમાં થઈ ત્યારે યોગીજી મહારાજની મૂર્તિ જોઈ તેઓ બોલી ઉઠેલાઃ 'કેવું નિખાલસ હાસ્ય છે !' યોગીજી મહારાજના હાસ્યમાં પ્રતિબિંબિત થઈ રહેલી અંતરની નિર્દંભતાથી રાષ્ટ્રપતિ પણ ડોલી ગયા!

મૂળશંકરભાઈ વ્યાસ ગુલઝારીલાલ નંદા સાથે મુંબઈમાં યોગીજી

મહારાજને એકવાર મળેલા. તે પછી સને ૧૯૭૪માં સંતોને તેઓ આફ્રિકામાં મળ્યા ત્યારે બોલેલા : 'યોગીજી મહારાજના હાસ્ય જેવું હાસ્ય દુનિયામાં મેં કોઈનું જોયું નથી.' આ વિગત તેઓએ સ્વલિખિત પુસ્તકમાં પણ વણી લીધી છે.

'ચિન્મય મિશન'ના સ્થાપક સ્વામી ચિન્મયાનંદજીના ઉદ્‌ગારો યોગીજી મહારાજના નિર્દંભ વ્યક્તિત્વ વિષે ઘણું કહી જાય છે. તેઓએ કહ્યું છે કે, 'યોગીજી મહારાજના સાંનિધ્યમાં મેં જે અનુભવ્યું તે હું શબ્દોમાં રજૂ કરી શકતો નથી. ઉપનિષદોમાં જે અનુભૂતિ છે તેનું એ મૂર્તિમાન સ્વરૂપ હતા. એ વૃદ્ધ કાયામાંથી આપોઆપ ફૂટી નીકળતો સર્વાત્મા બ્રહ્મનો સર્વોચ્ચ આનંદ, જાણે વિશુદ્ધ પ્રેમની સુગંધીમાન લહેરરૂપે ધસમસતો, એમની નજીક આવનારમાં પ્રવેશતો અને હૃદય ભરી દેતો. પછી ભલેને તે જીરવવા સુપાત્ર ન હોય. એથી જ કોઈપણ એમને તથા એમના સાંનિધ્યને છોડી શકતા નહિ. એવા આધ્યાત્મિક ગુરુને આપણે માત્ર પ્રણિપાત કરી શકીએ છીએ.'

યોગીજી મહારાજ પોતાની જીવનભાવના કહેતા : 'મને તો મારી જયંતી ઊજવે એ ન ગમે. મને પૂજાવાનો અંકુર પણ નહિ. કોઈ હાર પહેરાવે તે ન ગમે. દંડવત્ કરે, જય બોલાવે તે ન ગમે. આ હું નિષ્કપટભાવે કહું છું.' તેઓ ઘણી વાર કહેતા કે અમે નેતા નથી; અમે તો સેવક છીએ. અમે તો વાસણ ઊટકનારા છીએ.'

યોગીજી મહારાજ મન, વચન અને કર્મથી છલોછલ અમૃત ભરેલા હતા. એકવાર યોગીજી મહારાજ સમક્ષ ફળફળાદિનો પ્રસાદ ડીશમાં ભરીને મૂકવામાં આવ્યો. સાથે હાથ ન બગડે તે માટે ચમચી પણ હતી. યોગીજી મહારાજે ફળનો પ્રસાદ હાથ વડે ચમચીમાં મૂક્યો અને પછી તે ચમચી વડે મુખમાં મૂક્યો. ત્યારે કોઈએ કહ્યું : 'બાપા ! હાથ ન બગડે તે માટે તો ચમચી હતી. આપે તો હાથ વડે જ લઈને ચમચીમાં મૂકીને પ્રસાદ લીધો.'

ત્યારે યોગીજી મહારાજ બોલ્યા : 'ઓહો ! એમ હતું ? અમને એમ કે ચમચીથી ખાવામાં સ્વાદ વધારે આવતો હશે.'

સૌ યોગીજી મહારાજના આ નિખાલસ વાક્યથી હસી પડ્યા.

સભામાં કોઈ વક્તા યોગીજી મહારાજની પ્રશંસા કરે, ગુણગાન ગાય ત્યારે સૌ ભક્તો રાજી થઈ તાળીઓ પાડી ઊઠતા. તે વખતે સૌ સાથે યોગીજી

મહારાજ પણ તાળી વગાડવા મંડી પડતા. તેઓને ખ્યાલ જ ન રહેતો કે કોના ગુણગાન ગવાય છે ? તેઓ તો અખંડ ભગવાનની મૂર્તિમાં જ રસબસ થઈને રહેતા.

એકવાર શાસ્ત્રીજી મહારાજે એક હરિભક્તની વાત કરતાં યોગીજી મહારાજને કહ્યું કે 'આ હરિભક્ત સેવા કરવામાં થોડા મોળા છે. તમારે તેઓ સાથે હેત-પ્રીત છે. તો તમે તેઓને સેવાની વાત કરો તો કંઈક ધર્માદો વિશેષ આપે.'

યોગીજી મહારાજ આ સાંભળી જ્યારે તે હરિભક્ત મળ્યા ત્યારે તેઓને કહેવા લાગ્યા : 'મને શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે કે, તમારે મારી સાથે હેત-પ્રીત છે. તો મારે તમને વિશેષ સેવા માટેની વાત કરવી. તો હવે તમે શાસ્ત્રીજી મહારાજ કહે તેમ સેવા કરશો.'

શાસ્ત્રીજી મહારાજે જેમ કહ્યું તેમ યોગીજી મહારાજે તો કહી દીધું ! તેઓના જીવનમાં બિલકુલ દંભ, બનાવટ કે ડોળ હતો જ નહીં.

સ્વામીશ્રી યોગીબાપાના કૃપાપાત્ર છે. છતાં તેમણે ક્યારેય યોગીજી મહારાજની 'દેશી' કાઢી નથી. અર્થાત્ મનાવા-પૂજાવા તેમની નકલ કરી નથી. કોઈ કહે : 'યોગીજી મહારાજ થાપો આપતા હતા. આપ તેવા થાપા આપો.' ત્યારે તેઓ કહે : 'એ તો યોગીજી મહારાજ જ થાપો આપે, આપણને એવું ન આવડે.'

તા. ૨-૭-૨૦૦૪ના રોજ ઓરલાન્ડોમાં યુવા-અધિવેશનમાં યુવકોએ કહ્યું : 'બાપા ! અંગ્રેજીમાં બોલો.'

સ્વામીશ્રી નિખાલસભાવે બોલ્યા : 'આઈ ડોન્ટ નો ઈંગ્લીશ.'

એક પ્રધાનને અંગ્રેજી આવડે નહિ. એમને કોઈ સ્થળે પ્રવચન કરવાનું હતું. તેઓએ પોતાનો પ્રભાવ પાડવા માટે ગુજરાતી લિપિમાં કોઈએ લખી આપેલું અંગ્રેજી પ્રવચન વાંચ્યું !

યુનોમાં સ્વામીશ્રીને પ્રવચન કરવાનું હતું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હું તો ગુજરાતી ભાષા જ જાણું છું. તો તેમાં બોલીશ !'

સ્વામીશ્રીને દંભ ગમતો નથી. તા. ૧૦-૧૦-૯૪માં વિદ્યાનગરમાં કાર્યકર અધિવેશનમાં ટી.વી.ની ખરાબ અસરો વિશેના 'કલ્પવૃક્ષ' સંવાદના કલાકાર યુવકોને સ્વામીશ્રીએ કહ્યું હતું : 'અહીં જેટલાએ ભાગ લીધો છે

એટલા પ્રતિજ્ઞા કરો કે ટીવી જોવું જ નથી. તો જ ફરીથી સ્ટેજ ઉપર આવવા મળશે, બાકી આવતા નહિ. દેખાડા કરીને દુનિયાને છેતરો એવું ન ચાલે.'

જેમની પ્રેરણાથી જ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો તેવા સ્વામીશ્રીએ મહોત્સવની સમાપ્તિની સ્વયંસેવકોની સભામાં પ્રવચનમાં કહ્યું હતું : 'તમે બધાએ જે સેવા કરી છે તે માટે તમને બધાને કરોડ કરોડ દંડવત્ કરું તોય ઓછા છે. મેં તો ખાલી ખુરશી જ શોભાડી છે.'

તા. ૩-૧૦-૧૯૯૫માં સાગરયાત્રા વખતે 'ભક્તચિંતામણિ' ઉપર નિરૂપણ વખતે પણ સ્વામીશ્રી બોલેલા : 'આંધળું ગાય કે દળે. એમ આપણે બીજું શું કરવાનું ? ભજન કરીએ કાં કથા કરીએ. આપણે પાટલેથી ખાટલે ને ખાટલેથી પાટલે. બીજો કોઈ જ ધંધો નહિ.'

વધતી જતી ઉંમરને લઈને પહેલાંનાં જેવું વિચરણ થતું નથી, છતાં તેઓએ વિચરણ સાવ બંધ તો કર્યું જ નથી. પણ તેમની જીવનભાવના ઉપરોક્ત વાક્યો બોલે છે.

ગોંડળમાં ૪૦મા પ્રમુખવરણી દિને સ્વામીશ્રીએ ખૂબ ગદ્ગદભાવે નિખાલસથી જ હૃદયની વાત કહી : 'બધા સંતો-હરિભક્તોના સાથથી જ કાર્ય થાય છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની મારા પર દયા કે આપણી (મારી) પ્રતિષ્ઠા વધે, મહત્તા વધે, તે વસ્તુ પહેલેથી જ નહોતી. શાસ્ત્રીજી મહારાજ જેવી યોગીજી મહારાજની પણ એટલી જ કૃપા. તેમણે પણ મને એટલો જ સાચવ્યો. બધા કોઠારીઓ અને બધા જ સંતોનો ખૂબ ઉત્સાહ અને સહકાર છે. અને મોટાપુરુષ કાર્ય કરી ગયા છે. આપણે તો નિમિત્ત. મારામાં કોઈ શક્તિ કે આવડત નહિ, પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની દૃષ્ટિથી જ ચાલે છે.'

તા. ૨-૭-૨૦૦૪ના રોજ ઓરલાન્ડો, યુવા-અધિવેશનમાં પણ આવી જ વાત કરેલી કે 'આપણે સામાન્ય વર્ગમાંથી આવેલા. (ઘરે) એટલા મોટા ધંધા નહોતા કે આવડત હોય ! ભણેલ નહિ કે જ્ઞાન પણ નહિ. શક્તિ પણ નહિ.'

તા. ૪-૬-૧૯૯૫માં કોસંબા(વલસાડ)માં તદ્દન સહજતાથી વાત કરી : ''જોગીબાપાએ એકવાર કહેલું : 'આ અમારા પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજની દયાથી કેવું કાર્ય કરે છે ! જો ઘરે હોત તો ભૂમશી ખોદતા હોત !'

વાતેય સાચી છે. ખેડૂતનો દીકરો બીજું કરેય શું ?''

તા. ૯-૪-૧૯૯૬ના રોજ ગઢડામાં પણ આવી જ વાત કરી હતી : ''અમે ભણતા ત્યારે ખેતરમાં ખરપડી ઝાલવાની આવતી. બે હોય, એમાં મોટી હોય તે બીજા ચલાવે; નાની આપણે ચલાવવાની.''

બીજા દંભી તો પૂર્વાશ્રમની આવી વાતો કે પોતા માટે કોઈએ ગૌણ વાત કરી હોય તો છુપાવે, પરંતુ સ્વામીશ્રીને પોતાના પૂર્વાશ્રમની સાધારણ પરિસ્થિતિની વાત કહેવામાં સંકોચ જ નહિ.

સને ૧૯૮૫માં લંડન સુવર્ણતુલા વખતે તેમણે પ્રવચનની શરૂઆતમાં જ શ્રીહરિ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો મહિમા જે ભાવથી કહેલો, તે વિડિયોમાં સાંભળીને સી. કે. પીઠાવાલા સત્સંગી થઈ ગયા.

એક દંભી ભક્ત સભામાં માળા ફેરવતા હતા. કોઈએ પૂછ્યું : 'કેટલી માળા ફેરવો છો !'

તે કહે : 'જેવો માણસોનો ભરાવો !'

સ્વામીશ્રી કથા, કીર્તન, ભજન, ધ્યાન, સેવા વગેરે જે કંઈ કરે છે તે ભગવાનની પ્રસન્નતા માટે જ કરે છે, સાહજિક કરે છે.

સ્વામીશ્રી પોતાના મહિમાની કે કાર્યની વાતો કદી કહેતા નથી. તેઓ તો પોતાના ગુણોને દાબે છે. લોકોને જણાવતા નથી. નિર્દંભપણે વર્તવું એ મોટી સાધના છે. તા. ૩-૧૦-૧૯૯૫ના રોજ સાગરયાત્રામાં બોલેલા : 'આપણે માપનું બોલીએ તો કામનું. મહત્તા વધારવા વધારે ન કહેવું.'

સને ૧૯૯૦માં સ્વામીશ્રીની ૭૦મી જન્મ જયંતી વખતે વિશ્વવિખ્યાત ફોટોગ્રાફર રઘુરાય બોલેલા : 'સ્વામીશ્રી સભામાં પત્રો લખતા હોય તે બાજુમાં મૂકી, કોઈપણ પ્રકારની પૂર્વતૈયારી વિના હજારોની વચ્ચે તરત પ્રવચન આપવા લાગે છે. આવા મહાત્મા પહેલીવાર જોયા.'

તા. ૨૪-૧૧-૨૦૦૪ના રોજ અમદાવાદમાં અખિલ ભારતીય દર્શન પરિષદના વરિષ્ઠ હોદ્દેદારો સભામાં બેઠા હતા ત્યારે સ્વામીશ્રીએ તેમની ગુજરાતી મિશ્રિત તૂટીફૂટી હિન્દીમાં નિઃસંકોચ પ્રવચન કર્યું. 'હું સૂર કે લય વગરનું ગાઈશ તો લોકોને કેવું લાગશે !' - તેવો ભાવ રાખ્યા વિના કોઈ વાર સભામાં કીર્તન પણ ગાઈ લે.

આમ, તેમની પ્રત્યેક ક્રિયામાં તેમની નિર્વ્યાજ સાધુતાનાં જ દર્શન

હરકોઈને થાય છે. કારણ કે તેઓને દંભ કરીને લોકોને રીઝવવાની કે લોકો ઉપર પ્રભાવ પાડવાની ભાવના નથી. તેમનું નિર્દંભી જીવન જ તેમની સાધુતાનું દ્યોતક છે.

કોઈકે સાચું જ કહ્યું છે : 'Some people succeeded by what they know, some by what they do and a few by what they are.' – જ્ઞાન અને કાર્યકુશળતાને આધારે વ્યક્તિત્વ વિકસાવીને સફળ થનારા ઘણા હોય છે, પણ નિર્દંભપણે મન-કર્મ-વચનમાં પારદર્શકતા રાખીને સફળ થનારા વિરલ હોય છે.

આ લખનાર આધ્યાત્મિક માર્ગે ગુરુકૃપાથી પોતાના દોષો અને પોતાની અધૂરપ પરત્વે સભાન છે, એટલે આવા વિષય ઉપર લખવા-બોલવામાં સહજ સંકોચ અનુભવાય છે. પરંતુ આ વચનામૃતમાં જણાવ્યા મુજબ, નિર્દંભી ગુરુના સમાગમથી દોષો ટળશે એવી શ્રદ્ધા છે; નહિતર આત્મવંચના અને કેવળ દંભમાં જ જીવન વ્યતીત થાય.

આપણે સંત-સમાગમ દ્વારા દંભનો કૉસ્મેટિક લેબાસ ઉતારી નિખાલસતાનો સાચો શણગાર સજીએ.

## ૪૫. દયા

તુલસીદાસજી કહે છે : *'દયા ધરમકો મૂલ હૈ...'*

માંસાહારમાં દયા જાય છે, એટલે કે ધર્મનું મૂળ જ નાશ પામે છે. આ અર્થમાં માંસાહારીને ધાર્મિક કહેવાય જ નહિ. 'પરદુઃખ અસહન' એ દયાનો શાસ્ત્રીય અર્થ છે.

જેમ રંતિદેવે પ્રાર્થના કરતાં કહ્યું છે કે –

'न कामयेऽहं गतिमीश्वरात् परामष्टसिद्धिर्युक्तामपुनर्भवं वा।
आर्तिं प्रपद्येऽखिलदेहभाजामन्तःस्थितो येन भवन्त्यदुःखाः॥'

(ભાગવત : ૯/૨૧/૧૨)

- હું ભગવાન પાસેથી અષ્ટસિદ્ધિઓથી યુક્ત પરમગતિ અને મોક્ષ નથી ઇચ્છતો. હું કેવળ એ જ ઇચ્છું છું કે સમસ્ત પ્રાણીઓનાં હૃદયમાં રહીને એ બધાંનાં સર્વ દુઃખોમાં હું જ ભોગવું જેથી કોઈપણ પ્રાણીઓને દુઃખ ન રહે, સૌ દુઃખથી સદાયને માટે છૂટી જાય.

શ્રીહરિના આ ગુણને પ્રેમાનંદ સ્વામી વર્ણવે છે :

*'સ્વભાવ છે સ્વામીનો પરદુઃખહારી રે,*
*વારી બહુનામીનો, કોઈને દુખિયો રે,*
*દેખી ન ખમાય, દયા આણી રે,*
*અતિ આકળા થાય, અન્ન-ધન-વસ્ત્ર રે,*
*આપીને દુઃખ ટાળે.'*

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે દેવસંબંધી કે મનુષ્ય સંબંધી કે રોગાદિ આપદા આવી પડે, તો મદદરૂપ થવું. વળી કહ્યું છે : 'भाव्यं दीनेषु वत्सलैः' - 'દીનજનને વિષે દયાવાન થવું.'

શ્રીહરિએ ઓગણોતેરા અને છોતેરાના કાળમાં વાવ, કૂવા અને તળાવ ગળાવીને, સદાવ્રતો બાંધીને અને જાતે ઘેર ઘેર જઈને, અનાજ આપીને, લોકોને અને ઢોરોને જીવતાં રાખ્યાં હતાં.

ભગવાન સ્વામિનારાયણે ધર્મધુરા સંભાળી ત્યારે તેઓના ગુરુ પાસે માગેલું કે 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર (ભીખ માગવાનું) લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.' (વચ. ગ.પ્ર. ૭૦)

તેઓના આ વરદાન તેઓની દયાભાવનાના પ્રતિબિંબ છે.

નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાનની દયાનું દર્શન કરાવતાં લખ્યું છે કે –

*'કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે;*
*મર આપિયે સો સો શીશ, તોયે વણ મળ્યાની વાત છે રે...*
*કિયાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;*
*કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે...*
*અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;*
*તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે...*
*તૈયે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે;*
*કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય તેને સાથજી રે...'*

જીવના મોક્ષ માટે ભગવાન દયા કરીને પૃથ્વી પર પધારે છે. એટલું જ

નહિ પણ અનેક મુશ્કેલીઓ વેઠી ભક્તો માટે સતત વિચરણ કરે છે. આ તેઓની અકારણ દયા છે.

ભગવાન સ્વામિનારાયણ લાલજી સુથાર સાથે કચ્છનું રણ પસાર કરતા હતા ત્યારે તેઓને રસ્તામાં એક ભૂખ્યો માણસ મળ્યો. તેને ભગવાને પોતાનું ભાથું આપી દીધું. આગળ જતાં તસ્કરો મળ્યા તો લાલજી સુથાર પાસે પડેલા રૂપિયા ભગવાન સ્વામિનારાયણે તસ્કરોને અપાવી દીધા. છેલ્લે એક તરસ્યો માણસ મળ્યો. તેને પોતા માટે રાખેલ પીવાનું પાણી પણ આપી દીધું.

ભગવાન સ્વામિનારાયણે વહેવડાવેલી આ દયાની પ્રણાલિકા બી.એ.પી.એસ.માં પણ ગુરુપરંપરાએ ચાલુ રાખી છે. વિશ્વમાં જ્યારે જ્યારે દૈવી આપદા કે મનુષ્યે ઊભી કરેલી આપદા કે રોગ-સંબંધી આપદા આવી પડે છે ત્યારે બી.એ.પી.એસ. તરત જ સેવા માટે દોડે છે.

સને ૧૯૮૭ના દુકાળ વખતે ઢોરોની પરિસ્થિતિ જોઈ સ્વામીશ્રીની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી. તેમણે તે વર્ષે મંદિરોમાં અન્નકૂટ બંધ કરાવ્યા હતા અને ઠેર ઠેર પશુ-કલ્યાણ કેન્દ્રો ખોલી દીધાં હતાં. સ્વામીશ્રીની પ્રેરણાથી ચાલતાં બી.એ.પી.એસ.નાં પારમાર્થિક કાર્યો જગપ્રસિદ્ધ છે.

યોગીજી મહારાજ દયાનો આધ્યાત્મિક વિવેક આપતાં કહે છે : ‘પરમાર્થ એ દયા છે; પણ ભરતજીના જેવી દયા ન કરવી. તે નખ્ખોદ કાઢે !’

ભરતજીએ મૃગલું બચાવ્યું તે તો દયા કહેવાય, પણ મોટું થયા પછી તે જંગલના જીવને જંગલમાં છોડી મૂકવો જોઈતો હતો. પણ તેમાં આસક્તિ બંધાવાથી તે ન થયું ને બીજો જન્મ મૃગનો લેવો પડ્યો. શ્રીહરિએ ગઢડા અંત્ય પ્રકરણના ત્રીજા વચનામૃતમાં આ વાત જણાવી છે.

દયાની ભાવના અને વિવેક પણ સંત-સમાગમથી જ સમજાય.

## ૪૬. તપ

નિષ્કુળાનંદ સ્વામીએ ‘વચનવિધિ’માં લખ્યું છે :

*‘તપ જેવું વ્હાલું છે વ્હાલમને,*
*તેવું વ્હાલું નથી બીજું કાંય રે...’ (૫/૧૨)*

સત્સંગિજીવનમાં શતાનંદ મુનિ શ્રીહરિને ‘તપઃપ્રિયાય’ કહી નમસ્કાર કરે છે. મહારાજને બાળપણથી જ તપ પ્રિય હતું. કારિયાણીના ત્રીજા

વચનામૃતમાં આ અંગે પોતે જણાવે છે :

"મને બાળપણમાં સ્વામી કાર્તિકની પેઠે એવો વિચાર ઊપજ્યો જે, 'મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર ને માંસ તે રહેવા દેવું નથી.' માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે, પણ રુધિર તો નીસરે જ નહિ."

પાર્વતીજીના બે પુત્રો હતા. કાર્તિકેય અને ગણપતિ. એકવાર બંનેએ એક જ કન્યા પર લગ્ન માટે પસંદગી ઉતારી. તે વખતે કન્યાએ કહ્યું કે 'જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલો આવે તેની સાથે હું પરણીશ.'

કાર્તિકેયનું વાહન મોર હતું અને ગણપતિનું ઉંદર. તેથી કાર્તિકેયની જીતની સંભાવના વિશેષ હતી. પરંતુ પાર્વતીએ ગણપતિને કહ્યું કે 'ગાય પણ પૃથ્વીનું જ સ્વરૂપ કહેવાય. તેથી તમે ગાયની પ્રદક્ષિણા કરી લ્યો એટલે પૃથ્વીની પ્રદક્ષિણા થઈ ગઈ કહેવાય.'

માતાએ બતાવેલા આ ઉપાયથી ગણપતિજી કન્યાને વરી ગયા. તેથી કાર્તિકેયને માતા પર ખૂબ ગુસ્સો આવ્યો. તેઓએ નક્કી કર્યું કે 'મારી માતાએ મને છેતર્યો, તેથી હવે મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર અને માંસ તે રહેવા દેવું નથી.' આમ વિચારી તેઓએ કર્ણાટક રાજ્યના હોસ્પેટ શહેર નજીક સાંડૂર પર્વત પર ઉગ્ર તપ આરંભ્યું હતું.

મહારાજે વનવિચરણ દરમ્યાન પોતાની આવી તપની ભાવના સત્ય કરી હતી. શરીરની બધી નાડીઓ ઉઘાડી દેખાતી હતી. છતાં મુખારવિંદ ઉપર તપનું તેજ ઝગારા મારતું હતું. કારિયાણીમાં મહારાજને તાવ આવ્યો હતો, છતાં 'તપે કરીને ભગવાનને રાજી કરવા' તે વાત ઉપાડી ! ઈશક હોય તેને તપ કરવું અઘરું નથી. મહારાજ લોજમાં લવિંગિયાં મરચાં અને મીઢીઆવળનો ગોળો ખાતા.

મહારાજે પરમહંસોને પણ ખૂબ તાવ્યા હતા. ૧૧૪ પ્રકરણો તપની પરાકાષ્ટા જેવાં હતાં.

તપની જુદી જુદી વિભાવનાઓ જોઈએ :

## વિહિત ભોગોનો સંકોચ કરવો એ તપ

યોગીજી મહારાજ કહેતા : "ત્રણ વખત ખાતો હોય તે બે વાર ખાય.

આઠ કોળિયા ખાતા હોય તો તે બે ઓછા ખાય. ગાદલે સૂતા હોય તે હેઠે કોથળા ઉપર સૂવું. હાથનું ઓશિકું લેવું. ખાટલો ન રાખવો.''

એકટાણું ખાવું તે તો સ્ત્રી ભેળું રહેવું ને નિષ્કામી રહેવું તેના જેવું કઠણ વ્રત છે - તપ છે – એમ ગુણાતીતાનંદ સ્વામી કહેતા.

યોગીજી મહારાજ સારી રસોઈના દિવસે ઉપવાસ કરી લેતા. એકાદશીની રાહ જોતા. ઘણાં તો જલેબી ઊતરતી હોય ત્યાં જ ખાવા પહોંચી જાય. પ્રમુખસ્વામી મહારાજે પણ વર્ષો સુધી કઠિન વિચરણમાં ઉપવાસ, ધારણાં-પારણાં જેવાં વ્રત-તપ કર્યાં છે.

## પ્રતિક્ષણ જાગ્રતિ એ તપ

વિશ્વામિત્રે ૬૦ હજાર વર્ષ તપ કર્યું, પણ મેનકા આવી ત્યારે જાણપણું ચૂકાઈ ગયું અને ભ્રષ્ટ થયા.

## સંસ્કારમય જીવન જીવવું એ તપ

ભ્રષ્ટાચારમાં ફસાવું, લાંચ લેવી વગેરે પ્રલોભનોમાં સંસ્કાર ઉપર છીણી વાગે છે.

આજકાલ ટી.વી., ઈન્ટરનેટ, વેબસાઈટ વગેરેમાં આવતા અશ્લીલ દૃશ્યો ન જોવાં તે પણ તપ છે. છાપાં, મેગેઝિનોમાં આવતા અશ્લીલ ફોટાઓ ન જોવા તે પણ તપ.

## દેહદમન સાથે આત્મવિચાર પણ તપ છે

પરમહંસોએ મહારાજને કહ્યું કે આપ કહો તો ખાઈએ નહિ, પીએ નહિ, સુકાઈ જઈએ, મટકુંય ન મારીએ. ત્યારે મહારાજે કહ્યું કે મને ખાતરી છે કે તમે મારી આજ્ઞાથી બધું કરી શકો તેમ છો. પણ,

*'એક વાત કહું માનો એહ, આપણે આતમા, નહિ દેહ;*
*માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું.'*

માટે ભગવાન સ્વામિનારાયણે વચનામૃત કારિયાણી-૩માં કહ્યું છે કે 'શરીરનું દમન ને આત્મવિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે.'

## ઉપયોગી હોય એટલું જ ભળવું એ તપ

જગત સંબંધી વ્યવહારમાં લોકો હાંકોહાંક મંડ્યા છે, પણ તેમાં ઉપયોગી હોય એટલું જ ભળવું.

## મનધાર્યું મૂકવું એ તપ

આખા મંદિરનું કામ એકલો કરતો હોય અને લાખોને સત્સંગ કરાવતો હોય, પણ જો મનગમતું કરતો હોય તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે તે મને ન ગમે.

## સમર્થ હોય છતાં સહન કરવું એ તપ

શ્રીજીમહારાજના સમયમાં ક્ષત્રિય કોમના સાધુ થયા હતા છતાં શ્રીહરિની આજ્ઞાથી વેરાગીઓનો માર ખાતા.

ગીતા(૧૭/૧૪)માં ત્રણ પ્રકારનાં તપની વાત આવે છે :

**શારીર તપ :** દેવ, બ્રાહ્મણ, ગુરુ, વિદ્વાનોનું પૂજન; પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ છે.

**વાણીનું તપ :** કોઈને ઉદ્વેગ ન કરનારી, સત્ય, પ્રિય અને હિતકારી વાણી બોલવી તથા સ્વાધ્યાયનો અભ્યાસ એ વાણીનું તપ છે.

**મનનું તપ :** મનની પ્રસન્નતા, સૌમ્યભાવ, મૌન, આત્મસંયમ અને ભાવનાની શુદ્ધિ એ મનનું તપ છે.

વળી, ગીતા(૧૭/૧૭-૧૯)માં સાત્ત્વિક, રાજસિક અને તામસિક તપની વાત પણ આવે છે, તે પણ જાણવા યોગ્ય છે.

**સાત્ત્વિક તપ :** ફળની ઇચ્છા વિનાના નિષ્કામ મનુષ્યોએ પરમ શ્રદ્ધાથી આચરેલું તપ.

**રાજસિક તપ :** કોઈનાં સત્કાર, માન અથવા પૂજા માટે દંભપૂર્વક કરાતું તપ. ઘણાં પોતાના તપની ઉજવણીમાં મોટા મોટા વરઘોડા કાઢે છે તે રાજસિક તપ કહેવાય. એક ભાઈએ ઓફર મૂકેલી કે 'હું વ્રત-તપ કરું તેની વાત તમારે 'સ્વામિનારાયણ પ્રકાશ'માં છાપવી.' તેમ શક્ય ન બન્યું તો તેઓના તપ-ત્યાગ મરી પરવાર્યા.

**તામસિક તપ :** મૂઢતાપૂર્વક, હઠથી, મન, વાણી અને શરીરને પીડીને બીજાનું અનિષ્ટ કરવાના હેતુથી કરાતું તપ. (હિરણ્યકશિપુ અને રાવણાદિકનું તપ).

વિશ્વમાં ઘણા પરિસ્થિતિને વશ થઈને તપ કરે છે, પણ તે તપ ન કહેવાય. જેમ કે –

मीनः स्नानरतः फणी पवनभुक् मेषस्तु पर्णाशनो
निराशी खलु चातकः प्रतिदिनं शेते बीले मूषकः।
भस्मोद्धूलनतत्परो ननु खरः ध्यानाधिरूढो बकः
सर्वे किं न हि यान्ति मोक्षपदवीं भक्तिप्रधानं तपः॥

- માછલી પાણીમાં જ રહે છે, સાપ પવન ખાય છે, ઘેટાં ઘાસ ખાય છે, ચાતક પંખી વરસાદ વરસે ત્યારે જ તે પાણી પીએ છે. ઉંદર દરમાં રહે છે, ગધેડો રાખમાં આળોટે છે, બગલો માછલી પકડવાના ધ્યાનમાં રહે છે. આ બધું જો તપ કહેવાતું હોય તો આ બધાનો જ આવા તપથી મોક્ષ થવો જોઈએ, પણ થતો નથી. માટે તપમાં ભક્તિ જોઈએ. એટલે કે ભગવાનને પ્રસન્ન કરવા જ તપ કરવું.

ખીમિયાનંદ નામના એક સાધુ અખંડ ધારણાં-પારણાં વ્રત કરતા. તેમનું આવું તપ જોઈ મુક્તાનંદ સ્વામીને તેમના વિષે ભગવાન જેવો ભાવ હતો. પણ ધારણાને દિવસે શ્રીહરિએ તેમને કહ્યું : 'હવે તમારું વ્રત પૂરું થયું. આ અમારા થાળની પ્રસાદી લો.' ત્યારે ખીમિયાનંદને થયું કે 'થાળરૂપે માયા મારું વ્રતભંગ કરાવવા આવી.' તેમણે પ્રસાદી ન લીધી. મુક્તાનંદ સ્વામીને તેમનો ભાર હતો તે ઊતરી ગયો. તેમને થયું કે 'આનો તો વૃક્ષતુલ્ય વૈરાગ્ય છે. એમ તો ઝાડવાંય ટાઢ, વરસાદ, તડકો સહન કરે છે !'

યોગીજી મહારાજે અડવાળમાં નિર્જળ ઉપવાસ કરેલો અને શાસ્ત્રીજી મહારાજે તેમને પૂરણપોળીની પ્રસાદી જમવા કહ્યું. તો તરત જ જમી લીધી અને ઉપવાસ બીજે દિવસે કરી લીધો. **આનું નામ ભક્તિપ્રધાન તપ.**

ભક્તિ વિનાનું કેવળ તપ તો રેતીમાં પાણી ઢોળવા જેવું છે.

ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાત(૭/૩૧)માં એક અતિ વિશિષ્ટ પ્રકારનું તપ કહ્યું છે : 'શ્રીહરિનો જે મનુષ્યભાવ-દિવ્યભાવ, નિર્ગુણ-સગુણ-પણું, સાકાર-નિરાકારપણું, કર્તા-અકર્તાપણું, અન્વય-વ્યતિરેકપણું, સ્વભાવ,

ગુણ ને નામ તે જેમ છે તેમ નિર્દોષપણે જાણીને તથા એમનું સ્વરૂપ છે તે પણ શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર વડે જેમ છે તેમ યથાર્થ જાણીને તેનો દૃઢ આશરો કરવો, તે રૂપી જે તપ તેણે કરીને ભગવાનને રાજી કરવા.'

મહારાજનાં ૧૧૪ પ્રકરણોમાંથી સારી રીતે પસાર થઈ ગયેલા મોટા ભાગના પરમહંસોને અને ભક્તોને **શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજવું એ આકરામાં આકરું તપ લાગ્યું હતું.**

ગુણાતીત ગુરુના સમાગમ દ્વારા તેમની રુચિ પ્રમાણેનો તપનો શણગાર સજી મહારાજને પ્રસન્ન કરીએ.

## ૪૭. પોતાથી ગુણે કરીને મોટા જે ભગવાનના ભક્ત તેમને વિષે ગુરુભાવ રાખીને તેમને બહુ પ્રકારે માનવા

શ્રીહરિને ગાદી આપતી વખતે રામાનંદ સ્વામીએ રઘુનાથદાસને સમજાવેલું કે આપણા સંપ્રદાયમાં વયથી મોટપ નથી, પણ ગુણોથી મોટપ છે. વયથી મોટા હોય પણ તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ ગુણો તેમજ આજ્ઞા અને ઉપાસનાની દૃઢતા ન હોય તો કેવળ વયની મોટપનો કોઈ અર્થ નથી.

ભાયાત્માનંદ સ્વામી ઉંમરમાં સો વર્ષ ઉપરના થયેલા, પણ તેમને મહારાજની સર્વોપરી ઉપાસનામાં કાચ્યપ હતી. વાગડમાં ગુણાતીતાનંદ સ્વામીએ તેમને આ નિષ્ઠા બરાબર બેસાડી એટલે રાજી થઈ ગયા. તેઓ રોજ ગુણાતીતાનંદ સ્વામીને પોતાના પત્તરની પ્રસાદી આપતા, પણ આ પ્રસંગથી તેમને સ્વામીને વિષે ગુરુભાવ આવી ગયો અને તેમણે ગુણાતીતાનંદ સ્વામીના પત્તરની પ્રસાદી માગી.

પરમચૈતન્યાનંદ સ્વામી વયમાં ઘણા મોટા હતા. તેમનો માની સ્વભાવ અને વળી મહારાજની સર્વોપરી નિષ્ઠામાં કાચ્યપ. પણ તેમને જ્યારે ગોપાળાનંદ સ્વામીના શિષ્ય બાળમુકુંદાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીનો યોગ કરાવ્યો ત્યારે સ્વામીની સર્વોપરીપણાની વાતો સાંભળી તેમને ઘણો જ ગુણ આવ્યો. પહેલાં તેઓ ઢોલિયે બેસતા ને ગોપાળાનંદ સ્વામી નીચે બેસી વાતો કરતા. પછી તો તેઓ નીચે બેસતા ને ગોપાળ સ્વામીને ઢોલિયે બેસાડી વાતો સાંભળવા લાગ્યા. અને બોલ્યા : 'બાર વર્ષ ગુરુ રહ્યો અને બાર વર્ષ

સદ્‌ગુરુ રહ્યો, પણ સત્સંગી તો આજે થયો.'

શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા વચનામૃતમાં કહ્યું છે : 'જેને મનમાં ભગવાનના ઘાટ થતા હોય ને જગતના ઘાટ ન થતા હોય, તે આપણા સત્સંગમાં મોટેરો છે.'

વળી, શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના ૬૧મા વચનામૃતમાં મોટેરાની વિશિષ્ટ વ્યાખ્યા કરતાં કહ્યું છે : ''મોટેરાની પરીક્ષા છે જે, ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા,' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય, તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો. અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.'' આવી રીતના ગુણેયુક્ત સંત-હરિભક્તોનો મહિમા સમજી તેમનો આદર કરીએ.

ગુણાતીત ગુરુ દ્વારા આવી સમજણનો શણગાર સજીએ.

## ૪૮. પોતાને બરોબરિયા જે ભગવાનના ભક્ત તેમને વિષે મિત્રભાવ રાખવો

યોગીજી મહારાજે તા. ૨-૪-૧૯૫૯ના રોજ અડવાળમાં નવ પ્રકારના મિત્રોની વાત કરી હતી. (૧) **તાળિયા** હોય તે વાતવાતમાં તાળી દે. (૨) **ગાળીયા** હોય તે ગાળ્યું દીધા કરે. (૩) **લાળિયા** હોય તે બીડીયું પીવે, (૪) **કાળિયા** હોય તે રાતે બાર વાગે ખાતર પાડે. (૫) **લબાડિયા** એટલે જેમાં ભુવો, ભરાડી અને ભગત ત્રણે ભેગું હોય. (૬) **ફૂલિયા** એટલે 'હું આમ કરું ને તેમ કરું' એમ બડાશ હાંકે, પણ શેકેલો પાપડ ન ભાંગતા હોય. (૭) **ફટાકિયા** એટલે સારાં કપડાં પહેરીને ફર્યા કરે. (૮) **ચપાટિયા** હોય તે સભામાં બેઠા હોય તોપણ તેને ચટપટી થયા કરે, પણ સખણા ન બેસે. (૯) **ઊંઘિયા** હોય તે ઊંઘું મારે.

આવો મિત્રભાવ આપણને ફાયદાકારક થવાને બદલે નુકસાનકારક જ

થાય છે. બે બરોબરિયા મિત્રો ભેગા થાય અને વિવેક ન હોય, તો કુસંગે ચડી જતાં વાર ન લાગે. બીડી, ગુટકા, દારૂ, વ્યભિચાર, જુગાર, ગાળો બોલવી, અશ્લીલ સિનેમા જોવા જવી, મારામારી કરવી, અભક્ષ્ય ખાણી-પીણી, વરણાગી વેશ-કેશ, વંઠેલ પાર્ટીઓમાં જવું, રખડવું, હડતાલો પાડવી, હુલ્લડો કરવાં, આ બધાં જ દૂષણો ખરાબ સોબત-મિત્રતાને લીધે જ આવી જાય છે. ખરાબ સોબત સંસ્કાર ઉપર છીણી મૂકી દે છે.

સહશિક્ષણને લઈને છોકરા-છોકરીઓમાં મિત્રતા બંધાઈ જાય છે અને તેમાંથી ઘણું અનિષ્ટ થાય છે.

અંગ્રેજીમાં કહે છે : 'A man is known by the company he keeps.' 'માણસને પરખવો હોય તો તે કોની સાથે મિત્રતા રાખે છે, તે ઉપરથી જાણી શકાય.'

બર્નાર્ડ શૉ પણ આ જ ભાવાર્થનું કહેતા કે અમુક માણસ કેવો છે તેની પરીક્ષા માટે તે કોની સાથે બેસે છે તે મને કહો, તો તે કેવો છે તે હું કહી દઉં.

કૌરવોની સોબતે કર્ણ પાંડવોનો વિરોધી બની ગયો. કાળો ને ધોળો બળદ સાથે બાંધ્યા હોય તો વાન ન આવે પણ શાન આવે. એટલે કે તેમનો વાન એટલે કે રંગ ન બદલાય, પણ શાન કહેતાં એક બળદ પાટું મારતો હોય તો બીજો પાટું મારતાં તો શીખી જ જાય. હોંશિયાર અને સંસ્કારી વિદ્યાર્થીઓ ખરાબ સોબતમાં બધા જ દુર્ગુણો ઉપર ચઢી જઈને જીવન બરબાદ કરી દે છે. કોઈ કોઈ તો અંધારી-આલમમાં પણ સરી જાય છે.

વળી, બરોબરિયામાં ઈર્ષા પણ સાહજિક રહે છે. પણ જેની ઉપર ઈર્ષા હોય, તેના જેવા ગુણ ગ્રહણ કરવા રૂપ ઈર્ષા કરવી. યોગીજી મહારાજ કહેતા : 'યુવકોએ અંદરો અંદર મિત્રભાવ રાખવો. મિત્રભાવ એટલે સુહૃદભાવ. એકબીજાની ક્રિયા સંપથી કરી લેવી. મિત્રથી કંઈ ભૂલ થઈ હોય તો પોતાને માથે લઈ લેવી. રાજાના કુંવર અને પ્રધાનના કુંવર જેવો મિત્રભાવ રાખવો.'

શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં કહે છે : 'પોતાના હિતની વાત હોય તે દુ:ખ લગાડીને પણ કહે, એ જ મિત્રનું લક્ષણ છે.'

ઘણીવાર ખોટી મિત્રાચારીમાં સત્પુરુષને વિષે મનુષ્યભાવની, સંતો-ભક્તોના અભાવ-અવગુણની વાતોમાં આપણે હોંકારો દેતા થઈ જઈએ

છીએ. પરંતુ તેવી મિત્રતાથી બચવાનું છે. મિત્રની આવી વાતમાં ટાપશી પૂરવી તે મિત્રતા નથી. આ સંબંધે તા. ૩૦-૧-’૦૬ના રોજ મુંબઈમાં સ્વામીશ્રીએ કહેલું કે –

‘મિત્ર છે તો સાચી વાત કરો. નકામી વાત એને શું કામ કરો છે ? સારી વાત કરશો તો એને બળ મળશે ને નિંદા-કુથલીની વાત કરશો તે એનેય અશાંતિ થશે. ભગવાનના સંત આપણા મિત્ર છે. બીજા મિત્ર તો સત્સંગમાં ભેગા રહી, હળીમળીને કથાવાર્તા વગેરે થાય એ માટે મિત્ર, પણ આત્મબુદ્ધિ તો ભગવાન અને સંતમાં કરવી. બીજાને પોતાનો મિત્ર બનાવી આવી બધી વાતો (એટલે કે અભાવ-અવગુણ, મનુષ્યભાવ, અમહિમાની વાતો) કરવાની નથી. એવી વાતચીતો માટે મિત્રતા નથી. ઘણીવાર આવી વાતો કરવા માટે ટેલીફોન પણ થાય. પરંતુ તેની શું જરૂર છે ? સારો પ્રસંગ હોય, હરિભક્તને સમાસ થયો હોય એ વાતો જરૂર કરો. તેમાં એનેય સત્સંગ થશે ને તમનેય સત્સંગ થશે. પણ જેની જરૂર નથી એની અંદર આપણને રસ વધારે છે.’

યોગીજી મહારાજ પૂર્વાશ્રમમાં નાના હતા ત્યારે ધારીની નિશાળમાં ભણતા. પરીક્ષા ખંડમાં તેમની પાછળ બેઠેલા વિદ્યાર્થી-મિત્રો તેમને તેમની પાટી બતાવવા કહે. ત્યારે આ ઝીણાભાઈ કહે : ‘તમે તમારું લખો. તમે મારામાં જોઈને લખશો, પણ જો મારું ખોટું પડશે તો તમારુંય ખોટું પડશે.’ એમ મિત્રોને હેતથી પરીક્ષામાં ચોરી કરતાં અટકાવતા. વળી, પોતાના બાળમિત્રોને મંદિરે લઈ જતા અને તેમને હેતથી કહેતા કે ‘મંદિરે આવશો તો વિદ્યા આવશે.’ તેમને ભગવાનની વાતો કરતા.

યોગીજી મહારાજ અને દાજીબાપુ મિત્રો હતા. તેઓ વાસણો ઊટકે ત્યારે ‘હું ઊટકી નાખું, હું ઊટકી નાખું.’ એમ ખેંચાખેંચી કરતા.

યોગીજી મહારાજના યોગમાં આવેલા યુવકો યોગીજી મહારાજના આવા ગુણો શીખીને પોતાના મિત્રોને પણ સત્સંગમાં ખેંચી લાવતા. તેમનાં વ્યસન, દૂષણો મુકાવી સત્સંગી કરી દેતા. યોગીજી મહારાજનો ગોંડળ મંદિર પ્રત્યેનો પ્રેમ જોઈને સંસ્થાના કોઈ કોઈ કોઠારી સંતોને એમ લાગતું કે યોગીજી મહારાજને ગોંડળ મંદિર પ્રત્યે વિશેષ પક્ષપાત છે. ત્યારે પ્રમુખ-સ્વામી મહારાજ તે મિત્ર સંતોને યોગીજી મહારાજનો મહિમા સમજાવતા અને કહેતા કે ‘યોગીજી મહારાજ આખા સત્સંગના પ્રાણ છે. તેઓ જે કરતા

હોય તેમાં દિવ્યભાવ રાખવો.'

પ્રમુખસ્વામી મહારાજની આ રીત આપણે સૌએ શીખવા જેવી છે. જ્યારે પણ મિત્ર આપણને સત્પુરુષના અભાવની વાત કરે તો તરત જ તેને કઠણ વચન કહીને પણ ચેતાવી દેવો જોઈએ. જો તે ન ચેતે તો આપણે મિત્રતાનો ત્યાગ કરવો જોઈએ. નહીં તો આપણો સત્સંગ ઘસાઈ જાય. જેમ યોગીજી મહારાજના સમયમાં ચાલીસ મુમુક્ષુઓ ખોટી મિત્રતાને કારણે સત્સંગ છોડી ચાલ્યા ગયા હતા તેવું આપણું પણ થાય.

ઘણી વખત ખોટી મિત્રતાને કારણે સત્સંગ છોડવાનું થાય, મિત્રની શેહમાં તણાઈ જઈને સત્સંગમાંથી બહાર નીકળી જવાનું થાય, અને કદાચ સત્સંગની અંદર રહીએ તો પણ સત્પુરુષની પ્રસન્નતા ખોઈ બેસીએ. એવા મિત્રભાવને તિલાંજલિ આપી દેવી. એવો મિત્રભાવ ક્યારેય ન રાખીએ કે, જેથી સત્સંગ ખોવો પડે.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮માં શ્રીજીમહારાજે બરોબરિયાની સોબત ન રાખવી તેમ કહ્યું છે. તેમાં એમ સમજવું કે જેની ઊતરતી રુચિ હોય તેવા સાથે આપણે જો મિત્રતા કરીએ તો આપણે પણ ધીમે ધીમે કરતાં નીચે ઊતરી જઈએ. તે વખતે તો તે ઊતરતી રુચિવાળાને પણ દુઃખ લગાડીને કહી, ખોટા માર્ગેથી પાછો વાળવો તે જ મિત્રનું લક્ષણ બની રહે છે.

આપણે એમની રીતે રીત રાખવી. તેમના સમાગમમાં આ સુહૃદભાવ-મિત્રભાવનો શણગાર સજીએ.

## ૪૯. પોતાથી ઊતરતા જે ભગવાનના ભક્ત તેમને વિષે શિષ્યભાવ રાખીને તેમનું હિત કરવું

મહાભારતના યુદ્ધના પ્રારંભકાળે જ અર્જુનને હતાશા આવી ગઈ હતી. 'न योत्स्ये' - 'હું લડીશ નહિ.' એમ કહીને તે રથની પાછળ બેસી ગયો હતો. અર્જુન-કૃષ્ણ ભગવાનનો શિષ્ય છે, ભક્ત છે અને પ્રિય છે એટલે તેને 'न योत्स्ये'માંથી 'करिष्ये वचनं तव' - 'આપ કહેશો તેમ કરીશ'ની સ્થિતિએ પહોંચાડવા માટે, તેના હિતની વાત સમજાવવા માટે શ્રીકૃષ્ણ ભગવાને કંટાળ્યા વગર હેતથી ગીતાના અઢાર અધ્યાય કહ્યા છે. જો ગુરુ કંટાળે તો શિષ્ય આગળ વધી શકે જ નહિ.

શ્રીજીમહારાજ પણ ગઢડા મધ્ય પ્રકરણના ૪૫મા વચનામૃતમાં સર્વે મુનિમંડળ, બ્રહ્મચારી, ગૃહસ્થ સત્સંગી, પાળા તથા અયોધ્યાવાસી સર્વે પોતાના શિષ્યોને કહે છે કે 'તમે જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી. કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી.'

વળી, ગઢડા મધ્ય પ્રકરણના ૩૫મા વચનામૃતમાં કહે છે : 'તમારે સર્વેને મારે વિષે વિશ્વાસ છે ને હું તમને જેવી તેવી અવળી વાતે ચડાવી દઉં, તો જેમ સર્વેને કૂવામાં નાખીને ઉપરથી પાણાની શિલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહિ. તેમ તમે પણ મારા વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચઢી જાઓ તો એમાં મારું શું સારું થાય ? માટે આ વાર્તા તમારા કલ્યાણની છે, તે મેં તમને હેતે કરીને કહી છે.'

શિષ્યના દોષો જોઈને ભગવાન અને સંત તેની ઉપેક્ષા નથી કરતા, પણ તેના પ્રત્યે કરુણા રાખી હેતથી તેને સુધારે છે. યોગીજી મહારાજ કહેતા : ''કોઈને ઊતરતી વાત ન કરવી, ચડતી વાત કરવી. તેની ભૂલ હોય તો કહેવું. 'સુધરશે' એમ આગળ લઈ જવો, પણ તેને ફજેત ન કરવો.''

યોગીજી મહારાજનું સૂત્ર હતું : 'બળભરી વાતો મુખે કરવી, મોળી વાત કે'દી ન ઉચ્ચરવી.' તેઓ બ્રાહ્મમુહૂર્તે પોતાના યુવાશિષ્યોને ઉઠાડીને બળભરી વાતો કરતા : 'अर्थं साधयामि वा देहं पातयामि' છેલ્લો જન્મ કરી લેવો. ફરી માતાના ગર્ભમાં આવવું જ નથી. બ્રહ્મચર્ય કડીતોડ પાળવું. સંકલ્પનો ઉપવાસ ધડ દઈને કરી દેવો. સિનેમા ન જોવી, ભોંય પથારી કરવી. હાથનું ઓશિકું કરવું. ઠંડે પાણીએ નાહવું. ગ્રામ્યવાર્તા ન કરવી. તિલક-ચાંદલા સહિત પૂજા કરવી. વાતો, કીર્તન, વચનામૃત ગોખવાં, અભ્યાસ બરાબર કરવો, બહારનું ખાવું નહિ. છોણિયાપણું ન રાખવું. જળદેવતા જેવા ન થવું, અગ્નિદેવતા જેવા થવું, આપણો રંગ બીજાને લગાડવો.' આવી આવી વાતો સવારે કરતા અને દિવસ દરમ્યાન જ્યારે સમય મળે ત્યારેય કરતા. રાત્રે પણ ચેષ્ટા પછી બાર વાગ્યા સુધી ગોષ્ઠિ કરતા. કોઈની કંઈ ભૂલ થાય તો 'મારો વ્હાલીડો... આવું ન કરાય.' એમ હેતથી મીઠો ઠપકો આપી સુધારતા. વાતવાતમાં હેતથી વ્યસનો-દૂષણો છોડાવી દેતા.

મુંબઈના એક હરિભક્ત દારૂ પીતા હતા, યોગીજી મહારાજને ખબર પડી. તેમણે થોડા દિવસ તો કાંઈ ન કહ્યું, પણ એક દિવસ કહે : 'મારી છાતીમાં બળે છે.' તે હરિભક્ત કહે : 'બાપા ! દાક્તરને બોલાવું.' યોગીબાપા કહે : 'ગુરુ ! દાક્તરની જરૂર નથી. તમે દારૂ પીવો છો એટલે મારી છાતીમાં બળે છે.' આ સાંભળી પેલા હરિભક્તે દારૂ છોડી દીધો.

પ્રમુખસ્વામી મહારાજ પણ દેશ-વિદેશમાં વિચરતાં વિચરતાં નાના મોટા આબાલવૃદ્ધોને હેતની સંજીવની પાઈને સુધારે છે. એક વખત નિયમ આપે અને તેને ન પાળે તોય કંટાળે નહિ, વારે વારે તેને નિયમ ધરાવીને આગળ વધારે છે. હિતની કડવી વાત પણ હેતથી કહે છે. કાંઠાગાળાના વિસ્તારમાં એક ભક્ત દારૂ નહોતો પીતો પણ દારૂ ગાળીને વેચવાનો ધંધો કરતો હતો. સ્વામીશ્રીને ખબર પડી. તેમણે તેને કહ્યું : 'આ જાણીને મારું પેટ બળી ગયું.' પેલાએ ધંધો બદલી નાખ્યો.

તેઓના શિષ્યો માટેનો હિતોપદેશ છે :

'પ્રાર્થના કરો.

ઘસારો વેઠો.

એકબીજાનો મહિમા સમજો.

મનગમતું મૂકો.

અનુકૂળ થાઓ.

બીજાના સ્વભાવ સહન કરો.

ખમવાની ટેવ રાખો.

ભૂલ થાય તો તરત માફી માગો.

શ્રીજીમહારાજને કર્તાહર્તા માનો.

મોટું મન રાખો.

અમહિમાની વાતો ન કરો.

માથા ઉપર બરફની પાટ રાખી સેવા કરો.

પ્રાપ્તિનો હંમેશાં વિચાર કરો.

હક્ક-દાવો ન કરો.'

આ બધા હિતોપદેશોનો શણગાર આપણે તેમના સમાગમ દ્વારા સજીએ.

## ૫૦. ઉપસંહાર

ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞતાનાં લક્ષણોના ભાષ્યની પૂર્વભૂમિકા(૨/૫૩)માં શ્રીશંકરાચાર્યજી કહે છે : 'અધ્યાત્મશાસ્ત્રમાં બધી જગ્યાએ કૃતાર્થપુરુષ એટલે કે સિદ્ધપુરુષનાં જે લક્ષણો બતાવ્યાં છે, તે જ લક્ષણો બીજા સાધકો માટે પ્રયત્નપૂર્વક સિદ્ધ થઈ શકવાને કારણે તે લક્ષણોનો સાધક માટે સાધનરૂપથી ઉપદેશ કરાય છે. એટલે કે સાધકને જે લક્ષણો પ્રયત્નપૂર્વક સિદ્ધ કરાય છે, તે જ લક્ષણો સિદ્ધપુરુષનાં સ્વાભાવિક લક્ષણ હોય છે.' આનો અર્થ એ થયો કે ગુણાતીત ગુરુપરંપરાના ગુરુમાં અત્રે બતાવેલાં સાધનો સ્વયંસિદ્ધ છે.

આ નિરૂપણમાં સોળ સાધન બતાવ્યાં છે તેમાં શ્રીહરિ તેમજ ગુણાતીત ગુરુપરંપરાના ગુરુઓના દાખલાઓ પણ ટાંકવામાં આવ્યા છે. તે તો સાધકને તેમાંથી તેવી રીતે વર્તવાની પ્રેરણા પ્રાપ્ત થાય તે માટે છે. ભગવાન અને ગુરુઓમાં તો આ બધું સ્વયંસિદ્ધ જ છે.

એમની જીવનશૈલી પ્રમાણે આપણી જીવનશૈલી બનવી જોઈએ. તેઓમાં દયા છે, સંતોષ છે તો આપણે તે ગુણો કેળવવા જોઈએ. તેમ થાય તો તેઓની જેમ આપણે પણ અખંડ મહારાજની સેવામાં રહી શકીએ. બીજું, મહારાજને દયા ગમે છે. આપણે તેમની સેવામાં રહેવું હોય તો આપણે પણ દયાનો ગુણ કેળવવો જોઈએ. એમને જે ગુણો ગમે તે બધા ગુણો કેળવીએ તો તેમની સેવામાં રહેવાય.

ભગવાનને પામવા લોકો મનસ્વી થઈને એટલે પોતાના મનની જાણે ઘણાં સાધનો કરે છે, પણ અત્રે દર્શાવેલ સાતમા સાધન - 'સંત-સમાગમ' દ્વારા એટલે કે પ્રમુખસ્વામી મહારાજના સમાગમ દ્વારા જ બાકીનાં પંદર સાધનો સિદ્ધ કરીને અક્ષરધામમાં શ્રીહરિની સેવાને રૂડી રીતે પામી શકાય છે.

આમ, આ પુસ્તકમાં આપણે સાચા અને સર્વોચ્ચ સુખનું સરનામું જોયું. તે સુખસદન સુધી પહોંચવામાં આવતા વિઘ્નોને પણ જાણ્યા-પિછાણ્યા. તે શાશ્વત શાંતિના સ્થાન સમાન અક્ષરધામ સુધી પહોંચવાના સોળ સોપાનથી પણ માહિતગાર થયા.

અક્ષરધામમાં સદા વિરાજમાન ભગવાન સ્વામિનારાયણના અસીમ સુખની પૃથ્વીલોકમાં પ્રતીતિ એટલે પ્રમુખસ્વામી મહારાજ. સહજાનંદના

આનંદને અખંડ ભોગવતા સ્વામીશ્રીના જીવનને જોઈને સહજાનંદી સુખ-અક્ષરધામનું સુખ લેવારૂપી નિશાન આપણે આવા ગુણાતીત ગુરુના માર્ગદર્શનથી પામી શકીએ તેમ છીએ. તે નિશાન મેળવવામાં વચ્ચે આવતાં વિઘ્નોને પણ તેઓના માર્ગદર્શનથી આપણે ઓળંગી શકીએ તેમ છીએ. આપણને ગુણાતીત ગુરુ પ્રમુખસ્વામી મહારાજની પ્રાપ્તિ થઈ છે. તો તેઓના સહારે, તેઓના પગલે પગલે ચાલવામાં આવે તો આ સોળ સોપાનોનું આરોહણ અશક્ય નથી. સુખની પ્રાપ્તિ - અક્ષરધામની પ્રાપ્તિ પણ દૂર નથી. તો ચાલો, પ્રમુખસ્વામી મહારાજના તાલે તાલ મિલાવતાં, તેઓના નકશેકદમ ચાલતાં ચાલતાં ગાઈએ :

*'એક નિશાન અક્ષરધામ, ચલો ચલેં હમ અક્ષરધામ;*
*પરમ શાંતિ કા ચરમ વિરામ, સ્વામિનારાયણ અક્ષરધામ;*
*ચલો ચલેં હમ અક્ષરધામ...'*